णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहुमाणो

# પર્યુષણ - ૨

## પ્રવચન ધારા

પ્રિયમ્

= અવતરણ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ – 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com

સંવત ૨૦૭૭

# પર્યુષણ પર્વ - પ્રવચન - ૧૦ -

DATE

ભાગ બીજો

ભગવાનની ભક્તિની આંખો પહોળી થાય, વિસ્મય થાય, હૈયામાં ખરેખર એમ થાય કે આ કોઈ બહુ મોટી વ્યક્તિ છે. રૂપિયા ને આપણે ઓળખી શકીએ છીએ ગુણોને આપણે ઓળખી શકતા નથી. ભગવાનના - દર્શન કઈ રીતે કરવા ? ભગવાનની સામે પ્રસ્તુત કઈ રીતે થવું ? સામે નાટક નૃત્ય આવ્યું છે ને એ નાટક નૃત્ય, એને અંતરમાં વસાવવું કઈ રીતે ? એ નાટક નૃત્યની પાછળ પાગલ કઈ રીતે બની જવું. એ નાટક નૃત્ય પ્રત્યેનો આપણો અહોભાવ આસમાન ને આંબે, એ ભૂમિકા કઈ રીતે મેળવવી. શક્ર આપણને પોતાના આચરણ દ્વારા શીખવે છે. ધર્મ ક્ષેત્રમાં આવ્યા પછી, તમારી પાસે કેટલા - રૂપિયા છે, તમે કેટલા નામાંકિત છો, કેટલા - સત્તાધીશ છો, કેટલી તમારી સમાજમાં પ્રતિષ્ઠા છે, આ બધું જ જો તમે ભૂલી જશો, તો ધર્મ ક્ષેત્રનો ખરો લાભ તમને મળશે. આ બધી રાઈ લઈને જો અહીંયા આવશો, અહીંયા આવશો ય ખરા, સાંભળશો ય ખરા, આરાધના કરશો - પણ ખરા, પણ એનો ખરો લાભ તમને થશે નહિ. સરસ મજાની વાત કરે છે. દેવો ને - વિબુધ કહેવાય. વિબુધ સંસ્કૃત શબ્દ છે એના DOUBLE MEANING છે, એક અર્થ થાય વિદ્વાન, બીજો અર્થ થાય દેવ, કહે છે કે દેવો ખરેખર વિબુધ છે, દેવ તરીકે પણ વિબુધ છે, સમજદાર, વિદ્વાન તરીકે પણ વિબુધ છે. શા માટે ? કારણ કે એમણે અભિષેક ભગવાનનો કર્યો.

સ્વયં નૈર્મલ્યમાદદે।

અને પોતાના આત્મા ને નિર્મળ કરી દીધો. પોતે મંગલ પ્રદીપ કરે છે, આરતી કરે છે, નૃત્ય, ગીત

અને વાધે અને એનો જબરદસ્ત ઉત્સવ એ
મેરુ પર્વત ની ટોચ ઉપર થાય છે. ગંધ કાસાય
આ વસ્ત્રથી ભગવાનનું શરીર લુછે છે. એ
દિવ્ય વસ્ત્રથી શરીર લુછીને, ચંદનથી વિલેપન
કરે છે. પુષ્પ વગેરે થી પૂજા કરે છે. અને
એના પછી દર્પણ, વર્ધમાન, સ્વસ્તિક, શ્રીવત્સ,
નંદાવર્ત, ભદ્રાસન, કળશ, મીન યુગલ, આ
અષ્ટમંગલ, ભગવાનની સામે રત્નપટ્ટક છે. એના
ઉપર ચોખાના ચોખા એના દ્વારા આલેખન કરે છે.
અને ભગવાનની સ્તુતિ કરે છે.

શક્રેન્દ્ર હવે ભગવાનને
લાવે છે. ભગવાનની માતા પાસે મુકે છે.
પ્રતિબિંબ અને અવસ્વાપીની નિદ્રા એને સંહરી
લે છે. પોતે એમના ઓશિકા પાસે કુંડલ યુગલ,
અને રેશમી વસ્ત્રની જોડ મુકે છે. ઉપર
ચંદરવો બાંધે છે. ભગવાન આમ પારણામાં
સુતા હોય અને ઉપર એ સોનાની દડો દેખાયા
કરે, આ રીતે બાંધે છે. બત્રીસ કરોડ
કનક - રત્ન - શૌચ, એની વૃષ્ટિ આભિયોગિક
દેવો વડે કરાવે છે. અને ઉદ્ઘોષણા એમના
દ્વારા કરાવે છે, કે ભગવાન અને ભગવાનની
માતા, એમના માટે કોઈ ખરાબ વિચાર પણ
કરશે, તો અર્જુન વૃક્ષની મંજરી ની જેમ,
એમનું માથુ એના સાત ટુકડા થઈ જશે.
પછી શક્ર ભગવાનના અંગુઠામાં અમૃતનો ન્યાસ
કરે છે. આ રીતે જન્મોત્સવ પુરો થાય છે
નંદીશ્વર દ્વીપમાં અષ્ટાન્હિકા કરીને પછી બધા
દેવો પોતાના સ્થાને સ્વર્ગમાં જાય છે. આ અવસરે
રાજાની એક દાસી છે, નામ છે પ્રિયંવદા,

DATE

દોડતી દોડતી આવે છે, આનંદનો કોઈ પાર નથી, રોમ ભેઈ રહ્યા છે, હાસી આવી રહી છે ... આવી રહી છે ... આવી રહી છે ... ઊભી રહે છે, શ્વાસ ચડ્યો છે. રાજા કહે છે બોલ જલ્દી શું છે ?, અને પ્રિયંવદા કહે છે, કે આપને પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ છે, સિદ્ધાર્થ રાજા આમોદિત થાય છે, રોમાંચિત થાય છે, હર્ષથી એમની વાણી ગદ્ગદ થઈ જાય છે, એ દાસીનું દાસપણું છે એને દૂર કરી દે છે. એની આખી જિંદગી ખુટે નહિ એટલું ધન એને આપે છે.

જે રાતે શ્રમણ ભગવાન મહાવીર એમનો જન્મ થયો, એ રાતે તિર્યંક જુંભક દેવો સિદ્ધાર્થ રાજાના મહેલમાં, રૌપ્ય વૃષ્ટિ, સુવર્ણ વૃષ્ટિ, આભરણ વૃષ્ટિ, પુષ્પ વૃષ્ટિ, ફળ વૃષ્ટિ, બીજ ની વૃષ્ટિ, પુષ્પમાલાની વૃષ્ટિ, ગંધ દ્રવ્ય-વગેરે સુગંધી વસ્તુઓ એની વૃષ્ટિ, સુગંધી ચૂર્ણની વૃષ્ટિ, અને સોનામહોરની વૃષ્ટિ પણ કરે છે પછી સિદ્ધાર્થ રાજા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ-અને વૈમાનિક દેવો એમના વડે કરાયેલ જિન-જન્મ મહોત્સવ જ્યારે પુરો થયો છે, સવારે પોતાના આરક્ષક પુરુષો ને બોલાવે છે, બોલાવી-ને કહે છે, હે દેવાનુપ્રિય, ક્ષત્રિયકુંડ ગામ-નગર, એમાંથી તમે જલ્દી બંદી ઓને છુટા કરી બંદી એટલે શું પહેલા કોઈ કેદીઓ પકડ્યા હોય, એ કેદીઓ, અત્યારે ઉત્સવ નો દિવસ છે, આજે પુત્રનો જન્મ થયો છે, એટલે કેદીઓ ને તમે છોડી દો. એવું કહ્યું છે, ક્યારે ક્યારે કેદીઓને છોડવામાં આવે, યુવરાજ નો અભિષેક થાય, જ્યારે બીજા દેશ નો પરાભવ કર્યો હોય, પોતાના

દેશનો વિજય થાય અથવા તો પુત્રનો જન્મ થાય, ત્યારે પોતે કેદીઓને છોડે છે. બંદી મોચન - કરીને ઘી તોલના તોલન સ્વરૂપ માન, ગુડ - શર્કરાનાં તોલન સ્વરૂપ ઉન્માન, એમાં વૃદ્ધિ કરો. એટલે મુલ્ય એટલું ને એટલું રહે, પણ વસ્તુ જે છે એ વધારે મળે અને જે EXTRA મુલ્ય છે, એ બધું રાજ્ય કોષમાંથી તમે આપી દો.

કુંડપૂર નગરની અંદર સેવકો ને શું - શું આજ્ઞા કરે છે, એ વાત કરે છે ક્ષત્રિયકુંડ નગરની અંદર સુગંધી જળનું સિંચન કરો, અને ત્યાં કોઈ પણ કચરો ન રહે એવું કરો. લીંપણ કરો, ચોતરા વગેરે છે એને સ્વચ્છ કરો. લોકોને મહોત્સવ જોવા બેસવા માટે માંચડા બાંધો, ધ્વજ બાંધો, રંગરોગાન કરો, ચંદનના - થાપા કરો, ચંદન કળશ સ્થાને ... સ્થાને લગાડો. તોરણ વગેરેની શોભા કરો, પુષ્પો ધુપ વગેરેથી નગરને પૂષ્પિત અને સુગંધીત કરો. નાટક, નૃત્ય, સંગીત વગેરે કરનારાઓની શોભા ગોઠવો. હજારો સાંબેલા એને ઉંચે તમે લગાડો, ને આ રીતે બધુ જ કરીને તમે મારી આજ્ઞાનું પ્રત્યર્પણ કરો. સિધ્ધાર્થ રાજા એ આવી આજ્ઞા કરી કૌટુંબિક પુરુષો ને બહુ જ આનંદ થાય છે. અંજલિ કરે છે. આજ્ઞાનો સ્વીકાર કરે છે. બંદી મોચનથી માંડી ને હજારો સાંબેલાઓ ઉંચે લગાડવા, આ બધો જ આદેશ એનું પાલન કરીને જ્યાં સિધ્ધાર્થ રાજા છે ત્યાં આવે છે માથે અંજલિ કરે છે અને કહે છે કે આપની જે આજ્ઞા હતી એનું અમે પાલન કર્યું છે. સિધ્ધાર્થ રાજા પોતે વ્યાયામ શાળા વગેરેમાં જાય છે.

DATE

પરિશ્રમ વગેરે કરે છે. સર્વ અંતઃપુર સાથે
પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર, સર્વ વિભૂષા,
સર્વ વાજિંત્ર, નાદ- પ્રતિનાદ સાથે, મોટી -
ઋદ્ધિ થી, મોટી આભરણની ઋદ્ધિ થી, મોટા-
સૈન્યથી, મોટા શિબિકાદિ વાહનથી, મોટા રાજપુત્ર
વગેરે પરિવાર થી, ઉત્તમ વાજિંત્રો એનાથી એક
સાથે, મહાઉત્સવ થઈ રહ્યો છે, શંખ વાગી રહ્યા
છે, નગારા વાગી રહ્યા છે, નોબત વાગી રહી છે,
ઝંજરી વાગી રહી છે, રણશિંગા વાગી રહ્યા છે,
ઢોલ વગેરે વાજિંત્રો પણ વાગી રહ્યા છે. અને
એ વાજિંત્રો સાથે, સંગીત સાથે, ગીત સાથે,
દસ દિવસના મહોત્સવ રૂપ કુલમર્યાદા કરે છે.
આ કુલમર્યાદા કેવી હોય છે એ બતાડે છે,
કે એમાં કોઈ પણ TAX ન હોય,
એમાં ગાય વગેરે જંગમ સંપત્તિ એનો પણ TAX ના હોય,
અને સર્વજન ને સુખકારિણી એવી કુલમર્યાદા છે
તે ઉત્કૃષ્ટ ગણાય, કુલમર્યાદા ની અંદર જેને જે
જોઈએ એ દુકાનો માંથી લેવાનું પણ કોઈજ મુલ્ય
આપવાનું નહિ. મુલ્ય કોણ આપે છે તો બધુ
મુલ્ય રાજા આપી દે. આવી ઘોષણા કરી દે જેમાં
કોઈ પણ વેચાણ કરવાનો નિષેધ છે. કોઈ ઘરાક
પાસેથી રૂપિયા લેવાના નહિ, એના જેટલા રૂપિયા
થાય એ બધા રાજા આપી દે. એમાં કોઈ
ગણગણાતિન નથી, એટલે એ મર્યાદા અજેય છે.
જેમાં કોઈ માપ નહિ, આટલું LIMITED જ મળે,
એવું પણ નહિ, જેટલું જોઈએ એટલું મળે. કોઈના
પણ ઘરે રાજાની આજ્ઞાની પોલીસ વગેરે આવીના
શકે. એ મર્યાદા ની અંદર કોઈથી અપરાધ થઈ
જાય તો એને કોઈ દંડ મળે એવું પણ નથી,
મોટો અપરાધ હોય તો નાનો દંડ મળે, એવું પણ નથી.

એ મર્યાદામાં કોઈ પણ લોકોનું કોઈપણ ઋણ હોય
દેવું થઈ ગયું હોય, તો રાજા એમનું દેવું ચૂકવી દે.
એ મર્યાદાની અંદર ગણિકા પાત્રો જે છે, એ-
નૃત્ય વગેરે કરી રહ્યા છે, બીજા પ્રેક્ષાકારીઓ પણ
એ મર્યાદા ની અંદર મહોત્સવ વગેરે કરે છે
મૃદંગ વગેરે વાજિંત્રો સતત વાગી રહ્યા છે. એમાં-
સતત સ્થાને.... સ્થાને નામ પુષ્પોની માળા જે
સ્થાપિત કરાઈ છે. આખા દેશના બધા જ લોકો એ
મર્યાદામાં ખુબ જ આનંદિત છે. આ કુલમર્યાદા
દસ દિવસ સુધી સિધ્ધાર્થ મહારાજ કરે છે. દસ-
દિવસ ની કુલમર્યાદાની અંદર, સિધ્ધાર્થ મહારાજ-
બીજું પણ શું કરે છે?

પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના શ્રાવક
છે, એટલે હજારો અને લાખો અરિહંત પ્રતિમાના
પૂજનો એ કરે છે, કરાવે છે, પર્વ દિવસની-
અંદર ઘણા બધા દાનો પોતે આપે છે. સેવકો-
દ્વારા અપાવે છે. સેંકડો... હજારો... લાખો વધામ-
ણીઓ પોતે સ્વીકારે છે, અને સેવકો દ્વારા-
સ્વીકાર કરાવે છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી
ના માતાપિતા એ પહેલા દિવસે કુલમર્યાદા રૂપ
ઉત્સવ કરે છે. ત્રીજા દિવસે એ ચંદ્ર-સુર્ય રૂપ
દર્શન વિશેષ ઉત્સવ કરે છે અને એની વિધિ
શું છે એ કહે છે. જન્મ દિવસથી બે દિવસ થય,
ત્યારે ગૃહસ્થ ગુરુ, ગુરુ કહ્યું છે અહિંયા પણ-
જેમ આપણે વિધિકારક કહીએ ને એવા ગૃહસ્થ-
ગુરુ હોય, એ શું કરે? તો અરિહંત પ્રતિમાની
આગળ, રૂપ્યમયી ચંદ્ર ની મૂર્તિ એની પ્રતિષ્ઠા કરે,
એનું પૂજન કરે, અને વિધિથી એની સ્થાપના કરે.
અને પછી માતા અને પુત્ર એ બંને એ સ્નાન

કર્યું હોય, સારા વસ્ત્રો અને અલંકારો પહેર્યા હોય, ચંદ્રોદય જ્યારે થાય, ત્યારે પ્રત્યક્ષ ચંદ્રની સામે એમને લઈ જાય અને મંત્ર બોલે,

ॐ अर्हं चन्द्रोऽसि निशाकरोऽसि नक्षत्रपतिरसि सुधाकरोऽसि
औषधीगर्भोऽसि अस्य कुलस्य वृद्धिं कुरु कुरु स्वाहा ॥

આ રીતે ચંદ્ર મંત્ર કહીને ચંદ્રના દર્શન કરાવે. માતા અને પુત્ર એ બંને ગૃહસ્થ ગુરુ ને પ્રણામ કરે. અને ગુરુ આશિર્વાદ આપે, કે જે ચંદ્ર-કિરણનો સમુહ સર્વૌષધિથી મિશ્રિત છે, સર્વ-આપત્તિ ઓનો નાશ કરનાર છે. જે તમારા વંશની અંદર વૃદ્ધિ કરે છે, તે ચંદ્ર સતત પ્રસન્ન થાઓ. આ રીતે સુર્ય નું પણ દર્શન કરાવે છે. પણ-એની મૂર્તિ સોનાની કે તાંબા ની હોય. મંત્ર કહે છે,

ॐ अर्हं सूर्योऽसि दिनकरोऽसि
तमोपहोऽसि सहस्त्रकिरणोऽसि जगच्चक्षुरसि प्रसीद ॥

અને આર્શિવાદ આ રીતે આપે, કે સર્વ સુરાસુરથી જે વંદનીય છે, અપૂર્વ સર્વ કાર્યો ની જે કારક છે, ત્રણ જગત ની જે આંખ છે, એવો સુર્ય સપુત્ર એવી હે માતા, તમારો મંગલદાયક થાઓ. આ રીતે ચન્દ્ર- સુર્ય દર્શન વિધિ છે. અત્યારે તેના સ્થાને બાળકને માત્ર દર્પણ દેખાડવામાં આવે છે. છટ્ઠી રાત્રે કુલધર્મથી જાગરણ રૂપ, ધર્મ જાગરિકા કરે છે. અગિયાર દિવસ પસાર થયા છે, નાલછેદ વગેરે અશુચિ કર્મ સમાપ્ત થઈ ગયું છે. બારમો દિવસ આવ્યો છે. ભગવાનના માતા પિતા ઘણું બધું અસનપાન, ખાદિમ સ્વાદિમ, એ બધું બનાવે છે, પોતાના મિત્ર વગેરે, જ્ઞાતિ વગેરે, જે કાકા વગેરે સ્વજન હોય, એ બધા ને બોલાવે છે, સસરા પક્ષના જે સ્વજનો હોય એમને પણ બોલાવે છે. સમસ્ત દાસ દાસી પરિજન જે છે, જ્ઞાત ક્ષત્રિયો છે, બધાને-

આમંત્રણ આપે છે, સ્નાન-પૂજા, કૌતુક મંગલરૂપ-પ્રાયશ્ચિત કરે છે. સભામાં બેસવા લાયક શ્વેત-મંગલકારક એવા વસ્ત્રોને પહેરે છે. બહુમૂલ્ય વાળા-એવા અલ્પ અલંકારોથી પોતાના શરીરને વિભૂષિત કરે છે. અને ભગવાનના માતા-પિતા ભોજન વેળાએ, ભોજન મંડપમાં પોતે સુખેથી બેસે છે, બધા જ સગાસંબંધીઓ સાથે, તે બધું જ અશનપાન-ખાદિમ-સ્વાદિમ, એનો પોતે જમણવાર કરે છે. પોતે પણ જમે છે, બીજાને પણ જમાડે છે. અને ભોજન પછી એ બધા છે એ શુદ્ધોદક થી આચમન કરે છે. હસ્તલેપ, મુખશોભ વગેરે દૂર કરે છે. મોઢું-જે છે એ એકદમ ચોખ્ખું કર્યું છે, અને પોતે મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી, પરિજન, જ્ઞાતિઓ વગેરે ક્ષત્રિયોને ઘણા બધા પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર એ બધાથી એમનો સત્કાર, સન્માન કરે-છે. સત્કાર-સન્માન કરીને મિત્ર વગેરે બધાની આગળ એમ કહે છે, હે દેવાનુપ્રિય, જ્યારે પહેલા-પણ અમારા આ ગર્ભની અંદર જ્યારે પુત્ર આવ્યો હતો, ત્યારે અમને પોતાનો આત્મ વિષયક સંકલ્પ-એક મનોરથ થયો હતો. કે જ્યારથી આ દીકરો અમારી કુક્ષિમાં ગર્ભ રૂપે ઉત્પન્ન થયો છે, ત્યારથી અમે રૌપ્ય થી વધીએ છીએ,

સુવર્ણથી વધીએ છીએ,

ધન, ધાન્ય, રાજ્ય, દ્રવ્ય, પ્રીતી, સત્કાર આ બધાથી ખુબ ખુબ વધીએ છીએ. જે સીમાવર્તી રાજાઓ હતા, એ પણ અમારા વશમાં આવી ગયા. એટલે અમે વિચાર્યું હતું, કે જ્યારે અમારો આ પુત્ર થશે ત્યારે અમે એનું આને અનુરૂપ, એ ગુણો-થી આવેલું, ગુણ નિષ્પન્ન, એવું વર્ધમાન નામ કરશું આ જે અમારા મનોરથ હતા, એ મનોરથ

અત્યારે પુરા થયા છે. માટે અમારા કુમારનું
નામ, વર્ધમાન થાઓ.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી, એમના કેટલા નામ હતા એ કહે છે, ત્રણ નામ છે. એક માતા પિતા એ આપેલું વર્ધમાન નામ. શ્રમણ એવું બીજું નામ, અને પરિસહ ઉપસર્ગ ને ક્ષમાથી સહન કરે છે, શાંતિક્ષમ છે, અરતિ-રતિ સહ છે, અને તે તે ગુણોના ભાજક છે, રાગ-દ્વેષ રહિત છે, વીર્ય સંપન્ન છે, એવા ભગવાન છે, એટલે દેવાએ ભગવાનનું શ્રમણ-ભગવાન મહાવીર આવુ ત્રીજું નામ કર્યું છે. સુરાસુર નરેશ્વર એ બધા એ ભગવાનનો જન્મ-મહોત્સવ કર્યો છે, રાજાએ પણ જન્મોત્સવ કર્યો છે. જાણે બીજ ના ચંદ્ર હોય, જાણે કલ્પવૃક્ષના અંકુર હોય, એ રીતે ભગવાન હવે વધી રહ્યા છે. ભગવાન ધીમે... ધીમે મોટા થાય છે. અને-ભગવાન કેવા દેખાય છે,

ભગવાનનું મુખ છે એ ચંદ્ર જેવું છે! ભગવાન ચાલે તો એમની ચાલ કેવી લાગે છે શ્રેષ્ઠ હાથી હોય એવી ભગવાનની ચાલ છે. હોઠ છે ભગવાનના એ એકદમ લાલ.. લાલ છે. ભગવાન-ના દાંત એકદમ શ્વેત છે. કેશ ભગવાનના-કાળા છે. કમળ જેવા કોમળ હાથ છે. ભગવાન શ્વાસ લે, એટલે સુગંધ.. સુગંધ ફેલાઈ જાય. એવો સુગંધી ભગવાનનો શ્વાસ છે. તેજથી દીપ્યમાન છે, મતિમાન છે, શ્રુતમાન છે, વિસ્તૃત અવધિજ્ઞાનથી ભગવાન યુક્ત છે. ઘણા-ઘણા પૂર્વ ભવોની ભગવાનને સ્મૃતિ છે.

બુદ્ધિ, કાંતિ, ધૈર્ય વગેરે ગુણોથી ભગવાન ત્રણે ભુવનના તિલક જેવા છે. બાળ ભગવાન છે. પોતાને તો કોઈ કૌતુક નથી, કોઈ કુતૂહલ નથી, ચાલો રમવા જઈએ ... ચાલો આમ કરીએ, આવો કોઈ જ ભાવ ભગવાનને નથી પણ ભગવાન-એમના મિત્રોના આગ્રહથી એકવાર પોતે રમવા-જાય છે. જે રમતનું નામ હતું આમલકી ક્રિડા. જેમાં વૃક્ષ ઉપર ચડવાનું, સૌધર્મેન્દ્ર પોતાના અવધિજ્ઞાનથી ભગવાનને જોઈ રહ્યા છે ત્યાં નાટક ચેટક છે, ગીત સંગીત છે, અપ્સરા છે પણ શક્ર નું મન છે જે ભગવાનમાં રમી રહ્યું છે. ભગવાનને જુએ છે, ભગવાન આમ-લકી ક્રિડા કરી રહ્યા છે ને અવધિ જ્ઞાનથી જોઈને આમ ખરેખર આમ પોતે ડોલી ઉઠે છે, હાથ જોડાય જાય છે, માથુ નમી જાય છે, અને દેવો પુછે છે આપ અમારા સ્વામી, આપે કોને નમસ્કાર કર્યા ? અને જે વજનો શક્રેન્દ્ર કહે છે, કે અત્યારે મનુષ્ય લોકની અંદર-બાળ વર્ધમાન પોતે રમી રહ્યા છે. ભલે બાળ છે, ભલે પાંચ-છ વર્ષની ઉંમર છે, પણ-એમનું જે જ્ઞાન છે, એમનો જે વિવેક, એમનું જે ધૈર્ય, એમનું જે પરાક્રમ, તે બાળ નથી પણ પ્રૌઢ છે,

જે બાળ વયમાં પ્રૌઢ જ્ઞાને, મુગ્ધ કરતા લોક ને !

જે પરમાત્માનું બળ એવું છે કે બધા દેવો મળી પણ જાય ને, એક બાજુ બધા દેવો હોય, અને એક બાજુ ભગવાન હોય, બધા દેવો મળીને પણ એમને ચલિત ના કરી શકે. જ્યાં ઇન્દ્ર પ્રશંસા કરે

છે. બધા દેવો અનુમોદના કરે છે. પણ એક-
દેવ છે, એ દેવને થાય છે આ તો શેઠ છે,
માલિક છે, એટલે મન ફાવે એમ બોલે છે.
એક તો મનુષ્ય હોય ને, ઉંમર એની માત્ર પાંચ
વર્ષની હોય, અને કહે કે બધા દેવો પણ ના-
ડગાવી શકે, હમણાં મને, હમણાં એક મિનિટ-
ની અંદર ડગાવી દઉં ને એ જે દેવ છે એ
પોતે ત્યાં આવે છે. દૂરથી જુએ છે, બાળ-
વર્ધમાન રમી રહ્યા છે. વિચાર કરે છે શું કરવું.
અને વિચાર કરીને પોતે એક સર્પનું રૂપ કરી-
ને આવે છે. ભયાનક સર્પ છે, ખુબ જ
લાંબી એની કાયા છે, લાલ.. લાલ.. લાલ..
લાલ... ટગમગતી એની આંખો છે. અને જોતા-
ની સાથે આમ બેભાન થઈ જઈએ એવો
એનો દેખાવ છે. લાલ એની પુચ્છ છે. એ
ઘડી.. ઘડી બહાર કાઢે છે, અને ભયંકર
ફુંફાડા મારીને એ વૃક્ષ હતું એની આસપાસ
વળાંકા લઈને પોતે ત્યાં આવી જાય છે. છોકરા-
ઓ ચીસાચીસ કરે છે, રોવા લાગે છે, બુમ-
લઈને બધા છોકરાઓ નાસે છે. દૂર.. દૂર ઝાડ-
પાછળ છુપાઈ ને બધા જોઈ રહ્યા છે. એક જ
બાળક બચ્યો છે, ક્યાં બાળક !! બાળ વર્ધમાન.
ભગવાનના રૂંવાડા માં પણ કોઈ પણ પ્રકારની કંપારી
નથી. ચિત્ત ની અંદર કોઈ ભય નથી, જોયું કે
બધા છોકરાઓને આ સાપે ડરાવ્યા છે. પુંછડી
થી એને પકડે છે, થોડું ઘુમાવે છે, અને દૂર
નાખી દે છે. દેવ બિચારો ભોંઠો પડી જાય છે.
છોકરાઓ બધા પાછા આવી જાય છે, ને ફરીથી
રમત શરૂ થાય છે. હર્ષ થાય છે ઝાડ ઉપરનો
ઓજમ છે. હવે ચાલો બીજુ રમત કરીએ. કઈ

GAME ૧ હવે કંઈક ક્રિડા જેને આપણે બોલ-બોલ
રમવાનું કહીએ, અને બોલ-બોલ પોતે રમવાનું
શરૂ કરે છે. હવે એ દેવ હતો એ બાળકનું રૂપ
લઈને આવ્યો છે. એ GAME ની અંદર એવી
શરત હતી કે હારી જાય, એણે જીતનાર ને ખભે
બેસાડવો. પેલો દેવ હાથે કરીને હારી જાય છે...
અને વર્ધમાન જીતી ગયો... વર્ધમાન જીતી ગયો...
એમ કહીને બાળ વર્ધમાનને પોતાના ખભા ઉપર
બેસાડી દે છે. બેસાડીને ROUND લગાડવાનો હતો-
તો હજુ તો ROUND શરૂ થયો, અને એ બાળક
જે હતો એ વધતો જાય છે... વધતો જાય છે...
એ માત્ર વધે છે એટલું જ નહિ, એ બાળક
મટીને વિકરાળ રાક્ષસ થતો જાય છે. રાક્ષસ ની-
HEIGHT વધતી જાય છે દસ ફૂટ.. વીસ ફૂટ..
ત્રીસ ફૂટ... ચાલીસ ફૂટ.. પચાસ ફૂટ.. સો ફૂટ..
બસો ફૂટ.. ત્રણસો ફૂટ.. તાડ નું વૃક્ષ હોય-
એટલુ લાંબુ ને એની ઉપર બીજું વૃક્ષ હોય...
એના ઉપર ત્રીજું વૃક્ષ હોય.. એના ઉપર ચોથું
વૃક્ષ હોય... સાત તાડના વૃક્ષ એક ની ઉપર એક
એમ રાખ્યા હોય, અને જેટલી HEIGHT થાય,
એટલી એ રાક્ષસ ની HEIGHT થાય છે. -
છોકરાઓ બિચારાઓના તો મોતિયા મરી જાય છે,
જેટલું ભગાય એટલા દૂર દૂર ભાગી જાય છે,
ભયાનક અટ્ટહાસ્ય એ રાક્ષસ કરી રહ્યો છે
બાળ વર્ધમાને એના ખભા ઉપર આરોહણ કર્યું છે.
ભલભલાનું HEART બેસી જાય એવું દ્રશ્ય છે,
બાળ વર્ધમાન એકદમ સ્વસ્થ છે. ચહેરાની રેખા-
પણ ફરતી નથી, પોતે અવધિજ્ઞાનથી એનું
સ્વરૂપ જાણે છે, હવે એને કાંઈક સમજ પાડવી
પડશે, કંઈક બોધ આપવો પડશે. એમ વિચારીને

classmate

DATE

એના ઉપર ભગવાન એક મુષ્ટિનો પ્રહાર કરે છે. ભગવાનની વજ્ર જેવી મુષ્ઠિ જને જ્યાં પડે છે, પેલો બિચારો સંકોચાતો... સંકોચાતો મચ્છર જેવો નાનો થઈ જાય છે. લોકો બધા ભેગા થયા છે, બાળકો પણ વિસ્મયથી જોઈ રહ્યા છે. અને બાળ વર્ધમાન જે પૂર્ણ સ્વસ્થતાથી ત્યાં ઉભા છે. દેવ પોતાના મૂળ રૂપે આવે છે. વારંવાર ભગવાનની ક્ષમા માંગે છે. જેવું ઈન્દ્ર એ વર્ણન કર્યું બરાબર એવું જ આપનું બળ છે. હે ભગવાન આપના બળમાં મેં શંકા કરી! સમ્યક્તના સડસઠ બોલની સજ્ઝાય ની અંદર, મહોપાધ્યાયજી કહે છે,

"જિન ભક્તે જે નવિ થયું, તે બીજાથી નવિ થાય,

કંઈક પણ તમને તકલીફ હોય, કોઈ PROBLEM આવ્યો હોય, કે કોઈ ચિંતા સતાવતી હોય, કોઈ કહે કે જા ભાઈ સિદ્ધિ વિનાયક જા ભાઈ હનુમાનજી પાસે, જા ત્યાં પીરમાં જા, જા ત્યાં જઈને ચાદર ચડાવી આવ, અને જો દોડવાનું મન થાય તો સમજી લેવાનું, ચિંતામણી મળ્યો પણ ચિંતામણી ને આપણે ઓળખી શક્યા નહિ. જે કામ ભગવાનથી નથી થયું, એ બીજા કોઈ નાથી થવાનું નથી. જે કામ ભગવાનની ભક્ત ના કરી શક્યો, એ બીજું કોઈ કરી શકવાનું નથી. સર્વોત્કૃષ્ટ દેવાધિદેવ આપણને મળ્યા, બાહ્ય શત્રુ તો કશું જ નથી, આંતરિક પણ જે શત્રુઓ, એને જે હરાવી દે, કર્મ સંગ્રામમાં વિજય અપાવે, આત્માનું કલ્યાણ કરે, એવા ભગવાન મળ્યા પછી, આપણે કેટલી આરાધના કરી શકીએ એ કહાય બીજા નંબરની વાત ભગવાન ઉપર પૂરેપૂરી શ્રદ્ધા હોય, ભગવાનની

શક્તિ, ભગવાનનો મહિમા, એમનું જે બળ, એના ઉપર આપણને બિલકુલ શંકા ના હોય એ આપણું પરમ ઔચિત્ય છે એમ કહે છે, કે શક્ર છે એ પણ આખા વિશ્વને પુછે છે, આનંદ.. આનંદ થઈ જાય છે, ભલે એમના માતા-પિતા એ વર્ધમાન નામ પાડ્યું, વર્ધમાન નામ પણ સાચુ છે પણ એમની જે વિરતા છે, એ પ્રસન્ન ચિત્તથી એ વીર એવું એમનું નામ કરે છે. બાળપણમાં પણ મહાપરાક્રમ વાળા છે બાલ્યાવસ્થામાં પણ શુરવીર છે. એટલે શક્ર એ એમનું શ્રી વીર - એવું નામ કર્યુ.

હવે માતા-પિતા છે એ પુછે છે કે ભગવાન આઠ વરસના થઈ ગયા છે. હવે એ આઠ વરસના થયા એટલે એમને SCHOOL માં ભણવા મોકલવા જોઈએ, આપણે પાઠશાળા કહીએ છીએ, પાઠશાળા નો અર્થ જ SCHOOL છે શાળા નો અર્થ શું છે, શાળા એટલે મકાન. હસ્તિશાળા, અશ્વશાળા, ઉંટશાળા વગેરે શાળા.. શાળા નો SIMPLE MEANING સંસ્કૃત શબ્દ-કોષ ને અનુસારે શું થાય - મકાન! હવે જ્યાં હાથી રાખવાના છે એને હસ્તિશાળા કહેવાય. જ્યાં ભોજન કરવાનું છે એને ભોજનશાળા કહેવાય. તો પાઠશાળા કોને કહેવાય, પઠ ધાતુ છે, પઠ ધાતુ નો અર્થ થાય ભણવું. જે ભણવા માટે નું મકાન છે, એને પાઠશાળા કહેવાય. એટલે આપણે પાઠશાળા શેને કહીએ કે જ્યાં નવકાર વગેરે ભણાવે, ઘણીવાર અંજન શલાકા મહોત્સવ હોય ને, એમાં પાઠશાળા નું બધુ આવે, એટલે એમાં નમો અરિહંતાણં, નમો સિધ્ધાણં કરે,

એટલે હકીકતમાં એ લોકો સમજ્યા નથી. હકીકત-
માં પાઠશાળાનો અર્થ છે, લૌકિક જ્યાં જ્ઞાન-
આપવામાં આવે. આપણે ત્યાં લોકોત્તર જ્ઞાન-
આપવામાં આવે, ત્યાં લૌકિક જ્ઞાન આપવામાં
આવે. મુખ્યત્વે લૌકિક દ્રષ્ટિએ પાઠશાળા નો-
અર્થ થાય છે SCHOOL. જ્યાં લોકોત્તર જ્ઞાનના
સંદર્ભમાં લોકોત્તર જ્ઞાન આપવામાં આવે, એ
ભણાવવામાં આવે એને પણ પાઠશાળા કહીએ-
છીએ, એ પણ સાચુ છે.

ભગવાનના માતા-પિતા નો થાય છે,
હવે અમારો દીકરો આઠ વર્ષનો થયો, એટલે હવે
એમને SCHOOL માં મુકવા જોઈએ. એટલે પોતે
ખુબ જ વાજતે-ગાજતે બધી તૈયારીઓ કરાવે છે.
આભુષણ વગેરે એમને પહેરાવે છે. પરમહર્ષ વાળા-
છે, અને એ હર્ષ સાથે શુભ દિન, શુભ લગ્ન-
જોઈને ઘણા બધા ધનના વ્યયથી પાઠશાળામાં -
ભગવાન ને લઈ જવા માટે મહામહોત્સવ કરે છે,
હાથી.. ઘોડા વગેરે બધા તૈયાર છે, સુવર્ણ-
મુદ્રિકા, હાર, બાજુબંધ, કંકણ, પંચ પ્રકારના જે વસ્ત્ર,
આ બધાથી એમના સગાઓનું પણ બહુમાન-
કરે છે. ચાલો ભાઈ હવે તો અમારા દીકરાને-
પાઠશાળામાં મુકવાનો છે, પંડિત તુલ્ય એવા વસ્ત્ર-
અલંકારો વગેરે પણ લે છે. નાળિયેર વગેરે-
વસ્તુઓ લે છે. વિદ્યાર્થીઓને આપવા માટે દ્રાક્ષ,
સાકર, વગેરે પણ લે છે. અને એ બધુ-
લઈને પછી પોતે વાગ્દેવીની પૂજા માટે, એ અનેક
પ્રકારના નાના રત્નોની શ્રેણિ, એનાથી
વિરાજીત નુતન સુવર્ણ ભુષણ એ કરાવે છે.
વિદ્યાર્થીઓને દેવા માટે સુવર્ણનું મસીપાત્ર, -

એની પટ્ટિકા, એ સમયની બધી STATIONARY કહીએ, તો એ બધી STATIONARY શેની છે ? બધી સોના-રૂપાની છે. એ પણ તૈયાર કરે છે. કુલવૃધ્ધા ઓ તીર્થોદક થી ભગવાનને સ્નાન કરાવે છે. ભગવાને જબરદસ્ત અલંકારો પહેર્યા છે. ઉપર છત્ર છે. ચારે બાજુ ચામર વિંઝાઈ રહ્યા છે. ચતુરંગી સેનાથી પરિવૃત છે. એટલે આ રીતે રાજા, રાણી-બાળી ચતુરંગ સેના સાથે, ભગવાનને પંડિતના ઘરે લઈ જાય છે. પંડિત પણ રાજકુમાર ને-ભણાવવા એવા શુધ્ધ વસ્ત્ર પહેરે છે. સોનાની જનોઈ નાખે છે. કેસર તિલક વગેરે સામગ્રીને સજ્જ કરે છે. અને એ સમયે શક્રનું સિંહાસન ચલાયમાન થાય છે. શક્ર અવધિજ્ઞાનનો ઉપયોગ મુકે છે. અને જુએ છે. કે આ લોકો શું કરી રહ્યા છે ?

ઉંમર ભલે આઠ વર્ષની છે, ભલે એ બાળક નાનો છે પણ ભગવાનનું જ્ઞાન છે એ ઘણું મોટું છે. આ લોકો શું કરી રહ્યા છે ? તો અહીંયા એની ઉપમા આપવામાં આવે છે. કે જાણે આંબા નું વૃક્ષ હોય, એમાં જ આંબા-ના પાંદડાનું તોરણ કોઈ લગાડી દે. કોઈ અમૃતની અંદર સાકર નાખે, કોઈ સરસ્વતી માતાને ભણવા બેસાડે, કોઈ ચંદ્ર ઉપર ચૂનો લગાડે. કોઈ સુવર્ણ ઉપર સોનાનું પાણી ચડાવે, એના જેવી આ વસ્તુ છે. કે સર્વ શાસ્ત્રજ્ઞ એવા ભગવાનને આ લોકો પાઠશાળામાં લઈ જાય છે. જેમ માતાની આગળ મોસાળ ના કોઈ વર્ણન કરવાના ન હોય. લંકા-વાસી લોકો હોય, દરીયો જોયો જ હોય, એમની આગળ દરીયાનું વર્ણન ના કરવાનું હોય.

જેમ સમુદ્રની આગળ ખીણના ખરેખર ન દેખાતા હોય. બરાબર એ જ રીતે ભગવાનની આગળ વાણી નો વિલાપ એ પણ નિરર્થક છે. ભગવાનનો અધ્યયન વગર પણ વિદ્વાન છે. દ્રવ્ય વિના પણ પરમેશ્વર છે અલંકાર વગર પણ અલંકૃત છે. એવા જિનેશ્વર એ આપણી રક્ષા કરો. વગેરે કહીને પોતે બ્રાહ્મણ નું રૂપ ધરે છે. અને ઇન્દ્ર મહારાજ પોતે આવે છે. પંડિતના ઘરમાં જ્યાં આવે છે, બધા જુએ છે કે આ પણ કોઈ બહુ મોટા વિદ્વાન લાગે છે, પધારો.. પધારો.. પધારો કરીને એમને પણ માન આપે છે. અને ઇન્દ્ર મહારાજ બ્રાહ્મણ રૂપ કરી ને આવ્યા છે, અને પોતે પંડિત નું આસન છે એના ઉપર બાળ વર્ધમાન ને બેસાડી દે છે. એક પછી એક પ્રશ્નો પુછતા જાય છે, પ્રશ્ન સમજવા પણ અઘરા પડે, અને જડબાતોડ જવાબ ભગવાન ફટ ફટ આપતા જાય છે. અને જ્યાં ભગવાને બધા જવાબો આપ્યા, એ બધા જવાબો મળીને એક ગ્રંથ બન્યો, જયનેન્દ્ર વ્યાકરણ! લોકો ના વિસ્મય નો પાર નથી, લોકો વિચારે છે બાળ વર્ધમાન આ બધું શીખ્યા ક્યારે ? અને એ સમયે જે પંડિત છે એ પણ વિચારે છે, કે બાળપણથી જે સંશયો મારા મનની અંદર હતા, આ બ્રાહ્મણે એમને પુછ્યા, અને ભગવાને બધા જ જવાબ આપી દીધા. આ બાળક પાસે આ બધું જ્ઞાન આવ્યું ક્યાંથી ? અને પોતે વિચારે છે કે આટલું બધું જ્ઞાન હતું, તો પણ તેઓ તો એક પણ અક્ષર બોલતા ન હતા! પંડિત વિચાર કરે છે, મારી પાસે જ્ઞાન ઓછું છે, પ્રદર્શન વધારે છે. આ બાળ વર્ધમાન પાસે જ્ઞાન-

નો આખો સાગર છે, પ્રદર્શન કરવાની એમને કોઈ ઈચ્છા સુધ્ધા નથી. સાગરની લહેર વાદળી ગરજે જરા પણ વરસે નહિ. એ રીતે નીચ પુરુષ છે એ બોલે ઘણું પણ પોતે કરે નહિ. સજ્જન પુરુષ હોય એ બોલે કદાચ ઓછું, બોલે કદાચ નહિ, પણ કરીને જ રહે. જે અસાર પદાર્થ હોય એનો આડંબર હંમેશા મોટો હોય, અધુરો ઘડો હોય તો એ વધારે છલકાય. ખાલી થાળો હોય તો એ વધારે વાગે. અને સોનું હોય એની થાળી હોય એમાં ડંકો વગાડીએ તો એનો એવો અવાજ ન આવે. પણ કાંસાની થાળી હોય, તો મોટો અવાજ આવે. અને આ રીતે પંડિત વિચાર કરે છે. અને ઇન્દ્ર મહારાજ આવીને કહે છે કે હે બ્રાહ્મણ આ કોઈ માત્ર મનુષ્ય છે, આવુ તમારે વિચારવું નહિ. આવી કોઈ ચિંતા કરવી નહીં, સકલ શાસ્ત્ર પારગામી એવા તો આ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી છે. આવી રીતે વર્ધમાન સ્વામીની સ્તુતિ કરીને શક્ર પોતાના સ્થાને જાય છે.

(ભગવાન મોટા થયા છે, યૌવન પામ્યા છે, હવે ભગવાન ભોગ સમર્થ છે, એમ સમજીને ભગવાનના માતા-પિતા, સમરવીર રાજાની દીકરી યશોદા એની સાથે ભગવાનના લગ્ન કરે છે. અને એ સમર્થ ભગવાન એમની સાથે સુખ અનુભવતા, ભગવાનને એક દીકરી થાય છે. એને પણ પ્રવર નરપતિના દીકરા જમાલી સાથે પરણાવવામાં આવે છે. એમની પણ દીકરી થાય છે શેષવતી જે ભગવાનની દોહિત્રી હતી. શ્રમણ ભગવાન મહાવીર એમના પિતા કાશ્યપ ગૌત્રિય

DATE

હતા, જેમના સિધ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વી - આ રીતે ત્રણ નામ છે. શ્રમણ ભગવાન મહાવીર ના માતા વાશિષ્ટ ગોત્રિય હતા, જેમના પણ ત્રણ નામ છે ત્રિશલા, પ્રિતીકારીણી, વિદેહદિનના. શ્રમણ ભગવાન મહાવીર જેમના કાકા સુપાર્શ્વ હતા, શ્રમણ ભગવાન મહાવીર ના મોટા ભાઈ નંદીવર્ધન હતા. બહેન સુદર્શના. પત્ની યશોદા.

શ્રમણ ભગવાન મહાવીર સકલ કળામાં કુશળ છે, નિત્ય પ્રતિજ્ઞાવાન છે, સુંદર રૂપવાળા છે સર્વ ગુણ થી યુક્ત છે, વિનયવાન છે, પ્રખ્યાત છે, જ્ઞાતકુલ ચંદ્ર છે, વિશિષ્ટ દેહ વાળા છે, ૨૮ વર્ષ - ભગવાનના જીવનના પુરા થયા છે, ભગવાનના - માતા પિતા જે સમયે સ્વર્ગે ગયા છે. ભગવાનના માતા પિતા ક્યા દેવલોકમાં ગયા, આવશ્યક આગમની અંદર ચોથો દેવલોક કહ્યો છે, આચારાંગમાં બારમો દેવ લોક કહ્યો છે, તત્વ તો કેવળજ્ઞાની ભગવંતો - જાણે છે. ગર્ભમાં જ્યારે ભગવાન હતા, અભિગ્રહ કર્યો હતો, જ્યાં સુધી માતા-પિતા જીવતા છે, ત્યાં સુધી હું દીક્ષા લઈશ નહિ. આવો અભિગ્રહ લેવાય કે ના લેવાય ? જૈને લેવી હોય એને પ્રશ્ન છે આ બધા ! તમારે પહેલા એ નથી લેવી ને પછી પણ નથી લેવી, નહાવું નહિ ને નિચોવું એ નહિ. ઘણી વાર કોઈ દીક્ષાર્થી ને કોઈ મહાવીર સ્વામી નું દ્રષ્ટાંત આપી ને આવી વાત કરે, પંચસુત્રનું વિવેચન લખ્યું છે, દાદા-ગુરૂદેવે, ઉરચ પ્રકાશના પંથે ! આખો મોક્ષ-માર્ગ એ તમારે એક જ ગ્રંથ માંથી સમજવો છે. જેકદમ BOTTOM થી TOP સુધી જવું છે તો અદ્દભૂત સુત્ર, પંચસુત્ર !



classmate

પહેલું સુત્ર વધારે પ્રસિધ્ધ છે. પણ કુલ એના પાંચ સુત્ર છે. હરીભદ્રસૂરી મહારાજ એ ટીકા બની છે એમ પણ કહેવાય છે કે મૂળ ગ્રંથ પણ એમનો છે, અને એ પંચસુત્ર, એના ઉપરનું ગુજરાતી વિવેચન ભુવનભાનુ સૂરી મહારાજ એ લખ્યું છે, ઉદય પ્રકાશના પંથે. દીક્ષા કેવી રીતે લેવી ? ને જે વિચારે કે માતા-પિતા મય પછી દીક્ષા લઈશ તો આવી નિયમ લેવામાં પણ પાપ લાગે. શું થાય ? પાપ લાગે!

ભગવાન અતિશય જ્ઞાની હતા, અવધિજ્ઞાની હતા, ભગવાન પાસે વિશિષ્ટ બોધ હતો, એટલે ભગવાનનું ઉદાહરણ આપણે લઈ શકીએ નહિ, ભગવાનને પાપ લાગ્યું છે એવી પણ વાત - નથી. ભગવાનનું કેવું ઔચિત્ય હતું એ આપણે જ વિચારીએ કે માતા-પિતા ના ગયા પછી દીક્ષા લઈશું, એક બાજુ દીક્ષા નો મનોરથ છે, બીજુ બાજુ આવી શરત છે. એનો ત્રીજો અર્થ એવો નીકળે કે માતા-પિતા મય તો સારું ! ખ્યાલ આવે છે ? યોગબિંદુ ની અંદર હરીભદ્રસૂરી મહારાજ એ કહ્યું કે માતા-પિતા પ્રત્યેનું ઔચિત્ય શું ? એમનું ઔચિત્ય સમજવતા... સમજવતા એક વાત કરી,

તીર્થે તદ્વિત્તયોજનં।

માતા-પિતા ના કાળધર્મ પછી, મૃત્યુ પછી, દીકરાએ એમની એક પણ સંપત્તિ ને હાથ લગાડવો ના જોઈએ. જીવતા એમણે જેટલું આપ્યું હતું, એટલું રાખી શકાય. મૃત્યુ સુધી માતા-પિતાએ જે પોતાની પાસે જ રાખ્યું, એ ઘરેણા હોય શકે, એ રૂપિયા હોય શકે, બીજુ કોઈ માલ મિલકત હોય શકે, એ બધી માલ-મિલકત હોય એનું શું કરવું જોઈએ ? એને ધર્મમાં દાન કરી દેવી જોઈએ.

DATE

तीर्थे तद्वित्तयोजनं।

મુનિચંદ્ર સૂરી મહારાજ ટીકા લખે છે, ટીકામાં પ્રશ્ન ઉઠાવ્યો, શા માટે એવું કરવાનું ? અને ત્યાં લખ્યું છે

अन्यथा तत्स्वयंग्रहे गुरुवर्गमरणाद्यनुमितिप्रसङ्गः स्यात्।

કારણકે જો એ લઈ લે તો એમ થાય કે ચાલો ગયા, તો મને સોનાનો ચેઈન મળ્યો. ઉંડે-ઉંડે પણ કદાચ એવો ભાવ જાગી જાય. જે ઉપકારી છે, જે આદરણીય છે, જે ગૃહસ્થાવાસની અંદર ગુરુ સ્થાનીય છે, જેમના ઉપકારનો બદલો ના વળી શકે, એ મા-બાપ, અને એ મા-બાપના મૃત્યુની જે અનુમોદના થાય, આવો વિચાર-પણ ઘોર પાપ બંધાવે. આવો વિચાર સુદ્ધા-ન આવે, પહેલાથી નક્કી છે કે એમની એક-પણ પૈસો મારે જોઈતો નથી, જીવતા આપે એ લીધું હોય એનો વાંધો નથી, એમના ગયા સુધી એમણે જે પોતાની પાસે રાખ્યું, કે જે આપણા અધિકારમાં આવ્યું, એ આપણા માટે ન વપરાય એનો દાન આપી દેવું જોઈએ.

સભાનો પ્રશ્ન :- માતા-પિતા એ જે વિલમાં લખ્યું હોય આપવાનું તો શું લેવાય ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- વિલમાં લખ્યું હોય એ પણ આપ્યું જ ગણાય. આજે તમારી સ્થિતિ એવી થઈ છે કે અમારે વૈરાગ્ય માટે કાંઈ જ કહેવાની જરૂર નથી. છેલ્લા શ્વાસ ચાલી રહ્યા છે, આખું ઘર એમણે ઉભું કર્યું છે, શૂન્ય માંથી સર્જન કર્યું છે. એમની સમાધિ-એમની આરાધના, એમની સદ્ગતિ, એમના વિયોગનું દુઃખ આ તો બધું દૂર ગયું. અને ઘરના ખુણે-ખાંચરે કેટકેટલી ચર્ચાઓ થતી હોય, રૂમોને તાળા

દિવાઈ ભય. દિલ નીકળશે ત્યારે નીકળશે. આલિકી અત્યાર-થી જમાવી દો, બિચારા ને હવે જવા નો દો, ગયા નથી ને આપણે આપણી તૈયારીમાં લાગી ગયા છીએ. કેટકેટલી વૈરાગ્ય પમાડે એવી ઘટનાઓ આજુ બાજુ બનતી હોય છે. કોને આપણે પકડીને બેઠા છીએ, એ જ લાખ રૂપિયાનો પ્રશ્ન છે! મૂળ પ્રશ્ન ઉપર આવું. મહાવીર સ્વામી ભગવાન એમણે નિયમ લીધો છે, મા-બાપ જ્યાં સુધી જીવતા હશે, દીક્ષા નહિ લઉં. આદિનાથ ભગવાન, માતા હાજર છે, દીક્ષા લીધી છે, હજાર વરસ સુધી મરુદેવા માતા ધ્રુસકે ને ધ્રુસકે રડ્યા છે. આંખો ઉપર પડળ આવી-ગયા છે. અંધાપો આવી ગયો છે ત્યાં સુધી રડ્યા છે. બે માંથી સાચુ કોણ? બંનેની ઘટના એ જુદી જુદી છે, તો બંને તો સાચા ના હોય શકે ને. હું પુછું છું હં તમને?

મહાવીર સ્વામી ભગવાને જ્ઞાનથી જોયું હતું કે મારા દીક્ષા લેવાથી સખત આર્તધ્યાન એમને થવાનું, એ જ આર્તધ્યાનમાં એમનું મૃત્યુ થવાનું. અને એમનું મૃત્યુ થશે ને દુર્ગતિમાં જશે પોતે અતિશય જ્ઞાની છે ને જ્ઞાનથી એ બધી ઘટનાઓ ને જોઈને પોતે પોતાના ઔચિત્ય નું પાલન કર્યું છે. આદિનાથ ભગવાને જોયું છે કે પરિણામ સારું છે, ભલે મોહ છે, ભલે રૂદન આવશે, ભલે હજાર.. હજાર વર્ષ સુધી મારી માતા રડવાની. પણ પરિણામ એનું સારું આવવાનું છે, આદિનાથ-ભગવાને પણ ઉચિત કર્યું મહાવીર સ્વામી ભગવાને પણ ઉચિત કર્યું આપણે શું કરવાનું? આપણી પાસે અતિશય જ્ઞાન નથી, બહુ પ્રેમથી તમને કહું, એ-બધા પહેલાના પ્રેમ જુદા હતા. આપણા પ્રેમ પણ જુદા છે. જે... જે વ્યક્તિ દીક્ષા લે છે, દાદા ગુરુદેવના સંસારી પિતાશ્રી હતા ચીમનભાઈ, એમના માતા-પિતાની જ્યારે અંતિમ સમય હતો ને અંતિમ સમયે એમણે જે

વાત કરી હતી એ વાતની અંદર અમુક વાત એવી હતી, ખુબ ઉપકાર પ્રેમસૂરી દાદાનો, મારા દીકરાઓ-ને લઈને ભોગીને દીક્ષા આપી, પણ એ દીક્ષા આપી એ બહુ સારુ કર્યું. કેટકેટલા આત્માઓ સંતાનોની દીક્ષા પછી ખુદ દીક્ષીત બનતા હોય છે. કદાચ પોતે દીક્ષીત ના બની શકે, તો એ પુત્ર મુનિના આલંબન-થી સંયમ ધર્મની કેટલી નજીક આવી જાય, એટલી અનુમોદના કરે, અમે ઘરમાં ગોચરી જઈએ ને એ ઘરમાંથી કો દીક્ષા થઈ હોય ને, એ ઘરનું આખું-વાતાવરણ, એ ઘરના ભાવ, સાહેબ મારા દીકરાએ દીક્ષા લીધી છે. સાહેબ જુઓ આ ફોટો છે. એ ભાવ હોય ને એમને લાગે કે ભલે કદાચ સંસારમાં બેઠા છે, ભલે દીકરા પ્રત્યેના પ્રેમના નિમિત્તે, સંયમ ધર્મની કેટલા નજીક આવી ગયા. કદાચ બીજી બધી ધર્મ કરીને જે શુધ્ધિ એમના આત્મા ને ન મળત, અંતરથી સંયમ ધર્મની અનુમોદના, સાહેબ જો અનુકૂળતા-હોત તો અમે પણ દીક્ષા લઈ લેત પણ અમને આટલું- આટલું નડે છે, અહીંયા સુધી ની ઈચ્છા-દીક્ષા લેવાની. કદાચ દીક્ષા ના પણ લઈ શકે, એ દીક્ષીત તો તરે, એના માતા-પિતા પણ તરે, વૈદિક ગ્રંથોની અંદર તો ત્યાં સુધી કહ્યું છે.

ગળે પ્રાણ આવ્યા છે, છેલ્લા શ્વાસ ચાલી રહ્યા છે, એ સમયે કહી દે,

संन्यस्तमिति यो ब्रूयात्, कण्ठस्थप्राणवानपि ।

મેં દીક્ષા લઈ લીધી, મેં છોડી દીધો સંસારને,

तारिताः पितरस्तेन, इति वेदानुशासनम् ॥

વેદો ની અંદર પણ કહ્યું છે કે અંત સમયે પણ સંન્યાસ લે, એના પિતૃઓ તરી જાય, આગળ વધીને કહ્યું, એની બોંતેર પેઢીઓ તરી જાય. આપણા

DATE

ધર્મની અંદર કહ્યું કે અનુમોદના કરશે તે તરશે. જે સહાય કરશે, જે આગળ વધારશે, જે સાથે ચાલીને પ્રેરણા કરશે, જે અંતરાય નહી કરે એ તરશે. માતા-પિતા - અંતરાય કરતા હોય ને એમના નિમિત્તે દીકરો રોકાઈ જાય, તો દીકરાને પણ માતા-પિતાના અંતરાયમાં સહાય નો દોષ લાગે. વાત સમજાય તમને ? દીકરો વિચારે માતા-પિતાના ગયા પછી દીક્ષા લઈશ, એને માતા-પિતાના મૃત્યુની - અનુમોદનાનો દોષ લાગે. પંચસુત્રની અંદર કહ્યું કે દીક્ષાર્થી- એ પોતાના પરિવારને પણ સમજાવવાનો. શક્ય એટલા બધા પ્રયાસ કરવાના.

अप्पडिबुद्धे कहिंचि पडिबोहिज्जा अम्मापियरे ।

દીક્ષા કઈ રીતે લેવાની ? મૂળ વિધિ, FIRST NUMBER નું OPTION, દીક્ષા સપરિવાર લેવાની, કદાચ સપરિવાર શક્ય ના બને, તો એટલી રજા માંગે કે તમે મને અનુજ્ઞા આપો, એ જ રજા ન મળે, છેલ્લો - અપવાદ બતાડ્યો, ભાગીને પણ લેવાની. પણ સંસારમાં રહેવાનું નહિ, માતા-પિતાને અંતરાયનું પાપ આપવાનું નહિ. દીક્ષા લીધા પછી માતા-પિતાને પણ તારવાના. એમનામાં જે શક્તિ હોય, પ્રેમસૂરી દાદા ભાગીને દીક્ષા લીધી છે, પણ વરસો વરસ પોતાના સાધુઓને પિંડવાડા- ની અંદર ચોમાસું મુક્યા છે, એમના માતા-પિતા - એમને સમાધિ મળે, એમને ધર્મ મળે, એ સમયે ઓછા સાધુઓ, પણ માતાપિતાના ઉપકારને યાદ કર્યો છે, અને એમના પિતા ભગવાનદાસ ભાઈ, અંતિમ એમની સ્થિતિ હતી, મહાત્મા ઓને મોકલ્યા છે અને મહાત્માએ એમને અંતિમ સમયમાં પુછ્યું દીક્ષા લેવી છે, કદાચ છેલ્લો સમય છે, છેલ્લો દિવસ કે છેલ્લા દિવસોની વાત છે. અને એ સમયે મહાત્માએ પ્રશ્ન કર્યો, પુત્ર- મુનિ એ દીક્ષા લીધી છે, ગણિ થયા છે, પન્યાસ - થયા છે, ઉપાધ્યાય થયા છે, આચાર્ય થયા છે,

DATE

રાજ્યાધિપતિ થયા છે, અને એ દીકરાનું સંયમ જીવન- એ ચોથા આરાનું સંયમ જીવન, જે અંતરથી અનુમોદના. જે સંયમનો પક્ષપાત, જીભ કોઈ હોય તો મને ખાવા આપો, મને પીવા આપો, અરે DOCTOR ને બોલાવો, એક INJECTION હવે આપો, અરે કાંઈક કરો, મને બચાવો ને આ હૈયા હોળી ચાલતી હોય ને એ સમયે ભગવાનદાસ ભાઈ કહે છે, સંયમની ઝંખનાની મને વર્ષોથી છે, અને ગુરુદેવની આજ્ઞા હતી, મહાત્મા જે એમને સંથારા દીક્ષા આપી. અને સંથારા દીક્ષા એમણે લીધી, અંત સમયની દીક્ષા લીધી, પ્રેમસૂરી દાદાના સંસારી પિતાશ્રી પોતે સંસારી પણે કાળધર્મ નથી પામ્યા, દીક્ષિત પણે કાળધર્મ પામ્યા છે. દીકરો તર્યો હશે ને તો તમને પણ તારશે, દીકરાને જો ડુબાડશો, તો તમે પોતેય ડુબશો અને દીકરો પોતે પણ ડુબવાનો. અહીંયા વાત કરે છે, કે ભગવાનનો જે અભિગ્રહ, એ અભિગ્રહ પુરો થયો, ક્યાં સુધી માતા-પિતા જીવતા હશે, હું દીક્ષા લઈશ નહિ, ભગવાન નંદીવર્ધનને વાત કરે છે. મારો અભિગ્રહ પૂરો થયો. હવે આપ રજા આપો, અને હવે હું દીક્ષા લઉં. એ સમયે નંદીવર્ધન કહે છે કે ભાઈ, હજુ તો માતા-પિતાનો દેવલોક થયો છે, હજુ તો એક ઘા લાગ્યો છે ને એ ઘા ઉપર તું મીઠું ભભરાવી રહ્યો છે. એમ કર તું રોકાઈ જા ને ભગવાન કહે છે, ભાઈ આ માતા, આ પિતા, આ ભાઈ વગેરે સંબંધો અનંતકાળથી આ જીવના થતા આવ્યા છે. આમાં ક્યાં મોહ પામવો. આપ વિવેકી છો, આપ જ્ઞાની છો, આમાં મોહ કરવો આપને યુક્ત નથી. હે ભાઈ તું મને પ્રાણથી પણ પ્રિય છે તારો વિરહ કરવો એ મારા માટે શક્ય નથી, માટે મારા આગ્રહથી બે વરસ સુધી તું ઘરમાં રહે. એ સમયે ભગવાન કહે છે

કે આપના વચનથી ભલે હું રહીશ, હું સચિત હશે - એવું કાંઈ પણ જાઈશ કે પીશ નહીં. મારા માટે કશું પણ બનાવવાનું નહિ. કોઈ હિંસા મારા માટે નહિ - કરવાની. ને આ રીતે બે વર્ષ સુધી સાધિક વસ્ત્ર - અલંકાર થી ભગવાન વિભુષિત છે. પ્રાસુક અને - એષણિય એવો આહાર ભગવાન લે છે. સચિત જળ પણ ભગવાને ઘરે પીધું નથી. પણ દીક્ષા વખતે જે સ્નાન કર્યું, એ સચિત જળથી કર્યું કારણકે એ કલ્પ હતો. એ પહેલા ભગવાને સર્વ સ્નાન પણ કર્યું નથી. બ્રહ્મચર્ય ત્યારથી માંડીને ભગવાને આજીવન પાળ્યું છે. દીક્ષા વખતે કલ્પ હોવાથી, સચિત જળથી ભગવાને સ્નાન કર્યું છે.

ભગવાનને વૈરાગ્ય વાળા જોઈને, ચૌદ - સ્થાનાથી આ સુચિત છે, માટે કદાચ ચક્રવર્તી થશે, આવુ જેમણે ધાર્યું હતું, અને આવુ ધાર્યા પછી જે પોતે એમની સેવા કરતા હતા, શ્રેણિક, ચંડપ્રદ્યોત વગેરે. પણ એવું કે હવે તો વૈરાગી થઈ ગયા, હવે તો દીક્ષા લેવી છે. જે બધું જોઈને થયું કે હવે તો ચક્રવતી થશે નહિ, એટલે પોત પોતાના સ્થાને ગયા છે. બે વર્ષ પુરા થવા આવ્યા છે, ભગવાનની પ્રતિજ્ઞા સમાપ્ત થઈ છે, અને જે સમયે ભગવાન તો પોતે જ સંયમોત્સુક છે, પણ પોતાનો આચાર છે, ભગવાનનો દીક્ષા ઉત્સવ જોને ભગાવવા માટે લોકાંતિક દેવો આવે છે. જોકાવનારી છે માટે લોકાંતિક કહેવાય. આ લોકાંતિક દેવો ભગવાનને પ્રતિબોધે એટલે કે વિનંતી કરે છે. કે સર્વ જગત ભુવને હિતકારી, એવા ધર્મતીર્થ ની આપ પ્રવર્તના કરાવો. આ રીતે ભગવાનને પ્રતિબોધિત કરે છે. ભલે ભગવાન સ્વયંબુદ્ધ છે, છતાં પણ કોઈના પણ ઉપદેશની ભગવાનને જરૂર નથી,

તો પણ લોકાંતિક દેવો ની આ આચાર છે. જીત-કલ્પિત લોકાંતિક દેવો, એ ઈષ્ટ, કાંત, પ્રિય, ઉદાર, કલ્યાણકારી, શિવા, ધન્યા, મંગલકારિણી, મધુર-અને હૃદયંગમ, ગંભીર અને અપુનરુક્ત એવી વાણીથી ભગવાનનું અભિષ્ટુવન કરે છે. ભગવાનની સ્તુતિ કરે છે. ભગવાનનું અભિવાદન કરે છે. અને કહે છે, હે નંદ, આપ જય પામો !

હે ભદ્ર, આપનો જયજયકાર હો !

આપનું કલ્યાણ હો !

હે ક્ષત્રિયવર વૃષભ, આપ જય પામો !

હે ભગવન્, હે લોકનાથ, આપ બોધિ પામો !

સકળ ભુવના ઉપકારક એવા ધર્મતીર્થ ની આપ-પ્રવર્તના કરાવો. જે ધર્મતીર્થ આખી દુનિયાની અંદર સર્વ જીવોને હિતકારક, સુખકારક ને મોક્ષકારક થશે એમ કહીને જય.. જય શબ્દ પોતે બોલી રહ્યા છે.

મનુષ્ય યોગ્ય વિવાહ આદિ ગૃહસ્થધર્મ-ની પહેલા પણ શ્રમણ ભગવાન મહાવીર, એમનું અનુપમ પ્રકાશક, અપ્રતિપાતક, અવધિજ્ઞાન અને અવધિ-દર્શન હતું. શ્રમણ ભગવાન મહાવીર જે અનુત્તર પ્રકાશક એવા જ્ઞાન, દર્શન, થી પોતાની દીક્ષા કાળ-જુએ છે. રૌપ્ય, સુવર્ણ, ધન, સૈન્ય, વાહન, કોશ, કોશાગાર, નગર, અંતઃપુર, દેશવાસી, લોક, ઘણુંબધું ધન, રત્ન, કણક, મણિ, મોતી, શંખ, શીલા પ્રવાલ, રત્નો વગેરે જે બધાને એ છોડે છે. એ અસ્થિર-છે, એ જુગુપ્સનીય છે, એમ કહીને યાચકો ને ગોત્રિકો ને એનું દાન જે છે તે આપે છે. ભગવાન દીક્ષા દિવસથી, એ પહેલા એક વર્ષ બાકી છે, ત્યારથી સવારથી વાર્ષિક દાન આપવા માટે ભગવાન પ્રવૃત્ત થાય છે. સુર્યોદયથી માંડીને, સવારનું ભોજન

જેને આપણે નવકારશી કરીએ, ત્યાં સુધીમાં એક કરોડ અને આઠ લાખ, એટલા સોનૈયા પ્રતિદિન ભગવાન આપે છે.

'વૃણુત વરં વૃણુત વરં ।

વગેરે જે ઉદ્‌ઘોષણા એના પૂર્વક, જે જે માંગે એ એને આપવામાં આવે. એ બધું દેવો શક્રના આદેશથી પોતે પૂરે છે, અને એક વર્ષમાં કેટલું દાન આપ્યું ?, એ કહે છે. એક વર્ષની અંદર ત્રણ અબજ, અઠ્યાસી કરોડ, ને એંસી લાખ એટલા સોનૈયા, આ તો માત્ર સોનૈયાનું પ્રમાણ છે. આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર કહ્યું કે જેને જે જોઈએ એ માંગો. હાથી માંગે હાથી મળે, ઘોડા માંગે ઘોડા મળે, ગામ માંગે ગામ મળે, બંગલો માંગે બંગલો મળે. ઘરેણા માંગે એને ઘરેણા મળે, જે માંગે એ બધુ જ મળે. આ માત્ર સોનૈયાનું દાન છે, બીજું ઘણું બધું પણ ભગવાને આપ્યું. ભગવાને દાન કેવું આપ્યું. તો એવો વરસીદાન રૂપી મેઘ ભગવાને વરસાવ્યો જેનાથી દરિદ્રતા રૂપી જે દાવાનળ હતો, એ આખો બુઝાઈ જાય છે. લોકો એ બધું દાન લઈ-લઈને ઘોડા ઉપર બેસીને, અલંકાર વિભૂષિત થઈ ને, પોતાના ઘરે જાય છે, અને એ સમયે એમની જે પત્નીઓ છે, પત્ની પણ ઓળખી શકતી નથી. એમને લાગે છે આ કોણ આવી રહ્યું છે. દરવાજા બંધ કરી દે છે, પેલા જોર- જોરથી ખખડાવે તો પણ ખોલે નહિ. પત્ની પુછે તમે કોણ છો ?, અને પતિ કહે કે આ તો જે ગયો હતો એ જ છું, તારો વર છું. પણ ભગવાને મારા આ દેદાર એને પલટી દીધા છે. આવું ભગવાનનું દાન હતું. આ રીતે દાન ભગવાને આપ્યું છે. અને હવે ફરીથી ભગવાન નંદીવર્ધનને પૂછે છે, કે હે રાજન્ આપે જે અવધિ કીધો હતો એ અવધિ પણ પૂરો થયો,

માટે હવે હું દીક્ષા લઈશ. નંદીવર્ધન પણ જુએ છે, હવે રોકી શકાય એવી કોઈ શક્યતા નથી. ધ્વજ વગેરેથી આખા નગરમાં શોભા કરે છે. અને આખું ક્ષત્રિયકુંડ નગર દેવલોકની જેમ શોભી રહ્યું છે.

x x x x x

# પ્રવચન - ૧૧

DATE

નંદીવર્ધન રાજા અને ઈન્દ્ર વગેરે. કનક મય, રૌપ્ય-
મય, મણિમય, કનક મણિમય, કનક રૌપ્યમય, રૌપ્ય-
મણિ મય, કનક રૌપ્ય મણિમય અને મૃણમય આ રીતે
અષ્ટોત્તર સહસ્ત્ર, એક હજાર આઠ કળશોને
બીજુ પણ બધી સામગ્રી ને બનાવડાવે છે. અચ્યુતેન્દ્ર
વગેરે ૬૪ સુરેન્દ્રો, જે ભગવાનનો દીક્ષાભિષેક કરે
છે. જે દેવો એ કરેલા કળશો અને નંદીવર્ધન રાજા
એ કરેલા કળશો, એ દિવ્ય પ્રભાવથી બંને ભેગા-
થઈ જાય છે. દેવો આગ્રહ નથી રાખતા કે અમારા
જ કળશો વાપરવાના. નંદીવર્ધન રાજાના કળશો એ
બધા ORDINARY છે. અમારા EXTRA ORDINARY
છે. આવુ કરતા નથી. ભક્તિથી બનાવ્યાં છે,
પણ એ બંને કળશોનું COMBINATION કરે છે
અને એ કળશો વધારે દિપી ઉઠે છે. હકીકતમાં
જ્યાં ભાવ ભક્તિ નો હોય ને ત્યાં કદી પણ મતનો
આગ્રહ આવે જ નહિં. મતનો આગ્રહ આવે ત્યાં
સમજવાનું કે ભક્તિભાવ છે એ રવાના થઈ ગયો છે.
ભક્તિભાવ નો પ્રવેશ થાય પછી જે આપણી વ્યક્તિ-
ગત પસંદો, વ્યક્તિગત રૂચિઓ, વ્યક્તિગત અહંકાર,
આ બધાનું કોઈ જ સ્થાન રહે નહિ. જે દેવો
છે એમનો વિવેક જોઈએ, ક્યાં એમની સામગ્રી
ક્યાં એમની શક્તિ, કેટલા મહર્ધિક દેવો ને એ
મહર્ધિક દેવો પાસે નમ્રતા કેટલી! વિનય
કેટલો! વિવેક કેટલો! સામગ્રી કદાચ આપણી
પાસે એમનાથી ઓછી હોય, પણ એમનો જે વિવેક
છે, એ તો આપણે પૂરેપૂરો આત્મસાત્ કરી શકીએ
એમ છીએ. કંઈ પણ કરો, હું કહું છું સંસારમાં
કંઈ કરો, તો પણ વિવેક દ્રષ્ટિએ જોઈને કરો.
અહીંયા પણ કાંઈ કરો, તો વિવેક દ્રષ્ટિએ જોઈને
કરો. જનાવર અને મનુષ્યમાં એક જ ફરક છે.

જેનું નામ છે વિવેક ! જાનવર પાસે વિવેક હોતો-
નથી. માણસ પાસે વિવેક હોય શકે છે. પણ જો
આપણે વિવેક ગુમાવી દઈએ, તો આપણામાં ને
જાનવરમાં કોઈ જ ફરક રહે નહીં. અહીં કહે છે,
આગળ ભગવાનની દીક્ષા વિધિ, ચોસઠ સુરેન્દ્રો
અભિષેક કરે છે. દિવ્ય પ્રભાવથી રાજાએ કરેલા-
જે કળશો, એ એની જે છે એ MIX થઈ
જાય છે. કળશ વધારે શોભાયમાન થાય છે.
નંદીવર્ધન જે છે એ ભગવાનને પૂર્વાભિમુખ -
બેસાડી ને, એમનો દીક્ષાભિષેક સોનાથી કરે છે.
ક્ષીર સમુદ્રના પાણીઓ જે દેવો લઈ આવ્યા છે,
સર્વ તીર્થની પવિત્ર માટી લઈ આવ્યા છે, ઔષધિ-
લઈ આવ્યા છે. અભિષેક એનો કરે છે. ઇન્દ્રો
બધા કળશ વગેરે લઈને, દર્પણ વગેરે લઈને,
ઉભા છે. જયજયકાર ભગવાનનો કરી રહ્યા છે.
ભગવાનનું સ્નાન પૂર્ણ થયું છે. ગંધક આસાય નામનું
દિવ્ય વસ્ત્ર, એનાથી ભગવાનનું અંગ લુંછાયું છે.
સુર ચંદનથી ભગવાનનું વિલેપન કરાયું છે. કલ્પવૃક્ષ-
ની પુષ્પની માળા, ભગવાનના ગળે શોભી રહી છે
અને ભગવાનના વસ્ત્રના જે છેડા છે, એમાં
સોનાના તાંતણા લગાડેલા છે. ઉજ્જ્વળ અને સ્વચ્છ
વસ્ત્ર છે. એક લાખ સોનામહોર એનું મુલ્ય છે.
ભગવાને એ વસ્ત્ર પહેરેલું છે. હાર છે એ છાતી
ઉપર બીરાજમાન છે. આ બાજુબંધઓ છે એના-
ઉપર કેયુર અને કટક નામના આભુષણો છે.
ભગવાનના ગાલ પાસે કુંડલ છે તે ચમકી રહ્યું છે,
નંદીવર્ધન રાજા પોતે પચાસ ધનુષ્ય પહોળી, પચીસ
ધનુષ્ય વિસ્તીર્ણ અને છત્રીસ ધનુષ્ય ઉંચી
આવી મોટી શિબિકાને બનાવડાવે છે. એની
અંદર માણિ-કનક વગેરે લગાડેલા છે. અને


classmate

દિવ્ય પ્રભાવથી દેવતાઓ એવી જ બીજી શિબિકા- જે જ આપની પણ વધારે મુલ્યવાન, વધારે શોભા-યમાન, ને જે બંને શિબિકા એને MIX કરવામાં આવે છે. ચંદ્રપ્રભા નામની શિબિકા છે, ભગવાન એમાં આરૂઢ થયા છે. અને દીક્ષા માટે ભગવાન પ્રસ્થાન કરે છે.

તે કાળે, તે સમયે, શ્રમણ ભગવાન શ્રી મહાવીર, જ્યાં શીત કાળનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ એનો દસમો દિવસ, એટલે માગસર-વદ-દસમ. પૂર્વાદિકગામીની નો છાયા છે પ્રમાણ-પ્રાપ્તા થઈ છે. સુવ્રત નામનો દિવસ છે. વિજય નામનું મુહુર્ત છે. છઠ્ઠનો ભગવાનનો તપ છે. વિશુધ્ધમાન ભગવાનની લેશ્યા છે, ચંદ્રપ્રભા શિબિકા-માં પૂર્વાભિમુખ દિશામાં ભગવાન સિંહાસન ઉપર-બેઠા છે. ભગવાનની જમણી બાજુ કુલમહત્તરિકા હંસ-લક્ષણ નામનું છત્ર લઈને બેઠી છે. ડાબી બાજુ ભગવાનની જે ધાવ માતા, જે દીક્ષોપકરણ લઈને બેઠી છે. પાછળ એક વરતરુણી છે એણે શૃંગાર-વાળો વેષ કર્યો છે, અને ધવલ છત્ર- શ્વેત છત્ર ભગવાનના મસ્તક ઉપર ધર્યું છે. ઈશાન ખુણામાં એક તરુણી છે એણે પૂર્ણકળશ હાથમાં લીધો છે. અગ્નિકોણમાં એક યુવતી છે, એણે મણિમય-એવો પંખો પોતે લીધો છે. અને નંદીવર્ધન રાજા પોતાના માણસોને આદેશ આપે છે, અમારી શિબિકા ઉપાડો, હવે તો એમને કહ્યું છે એ લોકો ભેગા થય, એ પહેલા શક્રેન્દ્ર પાસે દોડે છે, અને દાક્ષિણાત્ય જે ઉપરી સ્તરની બાહા છે એને પોતે ધારણ કરે છે. ઈશાનેન્દ્ર એ ઉત્તરા ઉપરી બાહાને ધારણ કરે છે. ચમરેન્દ્ર છે, દક્ષિણ ની જે

classmate

નીચે ની બાહા એને ધારણ કરે છે. અનેન્દ્ર કે
ઉત્તરની નીચેની બાહા છે, એને ધારણ કરે છે.
બીજા પણ ભવનપતિ, જ્યોતિષ અને વૈમાનિક દેવો
કંચન, કુંડલ વગેરે આભરણો થી રમણીય છે, પાંચ-
પ્રકારના પુષ્પોની વૃષ્ટિ કરી રહ્યા છે, દુંદુભિ ને -
વગાડી રહ્યા છે. અને યથાર પોતાને જ્યાં ક્યા
મળી, ત્યાં પોતે શિબિકાને ઉપાડે છે. શક્ર -
અને ઈશાન આગળ વધીને એ બાહાને છોડી ને
ભગવાનને ચામર વીંઝતા.. વીંઝતા પોતે આગળ..
આગળ.. આગળ... આગળ ચાલી રહ્યા છે.
ભગવાન શિબિકારેઠ માં છે. પ્રસ્થાન કર્યું છે.
શરદ ઋતુમાં જેમ પદ્મસરોવર હોય, ચંપકવન હોય,
કર્ણિકાવન હોય, તિલકવન હોય, એના જેવું આખું
આકાશ, એ દેવતાઓથી ઉભરાય ગયું છે.
નિરંતર ભંભા-ભેરી-મૃદંગ વગેરે વાગી રહ્યા છે.
શંખ ફુંકાઈ રહ્યા છે. આખી ધરતી અને આકાશ-
ની વચ્ચેનો જે અવકાશ છે, એ વાજિંત્રો થી
પુરાય ગયો છે. અને નગરવાસીની જે નારીઓ
પણ છે, એ પોતે ઉત્સુકતા થી દોડતી દોડતી -
આવે છે. કેવી કેવી ચેષ્ટા કરે છે. કેવી રીતે
લોકોને વિસ્મિત કરે છે. અહીંયા વાત કરે છે,
સ્ત્રીઓ ને ત્રણ વસ્તુ વ્હાલી હોય છે, એક તો
કજીયો, બીજું કાજળ અને ત્રીજું સિંદુર. એનાથી
પણ ત્રણ વસ્તુ વહાલી છે. દુધ, જમાઈ અને
વાજિંત્ર કોઈ સ્ત્રી છે એ બહુ જ ઉત્સુકતાથી
પોતે દોડે છે. ભગવાન આવી રહ્યા છે, ભગવાન
આપણા રાજ માર્ગ ઉપર, બરાબર નગરની સામે
આવી રહ્યા છે, ઉતાવળ એટલી થઈ ગઈ, પણ
આજ થોડું સજુ-ધજુ તો થવું જોઈએ. એટલી
કાજળ છે એ આંખમાં આંજવાનું છે પણ -

ઉતાવળ એટલી છે, કે કાજળને ગાલ ઉપર લગાડી દે છે. ગાલ પર લગાડવાની કસ્તુરીને આંખે લગાડી દે છે. ગળા નો હાર છે એ પગમાં બાંધી દે છે. પગનું ઝાંઝર ગળામાં બાંધી દે છે. અને દોડે છે. આગળ વધીને કહે છે, કોઈ સ્ત્રી છે, એને દીકરીને ધર્યું છે, પણ એનો છોકરો રડવા લાગે છે. એને થાય છે કે છોકરાને ઉપાડીને જલ્દી પહોંચી જઉં, ઉપાડીને પહોંચે તો છે, પણ ત્યાં બધા લોકો હસે છે, જુએ છે તો દીકરાની બદલે બિલાડીનું બચ્ચું છે. એ પોતે ઉપાડ્યું છે. અને સ્ત્રીઓ છે એ બધી ઉભરી પડી છે. પુરુષો પણ ઉભરી પડ્યા છે. રાજમાર્ગ ઉપરથી ભગવાનની શિબિકા જઈ રહી છે, બધાની દ્રષ્ટિ ભગવાન ઉપર મંડાઈ રહી છે. અને એ સ્ત્રીઓ પોતે કહે છે. ભગવાનનું રૂપ કેવું છે ! ભગવાનનું તેજ કેવું છે ! પરાક્રમ કેવું છે ! આ શરીરનું સૌભાગ્ય કેવું છે ! જેણે આવા રૂપનું નિર્માણ કર્યું એ વિધાતા ના અમે પોંખણા લઈએ છીએ ! કોઈ મહિલા છે જે દોડતી દોડતી પોતે જે રીતે આવે છે. અને ધ્યાન કશું રહ્યું નથી. બધા જ પોતાના ઘરેણા જે હતા, છુટી છુટીને વેરાતા જાય છે. ઘરેણાઓની પડી નથી, એનું મન, એનું તન, એની આંખો, એ બધું જે છે એ ભગવાન ઉપર કેન્દ્રિત બન્યું છે. કોઈ સ્ત્રી છે એ સુંદર મોતીઓથી ભગવાનના વધામણા કરે છે. કોઈ સ્ત્રીઓ મંગલ ગીતો ગાઈ રહી છે કોઈ સ્ત્રીઓ હર્ષથી નૃત્ય કરી રહી છે. નગર ના જે નાગરીક અને નાગરી લોકો, એટલે કે નગરના પુરુષ અને સ્ત્રીઓ, એ બધા ભગવાનનો વૈભવ પ્રકર્ષ જોઈ રહ્યા છે. એ વરઘોડો કેવો છે ! તો ભગવાનની આગળ સૌ પ્રથમ,

રત્નમય અષ્ટમંગલ એનું પ્રસ્થાન થાય છે. ક્યા અષ્ટમંગલ એ કહી છે. સ્વસ્તિક, નંદીવર્ત, નંદાવર્ત, વર્ધમાન, કલશ, મીનયુગલ, અને દર્પણ! આ બધું જે છે એને ભગવાનની આગળ પ્રસ્થાન કરે છે. એની પછી પૂર્ણ કળશ, ચામર, મોટી ધ્વજ, પછી છત્ર, મણિ-સુવર્ણ મય સિંહાસન, સરસ મજના હાથી છે, શ્રેષ્ઠ-ઘોડા છે. એ બધા એકસો આઠ છે એ જઈ રહ્યા છે. શ્રેષ્ઠ પુરુષો જઈ રહ્યા છે. એના પછી હાથીનું સૈન્ય, એના પછી ઘોડાનું સૈન્ય, એના પછી રથનું સૈન્ય, એના પછી સૈનિકોનું સૈન્ય, આ બધા જઈ રહ્યા છે. ક્રમશઃ નાની નાની ધજાઓથી મંડિત એક હજાર યોજન ઊંચો, એવો મહેન્દ્ર ધ્વજ છે. એની પાછળ તલવાર વાળા, એની પાછળ ભાલા વાળા, એની પાછળ હાસ્ય કારક, નર્તન કારક, જય.. જય-શબ્દ કરતા એવા બધા લોકો ચાલી રહ્યા છે.

પછી ઘણા બધા ઉગ્ર કુળ વાળા, ભોગ કુળ વાળા, રાજન્ય કુળ વાળા, ક્ષત્રિય કુળવાળા, તલવર કુલ વાળા, શ્રેષ્ઠીઓ, સાર્થવાહો, કૌટુંબિક, દેવો અને દેવીઓ એ બધા ભગવાનની આગળ ચાલી રહ્યા છે. અને આ રીતે દેવો અને મનુષ્યો, અને દાનવો, આ રીતે સ્વર્ગ, પૃથ્વી અને પાતાલ-એ ત્રણ લોકની પર્ષદા, એ જેનું અનુગમન કરી રહી છે એવા ભગવાન છે. આગળ શંખવાહકો, સુવર્ણ વગેરે આકાર ના ધારણ કરનાર, ચાટુકારી, એક પુરુષે બીજા પુરુષને ખભે બેસાડ્યા હોય એવા પુરુષો ચાલી રહ્યા છે. ભોગલ છે, ભાટ ચારણ છે, એ બધા પણ ભગવાનને વીંટળાઈ રહ્યા છે. કુલ-મહત્તરા વગેરે પણ છે. સ્વજનો પણ છે. એ બધા આગળ વધી રહ્યા છે. એ સમર્થ કુલ મહત્તરા છે.

એ પોતે, આ પોતાના જે નંદન છે, બાળપણથી જેમને જોયા છે, ખોળામાં જેમને રમાડ્યા છે, દીક્ષા લેવા હવે જઈ રહ્યા છે, એ સમયે એમનું પણ - વાત્સલ્ય ઉભરાય છે અને પોતે ભગવાનને કહે છે. * હે નંદ તમે જય પામો !

* હે ભદ્રકારક આપનો જયકાર હો !
* આપનું કલ્યાણ હો !

નિરતિચાર જ્ઞાન, દર્શન, ચારિત્ર - એનાથી અજીત ઇન્દ્રીયોને તમે જીતજો. તમે - પોતાના આત્માને વશ કરજો. તમે દોષો ઉપર વિજય પામજો. શ્રમણ ધર્મનું શ્રેષ્ઠ તમે પાલન કરજો. શ્રમણ ધર્મના સ્વાધીનતાના પ્રકર્ષમાં - નિરંતરાય તમે રહેજો. બાહ્ય અને અભ્યંતર તપ તમે કરજો. રાગ અને દ્વેષ રૂપી જે મલ્લ છે, એના ઉપર વિજય તમે મેળવજો. ઉત્તમ શુક્લ ધ્યાનથી આઠ કર્મશત્રુઓનો નાશ કરજો. હે વત્સ ! જેમ કોઈ મલ્લ - પ્રતિમલ્લને જીતીને, વિજય પતાકા - ને ગ્રહણ કરે, એ રીતે તમે પણ અપ્રમત્ત - થઈને આ ત્રૈલોક્યરૂપી મલ્લના મંડપમાં કર્મશત્રુ - ઉપર વિજય મેળવીને આરાધના પતાકાને ગ્રહણ - કરજો. અંધકાર રહિત અનુપમ કેવળજ્ઞાન, એને તમે પ્રાપ્ત કરજો. પરિસહ સેનાને તમે હણજો. અને જીનવરે ઉપદેશેલો સરળ મોક્ષનો માર્ગ એનાથી તમે પરમપદની પ્રાપ્તિ કરજો. હે ક્ષત્રિય - વરવૃષભ, આપ જય પામો. ઘણા દિવસો, ઘણા પક્ષો, ઘણા માસો, ઘણી ઋતુ, ઘણા વર્ષો સુધી તમારે ઉપસર્ગોની સામે યુદ્ધ કરવાનું છે, તમારે એનાથી ડરવાનું નથી. ગમે તેવા ભયંકર ઉપસર્ગો આવે, ક્ષમાથી તમારે એના ઉપર જીત

મેળવવાની છે. એવા તમે જય પામો. ધર્મમાં તમે અવિઘ્ન થાઓ. એમ કહીને જય.. જય શબ્દ પોતે કરે છે.

શ્રમણ ભગવાન મહાવીર, ક્ષત્રિયકુંડના રાજમાર્ગ ઉપરથી એમની શિબિકા પસાર થઈ રહી છે, બંને બાજુ ભવનો છે, મહેલો છે, હવેલીઓ છે, હજારો લાખો સ્ત્રી-પુરુષો એ બધા, બધે ગોઠવાઈ ગયા છે. જેને જ્યાં જગ્યા મળી, રસ્તા ઉપર તો-રસ્તા ઉપર, ફુટપાથ ઉપર તો ફુટપાથ ઉપર, એ જેટલી GALLERIES છે, જેટલી LOBBY છે, જેટલા ઝરૂખા છે, જેટલી TEREACE છે, બધું જ HOUSE-FULL છે. એ સમયે કેવું દ્રશ્ય બનું. થયું છે, એનું સરસ મજાનું અહીં વર્ણન છે.

શ્રમણ ભગવાન મહાવીરને હજારો આંખો એકી ટસે જોઈ રહી છે. ભગવાનના સૌંદર્યનું પાન-કરી રહી છે. હજારો મુખો એ ભગવાનની સ્તવના કરી રહ્યા છે. હજારો હૃદયો તમે જય પામો... તમે જીવો.. આ રીતે ભગવાન માટે શુભ ભાવના કરી રહ્યા છે. અમે એમના સેવક થઈએ તો એ અમારું સૌભાગ્ય આવી રીતે હજારો મનોરથો ભગવાનનો વિચાર કરી રહ્યા છે. ભગવાનની કાંતિ ગુણ, ભગવાનનો રૂપ ગુણ, ભગવાન જો જગત-સ્વામી થઈ જાય તો કેવું સરસ! આવી પ્રાર્થનાઓથી-ભગવાનની સ્તવના થઈ રહી છે. હજારો આંગળીઓ બાગ્ર જઈ રહી છે.. જે જય.. જે જય.. જે જય... જે જય.. જે ભગવાન જય.. ને આ રીતે હજારો આંગળીઓ-ભગવાનને દેખાડી રહી છે. ભગવાન પોતાના જમણા હાથથી હજારો નરનારીઓના નમસ્કારને આ રીતે સ્વીકાર કરે છે. હજારો ભવનની શ્રેણીઓ એને ઓળંગી.. ઓળંગીને

DATE

ભગવાન આગળ જઈ રહ્યા છે મધુર અને મનોહર એવા જય.. જય ઘોષ મિશ્રિત, તાલ, તાલ, વગેરેના શબ્દોથી સાવધાન થાય છે અને એ ભગવાન છત્રાધિરાજ - ચિહ્ન રૂપ સર્વ વૃદ્ધિ સાથે, આભરણ વગેરે સર્વ કાંતિ સાથે, હાથી ઘોડા રૂપ વગેરે સર્વ સૈન્ય સાથે, શિબિકા રૂપ સર્વ વાહન સાથે, મહાજનના મેલાપક - સાથે, સર્વ ઔચિત્ય કરવાથી, સર્વ સંપત્તિથી, સર્વ શોભાથી, સર્વ સંભ્રમ થી, સર્વસ્વજનના મેલાપક થી, સર્વ પ્રભથી, સર્વ નાટકથી, સર્વ શાળાપૂર, સર્વ અંતઃપુર, સર્વ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા, ની વિભુષા સાથે, સર્વ વાજિંત્રો સાથે, એ વાજિંત્રોના પડઘા સાથે, આ રીતે મોટી ઋદ્ધિથી, મોટી કાંતિથી, મોટા બળથી, મોટા - સમુદાયથી, મોટા વાજિંત્રો ના સમૂહથી, શંખ વગેરેના - નાદ સાથે, એના પ્રતિનાદ સાથે ભગવાન વ્રત માટે જઈ રહ્યા છે. પાછળ ચતુરંગી સેના ભગવાનની - પાછળ પાછળ ચાલી રહી છે. એમની સાથે નંદીવર્ધન રાજા, એ પણ ભગવાનનું અનુસરણ કરી રહ્યા છે.

ૐ ક્ષત્રિયકુંડ નગરની મધ્ય ભાગની બહાર નીકળે છે. બહાર જ્ઞાતખંડ નામનું ઉદ્યાન છે. અશોક - વૃક્ષ છે, આ બાજો વરઘોડો ત્યાં આવે છે. અશોકવૃક્ષની નીચે શિબિકા મુકવામાં આવે છે. ભગ - વાન શિબિકા માંથી નીચે ઉતરે છે. પોતાની મેળે પોતાના બધા જ અલંકારો ઉતારે છે. ક્યા અલંકારો?

- ★ આંગળીમાંથી વીંટીઓ ઉતારે છે.
- ★ હાથમાંથી કડા ઉતારે છે.
- ★ ભુજામાંથી બાહુબંધ ઉતારે છે.
- ★ કંઠમાંથી હાર ઉતારે છે.
- ★ કર્ણ માંથી કુંડલ ઉતારે છે.
- ★ માથા ઉપરથી મુગટ ઉતારે છે.

નો કુલમહત્તરીકા હંસ લક્ષણ પટ સાટક છે જે જામ ધરે છે. ભગવાન એમાં આભુષણો મુકી દે છે. અને કુલમહત્તરીકા ને હવે વાત્સલ્ય ઉભરાય છે. અને કહે છે કે પુત્ર, તમે ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયા છો, તમે કાશ્યપ ગોત્રિય છો. શ્રેષ્ઠ ક્ષત્રિય સિદ્ધાર્થ ના-તમે દીકરા છો, ત્રિશલા ના તમે નંદન છો. હે પુત્ર દેવેન્દ્ર - નરેન્દ્ર ની વિસ્તારીત કિર્તિ વાળા તમે છો, માટે શીઘ્ર તમારે સંક્રમણ કરવું, મહાપુરુષો નું આલંબન લેવું, તલવારની ધારા જેવા મહાવ્રતનું તમારે પાલન કરવાનું, ખુબ ખુબ પરાક્રમ કરવાનું. આમાં તમારે બિલકુલ પ્રમાદ કરવો નહીં. ભગવાનતો અપ્રમત્ત જ છે. પણ એ વાત્સલ્ય ઉભરાય છે. એરસ મમની હિતશિક્ષા અહીંયા કુલમહત્તરા પણ આપે છે. અને પછી કુલમહત્તરા-ખસી જાય છે.

ભગવાન એક મુઠ્ઠીથી પોતાના દાઢીના વાળ છે એને લે છે. ચાર મુઠ્ઠીથી પોતે માથાના વાળ છે એનો લોચ કરે છે. આ રીતે પાંચ મુષ્ટિક-લોચ, ભગવાન એ સમયે કરે છે. નિર્જળ છઠ નો તપ ભગવાનને છે. એ છઠ નો બીજો દિવસ છે. આકાશમાં ઉત્તરા ફાલ્ગુની સાથે ચંદ્રનો યોગ થયો છે. શક્ર છે એ ભગવાનના ડાબા ખભે દેવદુષ્ય મુકે છે. ભગવાન કેવલા છે, એકલા છે ! એરસ મમની વાત કલ્પસુત્ર કહે છે,

एगे अबीए ।

ભગવાનની સાથે કોઈએ દીક્ષા નથી લીધી. દ્રવ્યથી પણ ભગવાન એકલા, અને ભગવાનને રાગ દ્વેષ નથી, વિષય, કષાય નથી, માટે ભાવથી પણ ભગવાન એકલા છે. જેમ આદિનાથ ભગવાને ચાર હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. મલ્લિનાથ અને પાર્શ્વનાથ ભગવાને ત્રણસો-

ત્રણસો સાથે દીક્ષા લીધી. વાસુપૂજ્ય સ્વામીએ છસ્સો સાથે દીક્ષા લીધી. બાકીના બધા તીર્થંકરોએ એક હજાર સાથે દીક્ષા લીધી. ભગવાન સાથે કોઈએ પણ દીક્ષા લીધી નથી. ભગવાન એકલા છે. અદ્વિતીય છે. દ્રવ્યથી માથાના અને દાઢીના વાળનો લોચ કરવાથી ભગવાન મુંડ બને છે. ભાવથી કષાયોને દૂર કરવાથી મુંડ બને છે. ભગવાન ગૃહવાસનો ત્યાગ કરે છે. અને ભગવાન અણગાર પતિ બને છે. એની વિધિ કહી છે એ કહે છે. પંચમુષ્ટિક લોચ કરેલ ભગવાન-જ્યારે સામાયિકનો ઉચ્ચાર કરવા જાય છે, એ સમયે શક્ર છે એ જેટલો વાજિંત્ર વગેરેનો કોલાહલ હતો, એનું નિવારણ કરે છે. એકદમ શાંતિ છવાઈ જાય છે. બધા સ્તબ્ધ બનીને ભગવાનને જોઈ રહ્યા છે. ને એ સમયે ભગવાન નમો સિધ્ધાણં આ પદ દ્વારા સિધ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે. કરેમિ સામાઈયં સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, આ સામાયિક સુત્ર દ્વારા ભગવાન સર્વ વિરતિની-પ્રતિજ્ઞા લે છે. પણ એવો કલ્પ છે, એટલે ભગવાન એમાં ભંતે એમ બોલતા નથી.

ચારિત્ર જેવું ભગવાન લે છે, એવું ભગવાનને ચોથું એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે. શક્ર વગેરે દેવો એ ભગવાનને વંદન કરીને નંદીશ્વર-દ્વીપમાં યાત્રા કરીને પોતપોતાના સ્થાને જાય છે. પાંચમું વ્યાખ્યાન પુરુ થાય છે.

# પ્રવચન - ૧૨

છઠ્ઠું વ્યાખ્યાન હવે શરૂ થાય છે. ભગવાને દીક્ષા લીધી. ગઈકાલે આપણે ખુબ ઉલ્લાસથી ભગવાનનો જન્મોત્સવ પણ ઉજવ્યો. ઘણી વાર એમ થાય કે આપણે બધા છીએ ને મહોત્સવના મહેમાન! અંજન-શલાકાની અંદર પણ ભગવાનના લગ્ન આવે એટલે બધાને સહજ ઉલ્લાસ આવી જાય. આપણને જન્મ-ટાણે, લગ્ન ટાણે, બહુ બહુ તો દીક્ષાના ગીતો ટાણે, પણ દીક્ષાની વાત આવે, અને ભગવાનના જે ઉપસર્ગો છે, ભગવાનના જે પરિષહો છે, ભગવાનનું જે પરાક્રમ છે, ભગવાનની જે સહનશીલતા છે, ઘણી બધી વાર આપણે પર્યુષણમાં કે બીજા પણ પ્રવચનોની અંદર, સાંભળ્યું હશે. આજે માત્ર સાંભળવું નથી, આજે એને સ્પર્શવું છે.

ખરી કૃપાની ભગવાનની હવે ચાલુ થાય છે. મેરૂ પર્વત ઉપર અભિષેક કરાવવાનો હોય તો આપણે બધા તૈયાર થઈ જઈએ. અને આપણો વર-ઘોડો નીકળતો હોય ને બધા આપણને પૂજતા હોય ને નમસ્કાર કરતા હોય તો તમને, મને, બધાને બહુ ફાવે. ભગવાનની ખરી કૃપા એ બધું શા માટે હતું ? એ મેરૂ પર્વતનો અભિષેક શા માટે ? એ ભગવાન શા-માટે ? એમના ચરિત્ર શા માટે ? આ પારાયણ શા માટે ? આ વાંચન શા માટે ? આ શ્રવણ શેના માટે ? કારણકે ભગવાન પાસે જે સાધના હતી, એ સાધનાનો અંશ આપણને મળી શકે.

દીક્ષા ભગવાનની થઈ છે, ભગવાન વિહાર કરવાની તૈયારીમાં છે. અસંખ્ય દેવ-દેવીઓ પણ છે. હજારો-લાખો લોકો પણ છે ને ભગવાન છે એ ઇશારાથી બધાને, આમ વગર બોલે પૂછી લે

છે કે હવે હું પ્રસ્થાન કરૂ છું, અહીંયા શબ્દો મુક્યા છે.

स्वजनवर्गमापृच्छ्य ।

બધાની રજા લઈને ભગવાન ત્યાંથી વિહાર કરે છે. ભગવાન છે એ વિહાર કરી રહ્યા છે, બધા એ પાછા ફરવાનું છે પણ પગ ઉપડતો નથી. ના આગળ જઈ શકે, ના આગળ જઈ શકે, વચ્ચે બધા બેસી પડ્યા છે, રોઈ રહ્યા છે. એ જાય... એ જાય... એ ભગવાન જાય, એ જાય... ને ભગવાન ક્ષિતિજની સરહદો ને વટાવી ને આગળ પહોંચી જાય છે. ત્યાં ને ત્યાં બધા ફસડાઈ પડે છે. આંખમાંથી-અનરાધાર આંસુઓ વહે છે. એ સ્વજનો છે, એ નંદીવર્ધન વગેરે છે. એ સગા સંબંધીઓ છે, એ બાલપણમાં સાથે રમ્યા હતા એ મિત્રો છે, અને પોતે કહે છે કે હે વીર! હવે તમારા વિના અમે ઘરે જઈએ કઈ રીતે?

त्वया विना वीर कथं व्रजामो? गृहेऽधुना शून्यवनोपमाने।

ભલે એ રાજમહેલ હશે, ભલે એ સોનાની કદાચ-દિવાલો હશે. ભલે કદાચ રત્નની ફર્શ હશે પણ વીર તું નહીં હોય ને, એટલે બધું અમને-ભેંકાર જંગલ જેવું લાગશે. પેલાતો અમે જરાક-નવરા પડીએ ને દોડી આવીએ, તારી સાથે બેસી જઈએ, તારી સાથે વાતો કરીએ. અને અમે ધરાઈ જઈએ, એટલો આનંદ અંદર ઉભરાય.

गोष्ठीसुखं केन सहाचरामो? ।

કોની સાથે અમે હવે વાત કરશું? ભોજન કદાચ સારું હોય પણ સાથે તું હોય, અને અમારા માટે દિવ્ય ભોજન બની જાય.

भोक्ष्यामहे केन सहाथ बन्धो! ।

હવે અમે જમશું પણ કોની સાથે, કંઈ પણ કામ

હોય, વીર.. વીર કરતા અમે દોડી જતા. અમે તને બોલાવતા, અમે તને ભેટતા, જે પ્રેમ હતો, જે પ્રકર્ષ પ્રેમની અંદર અમે જે હર્ષ અનુભવતા હતા.

प्रेमप्रकर्षादभजाम हर्षं।
निराश्रयाश्चाथ कमाश्रयामः।

હવે અમે નિરાધાર થઈ ગયા, બધું જ છે, હવે તારા વગર અમે અનાથ થઈ ગયા. હવે પાછા જઈએ પણ કઈ રીતે ? અને એકલી વાત કરે છે, કે હે બાંધવ! તારું જે દર્શન હતું, અમને બહુ વહાલું હતું! તુ કદાચ બોલે નહિ.. ચાલે નહિ, કદાચ કહી દે આજે મારે જમવું નથી, હજુ કદાચ ચાલતું. પણ તને ભેટતા ને, તને ભેટવાથી અમને તૃપ્તિ થતી.

सुधाञ्जनं भावी कदास्मदक्ष्णोः।

હે બાંધવ તને ભેટતા ને અનુભવ થાય કે આંખમાં અમૃત નું અંજન થઈ રહ્યું છે જે દર્શન હવે ફરી ક્યારે થશે ? તું અહીંયા નથી, તુ તારા માર્ગે નીકળી ગયો, તને જોઈતું હતું એ તને મળી ગયું. અમને જે જોઈતું હતું જે અમારી પાસેથી છીનવાઈ ગયું. તને જેટલો સંસાર ઉપર વૈરાગ્ય છે એટલો અમને તારા ઉપર રાગ છે. હવે અમારું કોણ ?

नीरागचित्तोऽपि कदाचिदस्मान्।
स्मरिष्यसि प्रौढगुणाभिराम।।

તારા મનમાં કોઈ રાગ નથી. ભલે વીરાગી છે. ભલે તુ નિરાગી છે. ભલે નિરંજન ને નિર્લેપ છે. પણ ક્યારેક અમને યાદ કરજે. ક્યારેક આવજે, ક્યારેક અમને પણ તારજે. આ રીતે કોણ કોને આશ્વાસન આપે. જે જ્ઞાતખંડ ઉદ્યાનની જે ભૂમિ છે. એના ઉપરની જે ધૂળ એના ઉપર બધાના આંસુઓથી સિંચન થઈ રહ્યું છે. જે ધૂળ છે એ

DATE

ધીમે.. ધીમે.. ધીમે.. ધીમે ભીની બની ગય છે
આખું જે વાતાવરણ છે, કોણ કોને છાના રાખે,
કોણ કોને આશ્વાસન આપે, છેવટે ભારે હૈયે,
ભારે પગે, બધા ધીમે.. ધીમે.. માંડ.. માંડ આગ
આગળ ઢસડાતા હોય, એ રીતે માંડ..માંડ પોતાના
સ્થાને ગય છે. અને આ બાજુ જે ભગવાન છે,
એ ભગવાન વિહાર કરે છે.

બન્યું એવું દીક્ષા સમયે દેવતાઓએ
ભગવાનને ગોશીર્ષ ચંદન, પુષ્પ વગેરેથી પૂજા કરી
હતી. સાધિક ચોમાસા સુધી એ બધુ પ્રભુ પાસે
રહ્યું હતું, એની જે સુગંધ હતી, એ સુગંધથી
ભમરાઓ આવવા લાગ્યા, ભગવાનને ડંખ મારવા-
લાગ્યા, આપણને તો ભમરો હજુ નજીક ન આવ્યો
હોય ત્યારથી ચીસાચીસ થાય. એ ભમરાઓ
ભગવાનના શરીર ઉપર ડંખ મારે, અસહ્ય વેદના
થાય, અને છતા પણ ભગવાન એવી રીતે વિચરે
જાણે કશું બન્યું જ નથી. યુવાનો આવે છે ને
વિચારે છે કે આ વ્યક્તિ પાસે સારા સેન્ટ-
PERFUMES હોવા જોઈએ, આટલું બધું સુગંધી!
એમની પાસે માંગે છે. ભગવાન મૌન છે.
એટલે ભગવાન ઉપર ઉપસર્ગો કરે છે. સ્ત્રીઓ
જુએ છે કે ભગવાનનું રૂપ અદ્ભુત છે, શરીર-
એમનું સુગંધી છે. એ પણ અનુકૂળ ઉપસર્ગો
પણ કરે છે. ભગવાન તો મેરુ જેવા નિષ્પ્રકંપ છે.
અને બધુ જ સહન કરતા કરતા ભગવાન-
વિચરે છે. તે દિવસે એક મુહૂર્ત બાકી છે,
કુમારગ્રામમાં ભગવાન પહોંચ્યા છે. રીતે
કાયોત્સર્ગમાં ઉભા રહ્યા છે. ને કોઈક
ગોવાળિયો આખો દિવસ બળદો નું વહન કરીને

DATE

સાંજે ભગવાન પાસે મુકીને ગાયને દોહવા ઘરે જાય છે. એ બળદો છે એ જંગલમાં ચરવા લાગે છે. આવીને પુછે છે કે મારા બળદો ક્યાં છે?
ભગવાન તો કશું બોલતા નથી, પાછો ગોતવા નીકળે છે. આખો દિવસ ગોત્યા કરે છે. સાંજે પાછો એ જગ્યાએ આવે છે તો જુએ છે કે ભગવાનની પાસે જ બળદો આવેલા છે. અને એને લાગે છે કે ભગવાનને ખબર હતી છતા ભગવાને કહ્યું નહીં, ભગવાન ઉપર ઉપસર્ગ કરવા માટે ભગવાન ઉપર ખુબ જ ગુસ્સો આવ્યો છે, અને પોતાનું દોરડું છે એ લઈને ભગવાનને મારવા માટે દોડે છે આ બાજુ શક્ર છે એ વિચારે છે, કે રંગે-ચંગે આપણે દીક્ષા મહોત્સવ તો કર્યો. પણ અત્યારે ભગવાન ક્યાં છે?

ભગવાનના ચરિત્રમાં વારંવાર શક્રની વાત આવે છે, તો જેટલી જેટલી વાર શક્ર ની વાત આવે તો આપણે આમ વિચાર કરવો જોઈએ, કે જ્યાં સેકન્ડ ની જેવું આપણને આમ લાગે ને, એક સેકન્ડ ની અંદર પાંચહજાર- દસ હજાર, પંદર હજાર- વર્ષો વીતી જાય. અને એ શક્ર સાડા બાર વર્ષના ભગવાનના એક નાના સાધના કાળની અંદર, વારંવાર વિચારે

કથં વિહરતિ પ્રભુઃ।

ભગવાન કઈ રીતે વિચરતા હશે. ભગવાન અત્યારે શાતામાં તો હશે ને? ભગવાન ઉપર કોઈ કષ્ટ તો નહીં આવ્યું હોય ને? ભગવાનને કોઈ તકલીફ તો નહીં હોય ને? અને અવધિજ્ઞાનનો ઉપયોગ મુક્યો છે, જુએ છે ઓલો દોરડું લઈને દોડી રહ્યો છે. દિવ્ય પ્રભાવથી અસંખ્ય યોજનનું અંતર, ઉગાની

DATE

અંદર કાપી નાખે છે પોતે ત્યાં આવી જાય છે. એ ગોવાળિયા ને શિક્ષા કરે છે. અને ભગવાનને વિનંતી કરે છે, હે ભગવાન, મારા જ્ઞાનથી હું જોઈ રહ્યો છું કે આપના ઉપર ઉપસર્ગો ની ઝડી વરસવાની છે. બાર વર્ષ સુધી ઉપસર્ગો એક પછી એક આવશે, આપ મને રજા આપો, હું આપનો સેવક થાઉં, હું આપનો વૈયાવચ્ચકર થાઉં, આપને પડખે ને પડખે રહું, અને જે જે ઉપસર્ગ આવે એનું હું નિવારણ કરું. એ સમયે ભગવાન કહે છે કે હે દેવેન્દ્ર આવું કદી થતું નથી, થયું નથી, અને થશે પણ નહીં, કે કોઈ દેવેન્દ્ર કે અસુરેન્દ્ર એની સહાયથી તીર્થંકરો કેવળજ્ઞાનનું ઉત્પાદન કરી એ તો પોતાના પરાક્રમથી જ કેવળજ્ઞાનને ઉત્પાદિત કરે છે. શક્ર પણ મરણાંત ઉપસર્ગ નું વારણ કરવા માટે, ભગવાનની માતાની બહેન, જેને ફોઈ કહેવાય એનો દીકરો, જે મરીને વ્યંતર થયો હતો, સિદ્ધાર્થ એનું નામ છે, એને વૈયાવચ્ચકર તરીકે મૂકી દે છે.

ભગવાન સવારે કોલ્લાક સન્નિવેશમાં જાય છે. બહુલ બ્રાહ્મણ નું ઘર છે, ને એ સમયે ભગવાન એવું વિચારે છે કે મારે સપાત્ર ધર્મની પ્રરૂપણા કરવાની છે એટલે પહેલું પારણું ભગવાન ગૃહસ્થના પાત્રમાં ખીરથી કરે છે. એ સમયે ગંધોદક વૃષ્ટિ, દુંદુભિનો નાદ, અહો દાન.. અહો દાન આવી ઉદ્ઘોષણા, વસુધારાની વૃષ્ટિ, આ રીતે પાંચ દિવ્ય થાય છે. વસુધારા નું સ્વરૂપ કહે છે. ઉત્કૃષ્ટથી કેટલી સોના મહોરે ભગવાનના પારણામાં વરસે તો, સાડા બાર કરોડ વરસે અને જઘન્યથી સાડા બાર લાખ વરસે ભગવાન વિહાર કરે છે, મોરાક દેશમાં જાય છે. દુર્જન તાપસનો આશ્રમ છે.

classmate

ભગવાનના પિતા એમના મિત્ર ત્યાં કુલપતિ છે. ભગવાન એમની પાસે આવે છે. અને ભગવાન પણ પૂર્વાભ્યાસથી ઓળા આમ કરે છે. ભગવાનથી પણ પૂર્વની જે આદત હતી, એનાથી થોડા હાથ-પહોળા થાય છે. એમના આગ્રહથી એક રાત ભગવાન ત્યાં રહે છે, ને વિનંતી કરે છે, કે ચોમાસામાં તમે વિહાર કરતા નથી, તો ચોમાસામાં તમે અહીંયા રહેજો. આઠ મહિના સુધી ભગવાન વિહાર કરે છે, જ્યાં ચોમાસુ આવ્યું છે, તો ભગવાન એની વિનંતી યાદ કરે છે, ત્યાં મઠ છે, એ ઘાસની ઝુંપડી-ભગવાનને રહેવા માટે આપે છે. ને એ સમયે ભગવાન જ્યાં કાઉસગ્ગ વગેરે કરે છે, ત્યાં બહાર દુકાળ છે, ઘાસ છે નહિ, એટલે ગાયો બધી છે એ ઝુંપડી નું ઘાસ ખાવા માટે આવે છે. બીજા-તાપસો તો ગાયને ભગાવી દે છે. અને ભગવાન જે કુટીરમાં છે, ત્યાં ભગવાન ગાયો ને ભગાડતા નથી, એટલે ગાયો ત્યાં ઘાસ ખાય છે. અને કુલપતિની આગળ તાપસો ફરિયાદ કરે છે, કે આ વર્ધમાન છે એ ઝુંપડી ની રક્ષા કરતા નથી. કુલ-પતિ આવે છે, ભગવાનને કહે છે કે હે વર્ધમાન-પક્ષી ઓ પણ પોતાના માળાનું રક્ષણ કરે છે. તમે તો રાજકુમાર છો, પરાક્રમી છો, તો ય તમે તમારા આશ્રય ની રક્ષા કરતા નથી. અને ભગવાન જુએ છે કે જો હું અહીંયા રહીશ, તો હું મારો આચાર-પાળીશ, મારો આચાર નથી ગાયો ને ભગાડવી, ને જો હું એવું નહિ કરું, તો આ લોકોને અપ્રીતી થશે. એટલે અષાઢ પૂર્ણિમા થી માંડી ને પંદર-દિવસ ગયા હતા, ચોમાસુ ચાલુ છે, પણ એ સમયે ભગવાન વિહાર કરે છે. પાંચ અભિગ્રહ ભગવાન લે છે. જ્યાં અપ્રીતી હોય ત્યાં મારે રહેવું નહીં.

DATE

હંમેશા પ્રતિમામાં રહેવું. ગૃહસ્થનો વિનય ન કરવો.
મૌન રાખવું, ને ભોજન જે છે એ ટુંકમાં કરવું
શ્રમણ ભગવાન મહાવીર એક માસ અધિક એક વર્ષ
ત્યાં સુધી વસ્ત્રધારી હતા. એના પછી અચેલક-
અને કરપાત્ર ભગવાન થયા છે. અચેલક કઈ રીતે
થયા, એ વાત કરે છે. કે એક મહિના PLUS
એક વર્ષ જાટલા સમય પછી ભગવાન વિહાર-
કરતા હતા. સુવર્ણ બાલુકા નામની નદી છે, કિનારેથી
ભગવાન વિહાર કરી રહ્યા છે. કાંટાળી વનસ્પતિ છે,
દેવદુષ્ય છે એનો અડધો ભાગ એમાં લાગી જાય છે,
અને દેવદુષ્ય છે એ પડી જાય છે. ભગવાન-
માત્ર પાછળ જુએ છે. એને લેતાં નથી, ભગવાન-
ને કોઈ લોભ નથી, ભગવાનના પિતાના મિત્ર
બ્રાહ્મણ એ વસ્ત્ર લઈ લે છે, અને એ અડધું
હતું ને એનું અડધું જે બાકી રહ્યું હતું, એ
પહેલા જ ભગવાને આપી દીધું હતું. કઈ રીતે એ
કહે છે કે એક બ્રાહ્મણ જે જન્મથી ગરીબ છે,
ભગવાનના વરસીદાનના અવસરે દેશાંતરમાં ગયો
હતો. ત્યાંય કાંઈ મળ્યું નહિ અને પાછો
આવ્યો, તો એની પત્ની એ એને ખખડાવ્યો કે
અરે દુર્ભાગી જ્યારે વર્ધમાન કુમાર સોનાના મેઘ-
બનીને વરસ્યા, ત્યારે તું પરદેશ ગયો, પરદેશથી
પણ પાછો કાંઈ લાવ્યો નહિ. તો જતો રહે, અહીંયા
મને મોઢું દેખાડ નહિ, હજુ પણ એ વર્ધમાન કુમાર
ની તું યાચના કર એ તારું દારિદ્ર હણી દે. એણે
પહેલા દાન આપ્યું હોય એ જ ફરીથી આપી શકે,
નદી ભલે સુકાઈ ગઈ હોય પણ એને પાણી-
મેઈએ એ નદી ને જ પોતે ખોદે. આ રીતે
પત્ની પ્રેરણા કરે છે ભગવાનની પાસે આવીને
એ વિનતી કરે છે કે, હે પ્રભુ, આપતો જગતના

ઉપકારી છો. આખી દુનિયાને આપે આટલું બધું આપ્યું, આપ સુવર્ણ મેઘ બનીને વરસ્યા. પણ હું નિર્ભાગ્ય એ સમયે ત્યાં હતો નહીં, હું દેશાંતરે ગયો હતો. ત્યાં પણ શું ન કર્યું, કોની આગળ લાચારી ન કરી, કોની આગળ હાથ ન લંબાવ્યો, પણ કશું મને મળ્યું નહિ, અને હવે હું એમ ને એમ નિર્ધન છું. જગત વાંછિત પ્રાપક, જગત વાંછિત દાયક એવા તમારી આગળ હું શરણાગત છું. આ આખી દુનિયાની ગરીબી તમે હરનારા છો તો પછી મારી ગરીબીને હણવી એ તો કઈ મોટી વસ્તુ છે. જે મેઘ આખી પૃથ્વી ને ભીની-ભીની કરી દે, એક માટલાને ભરવું એના માટે કોઈ મોટી વાત નથી, આ રીતે વિનંતી કરે છે. ભગવાનને કરૂણા મળે છે, પોતાની પાસે એક વસ્ત્ર સિવાય બીજું કશું જ ભગવાન-પાસે નથી, ભગવાન એ વસ્ત્ર લે છે એનો અડધો ભાગ કરે છે, અડધો ભાગ એને આપી દે છે. અને જણાયા કહે છે, એવા પણ દાનદાયી એવા-પણ ભગવાન, એમને કોઈ વસ્ત્રનું કોઈ પ્રયોજન પણ ન હતું, એવી કોઈ તૃષ્ણા એ ન હતી. છતાં-પણ અડધું વસ્ત્ર આપ્યું, તો ભગવાનની પરંપરામાં વસ્ત્ર-પાત્રની મૂર્છા થશે આવું સૂચવે છે એવું કેટલાક જણ કહે છે. હકીકત શું છે, કે એના નસીબમાં અડધું જ વસ્ત્ર હતું. આગળની જે કથા આવશે, એમાં આ વાત પણ સ્પષ્ટ થશે. ભગવાનની-એક-એક ઘટના અને એના રહસ્યો, બીજા-શાસ્ત્રો ની અંદર આપેલા છે. અષ્ટક પ્રકરણ ની-અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે ભગવાન છે-એમણે આ દાન આપ્યું આ દાન સાચું કે નહીં? તમે ભૂખ્યા હો ને તમે અમારી પાસે આવો ને તમે આવીને કહો કે સાહેબ અમને થોડી ગોચરી

આપો, કોઈ બિચારો અજ્ઞ માણસ છે, સંસારી છે, ગરીબ છે, ભિખારી છે, એ આવીને માંગે તો અગારાથી આપી શકાય કે નહિ? બહુ એવો અપવાદ માર્ગ હોય, એવું લાગે કે આ વ્યક્તિ જે છે એને મદદ કરીએ તો શાસનનો પ્રભાવક થાય ને, એ નિમિત્તે આપવા માટે પણ આવેલી વ્યક્તિને દીક્ષા-આપીને, આપવાનું આપી શકાય. જે રીતે સંપ્રતિ-મહારાજને પૂર્વ ભવમાં આપ્યું. એમ ને એમ કશું આપી શકાય નહિ તો ભગવાને આપ્યું શા માટે? અને અસંયત છે, અવિરત છે, એને દાન-આપવાનો સંયતનો અધિકાર નથી તો, એ ભગવાને આપ્યું છે તો ભગવાનને પાપ લાગ્યું છે? કે-ભગવાનને શુદ્ધિ મળી છે. સાધના ભગવાનની-વધી છે કે ઘટી છે. હરીભદ્રસૂરી મહારાજ અષ્ટક-પ્રકરણમાં કહે છે.

ज्ञापकं चात्र भगवान्निष्क्रान्तोऽपि द्विजन्मने ।

ભગવાનનું એ સમયનું એ ઔચિત્ય હતું, ભગવાને પોતાના જ્ઞાનમાં એને ઔચિત્ય રૂપે જોયું હતું. એ કરૂણાજનિત પ્રવૃત્તિ હતી. અને ભગવાને એ જે દાન આપ્યું, એ દાન આપીને પણ ભગવાને સંદેશ આપ્યો, કે તમારી પાસે એક નાનો ટુકડો હોય ને તો એ ટુકડામાંથી પણ ટુકડો તમે બીજાને આપજો. અને એ જ્ઞાપક ભગવાન-ત્યાં બન્યા એક સૂચક બન્યા, એક સંદેશ ભગવાને આપ્યો. પેલા બ્રાહ્મણને અડધું વસ્ત્ર મળ્યું, એ લઈને પોતે જાય છે, ત્યાં દરજી પાસે પહોંચે છે, અને એને કહે છે કે આ લે આનું જે મળે એ મને આપ. અને પેલો કહે છે વણકર દરજી કે આ તો ભાઈ અડધું છે, અને એના અડધા જ રૂપિયા મળશે, તમે એવું કરો

બીજું કે અડધું બાકી રહ્યું છે એને પણ લઈ આવો, એમને તો કોઈ સ્પૃહા નથી, કોઈ ના પાડશે નહિ, અને એ રીતે હું JOINT કરીશ, ખબર પડશે નહિ એક લાખ સોનામહોરે આવશે અને આપણે બંને FIFTY - FIFTY કરી લઈશું, અને અડધુ - અડધુ લઈ લેશું. ઓલો બ્રાહ્મણ પહોંચે તો છે પણ એમ થાય છે કે એક કપડું હતું. એનું અડધુ આપ્યું હવે અડધુ માંગુ કઈ રીતે ?? પાછળ.. પાછળ.. પાછળ.. પાછળ... ફરે જાય છે, અને ભગવાનની જ્યાં કાંટાળી ~~વનસ્પતિ~~ વનસ્પતિ-માં લાગીને જે દેવદુષ્ય પડી જાય છે. ભગવાન-લેતા નથી, એ લઈને પાછો આવે છે, પેલો વણકર એને જોડી દે છે. એક લાખ સોનામહોરે આવે છે. ઓલાને કેટલી મળી છે ?? પચાસ હજાર! એના નસીબમાં એટલું જ હતું, જે વધારે હોયો તો એ કેટલું મળ્યું, નસીબમાં હતું એટલું ! સમજવા જેવી વસ્તુ છે, અને એ વસ્ત્ર લઈને જાય છે. વસ્ત્ર સહજ રીતે કાંટામાં લાગ્યું હતું, ભગવાન આગળ નીકળી ગયા, ભગવાને વસ્ત્રને-સહજ રીતે છોડ્યું છે. ભગવાનને એમાં કોઈ સ્પૃહા હતી નહીં, એટલે પાછું ભગવાને લીધું નહિ, માંગી લઈને નથી પાડ્યું.

અવસ્ત્ર ધર્મની પ્રરૂપણા કરવા માટે ભગવાને આ રીતે એક માસ અધિક વર્ષ સુધી એ વસ્ત્રનો સ્વીકાર કર્યો, સપાત્ર ધર્મની સ્થાપના કરવા માટે પહેલું પારણું ભગવાને પાત્રમાં કર્યું, એના પછી યાવત જીવ ભગવાન અચેલક રહ્યા છે, વસ્ત્ર રહિત અને પાણી પાત્ર, પાણી પાત્રનો અર્થ-થાય હાથ. પાત્ર એટલે બીજું કોઈ કાષ્ઠ વગેરેનું

પાત્ર નહિં, હાથ એ જ પાત્ર જેને પાણી પાત્ર - કહેવાય. આ રીતે ભગવાન વિચરી રહ્યા છે. ગંગાના કિનારે થી વિહાર કરીને આગળ જઈ રહ્યા છે. ધુળી.. ધુળી મોટી છે, ભગવાનના પગ અંદર પડે છે, આગળ.. આગળ ભગવાન પ્રભુ છે પાછળ બધાં પગલા દેખાય છે. એક વ્યક્તિ આવે છે સામુદ્રિક - શાસ્ત્રની જાણકાર, પોતે જુએ છે કે આ જે પગલા - છે એમાં જે ચિહ્ન છે, તલવાર છે, ચક્ર છે, અંકુશ છે, ધનુષ્ય છે, ચક્ર છે, ને આ ચિહ્ન વાળી કોઈ વ્યક્તિ હોય તે કોણ હોય તે તો ચક્રવર્તી હોય. કદાચ કોઈ કારણસર એ અહીંયા થી પસાર થયા હશે, કદાચ કોઈ કારણસર પગ ખુલ્લા રાખ્યા હશે, પ્રભુ એમની પાછળ ને એમની સેવા - કરું ને હું માલામાલ થઈ જાઉં. એ વ્યક્તિ છે એ પાછળ.. પાછળ પ્રભુ છે, અને જ્યાં ભગવાનની - નજીક આવે છે, ને જુએ છે કે આનો માથે મુંડેલો છે, વસ્ત્ર પણ નથી, એમને એમ પોતે એકલો ચાલે પ્રભુ છે, એવો કોઈ માણસ છે, મે આ લક્ષણ વાળાની સ્થિતિ જોવી હોય ને તો મારું શાસ્ત્ર બધું ખોટું છે. એ શાસ્ત્રને તો આ ગંગાના પાણીમાં નાખી દેવું જોઈએ, ને શાસ્ત્ર નું કોઈ કામ નથી, ખોટી આટલા - વરસ સુધી મેં માથાકુટ કરી, આટલી મહેનત કરી, અને પોતે જ્યાં આવુ વિચારે છે શાસ્ત્રને નાખવા પ્રભુ છે, એ સમયે ઇન્દ્ર ઉપયોગ મુકે છે, જુએ છે કે આ તો ભગવાનની આશાતના થઈ રહી છે, દોડી આવે છે એ સામુદ્રિક છે જેને ઘણું બધું ધન વેડ્યું છે, અને કહે છે કે હે વિદ્વાન તમને ખબર નથી, તમે વિષાદ નહીં પામો, તમારું શાસ્ત્ર સાચું છે.

એ આ લક્ષણથી ત્રણે જગતના પૂજ્ય, સુરાસુરોના- પણ સ્વામી, સર્વ સંપદાના આશ્રય, એવા આ તીર્થંકર થશે. અને આ તો બાહ્ય લક્ષણ છે. બીજા પણ એમના લક્ષણ કેવા તો પરસેવો એમને થાય નહીં, શરીરમાં મેલ ન આવે, રોગ ન આવે, એમના શ્વાસ પણ સુગંધી, એમના લોહી ને માંસ- પણ ગૌદુગ્ધ જેવા એકદમ ઉજ્જવળ હોય, એવા આ તીર્થંકર છે. આવા બાહ્ય લક્ષણો, બીજા- સદ્ગુણો રૂપ અંતર લક્ષણો, એને તો કોઈ ગણી શકે એમ પણ નથી, એને બુધ જ સમૃધ્ધ- કરીને શક્ર પોતાના સ્થાને જાય છે. સામુદ્રિક પણ ખુશ થઈ જાય છે, પોતાના દેશમાં જાય છે. ભગ- વાન ધીરે વિહાર કરે છે.

શ્રમણ ભગવાન મહાવીર, સાધિક બાર વર્ષ સુધી, હંમેશા પરિકર્મ વર્જનથી, વ્યુત- સૃષ્ટ કાય, કોઈ પણ શરીરને સમારવું, શરીરને ધોવું, શરીરને શણગારવું, શરીરની આળ- પંપાળ કરવી, આને પરિકર્મ કહેવાય. ભગવાને કોઈ પણ પરિકર્મ કર્યું નથી. આંખમાં કંઈ કચરો પડ્યો, તો એ કચરો પણ ભગવાને કાઢ્યો નથી. જે કંઈ પણ દુ:ખ આવે, જે કંઈ પણ ઉપસર્ગ આવે તે દેવકૃત, મનુષ્યકૃત કે તિર્યંચકૃત હોય, અનુકૂળ કે પ્રતિકૂળ હોય, એ બધાને નિર્ભય રૂપે ભગવાન સહન કરે છે. ક્રોધ રહિત રૂપે સહન કરે છે. દિનતા કર્યા વગર, મારે આ ક્યાં આવી ગયું, મારી આ કેવી સ્થિતિ થઈ ગઈ, હું ક્યાં રાજકુમાર હતો, ક્યાં- દેવતાઓ મારી આટલી સેવા કરતા હતા, અને અહીંયા મારી કેવી સ્થિતિ થઈ ગઈ, આવી કોઈ દિનતા પણ ભગવાનને સ્પર્શી નથી. નિશ્ચલ રૂપે

ભગવાન એને સહન કરે છે દેવાધિકૃત ઉપસર્ગ
કહે છે, પહેલું ચોમાસુ મોરાક દેશમાંથી આવીને
શુલપાણી યક્ષના ચૈત્યમાં ભગવાન રહે છે. એ
યક્ષ કોણ હોય છે ? તો પૂર્વભવમાં ધનદેવ
નામનો પોતે વાણિયો હોય છે અને એ નદી
ઉતરતા હોય છે, એના પાંચસો ગાડા કાદવમાં ખુંપી
જાય છે. બધા બળદો હતા આમ જોર કરે છે
પણ ગાડાને કાઢી શકતા નથી. એ સમયે એક-
બળદ છે, એના અંતરમાં ખુબ ભક્તિ છે કે આ
મારો માલિક છે, તકલીફમાં છે. મે મારા બે
ટુકડા કરી દઉં તો બે સાઈડથી એના એક-
એક ગાડા છે એને ખેંચી ખેંચીને લઈ જઉં,
આવું વિચારે છે. આગળ આવે છે. એ જે
સ્વામી છે એને જોડે છે, અને પોતે એક-
સાઈડ રહીને જોરથી જોર કરી કરીને એક ગાડુ
બહાર કાઢ્યું, બીજું ગાડુ બહાર કાઢ્યું, ત્રીજું-
બહાર કાઢ્યું, દસમું, પચાસમું, સોમું, દોઢસોમું,
બસોમું, અઢીસો, ત્રણસો, પાંચસો ગાડા એ,
કાદવમાંથી ખેંચી ખેંચીને બહાર કાઢ્યા, પણ-
આ બધું કરતા.. કરતા એના હાડકા ભાંગી ગયા,
શરીર તૂટી ગયું, પોતે ત્યાં જ બેસી પડે છે.
આંખ માંથી આંસુ જાય છે, ને વેપારી પણ
જુએ છે કે એ આવી શકે એમ નથી,
એણે મને આટલી સહાય કરી છે, હવે
કરવું શું ? ન એને લઈને જઈ શકાય ન-
એને મુકીને જઈ શકાય. ત્યાં ગામ વાળા છે એ
ગામ વાળાને ચારા-પાણીના પૈસા આપે છે.
કહે છે આ મારો બળદ છે આને તમે
સાચવજો અને જ્યારે આ રીતે કહીને જાય છે,
ને આ બાજુ એકલો જે બળદ છે એ ત્યાં

Classmate

મરવા પડ્યાં છે, ઓલા લોકોએ પૈસા લઈ લીધા,
પણ એની કંઈ ચિંતા કરી નહી. દેખભાળ કરી-
નહીં. બળદ હતો એ મરી ગયો, મરીને વ્યંતર
થાય છે, જુએ છે કે મારો પૂર્વભવ કેવો છે.
પૂર્વભવ જોયો છે ખબર પડી છે કે આ ગામ-
વાળા, મને સાચવવા માટે, મને જવડાવવા પીવડાવવા
માટે આ બધા રૂપિયા એમણે લઈ લીધા, અને
પાછુ મારું કાંઈ ધ્યાન રાખ્યું નહીં ને, ગુસ્સો-
આવે છે. પોતે એ ગામની અંદર મારી ને-
ફેલાવે છે. મારી નો અર્થ છે સમુહ મરણ !
એક સાથે પાંચ.. પચ્ચીસ.. પચાસ.. સો..
પાંચસો માણસો, પટોપટ.. પટોપટ મરવાં લાગ્યાં,
આને મારી કહેવાય, ને એટલા બધા મડદા--
એટલા બધા મડદા... અને અગ્નિ સંસ્કાર પણ
કેટલાના કરવા, એટલે પછી એમને એમ બધા
મડદા મુકી દીધા છે, મડદા બધા વિખેરાતા જાય,
હાડકા ત્યાં રહી જાય, અને આ જે સ્થિતિ છે
આ સ્થિતિ ને કારણે એ ગામનું નામ પડ્યું અસ્થિ-
-ગ્રામ ! પછી લોકો બહુ જ ચિંતામાં પડે છે
કે આ રીતે તો આપણે બધા જ મરી જશું,
એટલે એ લોકોને થયું કે આપણાથી કોઈ-
ભુલ થઈ છે, ધૂપ-દીપ વગેરે કરે છે. ફળ-
નૈવેદ્ય ચડાવે છે અને આકાશ સામે જોઈને
બોલે છે, કે જેને પણ અમારાથી કોઈ પણ-
તકલીફ હોય, તો અમને જણાવો, અમારી કંઈ-
પણ ભુલ થઈ હોય, તો અમે માફી માંગીએ
છીએ. એ સમયે પોતે પ્રત્યક્ષ થાય છે. કહે છે
કે 'એ બળદ નો જીવ હું છું, તમે મારું
ધ્યાન રાખ્યું નહીં, માટે મેં આ ઉપદ્રવ-
ફેલાવ્યો છે, બધાંને પસ્તાવો થયો, ફરી.... ફરી

માફી માંગી, તમે કહો એમ કરીએ અને ચિંતર કહે
છે કે તમે અહિંયા એક મંદિર બનાવો મારું
એમાં મારી પ્રતિમા રાખો, રોજ એની પૂજા કરો,
તો આ રીતે કહે છે, લોકો પણ પૂજા વગેરે કરે છે.
ભગવાન છે એ યક્ષ છે એને પ્રતિબોધ કરવા ચૈત્યમાં
આવે છે. પૂજારી છે એ કહે છે આ યક્ષ છે એ
જાગૃત છે, પ્રભાવશાળી છે, અને જે રાતે એના
મંદિરમાં રહે એને એ મારી નાખે છે, એને
પસંદ નથી, રાતે કોઈ ના જોઈએ મને. તમે-
અહીંયા ન રહો, જો રહો તો સવારે નીકળી જાય.
ભગવાનને તો પ્રતિબોધ કરવાની ભાવના છે. -
ભગવાન રાતે પણ ત્યાં જ રહે છે. પેલો જુએ
છે કે અહીં કોઈક માણસ આવ્યો છે. એણે
પૂજારીને ગણકાર્યો નથી, ચેતવણીને ગણકારી-
નથી. હમણાં હું બતાવી દઉં એને. સમજે છે
શું એના મનમાં અને પોતે જ્યારે ભગવાન
કાઉસગ્ગમાં ઊભા છે, અટ્ટહાસ્ય એવું કરે છે કે
જાણે જમીન આખી ફાટી જાય, ભયાનક અવાજ
થાય છે પણ ભગવાન બીલકુલ ડરતા નથી,
હાથીનું રૂપ, સાપનું રૂપ, પિશાચનું રૂપ કરે
છે, ભયંકર ઉપસર્ગો ભગવાન ઉપર કરે છે,
ભગવાન બિલકુલ ક્ષોભ પામતા નથી. એક-
એક કોઈ હોય તો એનું આખું જીવન પૂરું-
થઈ જાય, બીજું કોઈ હોય તો એ મરી
જાય એવી એક એક વેદના, કાનની વેદના,
નાકની વેદના, આંખની વેદના, દાંતની વેદના,
પીઠની વેદના, નખની વેદના, આ બધી જુદી-
જુદી વેદના એવી બીજો માણસ મરી જાય,
એવી વેદના પેદા કરે છે, છતાં ભગવાન છે એ
બિલકુલ ક્ષોભ પામતા નથી, અને એ સમયે-

એ પ્રતિબોધ પામે છે. અને એને થાય છે કે ખરેખર આ કોઈ મહાપુરુષ છે, મારી ભૂલ થઈ ગઈ. અને એ સમયે બોલાને જે રાખ્યો હતો તે વૈયા-વચ્ચકર, સિદ્ધાર્થ, એ સમયે આવે છે. સિદ્ધાર્થની પણ આ વિશેષતા છે, જેમ ગુંડાઓને હીરો મારી દે ને પછી બધા પોલીસો સાયરન વગાડતા વગાડતા આવે, એવી રીતે બધું પતી ગય, બધા ઉપસર્ગો પતી ગય, એની પછી સિદ્ધાર્થ વ્યંતર આવે. પેલા ને ખખડાવે કે દુષ્ટ તે આ શું કર્યું, આમના ઉપસર્ગો કર્યા ! અરે, પતા હતા ત્યારે ક્યાં ગયો હતો !

એક વાત સમજુ લો કે જે આપણા-કર્મ છે ને તો આપણને કોઈ બચાવી શકે-એમ નથી એ દેવેન્દ્ર આવે, દેવેન્દ્ર એ સ્થાપેલો કોઈ દેવ આવે, કોઈ BODY GUARD રાખી દીધા, કોઈ DOCTOR રાખી દીધા, એવો કોઈ પરિવાર રાખી દીધો, એવા WATCHMAN રાખી દીધા. જ્યાં સુધી કર્મ છે, ત્યાં સુધી આપણને કોઈ બચાવનારું નથી, આમથી નહીં તો આમથી દુઃખી થવું પડશે, એમ નહીં તો આમથી દુઃખી થવું પડશે. જે કર્મ પાસે દમર રસ્તા-આપણને દુઃખી કરવાના છે, ખતમ કરવા હોય તો કર્મને ખતમ કરજો, બહાર કોઈને ખતમ-કરવા જેવા નથી. બહારના જેટલા દુઃખો છે ને જેટલા કષ્ટો છે, એ કર્મોથી આવે છે, સિદ્ધાર્થ એને ધમકાવે છે, એને વધારે ડર લાગે છે ને એ ભગવાનની પૂજા કરે છે, ભગવાનની આગળ ગીત અને નૃત્ય કરે છે. લોકો છે એ દૂર મંદિરમાં જોઈ રહ્યા છે, આપણે ઘણું

સમજ્યા છતાં ગયા નહિ કોઈ વ્યંતરે એમને મારી નાંખ્યા હશે, અને પછી નાચ-ગાન કરે છે. લોકો આવું વિચારે છે અને સવાર ક્યાં થાય છે, એ સમયે ભગવાને જે આખી રાત ઉપસર્ગો સહન કર્યા, ભગવાનને ઉભા-ઉભા થોડી વાર-માટે ઉંઘ આવી ગઈ છે ઉંઘની અંદર-ભગવાન સપના જોયે છે અને એ સમયે ભગવાન સપના જોઈને જાગે છે લોકો પણ બધા ભેગા થાય છે ભગવાનને જોઈને-આનંદિત થાય છે, લોકો પૂજે છે કે ભગવાનનું તો સત્કાર સમ્માન થયેલું છે.

ઉત્પલ અને ઈન્દ્રશર્મા, આ બે અષ્ટાંગ નિમિત્ત ના જાણકાર પંડિતપણ ત્યાં-આવે છે, ભગવાનને કહે છે કે ભગવાન, આજે આપે છેલ્લી રાતે દસ સપનાઓ જોયા, આપ તો એનો અર્થ જાણો છો, છતાં પણ અમે ભક્તિથી એનો અર્થ કહીએ છીએ આપે સપનામાં જોયો તાડ પિશાચ, તાડ વૃક્ષ જેટલો મોટો પિશાચ એને આપે હણી નાખ્યો તો જલ્દીથી આપ મોહનીય કર્મને હણશો. આપની સેવા કરતા સફેદ પક્ષીને જોયું એનાથી આપ શુક્લ ધ્યાન ધારશો, જે ચિત્રકોકીલ ને આપે સેવા કરતા જોયો એનાથી આપ દ્વાદશાંગી ની પ્રરૂપણા કરશો. જે ગૌવર્ગ છે જે આપની સેવા કરે છે એવું આપે જોયું, એનાથી-ચતુર્વિધ સંઘ આપની સેવા કરશે આપે-સપનામાં જોયું કે સમુદ્ર હતો ને આપે એને તરી લીધો, એનાથી આપ સંસારને તરી જશો. આપે ઉગતા સુરજ ને જોયો,

એનાથી જલ્દીથી આપને કેવળજ્ઞાન મળશે. આપે
જોયું કે આંતરડાઓથી આપે માનુષોત્તર પર્વત ને ઘેરી
લીધો, એનાથી ત્રણે ભુવનમાં આપની કીર્તિ થશે.
આપ મેરુપર્વત ની તુલા ઉપર આરૂઢ થઈ ગયા,
એનાથી શું થશે, સિંહાસન ઉપર બિરાજમાન થઈ-
ને દેવ-મનુષ્યની પર્ષદામાં આપ ધર્મની પ્રરૂપણા
કરશો અને જે આપે વિબુધથી અલંકૃત એવું
પદ્મસરોવર જોયું, એનાથી ચાર નિકાયના દેવો -
આપની સેવા કરશે. આપે જે માલાયુગ્મ જોયું,
એનો અર્થ હું જાણતો નથી ભગવાન કહે છે-
કે હે ઉત્પલ, મેં જે બે માળા જોઈ, એ-
ધ્યાનના પરિણામ રૂપે, એના ફળ રૂપે હું બે
પ્રકારના ધર્મની પ્રરૂપણા કરીશ, સાધુ ધર્મ અને
શ્રાવક ધર્મ! ઉત્પલ ભગવાનને વંદન કરે છે,
વંદન કરીને જાય છે.

ભગવાન આઠ અર્ધ માસક્ષમણ
એનાથી પહેલું ચોમાસું એ પસાર કરે છે. અને
પછી મોરાક સન્નીવેશની અંદર ભગવાન જાય છે.
ત્યાં કનકખલ નામના તાપસના આશ્રમમાં ચંડ-
કૌશિકના પ્રતિબોધ માટે ભગવાન જાય છે. એ
પૂર્વના ભવમાં મહાતપસ્વી સાધુ છે.

કનકખલ તાપસનો આશ્રમ છે,
એની પાસેનું વન છે, ભેંકાર થઈ ગયું છે.
દ્રષ્ટિવિષ સાપ છે, જેને જોવે એને બાળીને ખાખ
કરી નાખે, રાજ અહીં બેઠેલો છે, વેરાન વન છે,
લોકો એ રસ્તે પગ જતા નથી, એ હોય છે
કોણ ? પૂર્વભવની અંદર મહાતપસ્વી સાધુ છે.
પોતે ગોચરીએ જઈ રહ્યા છે, સાથે બાળ-

નાના મહાત્મા છે. ચોમાસાનો સમય છે, દેડકાઓ
થયા છે, એક દેડકી જરા બરાબર ઉપયોગ
નથી રહેતો, થોડો પ્રમાદ થાય છે. પગ આવી
જાય છે, દેડકી મરી જાય છે સાંજનો સમય છે,
પ્રતિક્રમણ ચાલુ છે. દેવસિઅં આલોઉં, ગુરુ એ-
આદેશ માંગ્યો છે. એક પછી એક શિષ્ય દેવસિઅ
પાપોની આલોચના કરી રહ્યા છે પેલા મહાત્માએ
આલોચના તો કરી પણ પેલી દેડકી મરી ને, એ
આલોચના આવી નહીં. પેલા નાના મહાત્મા યાદ
કરાવે છે કે હે મહાત્મન્ આપનાથી દેડકી મરી
હતી આપના પગનીચે આવી હતી, એની આલોચના
બાકી રહી જાય છે. તો પણ એ કરતા નથી, બીજું
બધું બોલે છે. ઓલા મહાત્મા ફરી યાદ કરાવે છે.
તો ય નથી કરતા. ત્રીજુ વાર યાદ કરાવ્યું ને હવે
ગુસ્સો આવ્યો, તમે આટલા નાના છો ને મને
આટલી બધી શાની શિખામણ આપો છો. તમે
કોણ મને કહેવા વાળા. કંઈ મર્યું નથી, કેટકેટલી
દેડકીઓ મરી હતી એ બધી મેં મારી હતી ?
બચાવ કરવાનું મન થયું, કષાય જાગ્યો છે, ગુસ્સો
આવ્યો છે, શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

मूर्खाणां बोधको रिपुः।

જે પ્રતિબોધ કરે ને દુશ્મન લાગે તો સમજી લેવાનું
કે આપણે મૂર્ખ છીએ. આપણા આત્માની-
આપણને ચિંતા નથી. દોડે છે ઓઘો લઈને
એમને મારવા માટે, પેલા નાના મહાત્મા ગભરાય
છે, એ ય દોડે છે, ઓલા પાછળ દોડે છે,
ઉપાશ્રય માં થાંભલો હતો, રાત છે અંધારુ છે,
દેખાતું નથી, થાંભલા સાથે અથડાય જાય છે,
અથડાય ને એ જ સમયે મહાત્મા કાળ કરી-
જાય છે, અને કાળ કરીને, કંઈક શુભ ભાવ-

DATE

છેલ્લે આવે છે, જ્યોતિષમાં દેવલોકમાં દેવ થાય છે. મરીને ત્યાં પાંચસો તાપસના અધિપતિ થાય છે. નામ છે ચંડકૌશિક ! ચંડકૌશિક હકીકતમાં પૂર્વ-ભવનું નામ છે. એ પૂર્વભવનું નામ એ ભવમાં-પણ લગાડવામાં આવે છે. પાંચસો તાપસના-પોતે માલિક છે, રાજકુમારો પોતાના આશ્રમના ફળો છે એને ગ્રહણ કરે છે, એ જોઈને એને ગુસ્સો આવે છે, મારવા માટે દોડે છે, હાથમાં કુહાડી છે, હમણાં કાપી નાખું, કેમ મારું ફળ લઈ જાય, અને એ રીતે પોતે ગુસ્સાથી દોડે છે, વચ્ચે કુવો આવે છે, કુવામાં પાણી-નથી, કુવાની અંદર પડીને મરે છે. ગુસ્સા-માં ને ગુસ્સામાં મરી ને, દ્રષ્ટિવિષ સાપ તરીકે એ જ આશ્રમની અંદર ઉત્પન્ન થાય છે. એની દ્રષ્ટિની શક્તિ કેવી તો સુરજ ની સામે જુએ, સુરજ નું તેજ લે, જેને બાળવી હોય એની સામે જ્વાળા છોડે અને એ વ્યક્તિ બળીને ખાખ થઈ જાય, એ જગ્યાએ ભગવાન જઈ રહ્યા છે, લોકો બહુ જ વારે છે. ભગવાન ના જશો, - ભગવાન દ્રષ્ટિવિષ સાપ છે, ભગવાન ઝેર છોડશે, ભગવાન બચી શકાય એવું નથી. જ્વાળા છોડશે તો બળી જવાશે, ડંખ મારશે તો ઝેર આખા શરીરમાં પ્રસરશે, ગણતરી ની મિનિટો ની અંદર પ્રાણ નીકળી જશે. ભગવાન રહેવા દો.. ભગવાન રહેવા દો, પણ ભગવાનના અંતરમાં કરૂણા છે. એ આત્મા, એ આત્માનો મારે ઉદ્ધાર કરવો છે. ભગવાન છે ને જ્યાં એનું દર હોય છે ને ત્યાં જ બરાબર કાઉસગ્ગમાં ઉભા રહે છે. ચંડકૌશિકનો બહાર નીકળવાનો સમય થાય છે, જેવો બહાર નીકળે છે ને દેખાય છે કે કોઈ છે

DATE

એ મારા દરની સામે જ ઊભુ છે કેવી ધૃષ્ટતા, કેવી ધિઠ્ઠાઈ, સમજે છે શું એની મનને અને ગુસ્સો એટલો બધો આવે છે, પોતે ભગવાનને - ડંખ મારે છે, ને હમણાં આ સાત હાથની કાયા પડશે મારા ઉપર, ચગદાઈ જઈશ એમ સમજીને દૂર ભાગીને જાય જોવે છે, ભગવાન તો એવાને એવા ઉભા છે, હજુ ગુસ્સો આવે છે, નજીક ધસી જાય છે, ફરી - ફરી ડંખ મારે છે અને ભગવાન છે એ એકદમ નિશ્ચલ છે.

યોગબિંદુની અંદર હરીભદ્ર સૂરી - મહારાજ એક પદાર્થ કહે છે કે, કદી નરકમાં જવું જ ના પડે, એવું કઈ રીતે થઈ શકે ? કદાચ પાંચ.. પચ્ચીસ.. પચાસ.. સો.. ભવ - પછી, તમારો - મારો મોક્ષ પણ હોય તો પચ્ચીના ભવોનું શું ? કોઈ દુર્ગતિ આવી જાય એનું - શું ? કોઈ એકાદ સાગરોપમની નરક પણ - તમારા - મારા માથે ઠોકાઈ ગઈ તો શું ? જેને એકરણ નિયમ કહેવાય, જેનાથી એવું પાપ જ ના થાય, કે જેનાથી દુર્ગતિમાં જવું પડે, એવું શું ? અને હરીભદ્ર સૂરી મહારાજ જવાબ આપે છે,

हेतुमस्य परंभावं सत्त्वाद्यागोनिर्वर्तनम्।

કદી આપણાથી મોટું પાપ જ ના થાય, કદી દુર્ગતિમાં જવું જ ના પડે, એનું કારણ છે પ્રધાન કરણ !

प्रधानकरणाख्यं ब्रुवते सुभदर्शिनः।

~~હરીભદ્ર~~ મુનિચંદ્ર સૂરી મહારાજ ટીકામાં દ્રષ્ટાંત આપે છે,

चण्डकौशिकसर्पस्येव भगवति

એ ચંડકૌશિક ઉપર એ ભગવાનની જેવી કરુણા

હતી, ભગવાનની જે કરૂણા, એ ડંખ મારે, એ ગુસ્સો કરે, એ ઝેરી દ્રષ્ટિ એ જુએ, એ મારી નાખવા સુધી નીચે ઉતરે, તો છતાં પણ ભગવાનની તો એકાંત કરૂણા જ હોય. આવો ભાવ- જ્યારે આપણા અંતરમાં આવશે, ત્યારે સમજુ- લેવાનું કે હવે આપણા દુર્ગતિના દ્વાર બંધ થઈ ગયા.

આરાધના હશે પણ ઉપશમ નહીં- હોય તો સમજુ લેવાનું કે આપણે પણ કદાચ- દુર્ગતિમાં જવું પડશે. તપસ્યા ઘણી કરીએ પણ- ગુસ્સો એ ફાટ- ફાટ આવે છે. વ્યાખ્યાન તો ઘણું સાંભળીએ છીએ પણ જરાક કોઈક બગાડે આપણું અને આપણું BOILER ફાટે, તો- સમજુ લેવાનું કે ઉપશમ ભાવ આપણી પાસે નથી. કરૂણા એ નથી. પ્રધાન કરૂણા એ નથી. માટે આપણો નિ:સ્તાર છે એ બહુ જ મુશ્કેલ છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે, ચંડકૌશિકની કથા માત્ર સાંભળવાની નથી, ચંડકૌશિકની ઘટના- માંથી ભગવાનની આ કરૂણા લેવાની છે, એ પરમાત્માની કરૂણા કેવી !, એમની નિ:સ્પૃહતા- કેવી !, પોતાને મારી નાખનાર પ્રત્યે પણ ઉદ્ધાર કરવાની ભાવના કેવી !, ભગવાનને કષ્ટો પણ- ઉત્કૃષ્ટ આવ્યા છે, અને ભગવાનની કરૂણા પણ- ઉત્કૃષ્ટ છે. આપણા કષ્ટોમાં એ કોઈ દમ હોતો નથી, અને તો એ આપણે ઉપશમ ભાવ રાખી શકીએ નહીં, એ આપણા માટે બહુ શરમની- વાત કહેવાય. ભગવાનની આપણે ઉછામણીઓ મોટી- મોટી બોલીએ, કાલનો એક દિવસ તે આમ વૈશ્વિક અવલોકન કરીએ તો તો-

અંતરમાં અહોભાવ ઉભરાય ! પોતાના ખીસ્સાના- પાંચ-પંદર રૂપિયા બચાવનાર એ સંઘના સભ્ય- જે પોતાની બચત છે, પરસેવાની કમાણી છે, એને ભગવાનના નામે પડાપડી કરીને આમ વરસી પડે. તો એક દિવસની અંદર જિનશાસનમાં કરોડો- રૂપિયાની ઉપજ થઈ જાય. સવાલ માત્ર ઉપજનો નથી. વાત માત્ર પૈસાની નથી, વાત એ ભગવાન પ્રત્યેના અહોભાવની છે.

આપણા અંતરમાં એક વેદના એવી છે, આજે મૂર્તિ પાછળ આપણે કદાચ પાગલ છીએ, મંદિર પાછળ પાગલ છીએ, ભગવાનના ચડાવા બોલવા માટે આપણી પડાપડી છે. પણ- એ જ ભગવાનના માર્ગે જે પગલા ચાલવાનું હોય- ત્યાં આપણી કાયરતા કેટલી ! કેટલા માયકાંગલા આપણે બની જઈએ. એક નાની વસ્તુ છે, ખબર છે ભગવાને ના પાડી છે, ના ખવાય, આપણે છોડી ના શકીએ. પૈસા આવે છે, ખોટા રસ્તે આવે છે, આપણને ખબર છે, ભગવાને ના પાડી છે, આપણે છોડી ના શકીએ. કોઈએ ખરાબ વ્યવહાર કર્યો છે. જે શબ્દ કડવા- સંભળાવ્યા છે,

મનમાં તમારા ખીલા ઠોકાણા,
તો એ ન કીધે ભરાણા
મનમાં અમારા કોઈ કડવા વચન કહે,
લડવામાં શૂરા ને શાણા,

DATE

ભગવાને જીવો સહન કર્યા ને આપણે એ શબ્દ-સહન ના કરી શકીએ. ભગવાનની સર્વશ્રેષ્ઠ-કોઈ પૂજા હોય ને, તો એ પ્રતિપત્તિ પૂજા છે. પ્રતિપત્તિ પૂજાનો અર્થ છે ભગવાનની આજ્ઞાનું પાલન એ વ્યક્તિ દુર્વ્યવહાર કર્યો છે, ગુસ્સો કરી-રહ્યો છે, મોહ કહે છે ગુસ્સો કર, ગાળો બોલ માર એને, વરસી પડ, એને હેરાન પરેશાન-કરી નાખ. અને ભગવાન કહે છે,

જો સહઇ તસ્સ ધમ્મો।

તુ જો મારો ભક્ત હોય, મારો અનુયાયી-હોય, જો તુ મારા ધર્મનું પાલન કરવા માગે છે, તો તું સહન કર! જે મોહરાજ એ અનંત વાર-આપણને નરકમાં ધકેલ્યા છે, એના ઉપર હજુ-આપણને વિશ્વાસ છે. જે ભગવાન આપણો અનંત ભવિતવ્ય કાળ સુધારી દેવાના છે, એના પર હજુ શંકા છે આપણે સહન કરશું ને તો બીજા બધા માથે ચડી જશે આપણે કહીએ ને! આપણે બહુ જ બુદ્ધિશાળી ને એના કારણે જ સંસારમાં રખડી રહ્યા છીએ.

ચંડકૌશિક છે એ ડંખ ઉપર ડંખ મારે છે, શ્વેત વર્ણીય લોહી નીકળે છે, ચંડકૌશિક ચમકે છે. આ શું છે? આ તો લાલ હોવું જોઈએ, સફેદ શા માટે છે? સામે જુએ છે-ભગવાનને, અત્યાર સુધી ગુસ્સાથી જોયું છે, હવે-જિજ્ઞાસાથી જુએ છે. જોતા... જોતા લાગે છે કે-આવી મુખાકૃતિ! આ પ્રશમ ભાવ! આ ઉપશમ-ભાવ! આ... આ સમતા! આ કરુણા! અને ચંડકૌશિક ત્યાં ને ત્યાં ઠરી જાય છે. સિદ્ધસેન દિવા-કરસૂરી મહારાજ કહે છે, કે શાસ્ત્રોની વાત દૂર છે, શાસ્ત્રો ગંભીર છે, શાસ્ત્રો દરિયા જેટલા છે, કદાચ

તમે શાસ્ત્રો ના વાંચી શકો, તમે ભગવાનનો ચહેરો
પણ ના વાંચી શકો. સિધ્ધસેન દિવાકર સૂરી -
મહારાજ કહે છે,

पर्याप्तमेकमुपपत्ति सचेतनस्य
रागार्चिषः शमयितुं तव रूपमेव ।

શાસ્ત્રો તમે ના વાંચી શકો, શાંતિથી ભગવાનનો -
ચહેરો વાંચશો ને, તો પણ અંદરની રાગ-દ્વેષની -
જ્વાળાઓ બધી શાંત થઈ જશે. એ ચમત્કાર.
ભગવાનની મુખ મુદ્રાની અંદર રહેલો છે. ચંડકૌશિક
શાંત થાય છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ, ભગવાન મહાવીર સ્વામી-
નો ચંડકૌશિક સાથે કોઈ પ્રકારનો
ઋણાનુબંધ હતો માટે એને પ્રતિબોધ કરવા ગયા -
હતા ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- ચંડકૌશિક પોતે સર્પ થયો છે,
પણ પૂર્વ જન્મની અંદર સાધુ-
પણાની આરાધના કરી છે. એ આરાધના કરી એના-
પ્રતાપે જિનશાસન સાથેનો ઋણાનુબંધ બાંધ્યો.
એ ઘોડો હતો એ ઘોડાનો ઋણાનુબંધ હતો, એણે
પ્રતિમા ભરાવી હતી, એટલે મુનિસુવ્રત સ્વામી ગયા છે.
ચંડકૌશિકે સાધુપણાની આરાધના કરીને ઋણાનુબંધ
બાંધ્યો છે. એ કારણ પણ ખરું, એની પાત્રતા-
નું પણ કારણ ખરું. એ પાત્રતા પણ ન હોત તો
ભગવાન જાત નહીં. શૂલપાણીના મંદિરમાં ભગવાન-
પ્રતિબોધ કરવા ગયા, કારણકે પાત્રતા હતી, ચંડકૌશિક-
નો પ્રતિબોધ કરવા ગયા કારણકે પાત્રતા હતી. સંગમ
સામેથી આવ્યો છે, તો એ ભગવાને એને કોઈ-
પણ શબ્દ કહ્યો નથી. કારણકે સંગમમાં પાત્રતા

ન હતી. ચંડકૌશિક શાંત થાય છે, જોઈ રહ્યો છે,
અહોભાવ અંદરથી ભરી રહ્યો છે, અને એ સમયે
ભગવાન કહે છે બુજ્ઝ.. બુજ્ઝ... ચંડકૌશિક !
ક્યા સમયે કહેવું એનો પણ વિવેક હોવો જોઈએ,
જો પહેલા આ જ વચન કહ્યા હોત, તો ચંડકૌશિક
પર કોઈ જ અસર થાત નહીં. ખોટા સમયે કહેલું
સત્ય, એ સત્યનું અપમાન છે. અપાત્ર છે ને-
અપાત્ર ને કહેલું શાસ્ત્ર, એ શાસ્ત્રનું અપમાન છે.
યોગ્ય સમયે, યોગ્યના પ્રણામી હોય, ત્યારે યોગ્ય-
વચન કહેવા એ ઉપદેશની શૈલી છે. ભગવાને-
કહ્યું બુજ્ઝ.. બુજ્ઝ... એ બોધ પામે છે, એ-
શાંત થાય છે, જાતિસ્મરણ જ્ઞાન થાય છે, પૂર્વભવ
દેખાય છે. પશ્ચાતાપ થાય છે. સાપનો ભવ છે-
જેને મોંએ એ મરી જવાનો, ને હવે કોઈને પણ
મારવો નથી, નક્કી કરે મોઢું દરની અંદર નાખી
દે છે. શરીર બહાર છે. પોતે અનશન નો
સ્વીકાર કરે છે. ચારે આહારના પચ્ચક્ખાણ કરે છે.
ભગવાન પણ એના ઉપર કરૂણા કરવા માટે, -
ભગવાન પોતે ત્યાં જ કાઉસગ્ગ માં ઉભા રહે છે,
એક ઉપવાસ ચંડકૌશિક ને થાય છે, એક ઉપવાસ
ભગવાનને થાય છે, જે ઉપવાસ એને તો, ભગવાનને
પણ એ ઉપવાસ, પોતાની કરૂણા દ્રષ્ટિથી એને જોઈ-
રહ્યા છે. લોકો પણ દૂર દૂરથી તપાસ કરે છે કે
થયું શું ?, દેખાય છે તો મોઢું અંદર નાખી દીધું
છે, એનું શરીર બહાર છે, ભગવાન ત્યાં જ ઉભા
છે, કેવો ભગવાનનો પ્રભાવ, કે ચંડકૌશિક ને પણ-
પ્રતિબોધિત કરી દીધો. લોકો બધા આવે છે એના
ઉપર ઘી વગેરે લગાડે છે, એની પૂજા કરે છે,
ચંડકૌશિક પાસે જંગલી કીડીઓ આવે છે. વર્ક-
જેવું એનું મોઢું છે, એ ઘીની સુગંધ થી આવે છે.

દીને તો ખાય છે, એના શરીરની અંદર ઘુસે છે,
અસહ્ય વેદના થાય છે. ચંડકૌશિક પરમ સમતા-
રાખે છે. એ કીડીઓ શરીર ના એક ભાગ માંથી
અંદર જાય, બીજુ બાજુથી બહાર નીકળે, શરીર-
આખું ચારણી જેવું થઈ ગયું, પંદર દિવસનું-
અનશન, પંદર દિવસનું અસહ્ય કષ્ટ, પરમ સમતા-
સાથે, પરમ ઉપશમભાવ સાથે એ ચંડકૌશિક સહન-
કરે છે. પંદર દિવસે કાળ કરીને આઠમા દેવલોકની
અંદર ઉત્પન્ન થાય છે. ભગવાન પણ ત્યાંથી-
વિહાર કરે છે. અને વિહાર કરીને ઉત્તર વાચાલા
આ નામની નગરી છે, ત્યાં નાગસેન ભગવાન-
ને ખીરથી પોતે પારણું કરાવે છે. પાંચ દિવ્ય
થાય છે. શ્વેતાંબી માં પ્રદેશી રાજા છે એ
ભગવાનની મહિમા કરે છે, સુરભિપુરમાં જાય છે,
સિદ્ધદત્ત નામનો નાવિક છે, ગંગા નદીમાં વહાણ-
છે જે પોતે લઈ જાય છે. ભગવાન છે જે
હોડી ની અંદર બેસે છે, એ સમયે ઘુવડ-
અવાજ કરે છે, એક ક્ષેમિલ નામનો નૈમિત્તિક
છે, જે કહે છે આજે આપને મરણાંત કષ્ટ થશે,
પણ આ મહાપુરુષ એમના પ્રભાવથી એ સંકટ
વિલીન થઈ જશે. ગંગા ઉતરતા, ત્રિપૃષ્ઠ ના ભવ-
માં જે સિંહ માર્યો હતો, જે હવે સુદંષ્ટ્ર દેવ
થયો છે, જે હોડી ને ડુબાડવાનો ઉપસર્ગ કરે છે
એ ઉપસર્ગ કંબલ- સંબલ નામના નાગકુમાર
એ આવી ને એનું નિવારણ કરે છે. કંબલ-
સંબલ કોણ છે ? એ કહે છે, મથુરા-
નગરી છે, જિનદાસ શ્રાવક છે. સાધુદાસી એની
પત્ની છે, આરાધના પોતે કરે છે અને એમને
ત્યાં કોઈ રબારણ દૂધ.. દહીં વગેરે આપી જાય.
એ બેની સાધુદાસી અને રબારણ, એ બની ની

પરસ્પર ની બહુ પ્રીતી થઈ ગઈ હોય છે. એક-વાર એવું બને છે, એમને ત્યાં લગ્ન હોય છે, કહે કે તમે પણ લગ્નમાં આવો. શ્રાવક- શ્રાવિકા કહે છે કે અમે તો લગ્નમાં જતા નથી, પણ-તમારે લગ્ન માટે જે કોઈ પણ સામગ્રી જોઈએ, વાસણ- કુસણ જોઈએ, શણગારની વસ્તુઓ જોઈએ, ચંદરવો વગેરે જોઈએ, જે જોઈએ એ અમારા ઘર-થી લઈ જાવ. એ બિચારા નાના માણસ હતા, આ શેઠના ઘરેથી બધી સામગ્રી મળી, એ લગ્ન-બહુ જ સરસ રીતે થયા, લોકોમાં વાહ.. વાહ થઈ ગઈ. કેટલો બધો આનંદ થયો. આ શેઠે-આપણને કેવું સરસ આપ્યું. સામગ્રી તો પાછી આપે છે, પણ સાથે બે નાના વાછરડા, એ વાછરડા એમને આપે છે, ઓલા કહે છે કે-અમારે પરિગ્રહ પરિમાણ વ્રતની બહાર, ચતુષ્પદ નું સંપૂર્ણ પ્રત્યાખ્યાન છે, અમે કોઈ પશુ ને રાખી શકીએ નહિ, ઓલા લોકો કહે અમે આ-બધું વ્રત વગેરે સમજીએ નહી, લેવા જ પડશે. એટલે લેવા જ પડશે, ઘણી ના પાડી છતા એ લોકો માનતા જ નથી. પરાણે ત્યાં બંને વાછરડા-ને ઝાડ પાસે બાંધીને જતા રહે છે.

જિનદાસ શ્રાવક વિચાર કરે છે, પરિગ્રહ રાખવો નથી પણ આ સામેથી આવેલા છે. હવે જો આપણે પરાણે પાછા આપશું તો લોકો કોઈક ખસીકરણ કરશે, એ લોકો એને ક્યાંક ગાડા-માં જોડશે, ક્યાંક હળમાં જોડશે, બિચારા દુ:ખી-થશે. છો અહીંયા પડ્યા. પોતે આરાધના કરે છે, એમનું પણ પાલન- પોષણ કરે છે ક્યારે આઠમ હોય, ક્યારે ચૌદસ હોય, ત્યારે શેઠ પૌષધ કરે,

અન્ન નો દાણો પણ ના લે, એ વસ્તુ જોઈને એ દિવસે આ બળદ પણ ચારો ચરે નહિ, એને વાછરડા ધીરે ધીરે મોટા થયા છે, બળદ થયા છે- પણ જુએ છે કે આ શ્રાવક છે. એમને આજે ઉપવાસ લાગે છે તો આપણે પણ કાંઈ ખાવું નથી. આગળ વધીને એ પરસાળમાં જિનદાસ-શ્રાવક બેઠા હોય, ચોપડી ખોલી હોય, અને પોતે ધર્મના જે ગ્રંથો, એનું વાંચન પોતે કરતા હોય, પોતે બોલે, પોતે તો સાંભળે, આ બળદ પણ-સાંભળે, સાંભળતા.... સાંભળતા વિરતિના પરિણામ એ બળદો ને થયા, એ બળદો જૈન થઈ ગયા, એ બળદો ને દેશવિરતિના પરિણામ જાગ્યા, પર્વ-તિથી એ ઉપવાસ કરે, શાસ્ત્રનું શ્રવણ કરે, મારે તમને કહેવું છે કે શ્રાવક નું ઘર કેવું હોય !

તમે કહો દીકરો માનતો નથી, દીકરાનું આમ છે, દીકરાનું તેમ છે. સાહેબ ઘણું કહીએ છીએ, અહીંયા વ્યાખ્યાન પુરુ થાય, તમે કહો બહુ સારું વ્યાખ્યાન આવ.. આવ.. પણ દીકરો જુએ કે વ્યાખ્યાન માં જાય તો છે, ગુસ્સો એવો ને એવો છે, પપ્પા જે DRAMA ગઈ કાલ સુધી કરતા હતા આજે ય કરે છે. એ બધી ટેવો ગઈ નથી. અને પપ્પા આમ તો વ્યાખ્યાનની વાત કરે છે પણ આવીને પોતે T.V. ON કરીને બેસી જાય છે. શ્રાવક કોને કહેવાય ?, એ જિનદાસ શ્રાવક ને એના ઘરમાં રહેલા બળદ એ પણ ધર્મી થઈ ગયા. હું તમને કહું છું કે આપણો દીકરો જે ધર્મી ન થતો હોય, તો પછી એમાં દીકરાનો દોષ કે

પછી આપણો હોય, કોનો હોય ? જિનદાસ શ્રાવક છે ને બળદો આટલા ધર્મી થયા છે એ સાધર્મિક લાગે છે. પરસ્પરનો પ્રેમ વધ્યો છે, સારામાં સારી એમને આરાધના કરાવે, એક દિવસ એવું બને છે. એનો કોઈ મિત્ર છે, એને કોઈ TOUR ઉપર જવાનું હતું, ભંડીરવન યક્ષની યાત્રા, અને એ યાત્રા માટે બળદ જોઈતા હતા, જિનદાસ શ્રાવક નો એનો મિત્ર છે, માટે બળદ લઈ જવા નો મિત્રને શું પુછવું, પુછયા વગર લઈ જાય છે. ગાડામાં જોડી દે છે, જોર જોરથી એમને દોડાવે છે. બીચારાઓ એ- ક્યારે ગાડું એ જોયું ન હતું ને હળ એ જોયું નહતું. કોમળ એમનું શરીર હતું, હાડકા- પાંસળા એમના બધા ભાંગી જાય છે, સાંધાઓ ઢીલા- પડી જાય છે અને એકદમ બિચારા મરવા- પડેલા હતા. એમને ઉપાડી ને પેલો પાછો એમના ઘરે મુકી જાય છે. જિનદાસને પણ જોઈને આંખ- માં આંસુ આવી જાય છે. આ લોકોની કેવી સ્થિતિ થઈ, અને જુએ છે અંતિમ સમય છે, ત્યારે આહાર ના પચ્ચક્ખાણ કરાવે છે, અંતિમ- આરાધના કરાવે છે સમાધિ આપે છે, મરીને એ લોકો નાગકુમારની અંદર, કંબલ- સંબલ નામના- પોતે દેવ થાય છે. અને દેવો પોતે અવધિજ્ઞાનથી જુએ છે, મહાવીર સ્વામી ભગવાન ઉપર ઉપસર્ગ થઈ રહ્યો છે, અને એ ઉપસર્ગ જોઈને, ઉપસર્ગ- નું નિવારણ કરવા માટે, પોતે આવે છે. એક- જણ હોડીને પકડી લે છે, અને બીજા છે એ સુદ્રષ્ટ્ર સુરને હરાવે છે, હરાવી ને ભગવાનના- નૃત્ય અને રૂપ એની સ્તુતિ કરતા, નાચતા ને ગાતા, સમહોત્સવ સુરભિજલની વૃષ્ટિ કરી છે. અને પોતાના સ્થાને જાય છે.

(ભગવાન પણ રાજગૃહી નગરીમાં નાલંદામાં તંતુવાયશાલા
ના દેશમાં અનુજ્ઞા આપીને, પહેલું માસક્ષમણ કરીને
પોતે રહે છે. મંખલી નામના મંખ પુત્ર છે,
સુભદ્રાના દીકરા છે, બહુલબીજ ગોશાલામાં પોતે
જન્મ પામ્યા છે એટલે ગોશાલ એમનું નામ છે.
એ મંખ ફિરતા ત્યાં આવે છે, માસક્ષમણના પારણામાં
વિજય શેઠ એ ઘણી બધી સામગ્રીઓ ભગવાનને
વહોરાવે છે. પંચ દિવ્ય થાય છે. ગોશાળાને એમ
થાય છે કે મે આના શિષ્ય થઈ જઈએ ને, તો
પછી આપણને જલસા થઈ જાય. એટલે ગોશાળો
એમની પાસે આવે છે, અને કહે છે કે હું આપનો
શિષ્ય છું, બીજું પારણું છે, નંદ પોતે પકવાનથી
પ્રભુને પ્રતિલાભે છે, ત્રીજામાં સુનંદ છે એ પકવાન-
થી ભગવાનને પ્રતિલાભે છે. ચોથું માસક્ષમણ
ભગવાન કોલ્લાક સન્નીવેશમાં આવે છે, બહુલ
નામનો બ્રાહ્મણ છે, ખીર ભગવાનને વહોરાવે છે.
પાંચ દિવ્ય થાય છે. ગોશાળો તંતુવાયશાળાની અંદર
સ્વામીને જોતો નથી, અને રાજગૃહ નગરમાં
જાય છે, ગોતે છે, પોતાનું જે ઉપકરણ છે, જે
બ્રાહ્મણો છે, એમને આપે છે. મોઢું અને
માથુ એનું મુંડન કરાવે છે, કોલ્લાક માં ભગવાનને
જોઈને કહે છે કે આપની જે દીક્ષા એ મને
પણ થાઓ, સુવર્ણખલ ગામ પ્રતિ ભગવાન
પ્રસ્થાન કરે છે, ત્યાં ગોવાળિયા હોય છે, માટી
થાળી ની અંદર ખીર બનાવતા હોય છે. ગોશાળો
ભગવાનને કહે છે, કે આપણે ખીર ખાઈને જઈએ,
એ સમયે સિદ્ધાર્થ કહે છે કે આ ખીર બનવાની
નથી, આ થાળી તૂટી જવાની છે. માટીનું આખુ
મોટું વાસણ છે, ગોશાળો, ગોવાળિયાને કહે છે
કે આ તમારું વાસણ છે એને સાચવો,

એ લોકો બધા પકડી શકે છે, તોય એ ચાળ-તુરી જાય છે, અને ગોશાળો નિયતિવાદને સ્વીકારે છે, જે થવાનું હોય તે થાય. એ પછી ભગવાન બ્રાહ્મણગ્રામમાં જાય છે, નંદ-ઉપનંદ નામના બે ભાઈ છે. એમના બે પાટક છે. ભગવાન નંદ-પાટકમાં જાય છે, નંદ ઉત્તમ ભોજનથી ભગવાનને પ્રતિલાભે છે, ગોશાળો છે એ ઉત્તર પાટકમાં જાય છે. ઉપનંદ વાસી અન્ન આપે છે, અને ગોશાળાને ગુસ્સો આવે છે, એ કહે છે કે મારા ધર્માચાર્યનું તેજ હોય, તો આ ઘર બળી જાય, અને નજીકમાં જે દેવતા હતા, ભગવાનનું નામ ખોટું ના પડે, એટલે એ જે ભાગ છે એને બાળી નાખે છે. ભગવાન ચંપા નગરીમાં આવે છે, બે માસી તપ-કરીને એ ચાતુર્માસને ભગવાન પસાર કરે છે. એના પછી ભગવાન ચૌરા નગરીમાં જાય છે, ત્યાં-જાસુસ એમ કહીને ભગવાનના પગમાં બેડી નાખે છે. પહેલા ગોશાળાને બાંધે છે, બીજા ભગવાનને બાંધવા જાય છે, ત્યાં સંયમ પાલનમાં અસમર્થ પરિવ્રાજક બને નહીં એવી સોમા અને જયંતિ-નામની ઉત્પલની બહેનો એ ત્યાં આવે છે, ભગવાનને ઓળખે છે, અને એમાંથી છોડાવે છે. પછી ભગવાન એ હરિદ્ર સન્નીવેશથી હરિદ્ર વૃક્ષ એની નીચે ભગવાન પ્રતિમામાં રહે છે, પૃષ્ઠ ચંપા-માં જઈને વર્ષાકાળમાં ચાતુર્માસ પસાર કરીને, પારણું કરીને પથંગાલ સન્નીવેશમાં જઈને શ્રાવસ્તિમાં રહે છે. બહાર પ્રતિમામાં પોતે રહે છે. પથિકો-આવે છે, અગ્નિ ~~[illegible]~~ પેટાવે છે, અગ્નિથી ભગવાનના પગ બળી જાય છે, ગોશાળો ત્યાંથી ભાગી જાય છે. એના પછી ભગવાન વૈશાલી નગરીમાં જાય છે. લુહારની શાળા છે, પ્રતિમામાં ત્યાં-

ઉભા રહે છે. અને એ લુહાર છે એ છ મહિના-
સુધી માંદો રહ્યો, માંડ માંડ સાજો થયો, પહેલો
દિવસ હતો, એની દુકાન હતી એ દુકાનો એણે
ખોલી છે, દુકાનની અંદર ગયો ને ત્યાં જોયું કે
અહીંયા તો કોઈ મુંડેલો માણસ છે, આ તો
અમંગળ થઈ ગયું. પોતાનું લોઢાનું ઘણ ઉપાડે છે,
હમણાં મારી નાખું. માથું ફોડી નાખું, આને મારી
નાખું, એવા ભાવથી પોતે દોડે છે. શક્ર-
ઉપયોગ મૂકે છે કે ભગવાન કેવી રીતે છે
ક્યાં છે ? દ્રશ્ય જુએ છે ઉતાવળમાં નીચે-
આવે છે. એ ઘણ ઉપાડીને એનાથી જ એ
લુહારને મારી નાખે છે.

અને ભગવાન ત્યાંથી આગળ જાય છે,
ગ્રામક સન્નીવેશમાં, ત્યાં બિભેલક યક્ષ એ ભગવાન-
નો મહિમા કરે છે. શાલિશિર્ષ ગામ નામનું ઉદ્યાન
છે, ત્યાં પ્રતિમામાં ભગવાન રહેલા છે. મહા મહિનો
છે. ત્રિપૃષ્ઠ વાસુદેવનો જે ભવ હતો, એમાં એક
રાણી એનું અપમાન કર્યું હતું. મરીને અત્યારે
વ્યંતરી થયેલી છે. તાપસીનું રૂપ કરીને આવે છે,
કડકડતી ઠંડી છે, અડધી રાત છે, એક વસ્ત્ર પણ
ભગવાનના શરીર ઉપર નથી, જંગલમાં ભગવાન -
કાઉસગ્ગમાં ઉભા છે, તાપસીનું રૂપ કરીને વ્યંતરી-
આવે છે, જટામાં ઠંડુ પાણી ભરે છે, અને અત્યંત
દુ:સહ એવો શીતોપસર્ગ ભગવાન ઉપર કરે છે. ભગ-
વાનને નિશ્ચલ જોઈને પોતે પછી ઉપશાંત થાય છે,
ભગવાને આ જે સહન કર્યું, એનાથી ભગવાનને છઠ્ઠ
નો તપ હતો, એમાં સાથે આ તિતિક્ષા કરી,
વિશુદ્ધિ ભગવાનની વધી. લોકાવધિ ભગવાનને -
ઉત્પન્ન થયું.

DATE
classmate

ભદ્રિકામાં ભગવાન છઠ્ઠું ચોમાસુ એ ચાતુર્માસ તપથી-
અને વિવિધ અભિગ્રહ સાથે ભગવાન કરે છે. છ મહિને
ગોશાળો પાછો મળે છે. ભગવાન પારણું કરીને શેષ-
કાળમાં મગધભૂમિમાં નિરૂપસર્ગ પણે વિહાર કરે છે,
આલંભિકા નગરી છે, સાતમું ચોમાસુ છે, ચોમાસુ-
પૂર્યું છે, બહાર ભગવાન પારણું કરે છે.

કુંડક સન્નીવેશમાં, વાસુદેવ ચૈત્યમાં
ભગવાન પ્રતિમામાં ઉભા રહે છે, ત્યારબાદ ભગવાન
ગોભૂમિમાં જાય છે. રાજગૃહી નગરીની બહાર આઠમું
ચોમાસુ, ચાતુર્માસિક તપ ભગવાન કરે છે. અને
પારણુ પછી બહાર કરીને વજ્રભૂમિમાં બહુ ઉપસર્ગો
થશે, એમ વિચારીને નવમુ ચોમાસુ, ચાતુર્માસિક-
તપ કરવા દ્વારા પોતે પસાર કરીને બીજા બે મહિના-
પણ ત્યાં જ વિચરે છે. નવમા ચોમાસામાં કોઈ
વસ્તિ નથી, અનિયત ચોમાસુ થાય છે. પૂર્વ ગામમાં
ભગવાન જઈ રહ્યા છે, વચ્ચે તલનો છોડ છે,
ગોશાળો પુછે છે કે આ તલ થશે કે નહિ ?
ભગવાન કહે છે કે સાત તલના જે પુષ્પ જીવો, મરીને
એક સીંગની અંદર તલ રૂપે જનમશે. ભગવાનનું
વચન ખોટું પડે એ માટે એ તલના છોડને ઉખેડી
ને પોતે ફેંકી દે છે. અને આ બાજુ દેવતા હોય
છે એ વિચારે છે, કે ભગવાનનું વચન ખોટું
પડવું ના જોઈએ, વરસાદ ત્યાં કરે છે, ગાયો ત્યાં
આવે છે, એમની ખરી જે હતી એનાથી ભીની
જમીન ની અંદર, એ છોડ પાછો સ્થિર થાય છે.
ગામમાં ભગવાન જાય છે, એક તાપસ છે,
આતાપના લઈ રહ્યો છે, જટા એની મોટી છે,
અંદર જુઓ છે, અને જુઓ જટા માંથી બહાર
તડકામાં પડે, અને તરફડવા લાગે, એટલે દયાથી

પાછો એને જરાની અંદર મૂકી દે, જે સમયે ગોશાળો જુએ છે, અને એની મશ્કરી કરે છે, કે તમે તો જુંઓ નું GUEST HOUSE ખોલ્યું છે. ને-આવી રીતે મશ્કરી કરે છે. તાપની શક્તિ છે, ગુસ્સો આવ્યો છે, તેજોલેશ્યાનો પ્રયોગ ગોશાળા-ઉપર કરે છે ગોશાળો એનાથી બળી ન જાય, એના માટે ભગવાન કરૂણાથી શીતલેશ્યા છોડે છે, ગોશાળા ની રક્ષા થાય છે. એ તાપસ છે એ પણ ભગવાનની ક્ષમાપના માંગે છે, ગોશાળો-જુએ છે કે આ તેજોલેશ્યા હતી ને આ શીત-લેશ્યા હતી, ને ગોશાળો ભગવાનને પ્રશ્ન કરે છે, કે ભગવાન આ તેજો લેશ્યા કઈ રીતે મળે? તેજો લેશ્યા અને શીતલેશ્યા એ બન્નેને જોયા પછી, તેજો લેશ્યા શીખવાનું મન થાય, એ ગોશાળાની પાત્રતા નું સ્તર બતાવે છે. આપણી દ્રષ્ટિ ક્યાં?

શાસન ને પણ જોયું, સંસારને પણ જોયો, બધું જ સમજ્યું, દુનિયાના જીવો કદાચ સમજેલા નથી, આપણે કદાચ સમજેલા છીએ, ઉપદેશમાલાની અંદર ધર્મદાસ ગણિ મહારાજ કહે-છે,

सोच्चा ते जीयलोए जिणवयणं जे नरा ण याणंति।

આજે કલ્પના કરીએ, આખી દુનિયામાંથી જીનવાણી કેટલા ટકા લોકોને મળી? એ વિચાર છે, એ શોચનીય છે, એ અભાગ્યા છે જેને જિન-વચન મળ્યું નથી. અને આગળ ની વાત કરે છે,

सोच्चाण वि ते सोच्चा जाउण वि जे नवि करेंति॥

જેઓને જિનવચન મળ્યું નથી તેઓ અભાગ્યા છે, અને જિનવચન મળ્યા પછી પણ જેઓ સંસારની

પાછળી જ હોડી છે, તેઓ અભાગ્યા કરતા પણ-અભાગ્યા છે. બિચારાથી પણ બિચારા છે.

ગોશાળાએ પ્રશ્ન કર્યો છે, એવી ભવિતવ્યતા છે, અને એ ભવિતવ્યતા ના કારણે, ભગવાન એને શીખવાડે છે, અહીંયા ઉપમા આપી છે, જેમ સાપને દુધ પીવડાવાય, તો એમાંથી ઝેર જ થાય, એ રીતે ભગવાન અનર્થનું કારણ ભાળી ને પણ એ ભવિતવ્યતાના કારણે તેજોલેશ્યાની વિધિ શીખવાડે છે. જે આતાપના લે, હંમેશા છઠ ને પારણે છઠ કરે, અને પારણે એ નખની અંદર-નખની જેટલો ભાગ ઉંચો હોય ને એની અંદર અડદની પિંડીકા આવે, નાનકડી અડદના લોટ હોયને એ લોટની જે પિંડીકા બને, એ ભીનો લોટ હોય-એમાંથી પિંડીકા બને, પણ આશરે અનુક્રમ, આપણે કહી શકીએ કે ચોખાના દાણા કરતા પણ ઓછો, એટલા અડદનો લોટ, એમાં પાણી નાખી ને એની પિંડીકા બને, એટલું છઠ ના પારણે લેવાનું, બીજા-દિવસથી ફરીથી છઠ કરવાનો, આ રીતે છઠ ને પારણે છઠ કરે, અને એક ગરમ પાણીએ હાથમાં લીધું હોય, એટલું જ પાણી પીવાનું બીજું કોઈ પાણી પણ નહી પીવાનું, આ રીતે પારણા કરે. અને છ-મહિને તેજોલેશ્યા ઉત્પન્ન થાય.

સિધ્ધાર્થપુરમાં ભગવાન જતા હોય છે, ગોશાળો કહે છે કે તલ નો છોડ જે હતો એ બન્યો-નથી. ભગવાન કહે છે કે આ તલનો છોડ બન્યો છે. ગોશાળા ને હજુ શ્રધ્ધા થતી નથી, એ સીંગને તોડે છે, સાત તલ અંદર જુએ છે, તે જ પ્રાણીઓ તે જ શરીરમાં ફરી જન્મ પામે, આ રીતે મત પોતે ધારણ કરે છે.

નિયતિવાદને ગાઢ કરે છે. ભગવાનથી જુદો થાય છે.
શ્રાવસ્તિમાં કુંભારશાળામાં પોતે રહે છે. ભગવાને
કહેલા ઉપાયથી તેજોલેશ્યા સાધે છે. પાર્શ્વનાથ-
ભગવાનના અમુક શિષ્યો, જેમણે દીક્ષા છોડી દીધી
હતી. અષ્ટાંગ નિમિત્ત એમની પાસેથી શીખે છે.
અને અહંકારથી હું જ સર્વજ્ઞ છું, આ રીતે પોતે
કહેતા, પોતે વિચરે છે.

પછી સ્વામી છે જે શ્રાવસ્તિમાં
દસમું ચોમાસું કરે છે, વિવિધ તપસ્યાઓ કરે છે,
બહુલેચ્છ દ્રઢ ભૂમિમાં જાય છે. ઘણા ઉપસર્ગો ત્યાં
સહન કરે છે. એની બહાર પેઢાલ ગામ છે,
પોલાશ ચૈત્ય છે, અઠ્ઠમનો ભગવાનને તપ છે.
એક રાત્રિની પ્રતિમા, પ્રતિમાનો અર્થ છે વિશિષ્ટ
અભિગ્રહ, એ અભિગ્રહમાં ભગવાન સ્થિર છે.
શક્ર છે જે પોતાની સભામાં ભગવાનની અનુમોદના
કરે છે, કે આખા ત્રણભુવનના લોકો ભેગા પણ
થઈ જાય, બધા જ દેવો ભેગા થઈ જાય, બધા
મનુષ્યો ભેગા થઈ જાય, તો પણ કોઈની તાકાત
નથી, કે ભગવાનના ચિત્તને પોતે ચલિત કરી શકે.
એ સમયે સંગમ નામનો સામાનિક દેવ છે.
જેની ઇન્દ્ર તુલ્ય ઋદ્ધિ હોય. ઇન્દ્રનું પદ ના
હોય બાકી જેટલી ઇન્દ્રની ઋદ્ધિ હોય એટલી
એની ઋદ્ધિ હોય એટલી શક્તિ હોય, એને
સામાનિક દેવ કહેવાય. સંગમ નામનો સામાનિક
દેવ શક્રની સામે પ્રતિજ્ઞા કરે છે, તમે ગમે
તે બોલો, આજની અંદર એમને હું ચલાય-
માન કરી દઈશ. પ્રતિજ્ઞા કરીને પોતે ત્યાં
આવે છે. શક્ર જો એને રોકવા જાય,
ભગવાનની નાનમ થાય ને ભગવાનમાં શક્તિ-

નથી માટે રોકયા છે, એવું પુરવાર થાય. શીઘ્ર-
સ્તબ્ધ થઈ જાય છે. ખબર છે ભગવાન બિલકુલ
ચલાયમાન થવાના નથી. પોતાના જ્ઞાનથી શીઘ્ર પણ
જોઈ રહ્યા છે, અને આ બાજુ એ દેવ આવીને-
સૌ પ્રથમ ધુળની વૃષ્ટિ કરે છે. જેનાથી ભગવાન
આખે આખા ધુળની અંદર દટાઈ જાય છે. ભગવાન-
ના આંખ, કાન ના છિદ્રો છે એ પણ ધુળથી પુરાઈ
જાય છે. છતા પણ ભગવાન બિલકુલ વ્યાકુળાતા-
નથી, શ્વાસ પણ લઈ શકાતો નથી છતાં પણ
ભગવાન ચલિત થતા નથી. જંગલી કીડીઓ, વજ્ર
જેવું મોઢું હોય, એ છોડે છે ભગવાન ઉપર,
ભગવાનનું શરીર એ ચારણી જેવું થઈ જાય છે.
કીડી એક બાજુથી પ્રવેશ કરે, બીજુ બાજુથી -
નીકળે, છતા ભગવાન ચલિત થતા નથી. નકુલ,
સર્પ વગેરે એ બધાની વિકુરણા કરે છે, એ
ભગવાનના શરીર ને ખાય છે, માંસના લોચે લોચા
બહાર નીકળે છે, લોહીની ધારા થાય છે, છતા-
પણ ભગવાન ચલિત થતા નથી. આગળ વધીને
હાથી અને હાથણી ઓને વિકુર્વે છે, એ સુંઢથી
પોતે ભગવાનને પકડી પકડી ને પછાડે છે. વાઘને
વિકુર્વે છે, એ ભગવાન ઉપર પોતાના પ્રહાર થી,
નખ વગેરે થી ભગવાન ઉપર ઉપસર્ગ કરે છે.
સિદ્ધાર્થ અને ત્રિશલામાતા ને વિકુર્વે છે. ધ્રુસકે ને
ધ્રુસકે સિદ્ધાર્થ અને ત્રિશલા, એ જે વિકુર્વ્યા છે,
એ રડી રહ્યા છે, બેટા તુ આ શું કરે છે,
બેટા તુ આવી જા, ભલભલા પીગળી જાય એવા-
એ વિલાપ છે. પણ ભગવાન બિલકુલ ચલીત
થતા નથી. સૈન્ય ની વિકુરણા કરે છે, ત્યાં
લોકો આવે છે, ભગવાનના ચરણ માં અગ્નિ
પ્રજ્વલિત કરે છે, અને ત્યાં બધા વાસણ મુકીને

રસોઈ કરે છે. પછી ચંડાળોને વિકુર્વીત કરે છે,
એ પંખીઓના પાંજરા લાવે છે, ભગવાનની બાજુમાં
લગાડે છે, એ બહુ જંગલી પંખીઓ, બહુ-
વિકરાળ પંખીઓ છે. એ ભગવાનના કાન પાસે,
બાહુમુલ પાસે ત્યાંથી ભગવાનનું માંસ ઉખાડી-
ઉખાડીને ખાય છે. પ્રચંડ પવનની વિકુરણા-
કરે છે, પર્વતો પણ જેનાથી કંપાયમાન થઈ જાય,
એવું વાવાઝોડું આવે છે, ભગવાનને ઉછાળી-
ઉછાળીને પવન ભગવાનને નીચે જોરે જોરથી પછાડે
છે. પછી કલિકાવાસની વિકુરણા કરે છે, એનાથી
ભગવાન જોરે જોરથી ચક્રની જેમ ગોળ ગોળ ભમે
છે, ચક્કર આવી જાય, ને છતાં પણ ભગવાન
ચલિત થતા નથી. અંતે જેને આમ નાખવાથી
મેરુ પર્વતની ચુલા પણ ચૂર્ણ થઈ જાય એવું
સહસ્ત્રધાર પ્રમાણ એવું કાલચક્ર મુકે છે.
ભગવાન ઢીંચણ સુધી જમીનમાં નીચે જતા રહે છે
પછી સવારની વિકુરણા કરે છે, અને પછી
પોતે બોલે છે કે હે દેવાર્ય, કેમ હજુ પણ તમે
એમ જ છો, રાત પૂરી થઈ ગઈ, તમારો-
અભિગ્રહ પૂરો થયો, તમે કાઉસગ્ગ પારી લો,
ભગવાન જ્ઞાનથી જાણે છે કે રાત છે. દેવતાની
ઋદ્ધિ વિકુર્વે છે, અને કહે છે કે હે મહર્ષિ-
તમને સ્વર્ગ જોઈએ તો હું સ્વર્ગ પણ આપુ,
મોક્ષ જોઈએ તો મોક્ષ પણ આપુ, તમે
માંગી લો. ભગવાન ચલિત થતા નથી. દેવાંગના-
ઓની વિકુરણા કરે છે, સેંકડો અપ્સરાઓ
નીચે ઉતરી પડે છે, વસંતઋતુ જેવું વાતા-
વરણ થઈ જાય છે. દિવ્ય સંગીત રેલાઈ રહ્યું
છે, અપ્સરાઓ આજુબાજુ નૃત્ય કરી રહી છે,
ચેનચાળા કરી રહી છે. ભગવાનને લોભાવવા-

મારે આકાશ-પાતાળ એક કરી રહી છે, છતા-
પણ ભગવાન બિલકુલ ચલિત થતા નથી. એક-
રાતની અંદર વીસ-વીસ મહાઉપસર્ગો ભગવાનની
ઉપર કર્યા, અહીંયા કવિ બહુ સરસ મજાની કલ્પના
કરી છે, કે ભગવાન તમને બિલકુલ ગુસ્સો કેમ
ન આવ્યો ?

બહુ મજાની વાત કરે છે કે ભગવાન
ગુસ્સાને તમારા ઉપર ગુસ્સો આવી ગયો. અને
એનાથી ગુસ્સો તમને છોડીને જતો રહ્યો, એને
તમારા ઉપર ગુસ્સો કેમ આવ્યો ?

बलं जगद्ध्वंसनरक्षणक्षमम्,

એક નાની દેવતા હોય ને એ દેવતાની પણ-
શક્તિ એવી હોય, લાખ યોજનનો મેરૂપર્વત, એને
છત્રીના HANDEL ની જેમ પકડી લે. અને-
લાખ યોજનનો જંબુદ્વીપ આખ્ખ છત્રી ની જેમ -
પોતાના હાથમાં ઊંચો કરી દે એવી દેવતાની શક્તિ-
હોય. ઈન્દ્ર ની શક્તિ કેટલી ? ઉપર ઉપર ના
ઈન્દ્ર ની શક્તિ કેટલી ? અહમેન્દ્ર ની શક્તિ કેટલી
અને અહમેન્દ્ર કરતા પણ અનંતગણ જેમની ટચલી
આંગળીમાં છે. ચૌદ રાજલોકને BALL ની જેમ
પકડીને, અલોકમાં THROW કરવો હોય તો THROW
કરી શકે, એવી પ્રચંડ ભગવાનની શક્તિ,

बलं जगद्ध्वंसनरक्षणक्षमम् ।

આખી દુનિયાની પણ રક્ષા કરવાની શક્તિ, આખી
દુનિયાનો સંહાર કરવાની પણ શક્તિ,

कृपा च सा सङ्गमके कृतागसि ।

એક બાજુ આટલું બળ, અને બીજુ બાજુ આટલી
બધી ક્ષમા, ભગવાન આ દ્રશ્ય જોઈને ગુસ્સાને જ
તમારા ઉપર ગુસ્સો આવી ગયો, અને ગુસ્સો તમને

DATE

છોડી ને જતો રહ્યો. સંગમે એક રાતમાં વીસ-
મહાઉપસર્ગો કર્યા, હાર્યો છે, પણ હવે એમને-
એમ જતા શરમ આવે છે. ૭ મહિના સુધી
ભગવાનની પાછળ ને પાછળ સંગમ પડ્યો છે.
ભગવાનને પારણું હતું, ભગવાન ગોચરી ગયા હતા.
નિર્દોષ દ્રવ્ય હતું, પૈસા ભાવથી વહોરાવના હતા.
સંગમ એ તપેલીને થોડો ધક્કો મારી દે. એ
ઢોળાઈ જાય, ભગવાન જુએ અનેષણા થઈ
દોષ લાગ્યો, ભગવાન ત્યાંથી નીકળી જાય!
૭ મહિના સુધી પાછળ ને પાછળ ફરી અનેષણા
કરી, શાસનની અપભ્રાજના કરી. ભગવાને -
જોયું આ શાસનની અપભ્રાજના કરે છે. ગોચરી
જવાનું ભગવાને બંધ કર્યું છે. ૭-૭ મહિનાના -
ભગવાનને નિર્જળ ઉપવાસ થયા છે. એકસો
એંસી ચોવિયાર ઉપવાસ ભગવાનને થયા,
એક તો ઉપવાસ, એમાં તપશ્ચર્યા, એમાં આ
પરિષહો, એમાં ઉપસર્ગો, કલિકાલ સર્વજ્ઞ એ
ત્રિશષ્ટિ ચરિત્ર ની અંદર જ્યાં ભગવાનનું ચરિત્ર
લખ્યું છે, જ્યાં ભગવાનના ઉપસર્ગો આવ્યા -
ત્યાં ઉપસર્ગો નું વર્ણન કરતા ગયા... કરતા
ગયા, આપણે બધા બહુ કઠણ છીએ, અમે
બોલી લઈએ છીએ, તમે સાંભળી લો છો,
કલિકાલ સર્વજ્ઞ વિહ્વળ થઈ ગયા છે,
ત્રિશષ્ટિ શલાકા ચરિત્ર એનું દસમું પર્વ, હું -
કહું છું તમે બીજું કોઈ જ ન વાંચી શકો ને
માત્ર ભગવાનનું ચરિત્ર વાંચો, આખે આખો
મોક્ષ માર્ગ ભગવાનના ચરિત્રમાં છે. શૂલપાણી
નું વર્ણન કર્યું છે, ચંડકૌશિકનું, ગોવાળિયાનું,
સંગમનું, ને આ વર્ણન કરતા કરતા
કલિકાલ સર્વજ્ઞ લખે છે,

धिक् सुकृतानि जगतो यैः स्वामिप्रभवैरपि।

ભગવાનના કર્મ હતા, કબુલ છે. જે પેલા ભુવો અજ્ઞાની હતા કબુલ છે, આપમાં વિવેક ન હતો, જે અનાર્ય દેશના લોકો હતા, ગાળો આપતા, લાકડી.. લાકડીએ મારતા, જંગલી કુતરાઓને છોડી દેતા, ભય કરડો ભગવાનને, ને એ બધાની અંદર તો વિવેક ન હતો, પણ શું ધર્મી આત્મામાં પણ વિવેક નહીં! એક બાજુ ભગવાન ઉપર ઉપસર્ગોની ઝડી વરસતી હતી, અને શ્રાવકો હતા એ અષ્ટપ્રકારી પૂજા કરતા હતા. કોઈ શ્રાવકો હતા જે કોઈ તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. કોઈ શ્રાવકો હતા સામાયિક લઈને બેઠા હતા, પૌષધ લઈને બેઠા હતા. કોઈ શ્રાવક હતા નવકારવાળી ગણતા હતા. કોઈ દેવો હતા જે પોતે નંદીશ્વર દ્વીપની અંદર અષ્ટાહ્નિકા મહિમા કરતા હતા, અને કલિકાલ સર્વજ્ઞ કહે છે, એક બાજુ ભગવાન ઉપર ઉપસર્ગો ચાલતા હોય, કોઈ દેવ પોતાની દેવી સાથે ભોગ ભોગવતા હોય, કોઈ ઉદ્યાન ક્રિડા કરતા હોય, કોઈ જલક્રીડા કરતા હોય, એમને તો ધિક્કાર છે જ! ભગવાન પરના ઉપસર્ગો વખતે જે દેવો જે પોતે નંદીશ્વરની યાત્રા કરતા હતા ને, એમને ય ધિક્કાર છે! ભગવાનના ઉપસર્ગો વખતે જે શ્રાવકો પોતે પોતાના સંસારમાં જ પડ્યા હતા, પત્ની ને દીકરામાં પડ્યા હતા, ધંધા ને ધાપામાં પડ્યા હતા, એમને તો ધિક્કાર છે જ. જે શ્રાવકો ભગવાનના ઉપસર્ગો વખતે સામાયિક અને પ્રતિક્રમણ કરતા હતા, પૌષધ અને નવકારવાળી કરતા હતા, એમને ય ધિક્કાર છે.

धिक् सुकृतानि जगतः।

એ દુનિયાના સુકૃતોને ધિક્કાર છે. દુષ્કૃતોને ધિક્કાર તો હજુ આપણે કદાચ સમજ્યા છીએ, કલિકાલ સર્વજ્ઞ આપણને સમજાવવા માંગે છે, જ્યારે શાસન ઉપરની આપત્તિ હોય, જ્યારે ભગવાન ઉપરના ઉપસર્ગો હોય, જ્યારે સંઘની સ્થિતિ વિષમ હોય, એ સમયે તમારી સંસારની ક્રિયા તો ધિક્કાર પાત્ર છે જ, તમે શાસનના નામે, ધર્મના નામે આરાધનાના નામે, છતી શક્તિએ, એક બાજુ કંઈક આપત્તિ આવી છે, એક બાજુ કંઈક જરૂર છે, - આપણે વિચારીએ હું તો મારી આરાધના કરું - મારી રોજની સામાયિક, આ સમયે હું સામાયિક કરું છું માટે હું સામાયિક કરવાનો, કેટકેટલી જડતાના આપણે ભોગ બનેલા હોઈએ છીએ, આપણે છે ને ખરેખર આમ વિવેકશક્તિ, શાસ્ત્રની - દ્રષ્ટિથી લઈને આપણી વિવેક શક્તિ માપીએ ને તો ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરવાનું કદાચ આપણને થઈ જાય !

શૂલપાણી આજી રાત ભગવાન ઉપર ઉપસર્ગો કરે છે. લોકો ક્યાં છે બધા, લોકો - ઘરમાં છે, ભગવાન અને ભગવાનનું શાસન કાંઈ જુદું નથી. આપણે કલ્પના કરીએ ધારોકે એ સમયે આપણે હસ્તિગ્રામમાં રહેલા છીએ, તો આપણે શું કરીએ ?, ભગવાનના ભક્ત કહેવાતા આપણે, ભગવાનના અનુયાયી કહેવાતા આપણે ભગવાનના રાગી કહેવાતા આપણે, અને આપણને કોઈ પૂછે તો આપણે વિચાર કરીએ, આપણે બધું જ છોડી ને દોડી જાત. એ શૂલપાણી હોય કે ગમે તે હોય, આપણે વચ્ચે આવી જાત, જ્યાં સુધી આપણે જીવતા હોત, ભગવાનને ઉની આંચ

ન આવવા દેત. આપણે કદાચ વિચારીએ, હું -
તમને કહું છું આ કોઈ ભૂતકાળની વાત નથી,
આ વર્તમાન ની વાત છે. જ્યાં સુધી ભગવાન અને
ભગવાનના શાસનમાં આપણને ભેદ દેખાય છે, ત્યાં
સુધી સાચી પ્રીતિ આપણને મળી નથી.

આજે પણ ભગવાન એ હસ્તિગ્રામમાં -
શુલપાણી યક્ષના મંદિર ની અંદર ઉભા છે. એ
હાથી આવે છે, સૂંઢ થી ભગવાનને પકડે છે,
ભગવાનનું માથુ અંભેરથી પછડાય એ રીતે ભગવાન -
ને પછાડે છે. આજે પણ ભગવાનના શાસન ઉપર
જે ઉપદ્રવ થઈ રહ્યા છે, જે ઉપસર્ગો આવી રહ્યા
છે, જે આપત્તિ ઓની ઝડી વરસી રહી છે. એ
હકિકતમાં ભગવાન ઉપરના જ ઉપસર્ગ છે. કલિકાલ
સર્વજ્ઞ કહે છે,

'धिक् सुकृतानि जगतः।

આપણે માત્ર ને માત્ર ધંધા ધાપામાં બેઠા છીએ,
તો એ ધિક્કાર! અને આપણને માત્ર ને માત્ર
આપણી આરાધના દેખાય છે, તો એ આપણા -
ઉપર ધિક્કાર. તમને કહું છું ભગવાન ઉપર -
ઉપસર્ગ છે. એ હસ્તિગ્રામ ના લોકો એમના ઘરે
હતા, આપણે પણ બધા આપણે ઘરે છીએ. બધા
સમયે, બધા સ્થાને આપણી હાજરી ક્યાં હોય છે?
આપણે તો સ્વામી વાત્સલ્ય હોય તો બધા આવીએ
પર્યુષણ હોય તો બધા આવીએ, આપણે બધા મહોત્સવ -
ના મહેમાન. મહોત્સવ મનાવી ને આપણે બધા છુટા
પડી જઈએ. અને ભગવાન છે એ એવી ને એવી
સ્થિતિમાં હોય.

'धिक् सुकृतानि जगतः
यैः स्वामीप्रीतिवैरपि ।

DATE

ભગવાન માંથી ઉભા થયેલા સુકૃતો, ભગવાને જ ઉપદેશેલા સુકૃતો, ભગવાન માંથી ઉતપન્ન થયા, અને હતા પણ,

कृतं नैविघ्ननिघ्नात्मा स्वामी भ्रातो न दुर्विधेः।

ભગવાનના કર્મો હતા, ભવિતવ્યના હતો, લોકો અજ્ઞાની હતા, પણ આપણા ભગવાન ઉપસર્ગોની ઝડી વરસે, આ તો કઈ રીતે ચાલી શકે.

બહુ પ્રેમથી તમને કહું, એક બાજુ સંઘ ઉપર આપત્તિ આવી હોય શાસન ઉપર આપત્તિ આવી હોય, અને આપણને થાય કે આ બધુ આપણને ફાવે નહિ, આપણને તો આ ફાવે ને આપણે આ કરીએ, તો એને સુકૃત ગણાય કે નહીં ? બૃહત્કલ્પ ભાષ્યની અંદર પ્રાચીન પરમર્ષિ કહે છે,

जो जेण गुणेण अहिओ

તમારી પાસે જે પણ શક્તિ હોય, શરીરની શક્તિ છે, શાસનમાં લગાડો, બુદ્ધિની શક્તિ છે, શાસનમાં લગાડો. પૈસાની શક્તિ છે, શાસનમાં લગાડો.

सो तम्मि तम्मि कज्जे संत थामं न हावेइ

તમારી શક્તિનો જો તમે થોડો ઓછો પણ USE કર્યો. તો તમે અપરાધી થશો. ભગવાનના અને ભગવાનના શાસનના ગુનેગાર થશો,

धिक् सुकृतानि जगतः।

જો આજે ને અત્યારે આપણી શક્તિઓ શાસનને કામ નહીં લાગે, તો આપણા સુકૃતો પણ આપણને કામ લાગશે નહીં.

## જ્યાં વિવેક છે ત્યાં બહુ સુકૃત છે !

જ્યાં સમજણ છે ત્યાં જરૂર સુકૃત છે !

શાસન સાથેની આત્મિયતા છે ત્યાં જરૂર સુકૃત છે !

આપણી મનમરજીથી આપણે ગમે-તેટલું કર્યા કરીએ, તાત્વિક દ્રષ્ટિએ તે સુકૃત નથી. છ મહિના પુરા થયા છે, ભગવાન વિચારે છે કે સંગમ ગયો હશે, ભગવાન મથ છે પારણું કરવા, ફરી હોબ લગાડે છે ને ભગવાન પાછા ફરે છે, ને સંગમ ઉપયોગ મુકે છે ભગવાનની મનસ્થિતિ કેવી છે ? એને જુએ છે બિલકુલ ગ્લાનિ નથી, લાચારી નથી, ગુસ્સો નથી, આ ક્યાં આવી ગયો-ખાવા સુદ્ધા મળતું નથી, ક્યાં મેં દીક્ષા લીધી ! આવો કોઈ વિચાર સુદ્ધા ભગવાનના મનમાં નથી. અને સંગમ છે એને થાય છે, ખરેખર, છ મહિના-મેં મારા જગાડ્યા, અહીંયા આવવા જેવું ન હતું, શંકા કરવા જેવી ન હતી, બસ હવે પાછા જવું છે પણ મારે જ્યાં જવાનું છે ત્યાં બધા એમના ભક્ત છે હવે એમને સારું લાગે એના માટે ભગવાન ને દ્રષ્ટયથી વંદન કરે છે. માફી માંગે છે. કહે છે હવે તમારે જ્યાં જવું હોય ત્યાં ભમ, હવે તમે વહોરવા જમો હું નહીં આવું, ચિંતા કરતા નહી ને ભગવાન કહે છે કે સંગમ મને તો કોઈ જ ચિંતા નથી. અમે કોઈને આધિન નથી, અમે અમારી ઈચ્છાથી જઈએ છીએ, રહીએ છીએ. તારે એની ચિંતા-કરવાની જરૂર નથી ને સંગમ ફરી માથુ નમાવીને જઈ રહ્યો છે, અને આ બાજુ ભગવાનની આંખમાંથી આંસુ પડે છે. આપણી જેવી સ્થિતિ છે એવી સ્થિતિ એટલા માટે છે, કારણકે આપણે આપણા ભગવાનને ઓળખ્યા નથી. વીસ-વીસ ઉપસર્ગો

એક રાતમાં કર્યા, પછી છ મહિનાના નિર્જળા - ઉપવાસ કરાવ્યા, પછી એ વ્યક્તિ વિદાય લઈ રહી છે ને ભગવાનની આંખમાંથી આંસુ નીકળે છે. કલિકાલ સર્વજ્ઞના શબ્દો છે,

तितारयिषो वयं विभ्रमस्य संसारकारणम् ।

આખી દુનિયાને તારવા માટે આ ભવ મેં લીધો, આખી દુનિયાને મોક્ષે પહોંચાડવા આ સાધના મેં કરી, અને મને જ પામીને, મારું જ નિમિત્ત લઈને આ આત્મા પોતાના સંસારને વધારીને ગયો છે. એ કરુણાથી ભગવાનની આંખમાંથી - આંસુ આવે છે. સંગમ દેવલોકમાં પહોંચે છે ને આ બાજુ છ મહિના સુધી નાટક, ચેટક, નાચ, ગાન, આનંદ, પ્રમોદ, મસ્તી, મમક બધું જ દેવલોકની અંદર બંધ છે. શક્ર માથે હાથ રાખીને આમ બેઠો છે. આંખમાંથી આંસુ મય એવી સ્થિતિ છે. વિલાપ કરે છે, જેમ થાય હમણાં મરું ને પેલાને બોચી એથી પકડીને કાઢી મુકું. પણ એ કહે છે આ તો તમારી શક્તિ, ભગવાનની શક્તિ નથી. ન જોઈ શકાય, ન રહી શકાય, ન સહી શકાય, અને શક્રની જે હાલત છે, સંગમ જ્યાં આવે છે સભામાં પ્રવેશ કરે છે, શક્ર પોતે મોઢું ફેરવી લે છે. દેવોને કહે છે આ પાપી છે, આ અધમ છે, આ નીચ છે, આ અહીંયાં આવવો ન જોઈએ એનું મોઢું પણ હું જોવા માંગતો નથી, કાઢી મુકો એને. દેવો બધા એના ઉપર અપશબ્દ ની વરસાદ વરસાવે છે. કોઈ લાત મારે છે, કોઈ લાકડી મારે છે. કોઈ એનું અપમાન કરે છે અને સંગમ છે એ પોતે ગભરાય મય છે, જાણે કોઈ અંગારી હોય, દેવે બુઝાઈ ગયો હોય,

DATE

નિસ્તેજ થઈ ગયો હોય, આ રીતે સંગમ છે એ ત્યાંથી પછી રવાના થાય છે. મેરુ પર્વતની ચુલા ઉપર જાય છે, શક્રની આજ્ઞાની એની બાકીનો બધો જ પરિવાર ત્યાં જ રહે છે. ફક્ત એની આઠ-પટરાણી હતી જે પોતાના સ્વામી પાસે જાય છે. એક સાગરોપમનું આયુષ્ય એનું બાકી છે, અને એ ત્યાં પુરુ કરશે.

ભગવાન હવે આલંભિકા નગરીની અંદર, પછી ભગવાન પધારે છે. ત્યાં હરીકાંત-વિદ્યુત કુમાર ઇન્દ્ર એ ભગવાનનું પ્રિય પુછવા માટે આવે છે, શ્રાવસ્તિમાં શક્ર આવે છે, ભગવાનને વંદન કરે છે. એનાથી ભગવાનનો મોટો મહિમા-થાય છે. કૌશાંબીમાં ચંદ્ર-સુર્યનું અવતરણ થાય છે, વારાણસી માં શક્ર, રાજગૃહીમાં ઇન્દ્ર, મિથિલા માં-જનકરાજા અને ધરણેન્દ્ર તે પ્રિય પુછે છે, વૈશાલી નગરીમાં અગિયારમું ચોમાસુ કરે છે. ત્યાં ભુતેન્દ્ર આવી ને ભગવાનની શાતા પુછે છે. કુમાર નગરીમાં જાય છે ત્યાં ચમરોત્પાત થાય છે. ભગવાન કૌશાંબી નગરી માં જાય છે ત્યાં શતાનિક નામનો રાજા, એ હોય છે. મૃગાવતી નામની રાણી છે, શ્રાવિકા મૃગાવતી ની-બહેનપણી છે.

ભગવાન પોષ વદ એકમ, એ દિવસે એવો અભિગ્રહ લે છે, દ્રવ્યથી સુપડામાં રહેલા અડદ ક્ષેત્રથી એક પગ ઉંબરા ની અંદર, એક પગ ઉંબરા ની બહાર, આ રીતે કરીને રહે છે. કાળથી નિવૃત ભીક્ષાચર છે, ભાવથી રાજકુમારી છે, દાસત્વ પામેલી છે, મુંડિત મસ્તક છે, બેડી ચરણ છે, રડી રહી છે અને અઠ્ઠમની એને તપ છે. આવી કોઈ વ્યક્તિ મને

વહોરાવે, તો હું લઈશ. આ રીતે અભિગ્રહ લઈને ભગવાન રોજ-રોજ ભીક્ષા માટે ભ્રમણ કરે છે. મંત્રી વગેરે અનેક ઉપાય કરે છે. અભિગ્રહ પુરો થતો નથી.

આ બાજુ સતાનીક ચંપા નગરીને ભાંગે છે. દધિવાહન રાજાની જે પત્ની ધારિણી નામ છે, દીકરી વસુમતી છે, કોઈક સૈનિક એ બંનેને પકડે છે અને લઈ આવે છે. ધારિણીને એમ કહે છે કે તને મારી પત્ની કરીશ. આવું સાંભળતા ની સાથે ધારિણી પોતે જીભને કચડીને આપઘાત કરી લે છે, જેનાથી પોતાના શીલની રક્ષા થાય. વસુમતી છે એ પણ પોતે એકદમ ગભરાય જાય છે, એને થયું કે- આ પણ મરી જશે એટલે દીકરી કહીને એને પ્રેમથી લઈ આવે છે. ચૌટે એને વેચવા માટે રાખે છે. ધનાવહ શેઠ એને લે છે. ચંદના એનું નામ- રાખે છે, પુત્રી તરીકે સ્થાપિત કરે છે. એને ખુબ જ વ્હાલી થાય છે. ધનાવહ શેઠના પગ છે, એને પોતે પ્રક્ષાલન કરતી હોય છે ચંદના, વેણી છે એની જમીન ઉપર પડી છે, પાણીમાં બગડે નહીં. માટે શેઠ એને બાજુમાં લઈ ને મુકે છે, અને એ સમયે એની પત્ની જુએ છે, એને લાગે છે કે આ તો જુવાન છે, નાની છે, એટલે એ હવે શેઠાણી થશે. હું તો દાસી થઈ જઈશ. એના પર ગુસ્સો આવે છે. એનું માથું મુંડી દે છે. એને બેડી પહેરાવે છે, અને એને નીચે ભોંયરામાં- પુરી દઈને બહાર તાળુ લગાડી દે છે, અને પોતે ક્યાંક જતી રહે છે. શેઠ ગોતાગોત કરે છે, માંડ-માંડ ચોથા દિવસે નજર પડે છે, તાળુ ખોલે છે, એને બહાર લાવે છે. દરવાજા પાસે

બેસાડે છે. જુએ છે કે આ ભુખી છે એને કાંઈક
ખાવાનું આપી દઉં. એટલે જુએ છે ને કોઈ બીજું
મળતું નથી. તો પાત્ર તરીકે સુપડું મળે છે, ખાવાની
વસ્તુ તરીકે અડદના બાકુડા મળે છે. એ અંદર-
મુકીને એમની પાસે મુકે છે. અને લુહાર ને-
બોલાવવા માટે પોતે જાય છે. ચંદના છે, ત્રણ-ત્રણ
દિવસના ઉપવાસ છે, ક્યાં એવી રાજકુમારી હતી ને
ક્યાં એવું દુઃખ આવી ગયું, દરવાજામાં ચંદના બેઠી
છે, અને વિચારે છે, કોઈ સાધુ આવે, તો એમને
આપીને હું પારણું કરું. આ રીતે વિચારતા હોય છે,
આ બાજુ ભગવાન પણ વિચરતા-વિચરતા ત્યાં ગોચરી-
માટે આવે છે, અને એ પણ ખુબ જ ખુશ થઈ-
જાય છે, પધારો પ્રભુ, આપ લો, ભગવાન લાભ આપો,
અને ભગવાન જુએ છે બધા જ અભિગ્રહ પુરા થયા
છે, કેટલા મહિનાના ઉપવાસ થયા છે ભગવાનને ?
પાંચ મહિનાને પચ્ચીસ દિવસ. એક તો રાજકુમારી
હોય ને મુંડેલુ માથુ હોય ને, પગ એક બહાર હોય ને
એક અંદર હોય ને, બેડી હોય ને, ત્રણ ઉપવાસ હોય,
થોડા આપણે ઢીલા પડીએ ને, એ દ્રશ્ય નજર સામે
લાવવાનું કે ભગવાનની એક CONDITION બાકી રહી
છે, અને ભગવાન પાછા વળી ગયા. નાની .. નાની
બાબતમાં બાંધછોડ, નાની .. નાની બાબતમાં નિઃસત્ત્વ-
-તા, નાની-નાની વાતમાં આપણે નિયમ તોડી નાખીએ,
નાની .. નાની વાતમાં ઢીલા પડી જઈએ. પાંચ મહિનાને
પચ્ચીસ ઉપવાસ થયા છે, પારણાની બધી જ
શક્યતા છે, ફક્ત આંખમાં આંસુ નથી, ભગવાન-
પાછા ફરી રહ્યા છે. ચંદનાને આઘાત લાગે છે,
ભગવાન આવી ને એમ ને એમ જશે. શું મને
લાભ નહીં મળે, પ્રભુ પધારો અને ભગવાન પાછળ
જુએ છે, જે ખુટતું હતું તે આવી ગયું છે, ભગવાન

આગળ આવે છે, પોતાના બે હાથ બે આમ પસારે છે અને ચંદનબાળા પોતે અડદના બાકુળા ભગવાનને વહોરાવે છે. દેવતાઓ રાસડા લે છે. ગીત અને નૃત્ય કરે છે. નગરી આખી ભેગી થાય છે. રાજા.. મંત્રી બધા પણ આવે છે. સોનામહોરની પણ વૃષ્ટિ થાય છે.

કવિ અહીંયા કહે છે કે ચંદના- કેવી છે ? તો ચંદનાને બાળા કહેવાય છે. બાળા એટલે બાળકી, બાળા એટલે બચ્ચી. એ તો કાંઈ બચ્ચી નથી એ તો બહુ હોંશિયાર હતી, બહુ બુદ્ધિશાળી હતી. ભગવાનને આપ્યા અડદના બાકુળા, અને બદલામાં આખો મોક્ષ લઈ લીધો. તો પછી એને કાંઈ બાળકી ન કહેવાય. પંચ દિવ્ય થયા, શક્ર આવ્યા, દેવતાઓ નાચ્યા, માથામાં વાળ આવી ગયા. જે બેડીઓ હતી તે ઝાંઝરી થઈ ગયા, એમના ફૈબા હતા- મૃગાવતી સાથે મિલન થયું. અને જે સોના- મહોરો વરસી, પેલા રાજાને થયું કે આ તો રાજ્યમાં વરસી તો મારી કહેવાય. એ લેવા- જાય છે, અને શક્ર છે એમને ના પાડે છે, ચંદના કહે છે કે મારા જે ધર્મ પિતા છે, ધનાવહ શેઠ એમનું આ ધન છે, એમને આપવામાં આવે છે.

શક્ર કહે છે કે મહાવીર સ્વામી ભગવાનના પહેલા સાધુની આ વિધિ થશે, એવી રીતે કહીને શક્ર પોતે દેવલોકમાં જાય છે. કૂંભિક ગામમાં શક્ર નાટ્ય વિધિની બતાડીને આટલા દિવસથી તમને કેવળજ્ઞાન થશે. આ રીતે પોતે

કહે છે. મેંઢીગ્રામમાં ચમરેન્દ્ર આવીને ભગવાનની શાતા પુછે છે. શમ્માણી ગામમાં બહાર ભગવાન-પ્રતિમામાં ઉભા છે. ગોવાળિયો આવે છે, પોતાના જે બળદ છે, એ બળદને મૂકીને ગામમાં જાય છે. આવી ને પુછે છે કે હે દેવાર્ય મારા બળદો ક્યાં ગયા? ભગવાન જવાબ આપતા નથી. ગુસ્સો આવે છે, ઝાડની જેવી ડાળીઓ, આપણે ખીલ્લા-કહીએ, હકીકતમાં સળી છે, પણ કેવી છે ખીલ્લા જેવી છે, બંને કાનની અંદર એ ડાળીઓ નાખે છે. અંદર માથાની અંદર બંને શલાકા મળી જાય, ત્યાં સુધી નાખ્યા છે. બહાર કોઈ જુએ તો કઢાય-કાઢી નાખે. એટલે બહારથી કાપી નાખે છે, કોઈને ખબર ના પડે માટે. ભગવાને જે શૈયા-પાલકના કાનમાં સીસા નો રસ રેડાવ્યો હતો, એ કર્મ અહીંયા ઉદયમાં આવ્યું. અને ભગવાન-ના કાનમાં પણ આ રીતે કદશલાકા નખાવામાં આવી. એ શૈયાપાલક જ મરીને ગોવાળીયો થયો હોય છે. એણે ભગવાન ઉપર આ રીતે ઉપસર્ગ કર્યો.

ભગવાન મધ્યમપાપામાં ગયા, સિદ્ધાર્થ નામના વેપારી નું ઘર છે. ભીક્ષા માટે ભગવાન આવ્યા છે. એક ખરક વૈદ્ય હોય છે અને એ પણ ત્યાં હાજર હોય છે. ને એ જુએ છે ભગ-વાનની જે સ્થિતિ છે એમના શરીરમાં ક્યાંક-શલ્ય હોવું જોઈએ. ભગવાન તો ગોચરી લઈને જતા રહે છે. એ સિદ્ધાર્થ અને વૈદ્ય એ બંને ત્યાં ઉદ્યાનમાં આવે છે. સાણસા લઈ-ને જે શલાકા હતી એને બહાર કાઢે છે. એ બહાર કાઢે છે ત્યારે એટલી બધી વેદના

થાય છે શરીર છે જે શરીરનું કામ કરે છે, એક થીસ નીકળી જાય છે આખું ઉદ્યાન-જેવું ભયાનક બની જાય છે. લોકો ત્યાં એક દેવળ પણ બનાવે છે. સંગૃણી ઔષધ એનાથી ભગવાન નિરોગી થાય છે. વૈદ અને વાણિક બે બંને દેવલોકમાં જાય છે. ગોવાળિયો હતો એ મરીને સાતમી નરકમાં જાય છે. આ-રીતે ઉપસર્ગો ગોવાળિયા થી શરૂ થયા, ગોવાળિયા થી પુરા થયા. આ ઉપસર્ગોનો જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ વિભાગ કર્યો છે, એ કહે છે જઘન્યમાં ઉત્કૃષ્ટ, કટપુતનાનો શીતોપસર્ગ, મધ્યમમાં ઉત્કૃષ્ટ, કાળચક્ર. ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ કર્ણ કીલક. જે કાનમાં ખીલા નાખ્યા હતા એ નહીં, પણ જે ખેંચવામાં આવ્યા, એ ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ ઉપસર્ગ હતો.

ભગવાનની આ દીક્ષા, ભગવાનનો આ ત્યાગ ભગવાનનો વૈરાગ્ય, ને ભગવાનની જે સહનશીલતા, માત્ર સાંભળવું નથી, આજે એક સંકલ્પ કરીએ, જીવનમાં આપણને આવતા કષ્ટો સાવ નાના હોય છે, એની ફરિયાદ નહીં કરીએ, એના રોદણા નહી રોઈએ, એટલું યાદ કરશું મારા ભગવાને આટલું બધું સહન કર્યું, તો આમાંતો કઈ મોટી વાત છે. એ રીતે સમભાવથી સહન કરીએ. આ પણ ભગવાનની એક પ્રકારની પૂજા કહેવાય.

# પ્રવચન - ૧૩

ઠાકોરો ની વસ્તિ છે, કંઈ પણ એમને ઘરનું પ્રયોજન હોય, આપણામાં જેમ શ્રીફળ વધેરવું, એ રીતે એમના માટે બકરો વધેરવો. તો-આ રીતની અંધશ્રદ્ધા પણ હોય છે. એક સમયે તો આવા એ દુર્ગતિમાં ધકેલવા માટે દ્રશ્ય-બતાડી દીધું, બાકી કાંઈ પછી એ દેવ એ નવરો હોતો નથી. યજ્ઞ કરનાર છે એનું કાંઈ ભલુ કરવું, કે આવા પશુને આ રીતે હોમાડવો, પશુની તો એની જે ગતિ મળી તે મળી, પણ એકવાર આગમી ના મનમાં ઘુસી ગયું, એ જે ચાલી પડે છે, એને અટકાવવું અઘરું હોય છે. એને સમજાવવા જઈએ, તો એ ડરતો હોય છે કે જો હું નહીં કરું તો પછી મારું કાંઈ ઊંધુ થતુ તો નહીં થાય ને! એટલે એની પાસે શ્રદ્ધા નથી. અંધશ્રદ્ધા છે, તત્વજ્ઞાન એને મળ્યુ નથી, બહુ મોટી સમજવાની વાત એ છે કે જિનશાસનની વ્યવસ્થા કેટલી સૂક્ષ્મ, જીવોની પ્રરૂપણા કેટલી સુક્ષ્મ, કેટલી સુક્ષ્મ એનો આચાર માર્ગ છે. આગળ પણ એની વાત આપણે કરશું.

ભગવાન કમઠ ને કહે છે, કે તમે આ હિંસા કરો છો. દયા નથી, તો તમારું જે કષ્ટ છે એ ખોટું છે. ભગવાન કહે છે,

कृपानदीमहातीरे सर्वे धर्मतृणाङ्कुराः।

દયા જે મોટી નદી છે, તો એના કિનારે બધા ધર્મ ઘાસના અંકુર બરાબર છે.

तस्यां शोषमुपेतायां कियद् नन्दन्ति ते चिरं॥

જો દયા નામની નદી એ સુકાઈ ગઈ, તો જે ધર્મના અંકુરો છે એ કોઈ વધારે ટકી નહીં શકે, વધારે જીવી નહીં શકે. એ મુર્ઝાઈ જશે. અને આ

DATE

સાંભળીને કમઠને ગુસ્સો આવે છે. કમઠ કહે છે કે રાજપુત્રો હાથિ ને જે બધું ઘોડા કેમ ચલાવવાને યુધ્ધ કેમ કરવું જે એમને ખબર પડે, ધર્મને તો અમે તપસ્વીઓ જાણીએ, તમારે આમાં કોઈ માથુ મારવાની જરૂર નથી.

એ સમયે પાર્શ્વકુમાર લોકો બધા જોઈ રહ્યા છે આગમને ઈશારો કરે છે, જે લાકડું જે બળતુ હતુ એને બહાર કાઢે છે, જે ફાડિયા કરે છે, સાપ નિકળે છે જે દાઝેલો હતો, બળેલો હતો, હજુ પણ એનામાં જીવ છે, અને જે થોડો ટળવળી રહ્યો છે, ભગવાન પોતાના આગમ દ્વારા, એને નવકાર સંભળાવવા આવે છે, અને જે નવકાર મંત્ર સાંભળી ને સમાધિમાં જે સર્પ કાળ કરીને ધરણેન્દ્ર દેવ થાય છે લોકો પણ ભગવાનની ખુબ ખુબ-પ્રશંસા કરે છે, પછી લોકો પોતપોતાના સ્થાને જાય છે.

રત્નાની પ્રશ્ન :- ભગવાન પોતે નવકાર ન બોલે?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે આમાં ના બોલવું એવું નથી ! ગચ્છાધિપતિશ્રી ને ઉમળાં જ ચાતુર્માસ પહેલા જ મેં પ્રશ્ન કર્યો હતો કે સાહેબ તીર્થંકરો છે એ ગૃહસ્થપણામાં-દેશવિરતિનું પાલન કરે કે ના કરે ? સામાયિક કરે કે ના કરે, પ્રતિક્રમણ કરે કે ના કરે ? સ્પષ્ટ એવા કોઈ અક્ષરો કોઈ ચરિત્રોની અંદર મળતા નથી અને એના માટે પ્રશ્ન કર્યો હતો. ભગવાનની પૂજા કરવા માટે જાય કે ના જાય ?

અમુક ભગવાનના ચરિત્રો, સચિત્ર જોવા બહાર-
પડેલા છે, જેની અંદર એવું બતાવ્યું છે કે ભગવાન
સામાયિક કરે છે. ભગવાન ગુરુ વંદન કરે છે, અને
ભગવાન પૂજા પણ કરે છે આવા પણ દ્રશ્યો છે.
સ્પષ્ટ અક્ષરો મળતા નથી, ચરિત્રકારે એમાં લખ્યું-
છે કે આવુ શાસ્ત્રોમાં વર્ણન છે. શાસ્ત્ર હોય તો-
પણ મારા જોવામાં આવ્યું નથી અને એટલા માટે
ગચ્છાધિપતિશ્રીને પ્રશ્ન કર્યો, અને ગચ્છાધિપતિશ્રીએ
જવાબ આપ્યો, કે ભગવાન રોજ આપણી જેમ દેવ-
રાજીને પૂજા કરે જ એવું પણ નહીં. અને ઘરમાં
બધા શ્રાવકો છે, પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના
શ્રાવક, સિધ્ધાર્થ અને ત્રિશલા માતા છે. એવી
રીતે પૂર્વ-પૂર્વના પણ જે ભગવાન, એમના માતા-
પિતા કેવા હતા ?, એક આદિનાથ ભગવાન છે
એમની પહેલા તો ધર્મ હતો જ નહીં. માટે એ
શ્રાવક-શ્રાવિકા ન હતા. બીજા બધા તીર્થંકરો,
જે ઇક્ષ્વાકુ કુળ કે હરિવંશ કુળમાં ઉત્પન્ન થયા
છે. જૈન ધર્મની પરંપરા ચાલુ છે, એમના માતા-
પિતા પણ શ્રાવક હોય. બધા કહે ચાલો, તો
જ્યારે બધા કહે ભાઈ નમે ચાલો, તો ના પાડે
નહીં. બધા જતા હોય તો સહજ રીતે જાય પણ
ખરા. પણ REGULAR આ બધી દેશવિરતિ ની
આરાધના કરવી, જે તીર્થંકરોના ગૃહસ્થપણામાં એવો
કેશ્યુથાન આચાર હોતો નથી. કરે પણ ખરા-
ના પણ કરે. ભગવાન છે એ નવકાર એ કેમ
ના બોલે, તો એનો જવાબ આપણને દીક્ષા વિધિ
પરથી મળે છે. ભગવાન દીક્ષા પહેલા શું બોલે-
છે ?, નમો સિધ્ધાણં ! અને નમો સિધ્ધાણં એટલા
માટે બોલે છે કારણકે અરિહંત તો પોતે જ છે,
એટલે સિધ્ધ ભગવંતો ને નમસ્કાર કરે છે.

DATE

એક પ્રશ્ન ઉઠે, કેવળજ્ઞાન પછી અરિહંતને ભાવ તીર્થંકર કહી શકાય. પણ એ અમુક નયની અપેક્ષા એ ગણાય. કે નંપુકનો કાળ છે હવે પોતે અરિહંત બનવાની તૈયારીમાં છે, એટલે એ ભવની અંદર, એવો કલ્પ પણ છે. ભગવાનને એવો અહંકાર પણ નથી, અભિમાન પણ નથી, કે હું શા માટે - અરિહંતને નમસ્કાર કરું. અથવા હું કોઈને શા માટે નમસ્કાર કરું. ઘણા બધા REASON, એ જ ભવમાં પોતે અરિહંત છે, બીજા નંબર નું REASON એવો કલ્પ છે.

કરેમિ સામાઈયં સવ્વં સાવજ્જં જોગં - પચ્ચક્ખામિ, કરેમિ ભંતે ના બોલે, કારણકે ભંતે કોઈ છે જ નહિ, પોતે જ ભંતે છે. સ્વયં - સંબુદ્ધ છે. પોતે જ બોધિ પામ્યા છે. પોતાના - કોઈ ગુરુ નથી. ગુરુ સાક્ષી જે કરવાનું છે તો કરેમિ ભંતે આવે. ભગવાનને બીજા કોઈ ભગવંત નથી. માટે કરેમિ સામાઈયં નો પાઠ ભગવાન બોલે.

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન એ દક્ષ છે, દક્ષ પ્રતિજ્ઞ છે, રૂપવાન છે, વિનયવાન છે, ગુણ યુક્ત છે, ભદ્રક છે. ત્રીસ - વર્ષ ભગવાન ગૃહસ્થાવાસમાં રહે છે. જય જય નંદા.. જય જય ભદ્દા આ શબ્દો તેમને લોકાંતિક દેવો કહે છે, હે ભગવંત ધર્મ તીર્થની પ્રવર્તના કરો, વિસ્તીર્ણ અવધિજ્ઞાનથી ભગવાન પોતાનો દીક્ષા કાળ જાણે છે. વરસીદાન આપે છે. પોષ - વદ - અગિયા - રસ, પ્રથમ પ્રહર છે, વિશાલા શિબિકા છે, દેવ - મનુષ્ય - દાનવ ની પર્ષદા સહિત, વારાણસી નગરી, એના મધ્યભાગમાંથી બહાર નીકળે છે,

આશ્રમપદ નામનું ઉદ્યાન છે, અશોક નામનું વૃક્ષ છે, એની નીચે શિબિકા રાજમાર્ગમાં આવે છે. શિબિકાથી ભગવાન ઉતરે છે, પોતાના આભરણ-માળા, અલંકાર વગેરે મુકે છે. પાંચ મુષ્ટિ લોચ પોતે કરે છે. ભગવાનને ચોવિહારા અઠ્ઠમ નું - પચ્ચક્ખાણ છે. વિશાખા અને ચંદ્ર નો યોગ થયો છે. દેવ દુષ્ય ભગવાન ધારણ કરે છે, અને ત્રીસ પુરુષ સાથે પોતે દીક્ષા લઈને ભગવાન સાધુ બને છે.

પરિસહો ને સહન કરવા માટે, હંમેશા ભગવાન તૈયાર થાય છે. જે કોઈ પણ દેવકૃત, મનુષ્યકૃત કે તિર્યંચકૃત, જે ઉપસર્ગો ઉત્પન્ન-થાય, એને ભગવાન સમ્યક્‌સહન કરે છે. ભગવાન પાર્શ્વનાથ ની દેવકૃત ઉપસર્ગ, કમઠ સંબંધી કહે છે. દીક્ષા લઈને ભગવાન પૃથ્વીમાં વિચરી રહ્યા છે. - તાપસની આશ્રમ છે એના આગળ કુવો છે, કુવાની પાસે વડનું વૃક્ષ છે. એની નીચે ભગવાન રાતે કાઉસગ્ગ માં ઉભો છે. આ બાજુ કમઠ છે જે અજ્ઞાન કષ્ટ કરીને મેઘમાલી નામનો દેવ થયો છે, અને એ પોતે જુએ છે કે આ મારા પૂર્વભવના - વેરી છે. અને પોતે સિંહનું રૂપ લઈને આવે છે. ભગવાનની સામે જોરથી ગર્જના કરે છે. ભગવાન ઉપર તરાપ મારે છે, નહોર વગેરે થી ભગવાન ઉપર ઘા કરે છે, ભગવાન બિલકુલ ચલિત થતા નથી. વીંછી એના રૂપ લઈને ભગવાનને ડંખ-મારે છે. પિશાચ નું રૂપ લઈને આવે છે, ભગવાન ઉપર ઉપસર્ગ કરે છે, ભગવાન એકદમ નિશ્ચલ રહે છે. ભગવાન નિર્ભય છે, અને પછી એને વધારે ગુસ્સો આવે છે. એકદમ અંધકાર તુલ્ય મેઘો ની વિકુર્વણા કરે છે, અને કલ્પાંતકાલનો

મેઘ હોય એ રીતે વરસાદ વરસાવવાનો ચાલુ કરી દે છે. વિજળી પણ બહુ ભયંકર થાય છે. આખું - બ્રહ્માંડ ભાંગે તૂટી જવું હોય એવો ગર્જારવ પણ બહુ ભયંકર થાય છે. એ પણ ભગવાન ધ્યાનમાં પોતે વધારે નિશ્ચલ બને છે. પાણીની સપાટી વધતી જાય છે --- વધતી જાય છે --- વધતી જાય છે. ભગવાનના નાક સુધી એ પાણી ની સપાટી આવી જાય છે. ધરણેન્દ્ર નું આસન કંપાયમાન થાય છે. પોતાની પટરાણી સાથે ધરણેન્દ્ર ત્યાં આવે છે, પોતાની ફેણ છે એનાથી ભગવાન ઉપર છત્ર - કરી દે છે. અને હજુ મેઘમાળી છે એ બહુ ગુસ્સેથી વરસી રહ્યો છે. પાણીની સપાટી હજુ વધારે વધે તો હજુ એમ જ થાય એટલે નીચે - કમળ કરીને ભગવાનને ઊંચકી લે છે. એ મેઘમાળીને અવધિજ્ઞાનથી જાણીને ધરણેન્દ્ર એને ધમકાવે છે, એને પણ પસ્તાવો થાય છે - ભગવાનને નમસ્કાર કરે છે, અને પોતાના સ્થાને જાય છે.

ધરણેન્દ્ર છે એ નાટક વગેરેથી ભગવાનની પૂજા કરે છે, અને પૂજા કરીને, સત્કાર કરીને, ભગવાનની ખુબ ખુબ ભક્તિ - કરીને, ભગવાનની સ્તુતિ કરીને ધરણેન્દ્ર પણ જાય છે. કમઠ ઉપસર્ગ કરે છે, ધરણેન્દ્ર છે એ ઉપસર્ગમાંથી રક્ષા કરે છે. ભગવાન ને - ઓળખવા હોય ને તો સમતા ની ઓળખવી - જોઈએ. આપણે અંદર બે ખાના પાડ્યા છે. આપણી સાથે સારો વ્યવહાર કરે તે સારો, ખરાબ વ્યવહાર કરે તે ખરાબ. એ ખાનાનું બીજું માપદંડ છે આપણા પરિવારના હોય તો એ

સચ્ચે સારા બહારના હોય તો બરાબ. કલિકાલ સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ કરે છે.

कमठे धरणेन्द्रे च स्वोचितं कर्म कुर्वति।

બંને ~~[illegible]~~ કર્મ કરે છે ને ભગવાનની વૃતિ કેવી છે? સ્વોચીત=પોતાને યોગ્ય છે ---

प्रभुस्तुल्यमनोवृत्तिः।

બંને ને ભગવાન સમાન જુએ છે. પ્રશ્ન થાય કે કમઠ જેવો ધરણેન્દ્ર છે કે ધરણેન્દ્ર જેવો કમઠ છે. બંને સમાન કહેવાય છે. અને બંને સમાન કહેવાય તો એક વગ જીભની સરખામણીમાં હોવી જોઈએ, તુલનામાં હોવી જોઈએ. હું તમને પુછું છું કે, કમઠ જેવો ધરણેન્દ્ર કે ધરણેન્દ્ર જેવો કમઠ કે, યા બંને સરખા હોવા જોઈએ યા ભગવાન ખોટા હોવા જોઈએ. કલિકાલ સર્વજ્ઞએ સ્તુતિની અંદર જ એનો જવાબ આપ્યો છે.

स्वोचितं कर्म कुर्वति।

બંને શું કરે છે કે, બંને સમાન છે. કારણકે બંને સ્વોચીત કર્મ કરે છે. સ્વોચીત એટલે પોતાને ઉચીત. પોતાને અનુરૂપ.

દીકરો હતો ને એને કોઈ મહાત્મા મળ્યા, એવી કોમનો હશે. એવા વાતાવરણમાં ઉછર્યો હશે. વાતવાતમાં ગાળ બોલ્યો, મહાત્માએ કીધું તુ ગાળ બોલ્યો! એ તો કહે આ તો અમારી માતૃભાષા કહેવાય.

સ્વોચીત, શબ્દ ઉપરથી ખબર પડે, કે તમે કેવા છો. તમે જેવા હો એવા તમારા શબ્દો હોય, જેવા છો એવા તમારા કામ હોય, તમે જેવા છો એવો તમારો વ્યવહાર

હોય. કમઠ જેવો છે એવો કમઠનો વ્યવહાર છે.
ધરણેન્દ્ર જેવા છે, એવો ધરણેન્દ્ર નો વ્યવહાર -
છે. કમઠ પણ સ્થાપીત કરે છે. ધરણેન્દ્ર પણ
સ્થાપીત કરે છે. બધા પોતાનું સ્થાપીત કરે છે.
એ રીતે બધા સમાન છે. માટે ભગવાન -
તુલ્ય મનોવૃત્તિ છે.

જ્યારે પણ ગુસ્સો આવે ને
ગુસ્સાની અંદર એક આગ્રહ પડેલો છે, એક
ગાંઠ પડેલી છે કે આ વ્યક્તિ એ આવો
વ્યવહાર કરવો જોઈએ. ગરમી હતી ને ગુસ્સો
આવ્યો છે, ત્યારે આપણો આગ્રહ છે કે
ગરમી ના વધવી જોઈએ. ઠંડી બહુ પડે, અને
આપણે અકળાઈએ, અકળામણ નું કારણ ઠંડી -
નથી, આપણો આગ્રહ છે, કે આ ઠંડી ના -
વધવી જોઈએ. મચ્છર કરડ્યા છે કચવાટ થાય
છે, કારણકે આપણો આગ્રહ છે કે કોઈપણ
મચ્છર મને કદી પણ કરડવું જ ના જોઈએ.
ધંધામાં મંદી આવી, અને આપણે DISTURB
થઈએ છીએ કારણકે આગ્રહ છે, મંદી કદી -
આવવી જ ના જોઈએ. હરિરાસંગના ઓટલે
બે કાકા મળ્યા હોય ને વાત કરે કે CM એ
આમ કરવું જોઈએ ને PM એ આમ કરવું જોઈએ
AMERICA એ આમ કરવું જોઈએ, પાકિસ્તાને
આમ કરવું જોઈએ, સમજદાર માણસ હશે તો
હસવું આવશે કે ભાઈ તમને કોઈ પુછતું -
- નથી. તમારો અભિપ્રાય કોઈ લેતું નથી.
તમારો અભિપ્રાય ત્યાં કોઈ પહોંચવાનો નથી.
પહોંચી જાય તો એનાથી કોઈ ફરક પડવાનો
નથી. જોકે આ બધું, આમ કરવું જોઈએ નો

તેમ કરવું જોઈએ ને કેમ કરવું જોઈએ. જેકવાન સમજુતી કે આપણને આ બધું ગાંડપણ લાગશે એ આપણે થોડા પણ સમજદાર હોઈશું, કે- આ બધી ચર્ચાનો કોઈ અર્થ જ નથી. આ જોઈએ.. જોઈએ.. જોઈએ.. જોઈએ.. આ બધો જ સમય નો બેકાર છે, વાણીની બેકાર છે, મનનો ઉપયોગ એ આપણે ક્યાં રોકેલો છે. ક્યાં કશું જ વળવાનું નથી, આ બધું ગાંડપણ-કહેવાય. બરાબર એ જ રીતે મારા દીકરાએ આમ વર્તવું જોઈએ, પત્નીએ આવી રીતે-વ્યવહાર કરવો જોઈએ, મારું શરીર સારું રહેવું જોઈએ, આવુ પણ વિચારવુ એ હકીકતમાં ગાંડ--પણ સિવાય બીજું કશુ જ નથી.

સભાનો પ્રશ્ન :- કુટુંબમાં અનુશાસન તો હોવું જરૂરી છે ને સાહેબ ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- એ અપેક્ષાથી જ આપણે દુ:ખી છીએ. પંચસૂત્રમાં જવાબ આપ્યો,

अवेक्खा अणाणंदे ।

અપેક્ષા છે એ જ અનાનંદ છે. અપેક્ષા છે એ જ દુ:ખ છે, હું તમને પુછુ અહીંયાથી વ્યાખ્યાન છુટ્યું ઘરે તમે ગયા, રસ્તામાં ઘણા બધા - BUILDINGS આવ્યા, કોઈએ તમારા ઉપર-ફુલ વરસાવ્યા નહિ, તો તમે દુ:ખી થશો ? પ્રશ્ન સમજ્યા મારો ? ગંભીરતાથી વિચાર કરો કે કોઈ ફુલ વરસાવે નહિ છતાં તમે દુ:ખી થતા નથી, એનું કારણ શું છે ? કારણ એટલું જ છે કે આપણને કોઈ EXPECTATION નથી,

કે કોઈએ મારા ઉપર ફૂલ વરસાવવા જોઈએ. એવી બીજુ ધારણા બીજુ કલ્પના તમને કહું કે અહીંયા થી વ્યાખ્યાન પુરુ થયું છે, તમે ઘરે જઈ રહ્યા છો, વચ્ચે કોઈએ ઉપરના માળે થી કચરો નાખ્યો, તમારા માથે પડ્યો, દુઃખી થશો કે, શા માટે દુઃખી થશો કે, કોઈ એ મારા ઉપર ફુલ વરસાવવા જોઈએ એવો આગ્રહ નથી, માટે ફુલ ના વરસાવે, એનાથી આપણે દુઃખી થતાં નથી. આપણને આગ્રહ છે કે મારા માથે કોઈએ કચરો ના જ નાખવો જોઈએ, કચરો નાખે એનાથી આપણે દુઃખી નથી થતા, પણ આપણો જે આગ્રહ છે, મારા માથા ઉપર કચરો ના જ નાખવો જોઈએ, એ આગ્રહથી - દુઃખી થઈએ છીએ.

દીકરો તમારું ના માનતો હોય - એનાથી તમે દુઃખી નથી, એ દીકરાએ મારું માનવું જ જોઈએ, આ આગ્રહથી આપણે દુઃખી છીએ. કમઠ આવ્યો છે ઉપસર્ગો કર્યા છે, મુશળધાર વરસ્યો છે, ભગવાનની મન મોજમાં આવ્યો છે, ભગવાનને કમઠ ઉપર બિલકુલ કોઈ રોષ, કોઈ ગુસ્સો, કોઈ ફરિયાદ કશું જ ઉઠતું નથી, કારણકે કમઠે આ બધું ના કરવું જોઈએ, એવો ભગવાનને કોઈ આગ્રહ જ નથી.

આપણે આપણા આગ્રહોના તાંતણાઓથી બંધાયેલા છીએ.

ઘર મોટું જોઈએ છે, ઘર સાંકડુ હોય ને તો - આપણે કહીએ મોટું ઘર લો આમાં તો તકલીફ પડે છે, આમા તો આમ થાય છે, આમા તો તેમ થાય છે. આપણા મનની એટલી બધી આગ્રહો-

ની સંકડામણ છે, આગ્રહોની કેટલી બધી કારમાળ, એટલી બધી ભંગાર, ઘરમાં એક ભંગાર પડ્યો હોય તો આપણને ચેન ના પડે, વહેલામાં વહેલી તકે આપણે એને રવાના કરીએ. હવે આપણને આ દેખાવું ના જોઈએ. મનની અંદર આગ્રહોના કેટલા બધા કારમાળ, કેટલા બધા ભંગાર, અને એની સંકડામણમાં આપણે આખી જિંદગી પૂરી - કરીએ છીએ. આપણા બધા દુઃખનું કારણ - બહારની કોઈ દુઃખની પરિસ્થિતિ નથી, બહારનું કોઈ કષ્ટ કે દુઃખ નથી, આપણા બધા દુઃખનું કારણ આગ્રહ છે, આગ્રહના કારણે સમભાવ - નથી આવતો, અને સમભાવની વગર આપણે સુખી થઈ શકતા નથી.

સુખ પૈસાથી મળશે, સાધનથી મળશે, સંપત્તિ થી મળશે, ધંધાથી મળશે, નામના થી મળશે, આ બધી આપણી ગેરસમજ છે. સાચું સુખ જોઈતું હોય તો એ નિરાગ્રહ વૃત્તિ થી જ મળશે. પંચસુત્રનું ચોથું સુત્ર પ્રવ્રજ્યા પરિપાલના સુત્ર, સાધુ ધર્મનું વર્ણન કરતા .. કરતા એની અંદર લખ્યું છે કે સાધુ કેવા હોય છે,

निअन्तगहदुक्खे|

જેમનું આગ્રહનું દુઃખ રવાના થઈ ગયું છે. એવા સાધુ ભગવંત હોય. કોઈ ગોચરી વહોરાવે તો - એ વાંધો નહિ, ન વહોરાવે તો એ વાંધો નહીં. ઠંડી વધી તો એ વાંધો નહીં, ના વધી તો એ વાંધો નહીં. ગરમી અસહ્ય થાય તો એ વાંધો નહિ, ન હોય તો એ વાંધો નહીં. શરીર સારું રહે તો એ વાંધો નહીં, ન રહે તો એ વાંધો નહીં. પોતે નિરોગી દીર્ઘાયુષ્ય જીવે તો એ

DATE

વાંધો નહીં, અને મરણાંત ઉપસર્ગ આવી જાય,
અને જીવન સમાપ્ત થઈ જાય, તો એ વાંધો નહીં.

જીવિઅં નાભિકંખેજ્જા મરણં નો વિ પત્થએ ।

સાધુની અવસ્થાનું વર્ણન આચારાંગ સૂત્રમાં કર્યુ છે
જીવનની પણ આકાંક્ષા નથી, અને દુ:ખ આવ્યું તો
મરણની પણ પ્રાર્થના નથી.

દુહઓ વિ ણ સજ્જેજ્જા જીવિએ મરણે તહા

અધ્યાત્મ સારની અંદર સમતાનો અધિકાર આવશે,
સમતા વિષે કેટલું કહીએ ઓછું છે, સમતા શું છે
એ પણ હજુ કદાચ આપણે સમજતાં નથી.
પ્રવચન ~~[illegible]~~ સાર નામની ગ્રંથ છે, મૂળ
ગાથાની અંદર એક પદ મૂક્યું છે.

સમસુક્ખદુક્ખો ।

સાધુ કેવા હોય તો, સુખ અને દુ:ખ જેને સમાન
છે, એ સમ સુખદુ:ખ હોય. ટીકાકાર અમૃતચંદ્રા-
ચાર્ય અદ્ભુત વ્યાખ્યા કરી છે, તમે સમજતા હો
કે આમ સહન કરી લે, સમભાવ રાખી લે, સમતા
રાખી લે. આપણે સમતાનું પણ કેટલું બધું
DEVALUATION કરતા હોઈએ છીએ. કોઈ
સમસમી ને બેસી જાઈને મનમાં, એટલે આપણે
કહીએ આણે સમતા રાખી. અંદર ધૂંધવાતા હોય,
અંદરથી DISTURB થઈ ગયા હોય, વેઆંખમાં
આંસુ આવી ગયા હોય, એક શબ્દ બિચારા બોલે
નહીં ને આપણે કહીએ એણે સમતા રાખી, એ
સમતા નથી. તમે બધું ઓકી નાખો એના-
કરતા લાખ ગણું સારું છે પણ છતાં પણ
સમતા જુદી વસ્તુ છે, અને સહન કરવું એ જુદી
વસ્તુ છે. જ્યાં સહન કરવાનું છે ત્યાં એનો
અનુભવ છે, એનો ઉપયોગ એમાં છે, એની
પ્રતીતી છે, આ તો ફક્ત છે આપણે એની

સહન કરવું જોઈએ ને આપણે એને સહન કરીએ. સહનશીલતા હજુ પણ નીચેની ભૂમિકા છે. સમતા એથી પણ ઉંચી ભૂમિકા છે.

સભાનો પ્રશ્ન :- આપણે વ્યવહારમાં તો એવું જોતીએ કે સાધુઓ ઉપસર્ગ અને પરિષહ સહન કરી રહ્યા છે.

પૂજ્યશ્રી નો ઉત્તર :- હા, એટલે અહીંયા તાત્પર્યાર્થ એ સમજવો જોઈએ એ - વાત સાધુની છે ને તો એમાં તાત્પર્યાર્થ શું - સમજવો ? એ જ અમૃતચંદ્રાચાર્ય પોતે પ્રવચન-સારની અંદર સમજાવે છે,

परमकलावलोकनानाकलीयमानसुखदुःखः।

સમ સુખદુઃખ સાધુ છે. સુખ-દુઃખ બંને સરખા- એના માટે છે. તો સરખા કઈ રીતે છે. એને એ બહુ સરસ રીતે સમજાવે છે. કે પોતે આત્મ- તત્વની જે પરમકળા એની એવામાં એટલા મગ્ન થઈ ગયા હોય, કે એમાં બાહ્ય સુખ દુઃખ પ્રત્યે કોઈ ભાન જ ના રહે, ધ્યાન જ ના રહે. અને બંને અજાણ્યા થઈ જાય, એ રીતે બંને સમાન થઈ જાય. આને સમ સુખદુઃખ કહેવાય.

સભાનો પ્રશ્ન :- ચોથા .. પાંચમા .. છઠ્ઠા ગુણઠાણે સમતાના LEVELS જુદા જુદા છે !

પૂજ્યશ્રીનો ઉત્તર :- હા, ચોથા ગુણસ્થાનક થી માંડીને, હજુ આગળ વધોને મંદ મિથ્યાત્વથી માંડીને સમતાના પણ અસંખ્ય અધ્યવસાય પડે. સહન કરવા કરવામાં પણ ઘણાબધા

ઉરેક છે. ષોડશક પ્રકરણ ગ્રંથની અંદર પાંચ પ્રકારની સહનશીલતા બતાવી.

उपकार्यपकारिविपाकवचनधर्मोत्तरा मता क्षान्तिः।

કોઈએ ઉપકાર કર્યો છે ને સહન કરવું. આ ઉપકારી સહનશીલતા કહેવાય. કોઈએ અપકાર કર્યો છે, અથવા તો આપણે સહન ના કરીએ તો માર પડે એમ છે, અપકાર થાય એમ છે, એમ વિચારીને સહન કરવું. પરિણામનો વિચાર કરીને સહન કરવું, ભગવાનના વચનનો વિચાર કરીને સહન કરવું, અને છેલ્લું સ્વભાવ, સ્વભાવનો વિચાર કરીને સહન કરવું. આ સ્થુલ ભેદ છે. એ બધાના અસંખ્ય.. અસંખ્ય સુક્ષ્મ ભેદ પડે. અહીંયા કહે છે કે ભગવાનને શું છે ?

प्रभुस्तुल्यमनोवृत्तिः।

પાર્શ્વનાથ ભગવાન આપણને બહુ ગમતા હોય, અને આગ્રહ ના છુટતો હોય, સમતા ના ગમતી હોય, સમતા પ્રત્યે ઉપાદેય બુદ્ધિ ન જાગતી હોય, તો સમજવાનું કે હકીકતમાં ભગવાન પણ આપણને ગમતા નથી. ભગવાન છે એમની ખરી પૂજા શું છે ? કેસરની વાટકી માં આંગળી બોળી ને - ભગવાનને તિલક કરવા આ દ્રવ્ય પૂજા છે. કોઈ ખરાબ વર્તન કરે છે, કોઈ ખરાબ શબ્દ કહે છે, એ સમયે મગજ શાંત રાખીએ, યાદ કરીએ મારા ભગવાને કેટલું સહન કર્યું, ને એ યાદ - કરીને આપણે સમતા રાખવાનો કાંઈક પ્રયાસ પણ કરીએ ને એ ભગવાનની ભાવ પૂજા છે. કોઈ ખરાબ વર્તણુક કરી રહ્યું છે. અને આપણે સામે ગુસ્સો કરી દીધો, આ પણ એક અપેક્ષા - એ ભગવાનનું અપમાન છે એ સમતા એ ભગવાનની આદર્શ હતો. સમતા એ ભગવાનની

આજ્ઞા હતી, એમના જે ભગવાનનું ચરિત્ર હતું, એમના જે ભગવાનનો માર્ગ હતો, જે માર્ગની અવગણના કરી, આપણે આપણી ઈચ્છા મુજબ-ચાલ્યા, આ પણ ભગવાનની અવગણના કહેવાય, પ્રતિમા આલંબનીય છે. પૂજ્ય છે જે ઉપાદેય છે. પણ આ બધાના માધ્યમે આપણે ક્યાં જવાનું છે, સમતાની અંદર જવાનું છે, અને જો સમતામાં ન ગયા, તો આ બધું કર્યા પછી પણ, જેનું જે લક્ષ્ય હતું, એનાથી આપણે વંચિત થઈ જશું.

સભાનો પ્રશ્ન :- ધરણેન્દ્ર નું આસન કયા કારણે કંપાયમાન થાય છે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- ધરણેન્દ્ર નું જે આસન છે ને, હવે આમાં એક પ્રશ્ન આ છે, જેવી રીતે સમાંતર પ્રશ્ન લઈએ કે પેલો લુહાર ઘણ લઈને દોડતો હતો, અને શેઠ જે ત્યારે ઉપયોગ કેમ મુક્યો ? એટલે એક ઘટના છે એની અંદર ઘણી બધી ઘટના અને ઘણા બધા સિધ્ધાંત - જોડાયેલા છે, અને એમાં એક સિધ્ધાંત એ છે, કે તીર્થંકરો નિરુપક્રમ આયુષ્યવાળા છે. હવે નિરુપક્રમ-આયુષ્યવાળા છે, એટલે એમને મરણાંત ઉપસર્ગ આવી જાય, પણ એ મરણાંત ઉપસર્ગમાંથી એ બચી જાય.... બચી જાય..... ને બચી જાય. કારણકે ક્યારે પણ અકાળે તીર્થંકર નું આયુષ્ય છે, એ પુરું થાય નહિ, શલાકા પુરુષ જેટલા છે, બધા નિરુપક્રમ આયુષ્ય વાળા હોય, અને એના કારણે એવું કાંઈ ને કાંઈ બને કે જેનાથી એ ઉપસર્ગમાંથી ઉગરી જાય. એમને એવું કાંઈ ન હોય કે હું ઉગરી જાઉં ને બચી જાઉં ને આ દુ:ખ ક્યાં આવ્યું,

DATE

એમને એવું કર્યું ના હોય, જ્યારે જ્યારે પણ મરણાંત ઉપસર્ગ મહાવીર સ્વામી ને પણ આવ્યો છે, ત્યારે શક્ર એ ઉપયોગ મુક્યો છે અથવા કોઈ સોમા ની જયંતિ, પરિવ્રાજક ની ભગીની - આવી જાય છે, કહે છે આ તો ભગવાન છે, અહીંયા પાર્શ્વનાથ ભગવાન નાક સુધી પાણી - આવી ગયું, અને હવે પાણીની સપાટી ઉપર - જાય.. જાય.. જાય... અને પછી આપણે કહીએ કે દિવ્ય પ્રભાવથી ભગવાન બચી ગયા, એવી કોઈ વાત નથી. ઔદારિક શરીર છે, જેમાં પણ ફેફસા છે એમાં પણ શ્વાસોશ્વાસની જરૂર છે, એ જો પાણીની અંદર પુરેપુરું ડુબી જાય, શ્વાસ રૂંધાય જાય, અને એ રીતે મૃત્યુ પણ થઈ જાય, પણ ભગવાનનું નિરૂપક્રમ આયુષ્ય હોવાથી, એવી રીતના સંયોગો આવી જાય, આસન કંપાયમાન કઈ રીતે થાય ? હરીણે - ગમ્યષી છે, એ તો પોતે ઘંટ વગાડીને બધા - દેવો ને INFORM કરે છે, હરીણે ગમ્યષી ને કોણ INFORM કરે છે, ઇન્દ્ર મહારાજ - INFORM કરે છે. ઇન્દ્ર મહારાજ ને કોણ INFORM કરે છે, આસન INFORM કરે છે કે ભાઈ હવે કોઈક ઉપયોગ મુકો અવધિજ્ઞાનનો, સમય આવ્યો છે, ઉપયોગ મુકવાનો, અને આસન કઈ રીતે કંપાયમાન થાય છે ? એ પરમાત્માનું જે પરમ પુણ્ય, ધર્મબિંદુ ગ્રંથની અંદર - હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

पञ्चस्वपि महाकल्याणेषु त्रैलोक्यशङ्करम् ।

એવું જિનનામ કર્મ, જે તીર્થંકર નામકર્મ નું પરમ પુણ્ય, તમે માળા લઈ... લઈને--- જપી-જપીને થાકી જાવ.. એક નાની ભુલ પણ આવી

નહી. જેને ભગવાન જ છે, એ બધા ઈન્દ્રોના-આસન, અસંખ્ય ઈન્દ્રોના આસન ચલાયમાન થઈ-ગય, એ ચલાયમાન કોણ કરે છે ? ભગવાનનું પુણ્ય કરે છે. કોણ કરે છે ? પુણ્ય !

અહીં કહે છે, કે ભગવાન પછી દેવાધિકૃત ઉપસર્ગો એને સમ્યક્ સહન કરીને પાર્શ્વનાથ ભગવાન પોતાના આત્માને શુદ્ધ ચારિત્ર થી ભાવિત-કરતા.. કરતા, ચ્યાંસી દિવસ પસાર થાય છે, ચોર્યાસી-મો દિવસ છે. ગ્રીષ્મ કાળનો પહેલો મહિનો, પહેલો પક્ષ, ચોથ, એટલે ચૈત્ર વદ ચતુર્થી નો દિવસ છે, પહેલો પ્રહર છે, ઘાતકી નામનું વૃક્ષ છે. એની નીચે ભગવાન ચોવિહાર છઠ તપની અંદર રહેલા છે. વિશાખા અને ચંદ્ર નો યોગ થયો છે, શુક્લ ધ્યાનમાં ભગવાન વર્તી રહેલા છે. અનંત અનુપમ કેવલવર જ્ઞાન, દર્શન, તે ઉત્પન્ન થાય છે. આવા ભગવાન સર્વ ભાવોને જાણતા અને જોતા !

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન સુવ્રત વગેરે શ્રાવકો, એક લાખ ચોસઠ હજાર એટલા એમના શ્રાવકોની સંપદા છે. પાર્શ્વનાથ ભગવાનના-સુનંદા વગેરે શ્રાવિકાનો ત્રણ લાખ સત્યાવીસ હજારનો પરિવાર છે. અવધિજ્ઞાની જો ચૌદસો છે. વૈક્રિય લબ્ધિ વાળા અગિયારસો છે, ઋજુમતિ જ્ઞાન ધરાવનાર છસો મહાત્માઓ છે. એક હજાર સાધુઓ છે, ભગવાનના-શિષ્યો એ મોક્ષે ગયા. સ્વહસ્ત દીક્ષીત એવા બે-હજાર સાધ્વીજી ભગવંતો એ મોક્ષે ગયા. વિપુલમતિના જ સાડા સાતસો છે, વાદીઓ છે એ છસ્સો છે. અનુત્તરવાસી, ઔડાવનારી એવા બારસો મહાત્મા ભગવાનના હતા.

classmate

પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાન એમની મુક્તિગામીની
જે મર્યાદા હતી. યુગાંતકૃત ભૂમિ, અને પર્યાયાંતકૃત-
ભૂમિ. તો ભગવાનના જ્યારે ચોથા પટ્ટધર પુરુષ
હતા, ત્યાં સુધી સિદ્ધિ માર્ગ ચાલુ હતો, એટલે
ચોથા પટ્ટધર પુરુષ સુધી યુગાંતકૃત ભૂમિ, અને
પાર્શ્વનાથ ભગવાનના કેવળજ્ઞાનનો ત્રણ વર્ષનો પર્યાય
થયો, ત્યારે સૌ પ્રથમ એમના શાસનમાંથી કોઈ
મોક્ષે ગયું. એટલે કેવળજ્ઞાન ઉત્પત્તિ પછી ત્રણ
વર્ષે મોક્ષ માર્ગ ચાલુ થયો.

## તે કાળે, તે સમયે

સભાનો પ્રશ્ન :- પાર્શ્વનાથ ભગવાન ને કેમ પુરુષ-
દાનીય કહેવામાં આવે છે ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- હવે આમાં છે ને એક વસ્તુ
સમજવાની, આવશ્યક નિર્યુક્તિ -
આગમ, અને એની અંદર ચોવીસે ભગવાનનું -
ચરિત્ર છે. આની વિશેષતા વિશે તમારો પ્રશ્ન છે,
હું પ્રશ્નને હજુ DEPTH માં લઈ જાઉં, કે
અભિનંદન સ્વામી ને જે અભિનંદન સ્વામી કેમ તો
બધાને આનંદ થઈ ગયો, માટે અભિનંદન સ્વામી !
તો બીજા ભગવાન જન્મ્યા ત્યારે બધાને આનંદ
ન હતો થયો એટલે આવશ્યક નિર્યુક્તિ આગમની
અંદર તો ચોવીસે ભગવાનના નામ ચોવીસે -
ભગવાનની અંદર ઘટાવ્યા છે. એટલે વિશેષણો તો
બધા તીર્થંકરો ને બધા લાગે જ. એની સાથે
તો.. તે નામના જે ગુણ છે, એ ગુણ પણ
ચોવીસે તીર્થંકરો ને લાગે છે પણ ક્યારેક
કંઈક વિશેષતા હોય, કંઈક ભેદ પાડવામાં આવે,

જેનાથી આવશ્યક નિર્યુક્તિમાં તે તે ભગવાનનું નામ તે જ શા માટે ? ગુણ તો બધામાં હતા. તો પાસેથી પાર્શ્વનાથ ભગવાનની માતા એ સાપને જતો જોયો, માટે એ રીતે નામ પાડયું. વર્ધમાન-સ્વામી છે, તો જેનાથી જ જ્ઞાતકુલ વગેરે વૃદ્ધિ-પામ્યું, જેના માટે એમનું એ નામ પાડયું. એ રીતે આવશ્યક નિર્યુક્તિમાં તે તે ભગવાનનું નામ-એ એમના સંદર્ભમાં પણ લગાડયું છે.

પાર્શ્વનાથ ભગવાન પુરુષાદાનીય છે, એનો અર્થ થાય, પુરુષો ને આદર પાત્ર ! તો-અનંત તીર્થંકરો, આખી ચોવીસી લઈ લઈએ, અનંત તીર્થંકરો લઈએ, બધા પુરુષાદાનીય હતા જ. છતા-પણ પાર્શ્વનાથ ભગવાનની અમુક વિશેષતા. પૂર્વ-જન્મની અંદર તીર્થંકરોના કલ્યાણકો પોતે ખુબ જ અહોભાવથી ઉજવ્યા છે, અને એના કારણે, એવું પુણ્ય એમણે બાંધ્યું, અને એ પાર્શ્વનાથ ભગવાન, માટે વિશિષ્ટ સૌભાગ્યશાળી, એ રીતે પ્રસિદ્ધ થયા. એટલા માટે એમને પુરુષાદાનીય આવું વિશેષણ લગાડવામાં આવે છે.

એક ગ્રંથ છે સેન પ્રશ્ન, એ ગ્રંથની અંદર પ્રશ્ન કર્યો છે, કે પાર્શ્વનાથ ભગવાનનો-આટલો બધો મહિમા કેમ દેખાય છે ? આપણે-જોઈએ કે એમના તીર્થો ઘણા, એમના ભક્તો-ઘણા, તીર્થ મહાવીર સ્વામી ભગવાનનું ચાલુ છે ને પાર્શ્વનાથ ભગવાનનો આટલો બધો મહિમા શા માટે ? અને ત્યાં જવાબ આપ્યો છે, કે પાર્શ્વનાથ ભગવાનના જે શિષ્યો, અને શિષ્યાઓ, એમાંથી અમુક શિષ્ય અને શિષ્યાઓએ સંયમની વિરાધના કરી.

વિરાધના એટલે શું કે કોઈ હાથ પગ વધારે ધોતા હતા. કોઈ છે જેને ગૃહસ્થ પણામાં સંતાન ન હતા, દીક્ષા લીધી પછી છોકરાઓ પ્રત્યે બહુ મમત્વ જાગ્યું, ને ગૃહસ્થના છોકરાઓ, પોતે ગોચરી લઈ આવે ને ગૃહસ્થના છોકરાઓ ને જમાડે. છોકરાઓનું મોઢું ધોઈ આપે, છોકરાઓને રમાડે. આવી સંયમની વિરાધનાઓ એમના શિષ્ય-શિષ્યાઓ દ્વારા થઈ, અને જે વિરાધનાના કારણે તેઓ ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષમાં જન્મ થયા. સંયમ શુદ્ધ પાળીએ તો વૈમાનિક થી નીચેની ગતિ મળે નહિ. વૈમાનિક ની ગતિ મળે ને એ બહુ ઊંચા દેવલોકો છે. તમે ઘણી વાર પૂછો, કે સાહેબ આ ચંદ્રશેખર મહારાજ સાહેબ, આટલું બધુ શાસન.. શાસન ને યુવાનોનું બધું કરતા હતા, હવે કેમ કોઈ દેખાતું નથી? હવે ક્યાં જતા રહ્યા? એ બધા મહાપુરુષો દેવલોક ગયા એમ આપણે કદાચ નિશ્ચિત રૂપે કહી શકીએ, અને છતા પણ આવ્યા નથી, આપણે ઘણી વાર કહીએ કે નથી આવતા, તો નહીં પણ હોય. કે દેવગતિ જ નહીં હોય, એવું પણ બની શકે. હવે આપણે અહીંયા માનો કે કહીએ, કે PM અહીંયા કેમ નથી આવતા. કોઈ પ્રશ્ન કરે તો જવાબ શું અપાય? કે ભાઈ એ PM છે માટે અહીંયા નથી આવતા. અહીંયા અમદાવાદમાં આવે ને અહીંયા પાલડી ના રસ્તા ઉપર ફરતા હોય એ PM છે માટે નથી આવતા, એ રીતે ઊંચા દેવલોક ના દેવતાઓ હોય, એ પ્રાય: કરીને આવે નહીં. આવે તો બહુ જ વિશિષ્ટ પ્રસંગ હોય, તીર્થંકરો ના કલ્યાણકો હોય, કોઈ વિશિષ્ટ મહાતપસ્વી હોય, એમના પારણા હોય, એવા જ પ્રસંગે કદાચ આવી શકે. સમવસરણ માટે આવે.

DATE

નંદીશ્વર દ્વીપ માટે આવે. એમનો એમ આપણી વચ્ચે આવે નહીં. મુંબઈમાં ધારાવી ની ઝુપડપટ્ટી છે, અમદાવાદમાં પણ ઝુંપડાઓ ઘણા છે. અહીંયાથી કદાચ એક પણ વ્યક્તિ આજી જિંદગીમાં ગઈ નથી ને જવાનો પણ નથી. કારણકે એ સ્થાન એવું છે, કે આપણે કહીશું કે ભાઈ મારે ત્યાં જઈને કામ શું છે ?, એ રીતે જે ઉંચા દેવલોકના દેવો હોય ને તો એમનું આવવું બહુ મુશ્કેલ હોય, અંતર પણ ઘણું વધે. એમની ક્ષ્વે પણ નહીં, અહીંની દુર્ગંધ એમનાથી સહન પણ ના થાય. આવે તો પણ સમવસરણમાં મય. અહીંયા આપણી વચ્ચે આવે નહીં.

પણ જે વ્યંતર વગેરે દેવતાઓ છે, એ નીચલી CASTE ના છે. એ આપણી નજીક છે, આપણી ધરતી ઉપર પણ ઘણા વ્યંતરો રહે છે. ધરતી ની નીચે પણ રહે છે, જ્યોતિષ ચક્ર એ-પણ આપણી બહુ નજીક કહેવાય. એટલે એમાં ગયેલા તે શિષ્ય - શિષ્યાઓ, હવે પોતે પૂર્વભવ-જોવે છે, કે અમારા ધર્માચાર્ય કોણ ? પાર્શ્વનાથ ભગવાન અમારા ધર્માચાર્ય છે, પોતે એમના પૂર્વભવ-માં શિષ્ય હતા, અને પોતાના ગુરુ પ્રત્યેની ભક્તિથી પાર્શ્વનાથ ભગવાનનો મહિમા વધારે છે.

૪૫ આગમમાં અમુક આગમ છે, પુફ્ફચૂલીયા, એ આગમની અંદર, કોનું વર્ણન છે ?, તો પાર્શ્વનાથ નાથ ભગવાનના પહેલા સાધ્વીજી-જેમ મહાવીર સ્વામી ભગવાનના ચંદનબાળા શ્રીજી, એમ પાર્શ્વનાથ ભગવાનના ક્યા સાધ્વીજી, પુષ્પચૂલા-શ્રીજી ! અને પુષ્પચુલા શ્રીજી જે સાધ્વીજી ભગવંત, એમણે જેમને દીક્ષાઓ આપી છે, પાર્શ્વનાથ -

ભગવાનના હાથે દીક્ષાઓ થઈ, સંયમની જેમણે વિરાધના કરી, તેથી દેવલોકમાં પણ નીચો દેવલોક એમને મળ્યો. એ બધાની કથાઓ એ આગમની અંદર આપેલી છે. તો એ દેવો પોતાના ધર્માચાર્ય-નો પ્રભાવ વધે એના માટે પોતે પ્રયાસ કરે. એ રીતે પણ પાર્શ્વનાથ ભગવાન પુરુષાદાનીય કહેવાયા.

**સભાનો પ્રશ્ન :-** જો એટલા બધા પ્રભુભક્ત દેવો હોય તો શાસનની સ્થિતિ આવી શા માટે?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** ઘણી બધી વસ્તુ એવી છે. આચાર્ય વિજય કલાપૂર્ણસૂરી મહારાજ હતા. કોઈએ પ્રશ્ન કર્યો કે સાહેબ અમે સાંભળ્યું છે કે આપની પાસે અજબ-ગજબની સિદ્ધિઓ છે, અને આપ શા માટે આ બધું નથી કરતા. શાસન-ના જે પ્રશ્નો છે. એ સમયે સાહેબે જવાબ આપ્યો હતો કે, તેવી ભવિતવ્યતા, તેવી નિયતિ, અને એના કારણે જે કાંઈ બનતું હોય, એને કોઈ અટકાવી શકે નહીં. હું તમને કહું કચ્છમાં ભૂકંપ થયો. કેટલા બધા દહેરાસરો પણ ધરાશાયી થયા, કેટલું બધું નુકશાન થયું. સીમંધર-સ્વામી જોઈ રહ્યા હતા કે ન હતા જોઈ રહ્યા? કેવળજ્ઞાની ભગવંતો જોઈ રહ્યા છે, સીમંધર સ્વામી જોઈ રહ્યા છે, દેવતાઓ તો ઉપયોગ મૂકે તો દેખાય, નહીં તો ના દેખાય. કેવળજ્ઞાનમાં ઉપ-યોગ મૂકવાનો હોતો જ નથી, સતત આખા વિશ્વમાં બનવા-જોવાનું હોય છે... હોય છે ને હોય છે. અને ભગવાન પાસે જઘન્યથી એક ક્રોડ દેવી-દેવતાઓ હોય, અને એ એક ક્રોડ દેવતાઓ-માંથી એકાદ ને પણ ભગવાન ઈશારો કરે,

તો એ દેવ પહોંચી જાય, બધુ બચી જાય. પણ-
આ બધું છે ને એ એ ને તો ની વાત છે. આપણી
કહીએ કે બનાસકાંઠા માં પૂર ના આવ્યું હોત તો !
બધે ભાઈ આવી ગયું છે, હવે એમાં કંઈ જ થઈ
શકે એમ નથી. એમ થયા પછી આપણે કહીએ-
છીએ કે કંઈ જ થઈ શકે એમ નથી. એમ-
કેવળજ્ઞાનમાં થયા પહેલા પણ સ્પષ્ટ હોય છે, આમાં
કંઈ જ થઈ શકે એમ નથી. અહીંયા બહુ જ-
શાસન પ્રત્યેના ભાવ વાળા, તે તે સંઘ પ્રત્યેના-
વાત્સલ્ય વાળા, એવા મહાત્માઓ પણ ઉંચા દેવલોકમાં
જાય, અહીંયા ની ભવિતવ્યતા જ એવી હોય નહીં,
આ તો એમ થાય કે બધા જ ઈન્દ્રો જ સમ્યક્દ્રષ્ટિ
છે, ને એકાદ ઈન્દ્ર પણ થોડું ધ્યાનમાં લે તો આખુ
ભરતક્ષેત્ર જૈન થઈ જાય ! થઈ જાય કે ના થઈ
જાય !, સૌધર્મેન્દ્ર પોતે જૈન છે, સમ્યક્દ્રષ્ટિ છે,
એકાવતારી છે, ભગવાનના પરમ ભક્ત છે, ભગ-
વાનના શાસનના રાગી છે, અને દક્ષિણ જે-
જંબુદ્વીપ છે, એના પોતે સ્વામી છે, ને છતાં પણ
દક્ષિણ જંબુદ્વીપના એક ટકા લોકો પણ જૈન નથી,
એ હકીકત છે. હવે અહીંયા સૌધર્મેન્દ્ર ની ઈચ્છા-
નથી એવું નથી પણ આ લોકોનું પુણ્ય નથી,
કે એમનું ઉત્થાન થાય. એ જીવોની ભવસ્થિતિ
હજુ ઘણી બધી બાકી છે, ભવિતવ્યતા એવી છે,
કેટલાક એમાં અભવ્ય છે, કેટલાક એમાં દુર્ભવ્ય છે,
હંમેશા શું થાય,

स्तोका आर्या अनार्येभ्य: ।

આર્ય હંમેશા અનાર્ય કરતા ઓછા હોય. આર્યમાં-
પણ સમ્યક્ત્વ પામેલા જીવો જીવો ઓછા હોય.
સમ્યક્ત્વ પામેલા, એમાં પણ વિરતી ધરો એમાં
ઓછા હોય, આ બધો લોકસ્વભાવ, આવી બધી

DATE

ભવિતવ્યતા, અને તેના કારણે તે-તે ઘરના અને અને એમાં કોઈની ઉપેક્ષાનો ભાવ ન હોય, પણ સહજ રીતે એમને એવું ધ્યાન થાય નહીં, એ રીતનો ઉપયોગ ના મુકે કારણકે એ ઉપયોગ-મુકે ને એને વિચાર આવે ને એ અમલ કરવા જાય, એની પહેલા બીજું કોઈ વિઘ્ન આવી જાય એટલે ભવિતવ્યતા જ જ્યારે એવી હોય, ત્યારે કોઈ ઈચ્છે તો પણ કાંઈ કરી શકે નહીં.

અહીં કહે છે તે કાળે, તે સમયે, પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન, ત્રીસ-વર્ષ ગૃહસ્થાવસ્થા માં રહ્યા છે. ૮૩ દિવસ-છદ્મસ્થ પર્યાય પાળીને કાંઈ ૭૦ વર્ષ કેવલી પર્યાય પાળી ને, પ્રતિપૂર્ણ સિત્તેર વર્ષ ચારિત્ર પર્યાય પાળીને, અને વેદનીય, આયુ, નામ કર્મ ક્ષીણ થાય છે. આ અવસર્પીણી ની અંદર દુષમ-સુષમ નામનો ચોથો આરો ઘણો પસાર-થયો છે. વર્ષાકાળનો પહેલો માસ, બીજો પક્ષ-એની આઠમનો દિવસ. શ્રાવણ-સુદ-આઠમી સમેતશિખર પર્વત ઉપર, ૩૩ સાધુઓ સાથે, ચોવિહાર માસક્ષમણ ભગવાને કર્યું છે. - વિશાખા અને ચંદ્ર નો યોગ થયો છે, સવારનો સમય છે, કાયોત્સર્ગ માં ભગવાન રહેલા છે, ભગવાનના બંને હાથ આ રીતે લંબાવેલા છે એ સમયે ભગવાન સર્વ દુ:ખથી મુક્ત થાય છે, નિર્વાણ પામે છે. પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન એ નિર્વાણ પામ્યા ત્યારથી બારસો વર્ષ થયા છે. પાર્શ્વનાથ ભગવાનના નિર્વાણથી બસો પચાસ વર્ષ વધુ થયા, ત્યારે શ્રી વીર નિર્વાણ થયું, એના પછી ૯૮૦ વર્ષ થયા,

ત્યારે આ વાચના પર્યેની છે. એ રીતે પાર્શ્વનાથ
ભગવાનનું ચરિત્ર પુરું થાય છે.

નેમિનાથ ભગવાનનું ચરિત્ર શરૂ થાય-
છે. તે કાળે, તે સમયે, અરિષ્ટનેમિ ભગવાન
એમના પાંચ કલ્યાણક ચિત્રા નક્ષત્રની અંદર થયા.
ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ!
માટે ભગવાનને પંચચિત્ર કહેવાય છે. તે કાળે, તે
સમયે અરિષ્ટનેમિ ભગવાન, વર્ષાકાળનો ચોથો માસ-
સાતમો પક્ષ એની બારસનો દિવસ, એટલે કે કારતક-
વદ બારસ, બત્રીસ સાગરોપમની ભગવાનની અપરા-
જિત નામના વિમાનમાં સ્થિતિ હતી, અનુત્તર પાંચ છે
એમાંથી એક અનુત્તરનું નામ છે અપરાજીત. એ
વિમાનમાંથી ભગવાન ચ્યવે છે. જંબુદ્વીપ, ભરત-
ક્ષેત્ર, શૌર્યપૂરી નગરી, સમુદ્રવિજય રાજા છે,
એમના શિવાદેવી મહારાણી છે. એમની કુક્ષિમાં
મધ્યરાત્રિના સમયે, ગર્ભ પણે ઉત્પન્ન થાય છે,
સ્વપ્ન દર્શન વગેરે જે વર્ણન છે, તે પૂર્વ તીર્થંકરની
જેમ સમજવું.

તે કાળે, તે સમયે, અરિષ્ટનેમિ-
ભગવાન, વર્ષાકાળનો પહેલો માસ, બીજો પક્ષ એનો
પાંચમો દિવસ, એટલે કે શ્રાવણ-સુદ-પાંચમ!
નવમાસ બરુ પ્રતિપૂર્ણ થયા છે, ચિત્રા નક્ષત્રની-
ચંદ્ર સાથે યોગ થયો છે, આરોગ્ય વાળા શિવા-
દેવી, આરોગ્ય વાળા પુત્રરત્નને જન્મ આપે છે.
જન્મોત્સવ વગેરે સમુદ્રવિજય પિતા દ્વારા કરાય છે.
ભગવાન જ્યારે ગર્ભમાં હતા, ત્યારે શિવાદેવી પોતે
રિષ્ટ રત્નમય એવી ચક્રની ધારા જુએ છે. અને
ભગવાનનું નામ અરિષ્ટનેમિ શા માટે રાખ્યું છે

કારણકે રિષ્ટ શબ્દ એ અમંગલ વાચી કહેવાય,
રિષ્ટ રત્ન પણ આવે, રિષ્ટની એક અર્થ થાય
અમંગલ. તો રિષ્ટનેમિ નામ રાખે તો અમંગલ
કહેવાય. એટલા માટે અરિષ્ટનેમિ નામ રાખે છે.
અને ભગવાન છે પોતે લગ્ન કર્યા નથી માટે
કુમાર એ રીતે પ્રતિતી પામે છે. ભગવાન-
યૌવનમાં પ્રવેશ કરે છે. ભગવાન યૌવનમાં પ્રવેશ
કરી રહ્યા છે માટે શિવાદેવી એમને કહે છે,
હે વત્સ, તમે વિવાહ કરીને અમારા મનોરથને
પૂરા કરો, એટલે ભગવાન કહે છે કે મને
જ્યારે યોગ્ય કન્યા મળશે ત્યારે હું લગ્ન કરીશ.
અને બધા છે એ સમર્થ તો ખૂબ થઈ ગય છે
ભગવાનને કોઈ કૌતુક નથી, પણ મિત્રો એમને
કહે છે કે ચાલો ફરવા જઈએ. કૃષ્ણ મહારાજ-
ની આયુધશાળા છે. અને મિત્રો કહે છે કે
તમે આના બધા આયુધો ચલાવો, ચક્ર જે હતું
એને કુંભારના ચક્રની જેમ ફેરવી દે છે. વાસુ-
દેવનું ચક્ર બીજા કોઈ એને હાથ પણ ના-
લગાડી શકે. ને ભગવાને એને કુંભાર ના-
ચાકડા ની જેમ પોતે ફેરવી દીધું. શાર્ન્ગ-
નામનું વાસુદેવ નું જે ધનુષ્ય હતું, કોઈ એમાં
પણછ ચડાવી ન શકે એ વળી ના શકે,
પણ ભગવાને તો આમ જાણે કમળની નાળ
હોય, એ રીતે એને નમાવી દીધું, કૌમુદીકી
નામની ગદા હતી, એ મણ કોઈ લાકડી-
હોય એમ ઉપાડી લીધો. પાંચજન્ય નામનો
વાસુદેવનો જે શંખ છે એને મોઢામાં લઈને
એમાં જોરથી ફૂંક મારી ને જેવી ફૂંક મારી
એટલે બધા હાથીઓ હતા એ બધા ગભરાયા
એમની જે થાંભલે બાંધ્યા હતા, એ થાંભલાની

તોડીને હાથીઓ દોડવા લાગ્યા. બધી જે ઘરોની શ્રેણી હતી એ તૂટવા લાગી. અશ્વશાળામાં જે બધા ઘોડા હતા, એ બંધનોને તોડી-તોડીને ભાગવા લાગ્યા. આખા નગરમાં શોર કોલાહલ થઈ ગયો. આખું વાતાવરણ જાણે બહેરું થઈ ગયું, ઉગ્ર થઈ ગયું. અને કૃષ્ણ મહારાજ વિચારે છે, કે મારો શું કોઈ વૈરી ઉત્પન્ન થયો છે? વ્યાકુળચિત્ત વાળા શ્રી કૃષ્ણ મહારાજ, દોડીને પોતે આયુધશાળામાં જાય છે. નેમિકુમારને જોઈને બહુ આશ્ચર્ય પામે છે, અને એમને થયું કે ખરેખર એમનું બળ મારાથી વધારે હોવું જોઈએ. આપણે તપાસ કરીએ કોનું બળ વધારે છે. નેમિકુમારને કહે છે, આપણે ભુજ બળની પરીક્ષા કરીએ, અને નેમિકુમાર પોતે વિચારે છે, કે જો કુસ્તી આપણે મારી સાથે કરી, તો એમની હાલત બહુ ખરાબ થઈ જશે. ભગવાનને દયા આવે છે, એટલે ભગવાન કહે છે કે આપણે રાજપુત્ર છીએ, ભાઈઓ છીએ, ને આપણે આવી રીતે બાથોને એ સારું ના લાગે. આપણે બળની પરીક્ષા કરી લઈએ, આપણે ભુજબળની પરીક્ષા કરીએ! હું આમ હાથ રાખું તમારે વાળવાનો, તમે આમ હાથ રાખો મારે વાળવાનો, ને આ રીતે આપણે પરીક્ષા કરીએ. એટલે શ્રી કૃષ્ણ કહે છે કે સારું પહેલા હું મારો હાથ આમ રાખું છું, તમે વાળી બતાડો. અને ભગવાને તો જાણે આમ કમળની નાળ હોય, એમ રમત માત્રમાં એમનો હાથ વાળી દીધો. હવે કૃષ્ણ મહારાજની વારી આવી. નેમિકુમારે હાથ આમ લંબાવ્યો છે. બધી જ તાકાત લગાડી દીધી છે, પોતે વાસુદેવ છે, અતુલ્ય બળના સ્વામી છે, પણ સામે કોણ છે!

તીર્થંકર છે, પોતાનું બળ ચાલતું નથી. બધી
તાકાત લગાડી ને પણ હાથ હજુ એ નમતો નથી,
એટલે કૃષ્ણ મહારાજ હાથ ઉપર આમ લટકી-
ગયા છે, તો પણ બાહુ છે એ વળતો નથી.
અને ત્યારે એમના મોઢા ઉપર શોક છવાઈ-
ગયા છે, દુઃખ થાય છે. અહીં કહે છે કે હરિ છે
તો, હરિના બે અર્થ થાય એક અર્થ થાય કૃષ્ણ,
અને બીજો અર્થ થાય વાંદરો. તો આમ વાંદરાનું
મોઢું કાળુ હોય, અહીંયા શોક એટલો થયો,
એટલે પોતાનું જે હરિ નામ હતું તે યથાર્થ થઈ
ગયું.

કૃષ્ણ મહારાજને આ ઘટનાથી પોતાને
એકદમ SHOCK લાગે છે ને વિચારે છે કે
બળ તો એમની પાસે વધારે છે એ નક્કી
થઈ ગયું. છતાં એ મારે પુત્ર્યું છે ને માત્ર
બળથી પૂરી શકાતું નથી, પણ બુધ્ધિ પણ હોવી
જોઈએ. જેમ શંકરે સમુદ્ર મંથન કર્યું, પણ દેવો છે
એમાંથી જે રત્નો હતા એ પામી ગયા. સ્થુલ-
જનો હોય તે કલેશ પામે છે. જેમ ~~દાંત~~ દાંત હોય
એ મહા પ્રયત્નથી ભોજનને પોતે ચાવે, પણ
જીભ જે છે એને સ્વાદ મળે, એટલે મારે કોઈ
બુધ્ધિ વાળુ કામ કરવું જોઈએ, બલરામ સાથે
શ્રી કૃષ્ણ વિચારે છે. શું કરશું કે નેમિકુમાર
બળવાન છે, મારા કરતા પણ શક્તિશાળી છે,
રાજ્ય એમને મળી જશે ને એ સમયે-
આકાશવાણી થાય છે, કે હે શ્રી કૃષ્ણ-
પેલા નમિનાથ તીર્થંકરે કહ્યું હતું, કે નેમિનાથ
તીર્થંકર કુમાર અવસ્થામાં દીક્ષા લઈ લેશે.
માટે તમારે ચિંતા કરવાની જરૂર નથી. દેવ-
વાણી સાંભળી ને પણ, એનો નિશ્ચય કરવા

માટે, એ પરણશે કે નહિ ? રાજ્ય લેશે કે નહિ ? એનો નિશ્ચય કરવા માટે પોતાના અંતઃપુર - અંતઃપુર એટલે કે રાણીઓનો સમૂહ, એમની સાથે પોતે જલક્રીડા કરવા માટે જાય છે. નેમિકુમાર ને પણ સાથે લીધા છે, અને શ્રી કૃષ્ણ, નેમિ-કુમારનો હાથ, પોતાના હાથથી પકડી સરોવરમાં પ્રવેશ કરે છે. કેસર મિશ્રિત સુવર્ણ કળશો છે, જે જળથી ભરેલા છે. એનાથી નેમિકુમાર ઉપર સિંચન કરે છે. પોતાની રુક્મીણી વગેરે રાણીઓ છે, શ્રી કૃષ્ણ એ રાણીઓને કહે છે, કે મારા-તરફથી તમને બધી જ છૂટ છે, તમારે જેટલી હસી-મશ્કરી કરવી હોય, જેટલો નેમિકુમાર ને લોભાવવા હોય, એટલા તમે લોભાવો શકો છો. જે કરવું હોય એ કરો, પણ નેમિકુમાર લગ્ન-કરવા માટે તૈયાર થાય, એવું તમે કરો. ને એ સમયે બધી રાણીઓ, આમ તો સતી છે, મહાસતી છે, ભરહેસર ની અંદર એમના નામ-પણ આવે છે પણ પતિની આજ્ઞા છે, ને પતિની આજ્ઞાનાં પાલન માટે, પોતે એમને-મોહિત કરવાનો પ્રયાસ કરે છે. કેટલીક રાણીઓ આવે છે, કેસર વાળા જળથી એમના ઉપર છંટકાવ કરે છે. કેટલીક એમની છાતી ઉપર પુષ્પ ના-દડાઓથી માર મારે છે. કેટલીક એમની સામે આડથી બિડાયેલી આંખો થી જુએ છે, જેથી એમના નેત્ર ના બાણ એમને વિંધી નાખે. કેટલીક કામ કળામાં કુશળ છે, એટલે એવી મશ્કરી વાળી વાતો કરે છે. નેમિકુમાર ને - લોભાવવાનો પ્રયાસ કરે છે, કેટલીક સુગંધી જળથી સુવર્ણ કળશો ભરી ભરીને, એમના ઉપર અભિષેક કરે છે. ને આ રીતે પરસ્પરની ક્રિડા ચાલુ છે.

એ સમયે દેવવાણી થાય છે કે હે સ્ત્રીઓ તમે
બધા મુગ્ધ છો, તમને ખરેખર બુદ્ધિ નથી,
જેમના બાલ્ય કાળમાં આટલી બધી અપ્સરા-
અને દેવીઓથી જેમનો અભિષેક થયો મેરૂ પર્વત
ઉપર, છતાં પણ જેમનું રૂંવાડુ પણ ફરક્યું નથી,
એ તમારાથી શું વ્યાકુળ થવાના. તમારાથી-
શું ક્ષોભ પામવાના ? અને નેમિકુમારને શ્રી
કૃષ્ણ પણ એમના ઉપરોધ થી જલક્રિડા કરે છે.
જલક્રીડા કરીને પછી કિનારે આવે છે. નેમિ-
કુમાર ને બધા સુવર્ણ ના આસન ઉપર બેસાડે
છે રાણીઓ એમને ઘેરી વળી છે, અને એક
રાણી નેમિકુમાર ને કહે છે, કે હે નેમિકુમાર,
અમને ખબર છે તમે લગ્ન કરતા બહુ ગભરાવ
છો. તમે શા માટે ગભરાવ છો, તો તમને
ડર છે, કે બૈરી આવશે ને પછી તે કહેશે કે
મારે તો આવા ઘરેણા જોઈએ, ને મારે તો
આવી સાડી જોઈએ ને મારે તો આવું જોઈએ
ને મારે તો પેલું જોઈએ, અને હું એ બધું
કઈ રીતે પુરુ કરીશ, એટલા માટે તમને બહુ
જ ગભરાટ થાય છે. પણ તમારે બિલકુલ-
ડરવાની જરૂર નથી. આમ EGO HURT કરીને
હું કાંઈ થોડી ડરું છું, ચાલો હું તૈયાર છું
લગ્ન કરવા માટે, આવું કાંઈક બોલી જાય,
એના માટે ઉશ્કેરે છે. એ રાણી કહે છે,
કે તમારા જે ભાઈ છે, એ બત્રીસ હજાર સ્ત્રીઓ-
ને તો સાચવે છે, હવે તમારી એક સ્ત્રી-
એના ઘરેણા વગેરે નું પણ પુરુ કરી દેશે.
માટે તમારે બિલકુલ ડરવાની જરૂર નથી.
તમે બિંદાસ લગ્ન કરી લો. અને સત્યભામા
છે એ કહે છે, કે ઋષભ વગેરે જે જિનેશ્વરો

હતા. એમણે પણ લગ્ન કર્યા, એ પણ રાજા બન્યા, વિષયો ને પણ ભોગવ્યા, એમને દીકરાઓ પણ થયા. અને મોક્ષે પણ ગયા. તો તમે ક્યા નવા તીર્થંકર થઈ જવાના છો, તમારે શા માટે આ રીતે આજીવન કુમાર જ રહેવું જોઈએ, લગ્ન ના કરવા જોઈએ. હવે આગળ કહે છે, જાંબવતી એમ કહે છે કે હે નેમિકુમાર, આપણ વંશમાં પહેલા મુનિસુવ્રત સ્વામી પણ થયા. બાવીસ તીર્થંકરો એમનો વંશ ઈક્ષ્વાકુ-વંશ છે. મુનિસુવ્રત સ્વામી અને નેમિકુમાર એમનો વંશ હરિવંશ છે. એટલે જાંબવતી કહે છે, કે આપણા વંશ ની અંદર મુનિસુવ્રત સ્વામી ભગવાન પણ થયા, એમણે પણ લગ્ન કર્યા, એ પુત્ર-વાન પણ થયા. મોક્ષે પણ ગયા. એટલે હું જો લગ્ન કરીશ તો મારો મોક્ષ નહીં થાય, આવો ડર રાખવાની તમારે જરૂર નથી. પદ્માવતી કહે છે, કે પ્રિયા ના હોય ને, પત્ની ના હોય ને તો માણસની કોઈ શોભા થાય નહીં. જે-પરણેલો ના હોય તો વાંઢો કહેવાય. લોકો એના ઉપર વિશ્વાસ પણ ના કરે, એને આવી રીતે કહે છે.

ગાંધારી કહે છે કે હે નેમિકુમાર, જો પત્ની ના હોય ને, તો પછી ક્યાંક ઉજાણી-માં જવાનું હોય, બધા COUPLE આવ્યા હોય, તમે એકલા હો. તમે કેટલા બધા ખરાબ દેખાવ. તમારી કોઈ શોભા ન થાય, વિવાહ હોય, ઉત્સવ હોય, પર્વ હોય, યાત્રા હોય, પીંજણ હોય, આ બધું શેનાથી થાય?, સારી પત્ની હોય તો આ બધા કાર્યો સારી રીતે થાય. નહીં તો ના થાય. ગૌરી કહે છે, હે દિયર, પક્ષીઓ હોય ને તેઓ

DATE

અજ્ઞાની હોય, વિવેક વગરના હોય તો એ આખો
દિવસ ફરીને, એમ સાંજે પોતાના માળામાં,
પોતાની પત્ની સાથે રહે, તમે શું એમના-
કરતા પણ વધારે મૂઢ છો! લક્ષ્મણ કહે છે,
કે જો પત્ની ના હોય, તો પુરુષની સ્નાન,
સર્વાંગ પરિચર્યા, એમની સેવા આ બધું કોણ-
કરે. દુ:ખ વગેરે હોય તો એમાં સહાય કોણ
કરે? રુક્મિણી પણ કહે છે, હે નેમિકુમાર,
ઘરે કોઈ અતિથિ આવે, મુનિ આવે તો પછી
પત્ની ના હોય તો કોણ સત્કાર કરે. મનુષ્ય-
છે જો શોભા પણ કઈ રીતે પામે. રાણીઓ
બધી બોલાવવા મથે છે. નેમિકુમાર સ્વસ્થ
પણે બેઠા છે. રૂંવાડું પણ એમનું ફરકતું-
નથી. અને પોતે સાવ મૌન છે. ખબર છે કે
આ બધાને કંઈ કહેવા જેવું નથી. અને એના
માટે પોતે મૌન છે. અને જે સમયે એ
ગોપીઓ છે, એ રાણીઓ છે, એવો એક
ન્યાય આપે છે, કે તમે ના ન પાડો એટલે
તમારી એમાં અનુમતિ છે. ને આ રીતે
પોતે જાહેર કરી દે છે. પ્રયાસ કરવાનો તો
પોતે જે કર્યો હતો, પ્રયાસ પોતે કરી દીધો.
ને હવે RESULT પણ પોતે જ જાહેર કરી
દે તો પોતાની પણ આબરૂ રહે. એટલે
કહી દે છે કે નેમિકુમારે લગ્ન કરવાની રજા
આપી દીધી છે. ને જાહેરાત આ રીતે જોર-
શોરથી કરી દીધી. શ્રી કૃષ્ણ છે એ-
ઉગ્રસેન રાજાની દીકરી રાજીમતી એમની
માંગણી કરે છે. સમુદ્રવિજય રાજા લગ્ન મુહૂર્ત
માટે પોતે નૈમિત્તિકો ને પૂછે છે કે કોઈ
મુહૂર્ત અમને આપો. એ સમયે નૈમિત્તિક

કહે છે કે ચોમાસુ છે, જેમાં બીજા કોઈ શુભ-
કાર્ય પણ કરાય નહીં. તો ગૃહસ્થ જીવનમાં જે
મુખ્ય કાર્ય છે, તે વિવાહની તો શું વાત કરવી.
અને સમુદ્રવિજય રાજા કહે છે કે તમારી વાત
સાચી છે. પણ નેમિકુમાર માંડ માંડ લગ્ન માટે
તૈયાર થયા છે. હવે જો આપણે ચોમાસ પછી-
મુલતવી રાખીએ, તો કદાચ ફરી પણ જાય. એટલે
તમે કોઈ સારામાં સારો દિવસ નજીકમાં આવતો
હોય તે આપો ને, જેથી વિવાહમાં વિઘ્ન ન-
આવે. નૈમિત્તિક કહે છે કે શ્રાવણ-સુદ-છઠ
એ શુભ દિવસ છે. અને સ્થાનમાં વિવાહ ઉચિત
સામગ્રી તૈયાર થાય છે, લગ્ન દિવસ નજીક આવે
છે. અને એ સમયે હવે વિવાહ યોગ્ય આડંબર
એવા સમુદ્રવિજય, બલભદ્ર, વગેરે પરિવારવાળા-
પ્રભુ પ્રમોદિકા છે. છત્ર ઉપર રાખ્યું છે. રથ-
માં આરૂઢ થયા છે. પાછળ ધવલ- મંગલ-
ગીત ગાતી રહ્યા છે, અને નેમિકુમાર છે જે
લગ્ન માટે આગળ જઈ રહ્યા છે, એક
મોટો રાજમહેલ દેખાય છે, સારથિને પુછે છે કે
અનેક મંગલોથી સુશોભિત એવો આ સુંદર મહેલ
કોનો છે. અને એ પણ આંગળીથી પોતે એ
મહેલ ને બતાડીને કહે છે, આપના જે સસરા-
ઉગ્રસેન રાજા, એમનો આ મહેલ છે. અને
તમને જે એ કન્યાઓ દેખાય છે ને એ કોણ
છે કે, તો રાજુમતી ની સખી ચંદ્રાનના ને
મૃગલોચના છે. અને સખી છે એ પરસ્પર વાત
કરે છે. મૃગલોચના નેમિ કુમાર ને જોઈને,
ચંદ્રાનના ને કહે છે, કે રાજુમતી પ્રશંસનીય છે
કારણકે આવો વર એની હાથ લેશે. ચંદ્રાનના
પણ મૃગલોચના ને કહે છે, કે શ્રેષ્ઠ રાજુમતીને

નિર્માણ કરી ને જે આ વર સાચે વિધાતા જો
નહીં, તો વિધાતા જ પોતે વખણાય જાય. ત્યાં
વાજિંત્ર નો શબ્દ સાંભળીને, રાજુમતી પોતાની
સખીઓ પાસે આવે છે. ને કહે છે કે તમે
એકલા એકલા જ આ રીતે વરને જુઓ છો,
મને કેમ નથી દેખાડતા ? પોતે પણ એમની
વચ્ચે જઈને, નેમિ કુમાર ને જુએ છે, આશ્ચર્ય-
ચકિત થઈ જાય છે. નેમિકુમાર ને જોઈને -
રાજુમતી વિચાર કરે છે, શું આ પાતાલકુમાર-
હશે ? શું કામદેવ હશે ? શું સુરેન્દ્ર હશે ?
કે મારા પુણ્યનો મૂર્તિમંત સમુહ હશે ? કે -
વિધાતા ના પગ હું પખાળું લઉં, જેમણે શોભા -
આદિ અનેક ગુણવાળા આવા વરનું નિર્માણ કર્યું છે
જે સમયે મૃગલોચના જુએ છે, કે એમની સખી-
એમના વરને એકીટસે જોઈ રહી છે. મશ્કરી -
કરવાનું મન થાય છે. એટલે કહે છે કે હે
સખી ચંદ્રાનના આમ તો આ બધા ગુણ વાળો
છે. પણ આ વરમાં એક દુષણ તો છે પણ
આ એની પત્ની રાજુમતી સાંભળે, હમણાં નથી
કહેવું, એટલે ચંદ્રાનના કહે છે કે હા મને
ખબર તો પડી ગઈ પણ હમણાં તો મૌન રાખો,
કારણકે રાજુમતી છે જે સાંભળે છે. હમણાં -
કાંઈ પણ બોલતા નહીં. જે સમયે રાજુમતી છે
એ કહે છે કે હે સખીઓ ભલે મારો વર ન
થાય ભલે કોઈ ધન્ય કન્યાનો વર થઈ જાય,
પણ એ સર્વ ગુણથી યુક્ત છે. એમાં દુષણ
કાઢવું એટલે દુધમાંથી પોરા કાઢવા જેવું છે.
એ અસંભવ્ય છે, એટલે સખીઓ કહે છે કે
એ રાજુમતી અમારો કોઈ દ્વેષ નથી પક્ષપાત
નથી. જે છે એ અમે તને કહીએ છીએ.

ઘરમાં બધા ગુણ હોય એ પછી દેખાય, પહેલા-
નંબરની શરત છે કે વર છે એ કેવો હોવો જોઈએ
ગોરો હોવો જોઈએ. જો એ ગોરો હોય તો પછી
બીજા બધા ગુણ ખબર પડે, અને જે સમર્થ એ
સખીઓ કહે છે, કે આ તો છે ને શ્યામ દેખાય-
છે. એટલે રાજુમતી ને પણ ઈર્ષા થાય છે,
રાજુમતી કહે છે કે અત્યાર સુધી માનતી હતી કે
તમારામાં બુદ્ધિ કાંઈક છે, પણ હવે મારો એ
ભ્રમ ટળી ગયો. કારણકે સકલ ગુણનું કારણ જે
શ્યામત્વ છે, જે ભૂષણ છે, એ પણ તમે ભૂષણ રૂપે
કહ્યું છે. માટે તમે સાવધાન થઈ ને સાંભળો-
કે શ્યામત્વ માં કયા ગુણો છે. માત્ર ગોરા પણું
હોય તો એમાં કયા દોષો છે. પૃથ્વી છે-
એ પણ કાળી હોય છે, ચિત્રવલ્લી એ પણ કાળી હોય
છે, કસ્તુરી કાળી હોય છે, આંખની કીકી કાળી
હોય છે. મેઘ કાળા હોય છે. વાળ કાળા હોય છે.
કસોટી નો પત્થર કાળો હોય છે. શાહી કાળી હોય
છે. પણ આ બધા કાળા હોય તો જ શોભે. કાળા
છે એટલે ઘણા બધા ફળ આપનારા છે. એટલે
આ કાળાપણાની અંદર પણ ઘણા ઘણા ગુણો રહેલા છે.

અને બીજુ બાજુ તમને કહું, કે
કપૂર સફેદ હોય છે, પણ એ કપૂર અંગારો બની
જાય. ચંદ્ર સફેદ હોય પણ એની અંદર કલંક
હોય છે. આંખ છે એની કીકી જો સફેદ હોય,
તો બહુ જ ખરાબ લાગે, ભોજનની અંદર જે
મરી હોય છે એ કાળા હોય તો પણ એ ગુણ
વાળા થાય છે. લવણ ની અંદર ખારત્વ છે,
લવણ કેવું છે, સફેદ છે. પણ એની અંદર શું
હોય, ખારા પણું હોય. કોઈ બહુ ગોરો હોય તો

તો એ પ્રાય: કરીને રોગી વધારે રહે, તો એ
એના ગાલિપણામાં હોય છે. ને આવા બધા
જે હોય એ માત્ર સફેદ હોય, એમાં રહેલા છે
આ રીતે સખીઓનો વિવાદ થઈ રહ્યો છે. નેમિ-
કુમાર હવું નજીક.. હવું નજીક.. હવું નજીક-
આવી ગયા છે, મહેલની આગળ નીકળ્યા છે,
વિવાહ મંડપ સુધી પહોંચે, એની પહેલા એક-
વાડો છે, વાડામાંથી પશુઓનો કરૂણ સ્વર આવી
રહ્યો છે. સારથીને પુછે છે કે આ આવો
ભયંકર - કરૂણ સ્વર કોનો છે. અને સારથી
કહે છે, આપના વિવાહમાં ભોજન માટે આમાં
પશુઓ લાવવામાં આવેલા છે. અને જે પશુ-
ઓને હવે ભોજન માટે મારી નાખવાના છે,
એના માટે એ પશુઓ કરૂણ સ્વર કરી રહ્યા છે.

એ સમયે નેમિકુમાર વિચારે છે,
ધિક્કાર થાઓ, અમારો વિવાહ ઉત્સવ એ આ-
જીવોના મરણ રૂપ થશે. આ બાજુ રાજમતી -
કહે છે કે સખીઓ મારી જમણી આંખ ફરકી
રહી છે. સખીઓ કહે છે કે તમારું જે
અમંગળ હોય, તે નાશ પામો. નેમિકુમાર -
સારથીને કહે છે, કે રથને પાછો વાળો,
અહીં વાત કરે છે, નેમિકુમારની એક હરણ છે
એ જુએ છે, અને એણે પોતાની ડોકથી
પોતાની જે પત્ની છે હરિણી એની જે ડોક એને
ઢાંકીને પતિ રહેલી છે. કવિ કલ્પના કરે છે
કે જે હરણ છે એ કદાચ એવું કહેવા માંગે
છે, હે સ્વામી, આ મનોહારિણી મારી
પત્ની છે, એને તમે મારતા નહીં. એનો
વિયોગ એ મને મરણ કરતા પણ વધારે દુઃખ!

છે. હરીણી છે એ પણ નેમિકુમાર ને એની
માંગણી કરી રહી છે, આ પ્રસન્નવદન વાળા-
મહાપુરુષ છે. સર્વ જીવોના નિષ્કારણ બંધુ છે.
માટે હે પ્રિય, તમે એમને કહો કે એ બધા જીવોની
રક્ષા કરે. અને હરણ પણ માગે નેમિકુમાર ને કહે
છે, કે અમે વનમાં વસીએ છીએ, અમે ઘાસ
ખાઈએ છીએ, ઝરણાનું પાણી પીએ છીએ,
અમે કોઈનું કશું બગાડયું નથી, તો અમને
શા માટે મારો છો! અમને બચાવો, આ રીતે
બધા પશુઓ એકીટશે નેમિકુમાર ને જોઈ રહ્યા છે
જાણે કે વિનંતી કરી રહ્યા છે, એ સમયે ભગ-
વાનનું હૈયું પણ ઝાલ્યું રહેતું નથી, અને ત્યાં જ
પશુ રક્ષકો છે, એમને આદેશ કરે છે. આ
બધા પશુઓને છોડી દો, વાડો ખોલી નાખે
છે. પશુઓ બધા જતા રહે છે. સારથી પણ
રથને વાળે છે. કવિ કલ્પના કરે છે, કે ચંદ્ર
માં જે કલંક છે, રામ-સીતા ના વિરહ માં જે
કારણ હતો, એ નેમિકુમાર-રાજુમતી ના ત્યાગમાં
પણ કારણ બને છે. હરણ નું એક સમાનાર્થી
શબ્દ છે કુરંગ, કુરંગ એટલે રંગમાં ભંગ પાડનાર,
એ પોતાનું નામ છે એને સાર્થક કરે છે.

"સમુદ્રવિજય અને શિવાદેવી વગેરે",
એ બધા હવે રથનો પીછો કરે છે, યાદવો પણ
પીછો કરે છે, રથને OVER TAKE કરીને વચ્ચે
બધા ઉભા રહી જાય છે. સમુદ્રવિજય અને શિવા-
દેવી બંને ઉભા છે, નેમિકુમારની રથ સામે છે ને
આંખમાંથી આંસુ વહી રહ્યા છે. શિવાદેવી પોતે
નેમિકુમાર ને કહે છે, કે દીકરા, અમને ખબર છે
લગ્નમાં તને કોઈ જ રસ નથી. જન્મજાતનું વૈરાગી છે.

તારો વૈરાગ્ય જોઈને લગ્નનો આગ્રહ કરતા અમારો જીવ પણ થાકતો ન હતો પણ બેટા, તારા-માટે નહીં, વિષય સુખ માટે નહીં, સ્ત્રીના સુખ માટે નહીં, માત્ર ને માત્ર તારી મા નું દિલ-રાખવા માટે, અમારા માટે, અમારા કહેવાથી નુ લગ્ન કરીને અમને વહુ નું મોઢું દેખાડ. અમારો આ મનોરથ છે, અને નેમિકુમાર પોતે માતાને કહે છે, કે હે માતા,

मुग्धाग्रहमिमं मातः मानुषीषु न मे मनः।

મા તે ઘણી બધી વાર આગ્રહ કર્યો છે, મેં ઘણી બધી વાર ટાળ્યું છે. અહીંયા સુધી આવવાનું પણ કારણ હતુ, આ બધા આગ્રહ કરીને લઈ આવ્યા. હવે મારું બિલકુલ મન નથી. ને હવે મને આ વિષે નો આગ્રહ તું કરતી નહીં.

मुक्तिस्त्रीसङ्गमोत्कण्ठमकुण्ठमवतिष्ठते ॥

મારું મન છે એને હવે આ દુનિયાની સ્ત્રી-નથી જોઈતી. હવે મુક્તિ રૂપી સ્ત્રી જોઈએ છે. મા તુ કોઈ જ આગ્રહ કરતી નહીં. સમુદ્ર-વિજય રાજા જે પણ વચ્ચે આવી ગયા છે. અને કહે છે, બેટા, આટલી અમારી વિનંતી સાંભળી લે, આટલુ સાચવી લે, એક વાર લગ્ન કરી લે, પછી તારે જે કરવું હોય એ કરજે, અને-નેમિકુમાર કહે છે, કે એક સ્ત્રીના પરિગ્રહની અંદર હિંસા કરવાની કેટલી ? આ બધી રાણીઓ એ મને મનાવવા માટે કેટકેટલી દલીલો કરી, એક એક દલીલના મારી પાસે જવાબ હતા, શું સમાજમાં સારું લાગે એટલા માટે લગ્ન કરવાના ? એ સેવા કરે, મહેમાનો નો સત્કાર કરે એના માટે લગ્ન કરવાના ? એના માટે સંસાર માંડવાનો ? એક સ્ત્રીનો પરિગ્રહ

એમાંથી આજી દુનિયાની બધી જ હિંસાઓ પેદા-થઈ જાય છે. પિતાજી, આ જે હિંસા છે એમાંથી સહન થાય એમ નથી, હિંસા કરવા માટે હું બિલકુલ રાજી નથી, પિતાજી બીજી કોઈ પણ વાત હોત, ધર્મની વાત હોત તો હું સ્વીકારી લેત, આ એવી વાત છે,

मूलं उअं अहम्मस्स।

આજી દુનિયાના જેટલા અધર્મ છે, એનું મૂળ હોય તો એ શું છે ? તો એ મૈથુન છે. આ વિવાહ છે. વિવાહ મૈથુનનું કારણ બને. મૈથુન અધર્મનું કારણ બને. અધર્મ જીવોના કચ્ચરઘાણનું કારણ-બને, પિતાજી તમે એમ ઈચ્છો છો કે તમારો દિકરો પાપો કરીને દુર્ગતિમાં જાય ? પિતાજી તમે કદાચ એમ કહો કે પૂર્વના તીર્થંકરોએ લગ્ન કર્યા હતા, દીકરાઓ એમને થયા હતા. છતા મોક્ષે ગયા હતા. પણ પિતાજી મારી વાત સાંભળી લો. એમનું એવું કર્મ હતું,

अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्

એ ભોગાવલી કર્મને તેઓ આધિન હતા, મારા જ્ઞાનથી હું જાણું છું, કે મારું કર્મ સમાપ્ત થઈ ગયું છે. પોતાના સુખ માટે, પોતાના ચેન માટે, એક નાનકડા સ્વાદ માટે, જીવોનો કચ્ચર-ઘાણ આપણે કેટ કલેજે વાળતા હોઈએ ને, હું તમને કહું છું, એ દ્રશ્યને સામે લાવજો, -અપ્સરાઓને પણ શરમાવે એવી રાજમતી સામે ઉભી છે, એ પરણાની રહી છે, એ ચાહી રહી છે, નવ-નવ ભવની પ્રેમ છે, પોતે પણ યૌવનમાં છે, પોતે કૃષ્ણ વાસુદેવ પોતાના લગ્ન કરાવવા માટે આવ્યા છે. કેટકેટલી રાણીઓ એ એમને સોલાવ્યા છે.

પુષ્પમાલા ગ્રંથની અંદર મલધારી હેમચંદ્ર સૂરી મહારાજ

કહે છે માગે કે કોઈ ૮૦-૯૦ વર્ષની ડોશી હોય, એવી રીતે જેણે સોળ વર્ષની રાજુમતી ને છોડી, એ નેમિનાથ ભગવાન એ એક વૈરાગ્ય ની-પરાકાષ્ટા છે.

એક નાનકડા સુખ માટે પશુઓની-કચરઘાણ વાળતા આપણે ક્યાં છે, એ દ્રશ્યને સામે લાવો, ભગવાનનો રથ જાય TURN લઈ રહ્યો છે, સામે રાજુમતી ઉભી છે, ભગવાનની મુખ મુદ્રા ઉપરથી વૈરાગ્ય નીતરી રહ્યો છે, આજે તમારા ઘરો એવા છે, જ્યાં દ્રષ્ટિ પડે ત્યાં કોઈની રાગ ન જાગતો હોય તો મની મય, આત્માના હિતની પડી હોય, આત્માના કલ્યાણની ચિંતા હોય, તો કેવા દ્રશ્યો ઘરની બહાર હોવા-જોઈએ, કેવા ચિત્રો હોવા જોઈએ, પાર્શ્વનાથ-ભગવાને દીક્ષા કઈ રીતે લીધી. એવું ક્યું નિમિત્ત બન્યું, વૈરાગ્ય હતો તો ખરો, ભભૂકી ઉઠ્યો, બધું જ છોડી ને પોતે દીક્ષા લીધી એ ચિત્ર ક્યું જોયું હતું, નેમ રાજુ ચિત્ર વિરાજુ, વિલોકિત પ્રત લીજે! શ્રાવકનું ઘર કેવું હોય, આત્માર્થી ના ઘરનું વાતાવરણ કેવું હોય, આપણા મનમાં શું રમતું હોય છે, એક બાજુ પશુઓ છે, આ બાજુ રાજુમતી છે, આ બાજુ નેમિકુમાર છે.

નાનકડી કન્યા હતી, લગ્ન નક્કી-થયા છે. હજુ લગ્ન થયા નથી, પોતાનું ભાવિ સાસરું છે જેમાં કોઈ પ્રસંગ હોય, તો જવાનું થાય. સાસરે ગઈ છે એ કન્યા, ઘરમાં ફરી રહી છે, ઘરની પાછળ આંગણું છે,

આંગણામાં જાય છે, આંટો મારતા જુએ છે, ખુણા-
ની અંદર છાણાનો ઢગલો પડ્યો છે. છાણાનો
ઢગલો જોઈને કન્યા જરા વિચાર કરે છે. પોતાને
ત્યાં આવું જોયું નથી. એક છાણું હાથમાં લે છે,
સુકું છાણું છે, આમ જરા તોડે છે, અંદરના
પોલાણમાંથી એક કીડો બહાર આવે છે. પોતાના
સાસુને પુછે છે, કે આ છાણા શેના માટે છે
અને સાસુ જવાબ આપે છે, કે આપણે ત્યાં
જે ચૂલો છે એ તો છાણાથી ચાલે, અને
ચૂલો સળગાવવા માટે આપણે છાણા રાખેલા છે,
તો એ કન્યા વિચાર કરે છે કે પરણીને મારે
અહીંયા આવવાનું, એક સંસારનું તુચ્છ વિષય-
સુખ ને એના માટે મારે આખી જિંદગી આ
છાણાઓ બાળવાના, છાણાની અંદર કીડા હશે
ને એ કીડાએ બળી જશે, આ વિરાધના મારે
કરવી નથી, મન ચકરાવે ચડ્યું છે, ઘરે પાછી
ગઈ છે. ચેન પડતું નથી, મા-બાપને વાત કરે-
છે, મારે લગન નથી કરવા મારે દીક્ષા લેવી છે.

પતંજલિ યોગસુત્ર ની અંદર કહે છે,

નાનુપહત્ય ભૂતાનિ ભોગ: સમ્ભવતિ ।

દુનિયાનું એક પણ વિષયસુખ એવું નથી, જે
જીવોની હિંસા કર્યા વગર મળી શકતું હોય. તમે
શાંત ચિત્તે વિચારો, તમને શું ગમે છે? તમને
શું જોઈએ છે? તમને આ MOBILE ઉપર
કાંઈ ને કાંઈ કર્યા કરવું ગમે છે, તમે એના-
મૂળ માં જાવ કે એના મૂળ ક્યાં સુધી જાય છે.
આજે અમદાવાદ માંથી ચકલીઓ અલોપ થઈ ગઈ
એનું કારણ તમારો મોબાઈલ છે. તમને આમ
ઠંડક ગમતી હોય A.C. ON કર્યુ છે, A.C. તમારે

વાપર્યું છે, ભવ ભ્રમણમાં જ્યાં જ્યાં એ NUCLEAR ELECTRICITY પેદા થાય છે, ત્યાં જે STAFF હોય એ બધો STAFF હંમેશા CANCER થી મરે છે. આ ELECTRICITY ના પાપ કેટલા છે- એના ભ્રમણમાં જશો ને પછી SWITCH ને હાથ-લગાડવા જશો ને તમારો હાથ ધ્રુજતો હશે, તમે SWITCH ON નહીં કરી શકો. તમારા VEHICLE ના પાપો એટલા, એના જેટલા PETROL અને જે PETROL BARTER EXCHANGE થી મળે છે, અહીંયા થી MEAT EXPORT થાય છે, GULF COUNTRIES માંથી PETROL આપણને મળે છે. કેટકેટલા પાપો, આપણે શાકાહારી છીએ પણ કે નહિ એ પણ એક બહુ મોટો પ્રશ્ન છે. એક-એક દિવસ સંસારનો આપણો પસાર થાય, ષટ્-કાયનો ભયંકર કચ્ચરઘાણ, પંચેન્દ્રિય જીવોની હત્યા, સીધે સીધું માંસ કદાચ આપણે આપણા મોઢામાં મુકીએ નહીં, એટલો ભેદ, એટલા બધા આપણા જીવનના પાપો, હું તમને કહું છું, પૂર્વ કાળમાં દીક્ષા જેટલી પ્રસ્તુત હતી, એના કરતા વધારે આજે પ્રસ્તુત છે. આજે એવો કાળ આવ્યો છે, સાધુ બનવું સહેલું છે, શ્રાવક-બનવું મુશ્કેલ છે. આજે તમે ગમે તેટલું-દોડો આકાશ-પાતાળ એક કરો, આજે જે હાયો છે, આજે જે TREND છે, આજે જે SYSTEM છે, એક એક SYSTEM બદલાય છે, આજે તમે મને કહો કે સાહેબ અમે તો એક છાણું આખી જિંદગીમાં બાળતા નથી, સાહેબ અમને આ દોષ ના લાગે, એ જે રીતે ગેસ બનતો હોય, એનો આખો PLANT તમે જુઓ, એની વિરાધના તમે જુઓ, અને-

તમને, ખરેખર થશે કે આપણે આ શું કરી રહ્યા-
છીએ. પેલા છાણમાંતો એકાદ કીડો મરતો હતો,
અહીંયા તો પૃથ્વી નો કચ્ચરઘાણ થઈ જાય છે.
રસ્તા પરથી વિહાર અમે કરતા હોઈએ, એક-એક
વિહારની અંદર જે દ્રશ્યો અમને દેખાય. એકાદ
વિહાર એવો ના હોય જેમાં એકાદ-બે મડદા-
અમને જોવા ન મળે. કોઈ કૂતરો હોય ને એ
કૂતરાનું પેટ ફાટી ગયું હોય, કોઈ વાંદરો મરી ગયો
હોય, અને કીડા મકોડાનો કોઈ હિસાબ ન હોય.
ક્યારેક આખે આખો સાપ હોય એ કાગળ જેવો
FLAT થઈ ગયો હોય, TYRE એના પરથી ફરી
ગયા હોય. દેડકા કાગળ જેવા થઈ ગયા હોય, એના
આકાર પરથી અમને ખ્યાલ આવે કે આ દેડકો
હોવો જોઈએ, એ તમારા TYRES ની નીચે કેટ-
કેટલા જીવોનો કચ્ચરઘાણ વળી જાય. આનો ક્યાં
કોઈ હિસાબ નથી, તમારી પાસે કદાચ કોઈ-
વિકલ્પ નથી, ગુરુદેવ અમને વાત કરે, કે
આજના જે પાપો થયા છે... પચાસ વર્ષ પહેલા-
નું એ જીવન હતું, લોકો બધા બહાર શૌચ માટે
જતા, આજે જે આ બધી FLUSH SYSTEMS
આવી, એની કેટલી કેટલી વિરાધના, એ અપકાય
ક્યારે, એમાં કેટલા કીડા મકોડાની વિરાધના,
મુંબઈની અંદર આ FLUSH SYSTEM થી સુધરાઈ
ના રોજના બે કામદારો મરી જાય છે. અંદર-
મળ-મુત્રમાં એણે ઉતરવાનું, ગળા સુધી એ
બધી ગંદકી હોય, ઝેરી GAS quick છૂટે તો ત્યાં ને
ત્યાં OFF થઈ જાય. ચામડીના કેટલા બધા-
રોગો થાય. નાનકડી ખોલી એને GOVERMENT
એ આપી હોય, અને એને જો આ પોતાની જગ્યા
કાયમ રાખવી છે, તો એના દીકરાને પણ એ જ

કામ કરાવવું પડે, વરસના સાતસોથી વધારે માણસો આ બધું સાફ કરતા.. કરતા મરી જાય છે. આ જિંદગીના પાપી કેટલા ? આપણે માનીએ કદાચ આપણે જાણતા નથી જાતા, હું તમને કહું છું આને તમારા રસોડાની અંદર જે શેરડી પણ બને, આ શેરડીને ભક્ષ્ય કહેવી કે અભક્ષ્ય કહેવી એ લાખ રૂપિયાનો પ્રશ્ન છે. એ ખેતરોને તમે જુઓ. પૂર્વકાળની અંદર દેશી-પદ્ધતિથી ખેતી થતી, વધારે કીડા વગેરે પડતા નહીં. આજે રાસાયણિક ખાતરો નો ઉપયોગ કરે, એ ખાતરથી વધારે કીડાઓ થાય. એ કીડાઓ જે થયા, એને મારવા માટે જંતુનાશકો ની મારી ચલાવવામાં આવે, એક એક ખેતરની અંદર-કરોડો ને અબજો કીડાઓ, એની કદાચ વિરાધના થાય.

એક ભાઈ મારી પાસે આવતા હતા-મને વાત કરી કે સાહેબ કપાસિયાનો ભાગીદારી માં ધંધો કરતો, એક દિવસ વિચાર આવ્યો કે ચાલો GODOWN માં જોઉં તો ખરો. GODOWN માં હું ગયો ને ત્યાં GODOWN ના બારણા-ખુલ્યા, અંદર પગ મુક્યો, ધારીને જોયું ને મારી આંખો ફાટી ગઈ, કરોડો ને અબજોની સંખ્યામાં કીડાઓ એ કપાસિયાની અંદર ખદબદી રહ્યા હતા, મારું મગજ છે એ બેર મારી ગયું. મને થયું કે આ બધા કપાસિયા મીલમાં જવાના, એ બધા માંથી તેલ નીકળવાનું, ને એ બધી જીવતી જીવાતો, એમનું પણ તેલ થઈ જવાનું, હું તમને કહું છું આ બધા પાપી ભોગવવા-નહીં પડે ?

જ્યાં સુધી મોક્ષમાં નથી ગયા ત્યાં સુધી ભવે-ભવે ષટ્કાયની હિંસા આપણે કરતા આવ્યા છીએ. આ એક ભવમાં એવી શક્યતા નથી, કાયમ માટે બધી જ હિંસાઓ બંધ કરી શકીએ, વહેલા માં-વહેલી તકે મોક્ષે જઈ શકીએ. ઘણી વાર અમે વિહાર કરતા એવા કોઈ ઉપાશ્રયમાં આવ્યા હોઈએ ને, વિહારધામ છે, અંદરની અંદર બનાવી દીધું હોય, ક્યારેક એવું બને, કીડીઓ બહુ હોય. સાંજે છ વાગ્યાનો વિહાર હોય ને અમારા મહાત્માઓ ત્રણ વાગે ને ચાર વાગે નીકળવા લાગે-લોઈ જલ્દી નીકળો અહીંથી, અહીંયા વિરાધના બહુ છે, અહીંયા કીડીઓ બહુ છે, વધારે રહેશું તો વધારે વિરાધના થશે. ભગવાન કહે છે કે આખો જીવલોક છે જે જીવોથી વ્યાપ્ત છે. ડગલે ને પગલે વિરાધના છે, એ તમે હવામાં માનો છો, એ તમે ફ્લેટમાં માનો છો, તો વહેલામાં વહેલી તકે તમે આ દુનિયામાંથી વિદાય લઈને મોક્ષે પહોંચી જાવ. આ ભવ હોય કે બીજો ભવ હોય, આજે કદાચ સારા સંસ્કાર છે, મોક્ષે ન ગયા તો આપણે કસાઈ વગેરેના ભવ પણ લેવા પડશે. માછીમાર પણ બનવું પડશે. POULTARY FARM ના ધંધા કદાચ આપણી નીચે ચાલતા હશે, કેટકેટલી વિરાધનાઓ, કેટકેટલી જીવોની હિંસાઓ, કેટકેટલાના લોહી પીવાના, કેટકેટલા જીવોની આંતરડી કકળાવાની, કેટકેટલા જીવોને ત્રાસ અને યાતના આપવાની, આચારાંગ સૂત્રમાં સુધર્મા સ્વામી કહે છે,

સવ્વે પાણા સુહસાયા

બધા જ જીવો ને સુખ ગમે છે, શાતા ગમે છે, અનુકૂળતા ગમે છે, આપણી અનુકૂળતા માટે

કેટલા આપણે ચિંતિત, ને જીવ જીવોની અનુકૂ-
ળતા માટે આપણને કંઈ જ પડી નહીં.

તમે કદાચ પ્રશ્ન કરો કે સાહેબ
દીક્ષા ની અંદર હિંસા છે કે નથી ? આજે
અમારું દુર્ભાગ્ય છે કે અમારે પાણીનો ઉપયોગ
કરવો પડે છે. ક્યારેક સંયમ યોગ્ય યોગ ન મળે
અમુક અમુક દોષો અમારા જીવનમાં લાગે પણ
જુઓ કેટલી આરાધનાઓ ભગવાને અમારા જીવનમાં
મુકી છે, પ્રાયશ્ચિત ની વિધિ મુકી છે
આલોચના કરીને મહાત્મા શુધ્ધ થઈ જાય, ચોથા
આરાના શુધ્ધ ચારિત્રનો લાભ આજના અશુધ્ધ
ચારિત્રની અંદર પણ મળી શકે. આજ ચારિત્ર-
ની આરાધના કરતા.. કરતા સંપૂર્ણ પણે
હિંસા મુક્તિ ક્યાં છે, એવા મુક્તિપદની પણ
પ્રાપ્તિ થઈ શકે. હું તમને કહું છું, સંસારમાં
આરાધી શું છે ? સંયમ એ ખાંડાની ધાર છે
એ કદાચ તમારી ધારણા છે. બહુ પ્રેમથી-
તમને કહું છું, હકીકત એવી છે, કે સંસાર
એ ખાંડાની ધાર છે. શ્રાવકપણું પાળવું એ
સાધુ પણું પાળવું એનાથી વધું અઘરું છે.
સાધુ પણામાં તો જાણ્યું છે, સમજ્યું છે,
સાચું અપનાવ્યું છે, ખોટું છોડ્યું છે.
શ્રાવકપણાની અંદર ભળવાનું છે એ ખોટું છે-
એને ખોટું સમજવાનું, એમાં જ બેસવાનું,
એનું જ આચરણ કરવાનું, અને પરિણતી ને
જીવંત રાખવાની. ખરી ખાંડાની ધાર આ છે!
અહીંયા યા તો શ્રાવક સતત ને સતત રડતો
રહે, અને યા તો એ રીઢો ને નિષ્ઠુર થઈ
જાય, આ બે જ OPTION છે. છતી ઉપર

ઊંઘ રાખીને આપણી મનને પુછીએ, કે આપણી દશા શું છે ? સંસારના પાપો કરતા .. કરતા - ડગલે ને પગલે આપણી આંખો ભીંજાય ખરી ? સંસારના પાપો કરતા ... કરતા, જીવોની હિંસા-કરતા .. રસોઈ કરતા .. કાર ચલાવતા .. બાઈક-ચલાવતા .. ધંધો કરતા .. કદી આપણી આંખ-માંથી અશ્રુ ની ધારા નીકળે ખરી ?, અને જો નથી નીકળતી તો માનવું પડશે કે આપણે રીઢા થઈ ગયા, આંસુની ધાર હોય તો એ શ્રાવકપણું છે. ઘર સંસાર ચલાવવો, ભગવાનના વચનને મન-માં રાખવું, અંદર પશ્ચાતાપ રાખવો, અંદર બળાપો રાખવો, અને પરિણતિ ટકાવવી, આધાર-માં ખરી વાત હોય, તો એ હકીકતમાં આ છે.

નેમિકુમાર કહે છે, કે હે પિતાજી, આપ સમજુ લો, એક સ્ત્રીનો પરિગ્રહ, અને એની પાછળ આટલા જીવોનો કચ્ચરઘાણ વાળવો, કદાચ આ વાડાના પશુઓ છુટી ગયા છે, એ લોકો બચી ગયા છે, પણ સંસાર માંડીને જે વિરાધના કરવાની છે, ડગલે ને પગલે જે જીવોની ઘાત કરવાની છે. પિતાજી આ મારાથી થવો શક્ય નથી. બધા એમને ખુબ જ મનાવે છે. આ બાજુ રાજુમતિ છે એ પુછે છે કે આ પાછા કેમ જાય છે, બેભાન થઈને પોતે પડી જાય છે. બધા એમને જાગૃત કરે છે. અને રાજુમતી કહે છે હે સ્વામી, હે કરૂણાસાગર, હે યાદવકુલ દિનકર, હે જગત્ તારણ, હે અનુપમ જ્ઞાની, તમે મને છોડીને શા માટે જાઓ છો ? અરે ઓ દૈવ તું નિર્લજ્જ છે, તું હજુ પણ સાબદું છે, તું હજુ પણ જીવનને પાલન કરે છે, સ્વામી મારા ક્યાંક બીજે જઈ રહ્યા છે.

DATE

તો તું વૈરી કેમ નથી બનતું. અને રાજુમતી પોતે ઉપાલંભ આપે છે, કે તમને એ મોક્ષની સ્ત્રી ગમતી હતી, તો અહીંયા તમે આવ્યા કેમ ? સખીઓ કહે છે કે સાંભળો, શ્યામ વસ્તુના ગુણો તમે કહ્યા, પણ એક દોષ એનો એ પણ હોય છે, શ્યામ વસ્તુ પ્રાધાન્યથી સરળ હોતી નથી, એ સરળ હોત તો આવું કદી થાત નહીં. એમને કંઈ પ્રેમ છે નહીં. હવે એક પણ સ્નેહ તમે છોડી દો, અમે તમારા માટે કોઈ બીજો વર કરશું. રાજુમતી પોતાના કાન બંધ કરી દે છે કે મારા જીવનમાં હોય તો આ એક જ વર છે, કદાચ પશ્ચિમમાં સુરજ ઉગી જશે, પણ નેમિકુમાર ને છોડીને હું બીજા વરને વરવાની નથી. અને પોતે રાજુમતી કહે છે, હે સ્વામી, હવે આપ વરસીદાન આપશો, અને યાચકોને ઈચ્છીત ધન આપશો, હું તો માંગતી હતી, મેં તો ફક્ત આપનો હાથ માંગ્યો હતો. છતાં પણ આપનો હાથ ન મળ્યો, રડતા રડતા વૈરાગ્ય જાગે છે, એમ થાય છે કે જો વૈરાગી છે, અને જો હું એમની સેવિકા હોઉં, જો હું એમની સાચી પત્ની હોઉં, તો મારે પણ વૈરાગ્ય ધારણ કરવો જોઈએ. કહે છે કે ભલે વિવાહમાં મારો હસ્તમેળાપ ન થયો, હાથ ઉપર હાથ ના મળ્યો, પણ એમની સાથે હું પણ દીક્ષા લઈશ. અને ત્યારે મારા માથે એમનો હાથ જરૂરથી હશે. આ વખતે સમુદ્રવિજય રાજા કહે છે, એ પણ મનાવવાનો પ્રયાસ કરે છે યાદવો પણ પ્રયાસ કરે છે. નેમિકુમાર પોતાની છેલ્લી વાત કરે છે કે સંસારની સ્ત્રી કેવી છે ? એ રાગીમાં પણ વિરાગી હોય !

DATE

પતિ ને પ્રેમ હોય, પત્ની ને દ્વેષ હોય એવું પણ બને. મુક્તિ કેવી કેવી છે ? જે વિરાગી માં રાગી છે, માટે મને તો એવી જ પત્ની જોઈએ, અહીંયા કહે છે કે ભગવાનને તો વૈરાગ્ય હતો, પણ પૂર્વભવના પ્રેમથી, એક વિવાહના બહાનાથી આવીને, રાજુમતી ને મોક્ષ માટે સંકેત આપીને ગયા. પરમાત્માનો આ વૈરાગ્ય, પરમાત્માની - આ કરુણા, ને આગળ પણ પરમાત્માની કઈ કથા ચાલે છે, થોડી વાર પછી જોઈએ.

x x x x x

# પ્રવચન - ૧૪

મારી સામે છપ્પન કરોડ યાદવ હતા, ઈવે યદુકુળ હતું, એટલી બધી શાખા.. પ્રશાખા --- શાખા --- પ્રશાખા --- પ્રશાખા ની પ્રશાખા -- પ્રશાખા- ની પ્રશાખા --- કેટલી બધી શાખાઓ હોય. આજે પણ જૈનોમાં જેમ જુદી- જુદી QUALITY મળે. ક્યારેક એવું પણ બને કે કોઈ શાખા- જૈન ના રહી હોય. હવે દરેક પોતપોતાની રીતે- અને એક RELATION ના હિસાબે, કે રાજની પ્રસંગ છે એ હિસાબે, તૈયારીમાં બધા લાગ્યા- હોય, એમાંથી કોઈએ આવી વ્યવસ્થા કરી- હોય, બાકી જે આ પરિવાર છે, નેમિનાથ - ભગવાનનો પરિવાર, એમના માતા-પિતા એ જે કુળ, ઘણા એમ પણ માને છે કે ક્ષત્રિય હતા એટલે માંસ પણ ખાય. એક વસ્તુ ખાસ સમજવા જેવી છે કે જૈન છે ને એ એક ધર્મ છે, જૈન કુળ તરીકે સ્થાપના કરવામાં આવી એ થોડી છે. કેટલીક સદીઓથી જૈન કુળ આમ એક FIX કરી દેવામાં આવ્યું. હકીકતમાં જૈન કુળ નથી, દરેક કુળની અંદર જૈન ધર્મ હોય શકે. જૈન ક્ષત્રિય હોય શકે, જૈન બ્રાહ્મણ હોય શકે, કે જૈન વૈશ્ય હોય શકે, જૈન શુદ્ર હોય શકે, કોઈ પણ કુળ છે, કોઈ પણ જ્ઞાતિ છે, એની અંદર જૈન ધર્મ હોય શકે. રોટી- બેટી ની વ્યવસ્થા, એ એમના સમાજ LEVEL ઉપર થાય. ધર્મની વ્યવસ્થા ને સમાજની વ્યવસ્થા, આ બંને જુદી છે. ઘણા બધા જુદા સમાજો એક ધર્મ પાળતા હોય શકે. અહીંયા જે વાત છે, કે ઉગ્રસેન રાજા, અથવા આ પક્ષે લઈએ સમુદ્ર- વિજય રાજા, તો આ બધા શુદ્ધ પરિવારો હતા, જૈન હતા, અને પોતાના ઘરની અંદર માંસ

વગેરે મહતું. જ્યાં કરોડો... કરોડો ની વાત હોય, જેની વ્યવસ્થા પણ એવી રીતે હોય, માટે શંકા-કરવાનું કારણ નથી.

અરિહંત ભગવાન અરિષ્ટનેમિ, જે દક્ષ હતા, વિનયવાન હતા, કુમાર અવસ્થામાં જ હજુ પરિણિત થયા નથી. ત્રણસો વર્ષ ગૃહસ્થાવસ્થા માં રહ્યા, અને એના પછી લોકાંતિક દેવો, એ આવીને એમ કહે છે, હે નિર્મળ કામ-દેવ, હે સમસ્ત જીવોને અભયદાતા, હે નાથ, જગત્ જીવને હિત કરનાર એવા ધર્મ તીર્થ નું આપ અવતારણ કરો. આપ એનું પ્રવર્તન કરો. આ રીતે ભગવાનને વિનંતી કરે છે. ભગવાન વરસીદાન આપે-છે. ત્રણ ભુવનને ભગવાન આનંદિત કરશે. આ-રીતે સમજુને, સમુદ્રવિજય છે એ બધા યાદવોને, લોકાંતિક દેવો છે, એ પ્રોત્સાહન આપે છે. આશ્વા-સન આપે છે. અરિષ્ટનેમિ ભગવાન આ રીતે વરસી-દાન આપે છે, વર્ષાકાળનો પહેલો મહિનો, બીજો પક્ષ અને છઠ્ઠો દિવસ. શ્રાવણ-સુદ-છઠ્ઠ, ઉત્તર-કુરુ એ નામની શિબિકા છે, ભગવાન એમાં બિરાજમાન છે. દેવ, મનુષ્ય અને દાનવોની પર્ષદા સહિત ભગવાન દ્વારિકા નગરી ના મધ્ય ભાગથી નીકળીને બહાર રૈવતક ઉદ્યાન છે, અશોક વૃક્ષ છે, એની નીચે શિબિકા ઉભી રહે છે. ભગવાન પોતે જ ત્યાં ઉતરી ને, આભરણ-અલંકારોનો ત્યાગ કરે છે. અને પોતે જ સ્વયં પંચમુષ્ટિ લોચ કરે છે. ચોવિયાર છઠ્ઠ નો ભગવાનને તપ છે. ચિત્રા નક્ષત્ર અને ચંદ્ર નો યોગ થયો છે. એક દેવ દુષ્ય ને ધારણ કરીને, એક હજાર પુરુષ સાથે, ભગવાન ગૃહવાસ-થી નીકળી ને સાધુતા નો સ્વીકાર છે.

અરિહંત ભગવાન અરિષ્ટનેમિ, ચોપન દિવસ સુધી નિત્ય વ્યક્ત છે, એટલે શરીરની ભણી કાંઈ પડી જ નથી, શરીર વોસિરાવી દીધું છે. એ રીતે પોતે સાધના કરે છે. અને પંચાવન-મો દિવસ છે, વર્ષાકાળનો ત્રીજો મહિનો - પાંચમો પક્ષ ને પંદરમો દિવસ, આસો - વદ-અમાસ આ દિવસે ભગવાન પશ્ચિમ ભાગના ગિરનારના શીખર ઉપર, વેતસ નામના વૃક્ષની નીચે, ભગવાન-ને ચોવિહારો અઠ્ઠમનો તપ છે, ચિત્રા-ચંદ્રનો યોગ થયો છે, અને શુક્લ ધ્યાનના મધ્ય ભાગમાં વર્તમાન એવા પ્રભુને સકલ અનુપમ એવું કેવલ જ્ઞાન-દર્શન એ ઉત્પન્ન થાય છે.

ભગવાન સર્વ ભાવોને જોતા ને જાણતા વિચરે છે. કેવલજ્ઞાન ભગવાનને ગિરનાર-પર્વતના સહસાવનની અંદર થાય છે. ત્યાં દેવો સમવસરણ રચે છે. ઉદ્યાન પાલક શ્રી કૃષ્ણને વધામણી આપે છે. કૃષ્ણ મહારાજા પણ મહા-સમૃદ્ધિથી ભગવાનને વંદન કરવા આવે છે. રાજુમતી પણ આવે છે. ભગવાને દેશના આપી છે, દેશના સાંભળીને વરદત્ત નામના રાજા, એ, બે હજાર રાજાઓની સાથે પોતે દીક્ષા લે છે, અને શ્રી કૃષ્ણ છે એ ભગવાનને પૂછે છે, કે રાજુમતી ને ઘણા ઘણા એ સમજાવી બીજાને-પરણી લે, પણ આટલો બધો આપના ઉપર પ્રેમ, એનું કારણ શું છે ?, એ સમયે - ભગવાન ધનવતી ના ભવથી માંડીને પોતાના નવ ભવનો સંબંધ કહે છે. પહેલા ભવમાં હું ધન નામનો રાજકુમાર હતો, ત્યારે આ ધન-વતી નામની મારી પત્ની હતી. બીજા ભવમાં

પહેલા દેવલોકમાં અમે દેવદેવી હતા. ત્રીજા ભવમાં હું ચિત્રગતિ વિદ્યાધર હતો, અને મારી રત્નવતી-નામની પત્ની હતી. ચોથા ભવમાં દેવલોકમાં અમે બંને દેવ થયા. પાંચમાં ભવમાં હું અપરાજિત-રાજા હતો, અને મારી પ્રિયતમા રાણી હતી. છઠ્ઠા-ભવમાં અગિયારમાં દેવલોકમાં અમે બંને દેવ-થયા. સાતમા ભવમાં હું શંખ નામનો રાજા હતો અને મારી યશોમતી રાણી હતી. આઠમા ભવમાં અપરાજિત દેવલોકમાં અમે બંને દેવ થયા. આ નવમાં ભવમાં હું અરિષ્ટનેમિ છું, અને એ-રાજીમતી થઈ છે. આ પૂર્વભવોનો સંબંધ છે. એ કહીને ભગવાન અન્યત્ર વિહાર કરે છે. ફરીથી ગિરનાર પર્વતમાં સમોવસરે છે, અનેક રાજકુમારીઓની સાથે, રાજીમતી અને રહનેમિ-એ બંને ભગવાનની પાસે દીક્ષા લે છે.

એક વાર રાજીમતી ભગવાન ને-વંદન કરવા માટે, પોતે ગિરનાર પર્વત ઉપર જઈ રહ્યા હતા. રસ્તામાં વરસાદ પડયો, અને એમના-વસ્ત્રો પણ ભીના થઈ ગયા. એ વસ્ત્રો ને સુકા-વવા માટે, ત્યાં કોઈ ગુફા નજીકમાં હોય છે, ત્યાં પોતે પ્રવેશ કરે છે, એ ગુફાની અંદર રહનેમિ છે એ પહેલાથી રહેલા હતા, એ છે એ એમને ખ્યાલ નથી, વસ્ત્રો સુકવે છે, અને પોતે અપ્સરા જેવી સુંદરી છે, એમને જોઈને રથનેમિ છે એ કામાતુર થાય છે, કુલ લજ્જા ને છોડી ને રાજીમતીને કહે છે, હે સુંદરી, સર્વાંગ ભોગ સંયોગ યોગ્ય, એવો સૌભાગ્ય નિધિ આ દેહ છે, એને શા માટે તપથી આ રીતે શોષવી દો છો, હે ભદ્રે તમે આવો પોતાની ઇચ્છાથી, આપણે

ભોગ ભોગવીએ, અને આ જન્મને સફળ કરીએ.
પછી આપણે તપવિધિ કરશું. રાજુમતી છે -
એમને ક્યાં ખ્યાલ આવે છે, કે અહિંયા આ-
રીતે કોઈ બીજું છે, અને જલ્દી- જલ્દી પોતાના-
વસ્ત્રો છે એને પાછા લઈ લે છે. અને રથ-
નેમિની આ જે પ્રાર્થના છે, એ સાંભળી ને
પોતે કહે છે, હે મહાનુભાવ ! આ નરકગતિ-
ને આપનારી જે આપની કેવી અભિલાષ છે,
બધા પાપો ને છોડી ને, ફરીથી તમે એ-
પાપોની ઈચ્છા કરો છો. તો શું આપને
શરમ નથી આવતી ? અગંધન કુળની અંદર
એવા સાપ થયા હોય, એ પણ છે છતાં એમણે
જે એક વાર વમન કર્યું, ઓક્યું હોય, એ
પાછું લે નહિ, સાપની પણ QUALITY -
આવે, એમાં પણ ઉચ્ચ મન અને નીચ મન
હોય. ડંખ કોઈ ને મારી દીધો છે સાપે, ઝેર
ચડ્યું છે, એ સમયે ખાસ માંત્રિકો ને
બોલાવે, એ માંત્રિકો છે એ ત્યાં આવે,
મંત્ર ભણે, જેટલે જે સાપે ડંખ માર્યો હોય,
એ સાપ ત્યાં હાજર થાય, પછી ત્યાં આગ-
પેટાવે ને સાપને કહે કે યા તો તે જે ડંખ
માર્યો છે, જે ઝેર નાખ્યું એને પાછું ચુસી
લે, અને એ જો તારે ના કરવું હોય તો,
આ આગમાં તું કુદકો મારી દે, અને આગમાં
તું બળી મર. એ માંત્રિક છે, મંત્રથી -
પોતા ને વશ કર્યો છે, સાપ એને આધિન
છે એને બે વિકલ્પ આપ્યા છે, એમાં
જે હીન કુળના સાપ હોય ને એ પાછું ચુસી
લે ને જતા રહે. પણ જે અગંધન કુળના
ઉચ્ચ કુળના સાપ હોય, એ એવું વિચારે કે

મેં આ જે એક વાર કાઢ્યું, એને હું પાછું કેમ ચુસુ, જે થુકેલું છે એને હું ચાટું કઈ રીતે? અને પોતે આગમાં અંદર પડી મર, બળતા-બળી મરે, પણ પોતે એ થુકેલું ચાટે નહિ.

રાજીમતી સમજાવે છે, કે પશુ-વાઈ ને પણ પોતે જે છોડ્યું, એને પાછુ-ચાટવા ઈચ્છતા નથી, તમે તો આટલા મનુષ્ય છો, તીર્થંકરના ભાઈ છો, ઉત્તમ કુળમાં તમારો જન્મ થયો છે, તમે આ ભાગવતી પ્રવજ્યા લીધી છે. તો શું તમે એમના કરતા પણ નીચ છો? કે તમે આ જે થુકેલું છે એ ચાટવા માટે ઈચ્છો છો! જે શરીરમાં તમને રાગ છે, એ શરીર શું છે. બહારની ચામડી છે માટે તમને રૂપાળુ લાગે છે, અંદર હેરફેરલા છિદ્રો છે, એમાંથી અશુચિ નીકળતી હોય છે. હાડકાની માળા છે, મળમુત્રની કોથળી છે, આમાં કોઈ જ રાગ કરવા જેવો નથી, આવુ તમને શોભતું નથી, હું મરી જઈશ તો પણ આ પાપ કરવાની નથી. આ તો તમે છો.

जइ सि सक्खं पुरंदरो

સાક્ષાત ઈન્દ્ર પણ આવી ને આવી માંગણી કરે, તો હું સ્વીકારવાની નથી. હું મરી જઈશ પણ હું મારા શીલનું ખંડન નહિ કરું. આપના માટે પણ આ ઉચિત નથી. વગેરે વાક્યોથી પ્રતિબોધ કરે છે. અને રથનેમિ છે એમને પણ પશ્ચા-તાપ થાય છે. પોતે નેમિનાથ ભગવાન પાસે આલોચના અને પ્રાયશ્ચિત કરે છે. તપ કરીને એ પણ પોતે મોક્ષે ગય છે. રાજીમતી પણ પોતે નિરતીચાર ચારિત્રની આરાધના કરીને

મોક્ષે ગય છે. ૭૦૦ વર્ષ સુધી રાજુમતી પોતે ઘરવાસમાં રહ્યા. પછી એક વર્ષ છદ્મસ્થ પર્યાય પાળ્યો. પાંચસો વર્ષ સુધી કેવલી પર્યાય પાળ્યો. અને પછી પોતે મોક્ષે ગય છે.

અરિષ્ટનેમિ ભગવાન, એમનો પરિવાર કહી છે કે ભગવાનનો પરિવાર કેવો હતો. એમાં કોણ કોણ હતું. કઈ કઈ સંખ્યામાં હતું. તો એમના અઢાર ગણ અને અઢાર ગણધર હતા. વરદત્ત વગેરે અઢાર હજાર ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા હતી. યક્ષિણી વગેરે ઉત્કૃષ્ટ એમની ચાલીસ હજાર સાધ્વીજી સંપદા હતી. ~~[illegible]~~ નંદ વગેરે એક લાખ ઓગણ સિત્તેર હજાર શ્રાવક સંપદા હતી. મહાસુવ્રતા વગેરે ત્રણ લાખની છત્રીસ હજાર, એટલી ઉત્કૃષ્ટ શ્રાવિકાઓની સંપદા હતી. અરિષ્ટનેમિ ભગવાન એમના કેવલી તુલ્ય એવા ચૌદ પૂર્વી, એની ચારસો એટલી સંપદા હતી. પંદરસો અવધિજ્ઞાની, પંદરસો કેવળજ્ઞાની, પંદરસો વૈક્રિય લબ્ધિ ધારક, એક હજાર વિપુલમતિ-મન:પર્યવજ્ઞાન વાળા, આઠસો વાદી મુનિઓ, સોળસો અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થનારા-મુનિઓ, સ્વહસ્ત દીક્ષિત એવા ભગવાનના-પંદરસો શિષ્યો, જે મોક્ષે ગયા. ~~[illegible]~~ છ-સ્વહસ્ત દીક્ષિત એવા ત્રણ હજાર સાધ્વીજી-ભગવંતો જે પણ મોક્ષે ગયા. આ રીતે ભગ-વાનનો પરિવાર થયો.

ચોવીસે તીર્થંકરો એમના કેટલા શિષ્યો મોક્ષે ગયા, ને કેટલા શિષ્યાઓ મોક્ષે ગયા, કેટલા સાધુજી ને કેટલા સાધ્વીજી,

આંકડા અલગ અલગ છે, પણ એક વિશેષતા છે કે દરેક ભગવાનના જેટલા સાધુઓ મોક્ષે ગયા, એના કરતા DOUBLE સંખ્યામાં સાધ્વીજી ભગવંતો છે, તે મોક્ષે ગયા છે.

અરિષ્ટનેમિ ભગવાન, એમની બે પ્રકારની અંતકૃત મર્યાદા હતી, યુગાંતકૃત ભૂમિ અને પર્યાયાંતકૃત ભૂમિ. આઠમા પટ્ટધર સુધી યુગાંતકૃત ભૂમિ થઈ. ભગવાનનો બે વર્ષનો કેવલી પર્યાય થયો ત્યારે કોઈ આત્મા મોક્ષે ગયો. તે કાળે, તે સમયે, અરિષ્ટનેમિ ભગવાન ત્રણસો વર્ષ-કુમારાવસ્થામાં, ચોપન દિવસ છદ્મસ્થ પર્યાય પાળી ને, કંઈક ન્યુન એટલા સાતસો વરસ કેવલી પર્યાય પાળીને, સાતસો વર્ષનો [illegible]-ચારિત્ર પર્યાય પાળીને, એક હજાર વર્ષ પ્રમાણ-સર્વાયુ પાળીને, નામ, ગોત્ર કર્મ ક્ષીણ થયા છે, અવસર્પીણી માં દુષમ-સુષમ નામનો આરો ઘણો પસાર થઈ ગયો છે, અષાઢ-સુદ-આઠમ, એક મહિનાનું ભગવાનને અનશન છે, ચિત્રા નક્ષત્ર ચંદ્રનો યોગ થયો છે. મધ્ય રાત્રિનો સમય છે. એ સમયે ભગવાન નિર્વાણપામી ને સર્વ દુ:ખોથી મુક્ત થાય છે.

નેમિનાથ ભગવાનના નિર્વાણથી-કેટલા સમયે પુસ્તક લેખન થયું, અરિષ્ટ નેમિ-ભગવાન કાળ કરી ગયા, એના પછી ચોર્યાસી-હજાર વર્ષ પસાર થયા, પંચ્યાસી હજારમુ વર્ષ-એના નવસો વર્ષ પસાર થયા, એનો એંસીમો સંવત્સર કાળ એ જઈ રહ્યો છે, એ ભજની-વજની એ લખ્યું છે, નેમિનાથ ભગવાનના નિર્વાણથી

ચોર્યાસી હજાર વર્ષ પછી મહાવીર સ્વામી ભગવાનનું નિર્વાણ થયું. આ રીતે અહીંયા નેમિનાથ ભગવાનનું ચરિત્ર પુરૂ થાય છે.

હવે નેમિનાથ ભગવાનથી આગળ બીજા બધા ભગવાનના ચરિત્રો કહે તો ગ્રંથનો વિસ્તાર થઈ જાય તેમ હોવાથી, એ ચરિત્રોને ત્રિશષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર, વગેરેમાંથી ભગવાનના ચરિત્રો જાણી શકો. અહીં નેમિનાથ ભગવાનથી લઈને અજિતનાથ ભગવાન સુધીના જેમના જે આંતરા છે, જે તીર્થંકરો વચ્ચે કેટલો સમય થયો, એ સમય (ગાળો) અહીંયા કહે છે.

નેમિનાથ ભગવાનના નિર્વાણથી પાંચ લાખ વર્ષે નેમિનાથ ભગવાનનું નિર્વાણ થયું. એના પછી ચોર્યાસી હજાર નવસો એંસી વર્ષે પુસ્તક વાચના વગેરે થઈ. મુનિસુવ્રતસ્વામી ભગવાનના નિર્વાણથી છ લાખ વર્ષે નમિનાથ ભગવાનનું નિર્વાણ થયું, એ પછી પાંચ લાખ ચોર્યાસી હજાર નવસો એંસી વર્ષે પુસ્તક વાચના. મલ્લિનાથ ભગવાનના ~~નિર્વાણ~~ નિર્વાણથી, ~~[illegible]~~ ચોપ્પન લાખ વર્ષે, મુનિસુવ્રતસ્વામી નું નિર્વાણ થયું, ત્યારથી અગિયાર લાખ, ચોર્યાસી હજાર નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ. અરનાથ ભગવાન ના નિર્વાણથી કોટી સહસ્ત્ર વર્ષે મલ્લિનાથ ભગવાનનું નિર્વાણ, એના પછી પાંસઠ હજાર ચોર્યાસી નવસો એંસી વર્ષ એટલા વર્ષ પુસ્તક વાચના વગેરે થયું. કુંથુનાથ ભગવાનના નિર્વાણ પછી કોટી સહસ્ત્ર વર્ષમાં ન્યુન પલ્યોપમનો ચોથો ભાગ

ત્યારે અરનાથ ભગવાનનું નિર્વાણ થયું. સહસ્ત્ર કોટી, પાંસઠ લાખ, ચોર્યાસી હજાર નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ. શાંતિનાથ ભગવાનના નિર્વાણથી અડધા પલ્યોપમે કુંથુનાથ ભગવાનનું નિર્વાણ થયું, ત્યાર પછી પલ્યોપમનો ચોથો ભાગ, અને પાંસઠ લાખ ચોર્યાસી હજાર, નવસો એંસી વર્ષ એ સમયે પુસ્તક વાચના થઈ. ધર્મ-નાથ ભગવાનના નિર્વાણથી પોણા પલ્યોપમ ન્યુન ત્રણ સાગરોપમનો કાળ વિત્યો, ત્યારે શાંતિનાથ-ભગવાનનું નિર્વાણ થયું, પોણો પલ્યોપમ, પાંસઠ-લાખ ચોર્યાસી હજાર, નવસો એંસી વર્ષ ત્યારે પુસ્તક-વાચના થઈ. અનંતનાથ ભગવાનના નિર્વાણથી ચાર સાગરોપમે ધર્મનાથ ભગવાનનું નિર્વાણ થયું, ત્યાર પછી ત્રણ સાગરોપમ પાંસઠ લાખ ને ચોર્યાસી હજાર નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ. વિમલનાથ ભગવાનના નિર્વાણથી નવ સાગરોપમે અનંતનાથ ભગવાનનું નિર્વાણ થયું, સાત સાગરોપમ પાંસઠ લાખ, ચોર્યાસી હજાર નવસો એંસી વર્ષે પુસ્તક વાચના વગેરે થયું. વાસુપૂજ્ય સ્વામી ના નિર્વાણથી ત્રીસ સાગરોપમે વિમલનાથ ભગવાનનું નિર્વાણ થયું, ચોદ સાગરોપમ, પાંસઠ લાખ, ચોર્યાસી હજાર નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ. શ્રેયાંસનાથ ભગવાનના નિર્વાણથી ચોપન સાગરો-પમે વાસુપૂજ્ય સ્વામી નું નિર્વાણ થયું. ત્યાર પછી છેતાલીસ સાગરોપમ, પાંસઠ લાખ, ચોર્યાસી - હજાર, નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ. શીતલનાથ ભગવાનના નિર્વાણથી ૬૬ લાખ છવ્વીસ હજાર વર્ષ અધિક, એક સાગરોપમ ઓછું એવા એક કરોડ સાગરોપમે શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું નિર્વાણ થયું. તે પછી ત્રણ વર્ષ, સાડા આઠ માસ

અને બેંતાલીસ હજાર વર્ષ ન્યુન એવા ૬૬ લાખ, ૨૬-
હજાર વર્ષ અધિક એંસી સાગરોપમે શ્રી વીર
નિર્વાણ થયું. તેપછી નવસો એંસી વર્ષે, પુસ્તક
વાચના થઈ. સુવિધિનાથ ભગવાનના નિર્વાણથી
નવ કરોડ સાગરોપમે શિતલનાથ ભગવાનનું નિર્વાણ
થયું. એ પછી બેંતાલીસ હજાર ત્રણ વર્ષ, સાડા આઠ માસ
ન્યુન એવા એક કરોડ સાગરોપમે શ્રી વીર
નિર્વાણ થયું, ત્યારપછી નવસો એંસી વર્ષે પુસ્તક
વાચના થઈ. ચંદ્રપ્રભ સ્વામીના નિર્વાણથી,
નેવું કરોડ સાગરોપમે સુવિધિનાથ ભગવાનનું નિર્વાણ
થયું, ત્યાર પછી બેંતાલીસ હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ
ન્યુન એવા દસ કરોડ સાગરોપમે શ્રી વીર નિર્વાણ
થયું. તે પછી નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ.
સુપાર્શ્વનાથ ભગવાન નિર્વાણથી નવસો કરોડ-
સાગરોપમે ચંદ્રપ્રભ સ્વામીનું નિર્વાણ થયું. ત્યાર
પછી બેંતાલીસ હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ
ન્યુન એટલા એકસો કરોડ સાગરોપમ હતા, ત્યારે
શ્રી વીર નિર્વાણ થયું, એના પછી નવસો એંસી
વર્ષે પુસ્તક વાચના વગેરે થયું. પદ્મપ્રભ સ્વામીના
નિર્વાણથી નવ હજાર કરોડ સાગરોપમે સુપાર્શ્વનાથ
ભગવાનનું નિર્વાણ થયું પછી ત્રણ વર્ષ સાડા આઠ
માસ અને બેંતાલીસ હજાર વર્ષ ઓછા એટલા
એક હજાર કરોડ સાગરોપમે શ્રી વીર નિર્વાણ
થયું. ત્યાર પછી નવસો એંસી વર્ષે પુસ્તક વાચના-
થઈ. શ્રી સુમતિનાથ ભગવાનના નિર્વાણથી
નેવું હજાર કરોડ સાગરોપમે પદ્મપ્રભ સ્વામી ભગ-
વાનનું નિર્વાણ થયું. તે પછી ત્રણ વર્ષ સાડા-
આઠ માસ અને બેંતાલીસ હજાર વર્ષ ઓછા
દસ હજાર કરોડ સાગરોપમે શ્રી વીર નિર્વાણ થયું.
અને એના નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ.

અભિનંદન સ્વામી ભગવાનના નિર્વાણથી, નવ લાખ
નવ સાગરોપમે સુમતિનાથ ભગવાનનું નિર્વાણ થયું.
ત્રણ વર્ષ સાડા આઠ માસ, બેતાલીસ વર્ષ ઓછા,
એક લાખ કરોડ સાગરોપમે શ્રી વીર નિર્વાણ થયું,
પછી નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ.
સંભવનાથ ભગવાનના નિર્વાણથી દસ લાખ કરોડ -
સાગરોપમે અભિનંદન સ્વામી નું નિર્વાણ થયું. ત્યાર-
બાદ ત્રણ વર્ષ, સાડા આઠ માસ ને બેતાલીસ હજાર
વર્ષ ઓછા એવા દસ લાખ કરોડ સાગરોપમે શ્રી
વીરનું નિર્વાણ થયું અને તે પછી નવસો એંસી
વર્ષે પુસ્તક વાચના થઈ. શ્રી અજિતનાથ -
ભગવાનના નિર્વાણ પછી, વીસ લાખ કરોડ સાગરોપમે
સંભવનાથ ભગવાનનું નિર્વાણ થયું ત્યાર પછી ત્રણ
વર્ષ, સાડા આઠ માસ, બેતાલીસ હજાર વર્ષ ન્યુન
એવા વીસ લાખ કરોડ સાગરોપમે શ્રી વીર નિર્વાણ
થયું, અને નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ.
ઋષભદેવ ભગવાનના નિર્વાણથી પચાસ લાખ -
કરોડ સાગરોપમ, ત્યારે અજિતનાથ ભગવાનનું -
નિર્વાણ થયું. ત્રણ વર્ષ, સાડા આઠ માસ અને
બેતાલીસ હજાર વર્ષ ઓછા એવા પચાસ લાખ કરોડ
સાગરોપમે શ્રી વીર નિર્વાણ થયું. અને ત્યારપછી
નવસો એંસી વર્ષે પુસ્તક વાચના થઈ. આ રીતે
ભગવાનના જે આંતરા એ કહ્યા.

## હવે આદિનાથ ભગવાનનું ચરિત્ર!

એ કહે છે. એના પહેલા એટલી વાત કહી દઉં,
આ બધા લાખ, કરોડ, પલ્યોપમ, સાગરોપમ, હવે
પલ્યોપમ, સાગરોપમ શું છે એ પણ સમજવા -
જેવું, પલ્યોપમ શું છે ? તો એક યોજન
લાંબો, પહોળો, ઊંડો એવો ખાડો ખોદ્યો હોય,

અને એ ખાડાની અંદર નવજાત બાળકો, તો એ કયા બાળકો, તો એ યુગલિક ક્ષેત્રના બાળકો, એ બાળકોના જે વાળ હોય, એ વાળ બહુ જ પાતળા હોય, તો એ વાળના એટલા ટુકડા કર-વાના, કે પછી એના વધારે ટુકડા થઈ શકે નહિ, અને એટલા ટુકડા કરીને એક યોજન લાંબો, પહોળો, ઉંડો, એવો ખાડો ખોદ્યો હોય, એની અંદર વાળ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે, એટલા દબાવીને ભરવામાં આવે, હવે એમાં એક-પણ વધુ વાળ નાખી ન શકે, પાણી ઢોળો તો પાણી પર ઉપર રહે, અંદર પાણીને પણ જવાની જગ્યા ન રહે. દર સો વર્ષે એ વાળનો ટુકડો બહાર કાઢવાનો, તો એ જ્યારે ખાલી થાય, એને એક પલ્યોપમ કહેવાય.

રોમાનો પ્રશ્ન :- એક યોજન એટલે કેટલા કિલોમીટર લેવાના ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- યોજન એટલે બત્રીસો-કિલોમીટર પ્રમાણથી કહે છે.

અત્યારે આપણે જે વર્તમાનની અંગુલ છે. એ બાર અંગુલની વેંત થાય, બે વેંતનો હાથ થાય, ચાર હાથનું ધનુષ્ય થાય, બે હજાર ધનુષ્ય નું ગાવ થાય, ચાર ગાવ નું યોજન થાય. તો આ-જે યોજન થયું, એ ગણવાનું. આમાં પણ સૂક્ષ્મ પલ્યોપમ, બાદર પલ્યોપમ, વગેરે ઘણા બધા ભેદો છે. જે સરળ અત્યારે ઉપયોગી છે, એ મેં જણાવ્યું છે. સો વર્ષે એક વાળ-નો ટુકડો બહાર કાઢવાનો, એ ખાડો આખો ખાલી થાય, અસંખ્ય વર્ષ એમાં થઈ જાય,

એ કે અસંખ્ય વર્ષની ગણી એ કે ~~વ~~ TIME-PERIOD એને શું કહેવાય - એને પલ્યોપમ કહેવાય. દસ કરોડ પલ્યોપમ X એક કરોડ = જે સમયની એક સાગરોપમ કહેવાય. અને જે સાગરોપમ પણ એક અવસર્પિણી માં કેટલા થાય ? દસ ક્રોડા ક્રોડી સાગરોપમ થાય. આ બધા શાસ્ત્રીય માપો છે, તમારી ભાષામાં મે કહું, ROBERT ને NINE-DIGIT ઉપર એણે હાથ રાખ્યો છે. COMPUTER માં NINE-- NINE-- NINE-- NINE આવ્યા કરે છે. વર્ષોના વર્ષો જતા રહે, તો પણ એને સંખ્યાતુ કહેવાય. જે FIGURE આવ્યો એને અસંખ્ય કહેવાય નહીં. જે સંખ્યામાં ના સમાય, જે બુદ્ધિમાં ના સમાય, જેને આવી કોઈ ઉપમા-થી જ સમજુ શકાય, એને અસંખ્ય કહેવાય. અને એ અસંખ્ય કાળની એક પલ્યોપમ. એ-પાછા કરોડો થઈ જાય, ત્યારે એક સાગરોપમ-થાય. અને કરોડો સાગરોપમ બરાબર એક-અવસર્પીણી થાય, એક અવસર્પીણી ની અંદર ચોવીસ તીર્થંકરો, ઉત્સર્પીણી પછી આવે એમાં પણ ચોવીસ તીર્થંકરો, આટલા બધા આયુષ્ય કઈ રીતે ? નેમિનાથ ભગવાનનું એક હજાર-વર્ષનું આયુષ્ય, ઘણા એવા છે બુદ્ધિજીવીઓ, એવી તર્ક કરે છે, કે પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર સ્વામી ભગવાન એ સાચા હતા. એ ઐતિહાસિક હતા, અને બાકી બધા તીર્થંકરો એ કલ્પના છે, નેમિનાથ ભગવાન સુધી ના તીર્થંકરો એ કલ્પના છે. કારણકે આવી બધી HEIGHT આટલું મોટું આયુષ્ય એ ના હોય શકે. એની સામે એવા બીજા RESEARCH કરનારા શોધકો-આપણે તો માનીએ જ, મહાત્માઓ પણ માને,

શ્રધ્ધાળુઓ બધા માને, જમીનની અંદર થી DYNASOR જેવા મોટા-મોટા કલેવરો મળે છે, એના અસ્થિ કહેવાય જે અસ્થિ મળે છે. અમુક-હાડકા મળે છે. અમુક એવા ઉલ્લેખો મળે છે, જેનાથી ભગવાનની વાત સાચી પડે. પિતા હજાર વર્ષના હોય ને છોકરાનું આયુષ્ય સો વર્ષનું આ રીતે TIME FLOW ન આવે. પણ એની વચ્ચે હજારો, લાખો, કરોડો, અબજો વર્ષ-વીતી જાય. અસંખ્ય વર્ષ વીતી જાય, એવી ધીમે.. ધીમે -- ધીમે -- ધીમે એમાં હાનિ થતી હોય અથવા તો વૃધ્ધિ થતી હોય. તો આના ઉપરથી એવા દીર્ઘ આયુષ્ય, એવી મોટી અવગાહના, એ બધાની પણ સિધ્ધિ થાય છે. વિદેશના અમુક વિચારકો, ચિંતકો, SCHOLARS એમણે કહ્યું છે. જ્યારથી વિશ્વની શરૂઆત થઈ. ત્યારથી જૈન ધર્મની શરૂઆત થઈ. જૈન ધર્મમાં જે બધું બતાવ્યું છે, અત્યંત સાચુ છે. બીજા જેટલા ધર્મો નીકળ્યા છે, પ્રાચીન --- પ્રાચીનમે ધર્મો લઈએ તો એ પ્રાચીન ધર્મો નો પણ આધાર શું છે ? તો જૈન ધર્મ છે. આવું એ લોકો એ પણ પ્રમાણિત કર્યું છે.

આદિનાથ ભગવાનનું ચરિત્ર અહીંયા શરૂ થાય છે. આ અવસર્પીણી માં પહેલા-ધર્મના પ્રવર્તક હોવાથી, અને પરમોપકારી હોવાથી કંઈક વિસ્તારથી આદિનાથ ભગવાનનું ચરિત્ર-કહે છે. તે કાળે, તે સમયે, અરીહંત ઋષભ પોતે કોશલામાં જન્મ પામ્યા છે માટે કૌશલિક કહેવાય. અયોધ્યાનું બીજું નામ કોશલા છે. ભગવાનના ચાર કલ્યાણક ઉત્તરા-અષાઢા નક્ષત્રમાં

થયા. પાંચમું કલ્યાણક અભિજિત નક્ષત્રમાં થયું. ભગવાનના દીક્ષા, જન્મ, ચ્યવન, કેવળજ્ઞાન આ ઉત્તરા-અષાઢામાં થયા, નિર્વાણ અભિજિતમાં થયું

તે કાળે, તે સમયે, કૌશલિક - ભગવાન ઋષભદેવ, તે ઉષ્ણ કાળનો ચોથો મહિનો સાતમો પક્ષ એનો ચોથો દિવસ એટલે અષાઢ-વદ-ચોથ, સર્વાર્થ સિદ્ધ વિમાન માંથી ચ્યવ્યા છે, જંબુદ્વીપ ભરતક્ષેત્ર જ્યાં ગામ વગેરે નથી, એ- ઈક્ષ્વાકુ ભૂમિમાં નાભિ કુલકર છે, મરૂદેવા એમની પત્ની છે, એમની કુક્ષિમાં મધ્યાહનના સમયે દિવ્ય આહાર ત્યાગ, દિવ્ય શરીર ત્યાગ પૂર્વક, ત્રણ જ્ઞાન સહિત ભગવાન ગર્ભ પણે ઉત્પન્ન થાય છે.

સ્વપ્ન દર્શનમાં મરૂદેવા માતા સૌ પ્રથમ ઋષભને જુએ છે. મહાવીર સ્વામી ભગવાન- ના માતા સિંહને જુએ છે. શેષ માતાઓ હાથીને જુએ છે. સ્વપ્ન પાઠકો ત્યારે હોતા નથી, એટલે નાભિ કુલકર ને મરૂદેવા માતા સ્વપ્નો વિશે કહે છે, અને નાભિ કુલકર એના ફળને પણ કહે છે.

તે કાળે, તે સમયે, કૌશલિક- ઋષભદેવ ભગવાન, ઉષ્ણકાળનો પહેલો મહિનો, પહેલો પક્ષ, આઠમ નો દિવસ. ચૈત્ર- વદ- આઠમ, નવ મહિના પુરા થયા છે, ઉત્તરા અષાઢા નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થયો છે. આરોગ્ય વાળા મરૂદેવા- માતા, આરોગ્યવાળા પુત્ર રત્ન ને જન્મ આપે છે. તે સમયે પહેલાની જેમ દેવો અને દેવીઓ જે જન્મોત્સવ, વસુધારા વગેરે બધું જ કરે છે. આદિનાથ ભગવાનના જન્મ સમયે બંદીમોચન, માનોન્માન વર્ધન,

કાંઈક FREE આપવું, કુલમર્યાદા વગેરે નથી કારણકે
તે યુગલિક કાળ છે. દેવલોક માંથી આવેલા -
અદ્ભુત રૂપ વાળા, દેવ દેવીઓથી પરિવૃત, સકલ-
ગુણ યુક્ત, યુગલિક મનુષ્યોમાં પરમ શ્રેષ્ઠ એવા
ભગવાન ધીમે-ધીમે પોતે વૃદ્ધિ પામે છે.
બાળ કાળમાં ભગવાનને જ્યારે પણ આહારની-
અભિલાષ થાય છે, ત્યારે દેવતાઓ જે સંચારીત
એવી અમૃત રસ જે જેમાં છે એવા અંગુઠાને
મોઢામાં મુકે છે. બીજા તીર્થંકરો પણ બાલ્ય-
કાળમાં તો આવા જ હોય છે. બાળપણ પુરુ
થઈ જાય, એટલે બીજા તીર્થંકરો રસોડામાં -
રંધેલા આહાર ને વાપરે. પણ ઋષભદેવ -
ભગવાને જ્યાં સુધી દીક્ષા થઈ નથી, ત્યાં
સુધી ઉત્તરકુરુ યુગલિક ક્ષેત્રમાંથી દેવતાઓએ
લાવેલા, એવા કલ્પવૃક્ષના ફળોને જ પોતે
વાપર્યા છે.

કેટલાક ન્યુન વર્ષ જેવા ભગવાન હતા,
ત્યારે પહેલા જિનેશ્વરના વંશની સ્થાપના કરવી,
એવો પોતાનો આચાર છે, એમ સમજીને -
ઈન્દ્ર પોતે આવે છે. જવું છે ભગવાન પાસે,
હજુ વચ્ચે પહોંચ્યા છે, વિચાર આવે છે -
ભગવાન પાસે તો ખાલી હાથે હું કઈ રીતે જાઉં,
એટલા માટે પોતે એક મોટો શેરડીનો સાંઠો -
લઈ ને જાય છે. રાજસભામાં પહોંચે છે
જુએ છે કે નાભિ કુલકર સિંહાસન ઉપર બેઠા
છે. એક વર્ષમાં કંઈક ઓછી એટલી ભગવાનની
ઉંમર છે. ભગવાન નાભિ કુલકરના ખોળામાં
બેઠેલા છે. ઇન્દ્ર ભગવાનની આગળ પોતે
ઉભા રહે છે, શેરડીનો સાંઠો એઈને ભગવાન

સ્મિત કરે છે. અને લેવા માટે હાથ પ્રસારે છે. અને ઇન્દ્ર મહારાજ કહે છે કે હે સ્વામી, શું આપ આ શેરડી ખાશો ?, એમ કહીને ભગવાનના-હાથમાં આપે છે, ભગવાને ઇક્ષુ નો અભિલાષ-કર્યો, માટે સ્વામી નો વંશ ઇક્ષ્વાકુ નામનો થાશે ગોત્ર પણ એમના પૂર્વજનોનું ઇક્ષુ અભિલાષ થી કાશ્યપ નામનું થાશે, આ રીતે શક્ર વંશ સ્થાપના કરીને સ્વર્ગે જાય છે.

ભાવપ્રસ્તુતિક યુગલ છે, એમના-માતાપિતા જે છે, એમને તાડના વૃક્ષની નીચે મુકીને ક્યાંક જાય છે, તાડનું ફળ ઉપરથી-પડે છે, એમાં જે બાળક હતો એ મૃત્યુ પામી જાય છે. આ પહેલું અકાળ મૃત્યુ થયું. માતા-પિતા સ્વર્ગે ગયા છે, એકાકી ની એ કન્યા છે અને કન્યા છે એની જે પતિ, બાળપણમાં એ ભાઈ, યુગલિક કાળમાં એ પતિ, હવે એકલી એ કન્યા ફરી રહી છે. યુગલિકો પુછે છે કે આ તો એકલી છે, નાભિ કુલકર ને વાત-કરે છે. અને નાભિ કુલકર કહે છે કે આ-સુનંદા નામની કન્યા, જે બચેલી છે. તો એ ઋષભ ની પત્ની થશે. અને એ રીતે પછી લોકો ને મંગાવી ને, તેને ગ્રહણ કરે છે. સુમંગલા અને સુનંદા સાથે વધતા એવા ભગવાન યૌવન પામે છે. અને શક્ર વિચારે છે, કે પહેલા જીનેશ્વરનું વિવાહ કૃત્ય એ મારો આચાર છે. અને કરોડો દેવ દેવીઓ સાથે પોતે આવે છે. અને સ્વામી નું જે વર કૃત્ય, એ પોતે કરે છે. દેવી ઓ એ બંને કન્યા નું વધુ કૃત્ય કરે છે, એમની સાથે વિષય ભોગ કરતા, છ લાખ પૂર્વ

ભગવાનના પસાર થાય છે. સુમંગલા, ભરત અને બ્રાહ્મી આ યુગલને જન્મ આપે છે. સુનંદા એ બાહુબલી અને સુંદરી એ યુગલને જન્મ આપે છે. અને સુમંગલા બીજા પણ ઓગણ પચાસ પુત્ર યુગલ એમને જન્મ આપે છે.

ઋષભદેવ ભગવાનના પાંચ નામો છે.
પહેલું નામ ઋષભદેવ પ્રથમ રાજા - પાંચમું નામ.
બીજું નામ પ્રથમ સાધુ,
ત્રીજું નામ પ્રથમ જિન
ચોથું નામ પ્રથમ તીર્થંકર,

ઋષભ છે એ પ્રથમ રાજા કઈ રીતે થયા? એ કહે છે, તો એમની પહેલા સાત કુલકરો થયા હતા. વિમલવાહન, ચક્ષુસ્માન, યશસ્વી, અભિચંદ્ર, પ્રસેનજિત, મરુદેવ, અને નાભિ. પહેલા બે કુલકરના કાળમાં યુગલિકો થોડો પણ અપરાધ કરે, તો હાકાર રૂપ દંડ નીતિ હતી. ત્રીજા અને ચોથા કુલકર થયા, એમાં અલ્પ અપરાધમાં હાકાર અને મોટા અપરાધમાં માકાર રૂપ દંડ નીતિ હતી. તો ત્રણ કુલકરના કાળે જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અપરાધમાં હાકાર, માકાર, અને ધિક્કાર આ દંડ નીતિ હતી. યુગલિક કાળ છે એ હવે પૂરો થવા આવ્યો છે. હવે આગળ રાજા વગેરેની બધી વ્યવસ્થા આવવાની છે. એની પહેલા આ કુલકરો થયા. યુગલિક કાળમાં કોઈ ઝઘડાઓ નથી વધારે રાગ-દ્વેષ નથી કષાયો નથી કલ્પવૃક્ષો બધું જ આપે છે. આ મારા કલ્પવૃક્ષ આ તારા કલ્પવૃક્ષ આવા પણ કોઈ ભાગલા નથી.

આ યુગલિકો બહુ શાંતિથી સંપીને રહેતા હતા.
કાળ ધીમે ધીમે પડતો આવ્યો, કલ્પવૃક્ષ ના-
મમત્વ વધ્યા, કોઈ-કોઈનું કલ્પવૃક્ષ લઈ લે.
કોઈ-કોઈના ઘરેણા લઈ લે. અને એ સમયે
જે આ કુલકર છે, એ વ્યવસ્થા કરે. પહેલી
નીતિ હતી હાકાર, હા છે ને એનો ગુજરાતીમાં
અર્થ અલગ છે, સંસ્કૃતમાં અર્થ અલગ છે.
હા નો અર્થ આપણે YES કરીએ છીએ, કે
સંમતિ કરીએ છીએ. સંસ્કૃત માં હા નો અર્થ
છે અરે! એમ આપણે કહીએ ને OH NO..
અરેરે...! એ અર્થમાં હા છે. એ યુગલિક
ભૂલ કરે, એટલે કુલકર શું કહે, અરે તે-
આવું કર્યું, હા તે આવું કર્યું! અને એમને
એવું લાગે કે મને કોઈએ ફાંસીએ ચડાવી
દીધો હોય ને. આટલી વાતમાં એને એટલું
બધું લાગી આવે, એવી સરળતા હતી. ભૂલ-
કરી છે પણ કાળ હજુ કેવો છે એકદમ પડ્યો
નથી, આટલું કહે ને પેલા સુધરી જાય. હવે
પછીના જે કુલકર થયા, એ સમયે હજુ કાળ
થોડો પડ્યો, અરે તે આવું કર્યું, તો કોઈને
લાગી એ જાય ને કોઈને કાંઈ લાગે પણ નહીં.
એટલે એમણે એક નીતિ વધારી, કે હા સાથે
મા કાર. નાનો અપરાધ હોય તો હા કાર નીતિ,
મોટો અપરાધ હોય તો મા કાર. આવું નહિ કરવાનું
સાથે સાથે આત્મ નિરીક્ષણ કરવું છે કે આપણે
કઈ નીતિ ને લાયક છીએ. આવું કર્યું, આનાથી
અસર થાય છે કે પહેલા તો આપણે એવું કરી
શકીએ છીએ કે પછી કહે આવું કર્યું તમે!
અને કાંઈ લાગી આવે છે. કશું જ નથી લાગતું,
કહેવું પડે છે ભાઈ આવું નહીં કરો. કોઈ પણ

DATE

સૂચના આપવી પડે ને ત્યારે આપણને શરમ આવવી જોઈએ. ચપ્પલ અહીંયા ઉતારો, - PARKING અહીંયા કરો. શાંતિ રાખો, - આમ કરો, આમ ન કરો. જો અવાજ ના કરો. આપણને કેટલી બધી શરમ આવવી જોઈએ, કે શું મારામાં આટલો પણ વિવેક નથી, સૂચના કોઈ આપે તો પણ શરમ આવવી જોઈએ ને સૂચના આપ્યા પછી, ઉપદેશ મળ્યા પછી, કોઈના કીધા પછી પણ જો ફેરફાર ન થાય, તો તો એ વધારે શરમની વાત કહેવાય.

યુગલિકોમાં કોઈ અનુશાસનની - જરૂર નહતી. કાળ પડયો કહેવું પડ્યું હા કાર-નિતિ. તમે આવું કર્યું! હજુ કાળ પડયો કહેવું પડ્યું મા કાર નિતિ, ભાઈ આવું નહીં - કરો. હજુ કાળ પડયો, હવે ભૂલ કરે છે, હા કાર ને મા કાર છે, પણ હજુ કામ પતતું નથી, તો ધિક્કાર નિતિ, તમને ધિક્કાર છે, તમે આવું કર્યું તો આ રીતે આ દંડ નિતિ- થઈ. હજુ કાળ પડયો, હજુ કષાયો ના વધારે ઉદય થયા, અને ત્રણ નિતિઓને પણ બધા યુગલિકો CROSS કરી જવા લાગ્યા. હા તો એ વાંધો નથી, મા તો એ વાંધો નથી, ધિક્ તો એ વાંધો નથી. અને વિવાદ થઈ રહ્યો છે. નાભિ કુલકર છે એ પોતે કુલકર છે. એમની પાસે ત્રણ જ નિતિ છે. અને હવે એ વિચારે છે કે હવે કરવું શું ? રોજેરોજ લોકો બધા ઋષભદેવ પાસે આવે છે. ઋષભ કુમારને વાત કરે છે, કે આવું બધું થાય છે. હવે હા કહીએ, મા કહીએ, ધિક્ કહીએ તો

પણ કાંઈ ફેરક પડતો નથી. કરવાનું શું ? અને એ સમર્થ ભગવાન કહે છે, કે જે નિતિનો લોપ કરે, એને રાજા દંડ કરે. એ રાજાનો અભિષેક કરવાનો હોય તો બધા કહે છે કે અમને પણ આવા રાજા જોઈએ. ત્યારે ભગવાન કહે છે, કે તમે નાભિ પિતાજી છે એમની પાસે જઈને રાજાની માંગણી કરો.

સભાનો પ્રશ્ન :- કુલકર અને રાજામાં DIFFERENCE શું છે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- રાજા કોને કહેવાય જેની પાસે કોષ હોય, સેનાપતિ હોય, પુરોહિત હોય, મંત્રી હોય. ને એમાં પછી ઘણી બધી નિતિઓ હોય. એમાં હાકાર, માકાર, ધિક્કારની આવે PLUS બીજી પણ દંડ નિતિઓ છે. એ પણ હોય એને રાજા કહેવાય. કુલકર કઈ રીતે થાય છે તો અમુક યુગલિક એવો કાળ હવે આવવાનો છે, કુલકર કરવાના છે, પૂર્વ ભવના કોઈ સંબંધ છે. હાથી છે એ એક યુગલને પોતાના માથે બેસાડી દે છે, લોકો એને વિશિષ્ટ તરીકે સ્વીકારે છે, કાંઈ કામ પડે તો એને પુછે છે, કોઈક ઝગડો થાય તો એ ન્યાય આપે છે. કુલકર છે એ રાજાનું એક પ્રાથમિક રૂપ છે. અથવા એમ કહેવાય કે NET PRACTICE ચાલી છે, હજુ રાજ્ય વ્યવહાર થયો નથી. અને સાવ કોઈ નાનું-મોટું નથી એવું પણ નથી. યુગલિક કાળની અંદર બધા સમાન છે. રાજ્ય વ્યવસ્થા આવે એમાં રાજા રાજ્યના અંગો સાથે કામ કરે છે. અને વચ્ચેની અવસ્થા તે કુલકરની અવસ્થા, પોતે ન્યાય નિતિ પણ આપે, એ સમય પુરતી રાજાની જરૂર છે એ કુલકર પુરી કરે. છતાં પણ

કુલકર પાસે એવી બીજુ કોઈ સામગ્રી નથી જેનાથી એને શાંત કરી શકાય. અહીં કહે છે કે આવી રીતે શાંત હોય, ભગવાન કહે છે એમની પાસે માંગો, નાભિ કુલકર પાસે યુગલિકો જાય છે, અને નાભિ કુલકર એમને કહે છે, કે ઋષભ છે એ આપના રાજા થાશે, રાજ્યાભિષેક માટે - સરોવરમાંથી જળ લેવા જાય છે. સૌધર્મેન્દ્ર નું આસન કંપિત થાય છે, માટે આચાર છે જેમ સમજુ ની ત્યાં આવે છે. મુગટ, કુંડલ, વગેરે- બધા આભરણો ભગવાનને પહેરાવે છે. રાજ્યાભિષેક- ઇન્દ્ર, સ્વયં ભગવાનનો કરે છે. યુગલિકો તો પાણી લેવા ગયા હતા, અને પાણી લઈને હજુ આવ્યા, ત્યાં તો એવું આ તો આપણે અભિષેક- કરવાનો હતો, વસ્ત્ર અને અલંકાર છે, મુગટ છે, અને એ ભગવાનનો અભિષેક કરશું, તો પછી શું થશે ? ભગવાનનો અવિનય થઈ જશે. કરવું શું ? જરાક વિચાર કર્યો, નજીક આવ્યા, અને ભગવાનનો જે અંગુઠો હતો એ અંગુઠા- ઉપર અભિષેક કર્યો, યુગલિકોનો પણ વિનય- એવો છે, વિવેક એવો છે, કોઈ ઉપદેશ એમને મળ્યા નથી, વ્યાખ્યાન મળ્યા નથી, સહજ રીતે અંદરથી જ ક્ષયોપશમ થાય છે, શું કરાય, શું ના કરાય !

આપણે નિયમ છે કે અષ્ટપ્રકારી પૂજા આપણે કરવી એટલે કરવી. હવે એ ભગવાનની SHORTAGE છે તો કોઈએ આંગી કરેલા ભગવાન, એની આંગી આપણે કાઢીએ, અને અભિષેક કરીએ, દોષ લાગે. બીજુ વાર આંગી તમે કરો- તો એ દોષ લાગે. હકીકતમાં અષ્ટપ્રકારી પૂજા,

આપણે માનીએ છીએ કે માત્ર ને માત્ર મસ્તકે-
જલ અભિષેક કરીએ તો જ જલ પૂજા થઈ શકે,
જ્યારે SITUATION (પરિસ્થિતિ) એવી છે, ભગ-
વાન જીએ છે નહીં, છે એ આંગી વાળા છે.
કોઈએ ભાવથી આંગી કરી છે. સાંજે દર્શન કરવા
આવશે, પોતાના ભગવાન ગોતશે તો મળશે નહિ,
સાચી વાત જાણશે ત્યારે એને આઘાત લાગશે,
આવુ બધું કરવું એને વિવેક ના કહેવાય, ભગ-
વાનની શોભા હતી, એક ભાવિક ની લાગણી-
હતી, ભગવાન ની શોભા એ આપણે દુર કરી,
કોઈની લાગણી ને પણ ઠેસ પહોંચાડી, આપણે
બાધા હોય, ટેક હોય ને જલપૂજા માટે બીજો કોઈ
રસ્તો ના હોય, એ સમયે જેમ આપણે ફળ-
નૈવેદ્ય ધરીએ છીએ ને, એ રીતે જળ ધરીને
પણ જળ પૂજા થઈ શકે. જરૂરી નથી કે આપણે
અભિષેક કરીએ તો જ જળ પૂજા થઈ. કેમકે જે
પૂજાઓ આવે સત્તર પ્રકારી / એકવીસ પ્રકારી, એમાં
પણ જળપૂજા નો આ અર્થ પણ બતાડ્યો છે, કે
ભગવાનની આગળ ધરવાનું. એટલે જળ એ પણ
ઉત્તમ વસ્તુ છે, પુણ્યનું કારણ છે. એ જળ ધરી-
ને પણ ભગવાનની પૂજા થઈ શકે, માત્ર આંગીની
વાત નથી, અભિષેક ની વાત નથી, ઘણી બધી
એવી બાબતો હોય છે, આપણે વિવેક ચૂકતા હોઈએ
છીએ. જ્યાં વિવેક છે ને એ ધર્મનું વધારે ફળ
મળે. નાની.. નાની અનુચિત આપણી બાબતો
નાની નાની બાબતોમાં થતો વિવેક, એમાં થી
થતો અવિવેક, એમાંથી પછી ઉઠતા રાગ-દ્વેષો,
એમાંથી જાગતા કષાયો, કલુષિત વાતાવરણ થાય.
બહુ પ્રેમથી તમને કહું, કે આવા ભગવાનના આપણે
શાસનમાં આવ્યા, ભગવાનના ધર્મમાં આપણે જન્મ

લીધો બહુ ઉંચા આપણે જાણ્યા નો અહીંયા -
આવીને જ્યારે અમારે તમને બીજાઓના દાખલા
આપવા પડે, કે ભાઈ એ લોકોની શિસ્ત જુઓ,
એ લોકો ની વિવેક જુઓ, એ લોકોની સાધર્મિક
ભક્તિ જુઓ, એ લોકોનો ધર્મનો પ્રેમ જુઓ,
એ લોકોના સ્થાનો છે એની શોભા ને જુઓ,
એ લોકોનો વિનય- વિવેક આપણે શીખવા જેવો
છે. આવુ જ્યારે અમારે કહેવું પડે ને ત્યારે અમને
પણ ખરેખર શરમ આવે, કે સર્વોત્કૃષ્ટ ધર્મ
અને એને અમારે બીજા ના દાખલાઓ આપવા-
પડે. બહુ આપણે આત્મનિરીક્ષણ કરવાની જરૂર
છે. બીજુ બીજુ આરાધના ઓ ઘણી કરીએ,
તપસ્યાઓ ઘણી કરીએ, પણ આ BASIC છે
એ ઉચિત આચરણ, BASIC વિનય, -
BASIC વિવેક, BASIC ઔચિત્ય. આ પાયા
વગરની આપણે ઈમારતો ચણતા હોઈએ, તો એ
ઈમારતો નો લાભ આપણને થશે નહીં. ડગલે ને
પગલે, પોતાની જાતને બહુ હોંશિયાર, બુદ્ધિમાન
સમજીને વર્તવા ગયા, ઘણી બધી ગરબડો -
એમાં થશે. ન સમજાય તો કોઈને પુછીએ,
થોડો વિચાર કરશું તો આપણને પણ ખ્યાલ -
આવશે, આમા વિવેક શું હોય, અને આમા -
અવિવેક પણ શું હોય. સ્નાત્ર ભણાવવાનું હોય ને
સ્નાત્રમાં અંદર એક પદ આવે, ઇન્દ્ર સિંહાસન
થરહરે--- ઘણા એવા બધા હોંશિયાર હોય છે
એ ભગવાનનું સિંહાસન હલાવી દે છે. ઇન્દ્ર
સિંહાસન છે નહિ જે છે એને હલાવી દો,
આપણે વિચારવું જોઈએ કે આપણે શું કરી
રહ્યા છીએ. ભગવાન નું આસન છે, ઇન્દ્ર-
સિંહાસન આપણે બોલીએ છીએ, એને કઈ રીતે

ચલાયમાન કરી શકાય. સંઘના એક એક સભ્યની વિનય કેવો હોય, શિષ્ટાચાર કેવો હોય, વિવેક કેવો હોય, એક પણ એને સુચના ન આપવી પડે, એને બધુ ઊંધુ કહેવું પડે કે ભાઈ આટલું બધું કરવાની જરૂર નથી, તમે આટલી બધી તકલીફ ના લો. આટલું તમારું વર્તન હશે તો વાંધો નથી, ઊંધુ કહેવાની જરૂર પડે, એની બદલે જ્યારે એમ કહેવું પડે કે ભાઈ આમ કરો... આમ ના કરો, ત્યારે બરોબર દુ:ખની વાત કહેવાય, ભગવાન કોને મળ્યા? યુગલિકો ને મળ્યા છે, કારણકે યુગલિકો ભદ્રિક છે, યુગલિકો છે એ ઔચિત્ય વાળા છે, અહીંયા તેઓ ભગવાન-ના અંગુઠા ઉપર પાણી અભિષેક કરે છે. અને એ સમયે ઇન્દ્ર પણ વિચારે છે, આ બધા બહુ વિનિત છે, વૈશ્રમણ ને આજ્ઞા કરે છે, આ-લોકો માટે બાર યોજન લાંબી, નવ યોજન પહોળી, એવી વિનિતા નામની નગરી, એને તમે બનાવો, અને સુવર્ણમય વપ્ર એટલે સોનાથી જે વિરાજીત છે, સુવર્ણ વગેરેના બનેલા ઘરોની શ્રેણી છે. ધન-વગેરેથી પરિપૂર્ણ છે, એવી નગરી બનાવે છે. એમાં હાથી, ઘોડા વગેરેનો સંગ્રહ પણ કરે છે. ચાર કુળ છે એની સ્થાપના એમાં કરે છે, ઉગ્રદંડકારી હોવાથી આરક્ષ સ્થાનીય ઉગ્ર કુળ, મિત્ર સ્થાનીય રાજન્ય કુળ, અને પ્રેષ્ય સ્થાનીય ક્ષત્રિય કુળ. હવે કાલ ની પરિહારી છે, નાભિ કુલકર ના કાળ માં જે કલ્પવૃક્ષ ના ફળો છે એ મળતા નથી, યુગલિકો છે એ શેરડીના પાન ને ફળને પુષ્પ આ બધું ખાય છે. પછી કાળના અનુભાવથી, જઠરાગ્નિ મંદ થાય છે. આ બધું પચતું નથી, એટલે થોડું ખાય છે એ પણ પચતું નથી. એટલે ભગવાનના વચનથી હાથથી ઘસીને ખાય છે, પછી એ ય પચતું નથી,

એટલે ભગવાનના વચનથી પત્ર ની પુડિયો બનાવીને
એને પાણીથી ભીંજવી ને પછી ખાય છે. અને
એવી રીતે ઘણું બધું કર્યા પછી પણ અપૂર્ણ થવા
લાગ્યું, વૃક્ષના ઘસાવા થી અગ્નિ ત્યાં પેદા થયો,
અને જે લોકોને લાગે છે કે આ નવું રત્ન છે,
પોતે લેવા જાય છે, હાથ દાઝી જાય છે, ડરીને
ભગવાન પાસે આવે છે, અને ભગવાન કહે છે કે
યુગલિકો, આ અગ્નિ થયો છે. એની અંદર તમે
આ બધું ધાન્ય નાખી ને પકવશો, તો તમને
અપૂર્ણ નહીં થાય. એ સમયે એ બધાનો ઉપાય
એમને ખબર નથી, અંદર ધાન્ય નાખે છે અને
એ બધું બળી જાય છે, એટલે એ લોકો વિચારે
છે કે આ તો બહુ પાપી છે, એ બધું ખાય
જાય છે, આપણને કાંઈ આપતું જ નથી, એટલે
ભગવાનની પાસે જઈને એને દંડ આપાવે કરાવીએ
અને એ સમયે એ લોકો ભગવાનની પાસે આવે
છે, ભગવાન હાથીની પીઠ ઉપર બિરાજમાન છે
ભગવાન આવી રહ્યા છે, બધી વાત કરે છે,
ભગવાન કહે છે કે એમને એમ સીધુ આગમાં
નખાય નહીં, વચ્ચે વાસણ જોઈએ, પોતે ત્યાં-
માટી નો પિંડ મંગાવે છે, હાથીના કુંભ ઉપર
એને રાખે છે, અને પોતે મહાવત દ્વારા જે
કુંભકાર કળા એની પ્રવર્તના કરે છે. પછી
લોહકાર, ચિત્રકાર, તંતુવાય, નાપિક એ નામના
ચાર શિલ્પો પ્રવર્તન કરે છે. પાંચ મૂલ શિલ્પ,
એના વીસ-વીસ ભેદો, સો શિલ્પોની આવી
રીતે ભગવાન પ્રરૂપણા કરે છે. કૌશલિક-
ભગવાન ઋષભદેવ એ દક્ષ છે, દક્ષ પ્રતિજ્ઞ છે,
સુંદર રૂપવાળા છે, સર્વ ગુણ થી યુક્ત છે,
સરળ પરિણામ વાળા છે, વિનય વાળા છે,

DATE

વીસ લાખ પૂર્વ પોતે કુમાર અવસ્થામાં રહે છે. ત્રેસઠ લાખ પૂર્વ રાજ્યવસ્થામાં રહે છે. અને પુરુષની લેખન, ગણિત વગેરે બોતેર કળા, અને ચોસઠ કળા સ્ત્રીઓની એની પ્રવર્તના કરી છે. અહીંયા પુરુષની - બોતેર કળા વગેરે છે જે કઈ છે. જે જણાવે છે, લેખન, ગણિત, ગીત, નૃત્ય, વાદ્ય, પઠન, શિક્ષા, જ્યોતિષ, છંદ, અલંકાર, વ્યાકરણ, નિયુક્તિ, કાવ્ય, કાત્યાયન, નિઘંટુક, અશ્વરોહણ, સુરગારોહણ, ગજ-તુરંગણશિક્ષા, શસ્ત્રાભ્યાસ, રસ, મંત્ર, યંત્ર, ગંધવાસ, પ્રાકૃત, સંસ્કૃત, પૈશાચિક, અપભ્રંશ, સ્મૃતિ, પુરાણ-વિધિ, તર્ક, વૈદ, આગમ, સંગીત, સામુદ્રિક વિજ્ઞાન, વીસ, જણ્ય, સિદ્ધાંત, રસાયણ, વિદ્યાનુવાદ દર્શન, આચાર્ય, મણિ, કર્મ તરુ ચિકિત્સા, ઇન્દ્રિભ્રમણ, સર્વ કરણી, પ્રાસાદ લક્ષણ, ચર્મ કર્મ, લેખ, ચિત્રોપલ, નખ છેદ, પત્ર પરીક્ષા, શુદ્ધીકરણ, કાષ્ઠ ઘટન, ગારુડ, ચાગિણ, ધાતુકર્મ, જંપિરી, અમરી કળા, પત્ર છેદ, દેશ, ભાષા, કેવલ વિધિ, સપુનરાધિ, રસ-કરણી, સર્વકરણી, વશીકરણ, સંગીતા, ઈતીહા, પાતાળ સિદ્ધિ, પ્રાસાદ લક્ષણ, ગારુડ, સપુનરાધિ.

સ્ત્રીઓની ચોસઠ કળા કહે છે,

નૃત્ય, ઔચિત્ય, ગીત, વાજિંત્ર, મંત્ર, તંત્ર, ધનવૃષ્ટિ, કલાકૃતિ, જ્ઞાન, વિજ્ઞાન, ગજપરીક્ષા, વાસ્તુ પરીક્ષા, વાસ્તુ સિદ્ધિ, અશ્વપરીક્ષા, ધર્માધાર, અંજનયોગ, કર્મ, કનક, ક્રિયા, ચિતમાન, તાનમાન, આરામ રોપણ, કાર્યશક્તિ, વાસ્તુ સ્થિતિ, પટુબુદ્ધિ, ચૂર્ણયોગ, ગૃહિધર્મ, વર્ણિકા, વૃદ્ધિ, વાક્પાટી, કર લાઘવ, કરી ચરણ, હેતાચાર, અંક સ્થિતિ, જનાચાર, સારીજ્ઞાન, લીપી પરીછેદ, વૈદ્યક્રિયા, રાંધન, શાલીખંડન, મુખમંડન, કથાકથન, સર્વ ભાષા વિશેષ, વાણીજ્ય, ભોજ્ય, જ્ઞાન,

પરીક્ષાન, વ્યાકરણ, યથાસ્થાન, વિવિધ પરિમાણ, આ બધી સ્ત્રીઓની કળા થઈ. ચોસઠ કળા, બોંતેર કળા ને શિલ્પ કળા એ બધું ભગવાન પ્રજા-હિત માટે ઉપદેશ આપે છે.

પોતાના પુત્ર ભરતને વિનિતા નું મુખ્ય રાજ્ય આપે છે. બાહુબલી ને બલી દિશામાં રહેલી તક્ષશીલા નું રાજ્ય આપે છે. બાકીના અઠ્ઠાણું દીકરાઓ એમને જુદા જુદા રાજ્ય આપે છે એ સો દીકરાઓના નામ અહીં કહે છે આ બધા એ જ ભવમાં મોક્ષે જનારા આદિનાથ ભગવાનના દીકરાઓના નામ છે. આ બધા ચરમશરીરી મહાપુરુષો હતા. એમના નામ પણ અહોભાવથી આપણે સાંભળવા જોઈએ.

(ભરત, બાહુબલી, શંખ, વિશ્વકર્મા, વિમલ, સુલક્ષણ, અમલ, ચિત્રાંગ, ખ્યાતકિર્તિ, વરદત્ત, સાગર, યશોધર, અમર, રથવર, કામદેવ, ધ્રુવ, વત્સ, નંદ, સૂર, કુરુ, અંગ, વંગ, કૌશલ, સુનંદ, વીર, કલિંગ, માગધ, વિદેહ, સંગમ, ગંભીર, વસુવર્મા, સુવર્મા, દસાણ, રાષ્ટ્ર, સુરાષ્ટ્ર, બુદ્ધિકર, વિવિધકર, સુયશા, કીર્તિકર, યશકીર્તિ, સુરણ, બ્રહ્મસેન, નરોત્તમ, પુરુષોત્તમ, ચંદ્રસેન, માનસેન, નભસેન, શ્રીધર, ભાનુ, સુભાનુ, દુર્જય, ધર્મસેન, આનંદ, નંદ, અપરાજિત, વિશ્વસેન, હરિસેન, જય, વિજય, વિજયંત, પ્રભાકર, મહાબાહુ, બાહુ, દીર્ઘબાહુ, મેઘ, સુઘોષ, વરદ, સુસેન, સેનાપતિ, કપિલ, અરિંજય, નાગદત્ત, કાશ્યપ, બલવીર, પદ્મનાભ, સિંહ, સુમતી, જય, નરદેવ, શીતર, સુરદર, દૃઢરથ, પ્રભંજન, એમના જે રાજ્યના દેશોના

નામ છે તે અંગ, વંગ, કલિંગ, સૌરાષ્ટ્ર, ચીણ, મહાચીણ, આભિર, બંગાળ, નેપાલ, માલવ, સિંહલ, મરૂસ્થલ વગેરે.

લોકાંતિક દેવો ભગવાનને વિનંતી કરે છે. વરસીદાન ભગવાન આપે છે. ઉષ્ણ કાળનો પહેલો મહિનો, પહેલો પક્ષ એની આઠમ નો દિવસ ચૈત્ર-વદ-આઠમ, દિવસ નો પશ્ચિમ ભાગ છે, સુદર્શના શિબિકામાં ભગવાન બિરાજમાન છે. દેવ, મનુષ્યો સાથે વિનિતા નગરીના મધ્ય ભાગમાંથી નીકળીને, સિદ્ધાર્થ વન ઉદ્યાન છે, અશોક વૃક્ષ નીચે આવે છે, પોતે સ્વયં ચતુર્મુષ્ટિ લોચ કરે છે. અને પાંચમી મુષ્ટિ જ્યાં લેવા જાય છે, ત્યાં ઇન્દ્ર વિનંતી કરે છે, હે ભગવાન, આપના સ્કંધ ઉપર જે છે એ આપના કેશની લટા જે બધી લટ જે ઉપર લટકી રહી છે, ખુબ જ સરસ લાગે છે, આપની એ કેશ મુષ્ટિ એ આપ રહેવા દો, મણે સોનાના કળશ જેવો આપનો ખભો હોય, એના ઉપર નીલ કમળની માળા હોય, એવી દેખાય છે, આપ એને રહેવા દો, અને ભગવાન પણ દાક્ષિણ્ય વાળા છે, એણે પ્રાર્થના કરી છે એનો ભંગ નથી કરવો, માટે એ રહેવા દે છે. ચતુર્મુષ્ટિ લોચ કરીને, ચોવિયાર છઠ નો ભગવાનને તપ છે, ઉત્તરા અષાઢા અને ચંદ્ર નો યોગ થયો છે, ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિય, કચ્છ, મહાકચ્છ વગેરે ચાર હજાર રાજાઓ, એમની સાથે દેવદૂષ્ય લઈને ભગવાન દીક્ષા લે છે. કૌશલિક ભગવાન ઋષભદેવ એક હજાર વર્ષ સુધી પરિષહ સહન કરવા માટે પોતે શરીરને વોસિરાવીને વિચરણ કરે છે. પ્રવ્રજ્યા લઈને ઘોર અભિગ્રહ લઈને ભગવાન ગ્રામાનુગ્રામ વિચરણ કરે છે. લોકો બહુ જ સમૃદ્ધ છે,

DATE

ભીક્ષા શું હોય ? ભીક્ષાચર કોણ હોય ? કોઈ
માંગણ નથી, એમને કંઈ ખબર નથી. સાથે જે
બધા દીક્ષીત છે એ બધા ભગવાનને પુછે છે,
કે ભગવાન દીક્ષા તો થઈ ગઈ હવે આનું શું
કરવાનું છે. તો ભગવાન છે એ તો મૌન રાખે છે
એટલે એ બધા કચ્છ, મહાકચ્છ વગેરે ને પુછે
છે. કે આપણે શું કરવું ? એ કહે છે અમને-
ય ખબર નથી. પહેલા ભગવાનને પુછ્યું નહીં,
અને હવે આહાર વગર કરીએ શું. હવે પાછા-
જઈએ, તો ભરત ની આપણને શરમ નડે.
તો એના માટે વનવાસ જ શ્રેયસ્કર છે. એટલે
ભગવાનનું જ ધ્યાન કરતા ગંગાના કિનારે, પાંદડા
વગેરે ખાતા એવા જટા વાળા પોતે તાપસ થઈ
જાય છે. કચ્છ, મહાકચ્છ ના જે દિકરા છે નમિ,
અને વિનમિ એ ભગવાનને પુત્ર રૂપે પ્રતિપન્ન
હતા, અને એ દેશાંતર માંથી આવે છે,
ભરત એમને રાજ્ય આપી રહ્યા છે, પણ કહે છે
કે અમે તમારી પાસેથી નહીં લઈએ. અમે
ભગવાન પાસેથી લેશું, ભગવાન પાસે આવે
છે, કાયોત્સર્ગમાં ભગવાન છે, જમીન બધી
સાફ કરે છે. જલથી સિંચન કરે છે. એક
ઢીંચણ સુધી આવે એટલા ફુલોનો ઢગલો કરે છે.
પંચાંગ પ્રણામ કરે છે. અને ભગવાનને કહે છે
કે ભગવાન અમને રાજ્ય આપો. ભગવાન તો
મૌન રહે છે. એક વાર ધરણેન્દ્ર ભગવાનને
વંદન કરવા આવે છે, અને પુછે છે, કે
આ બાકી નિ:સંગ ભગવાન પાસે યાચી રહ્યા છે.
એમને કહે છે કે હું જ તમને આપીશ,
એમની પાસે માંગો નહીં. અડતાલીસ હજાર-
વિદ્યા પોતે આપે છે, એમાં ગૌરી, ગાંધારી,

ચાર મહાવિદ્યાઓ

રોહિણી, પ્રજ્ઞપ્તિ આ ચાર વિદ્યા છે ને બીજુ-
બધી વિદ્યાઓ પણ એમને આપી છે. અને કહે છે
કે આ વિદ્યાઓથી તમે વિદ્યાધરની સમૃદ્ધિ પામો.
અને વૈતાઢ્ય પર્વત ઉપર તમે જાવ, ત્યાં દક્ષિણ
આદિમાં ગૌરી, ગાંધારી વગેરે આઠ નિકાય,
ચક્રવાલ વગેરે પચાસ નગર. ઉત્તર શ્રેણી માં
પાંડકવન વગેરે આઠ નિકાય, ગગનવલ્લભ વગેરે
સાઠ નગર, એને તમે વસાવીને સુખેથી તમે
રહો. અને જે લોકો કૃતકૃત્ય થાય છે. પોતાના
માતા-પિતા એમને વંદન કરે છે. અને ભરત છે
એમને પણ વાત જણાવે છે.

વૈતાઢ્યમાં દક્ષિણ શ્રેણિમાં નમિ,
ઉત્તર શ્રેણિ માં વિનમિ બંને રહે છે. લોકોને
શું આપવું એ ખબર નથી. ભગવાન ગોચરી
માટે નીકળ્યા છે, લોકો પડાપડી કરે. રોજ-
ભગવાન જાય, બધા રસ્તા ભરાય જાય. પ્રભુ મારે
ત્યાં પધારો, પ્રભુ મારે ત્યાં પધારો, ભગવાન-
ત્યાં જાય, ભગવાન ત્યાં ઉભા રહે, એટલે કોઈ
સોના મહોર ના થાળ ધરે, કોઈ છે પોતાની કન્યા-
લાવે, ભગવાન આ કન્યા ને આપ પરણી લો.
કોઈ મોટા મોટા હાથીઓ ને લાવે, આ હાથીઓનો
લાભ અમને આપો. ભગવાન અહીંયા પધારો આ
આપનો જ મહેલ છે. ભગવાન જુએ કે આમાંથી
કશું પણ કલ્પે એવું નથી, ભગવાન ત્યાંથી-
નીકળી જાય, લોકો બધા પાછા રહે, કકળે,
વિલાપ કરે, શોક કરે

स्वामी किंचिन्न भाति ।

ભગવાન કશું જ લેતા નથી. કશું જ લેતા નથી.
આગળ આગળના ઘરો દૂધ મોટા... મોટા થાળ લાવે

મોતીઓ ધરે, હીરાઓ ધરે, રત્નો ધરે, ભગવાન - એક શબ્દ પણ બોલતા નથી. ભગવાન આગળ.. આગળ વધી રહ્યા છે. ભગવાને જે કર્મ બાંધ્યું હતું કોઈને ખાવામાં અંતરાય કર્યો હતો. કર્મનો ઉદય - પણ છે, બીજુ બાજુ ભગવાનની ખુમારી પણ છે. આ શિલ્પો અને કળાઓ ભગવાને શીખવાડી, પણ કઈ રીતે ગોચરી આપવી, આ કોઈને શીખવાડ્યું - નથી. ભગવાનને પોતાના ભવિષ્યની પોતાની શાતા - નો કોઈ વિચાર આવ્યો નથી. ભગવાનને એટલો જ વિચાર છે. મેં કર્મ બાંધ્યા તો એ મારે ભોગવવા - ના છે. લોકો છે જે બધા શોકાતુર થાય છે. અને આ બાજુ ભગવાનને ક્યાંય ભીક્ષા મળતી - નથી, સહજ મળતી નથી, સામેથી કહીને લેવી પણ નથી. વિચરતા.. વિચરતા.. વિચરતા.. વિચરતા.. સો ઉપવાસ.. બસો ઉપવાસ.. ત્રણસો ઉપવાસ.. ચારસો દિવસના નિર્જળ ઉપવાસ થયા છે. વિચરતા વિચરતા ભગવાન કુરુ ~~[illegible]~~ દેશમાં હસ્તિનાપુરમાં આવ્યા છે. બાહુબલીના દીકરા, સોમપ્રભ રાજાના દીકરા, શ્રેયાંસ ત્યાં યુવરાજ છે. સપનામાં જુએ છે મેરુ પર્વત ઉપર અમૃત કળશથી મેં અભિષેક કર્યો. બહુ શોભા વાળો થયો. એ નગરની અંદર સુબુદ્ધિ નામના નગર શેઠ છે, એ પણ જુએ છે, સુરજ માંથી એક હજાર કિરણો છુટા પડી ગયા, અને શ્રેયાંસે એમાં ફરીથી જોડી દીધા, આ રીતે પોતે જોયું. ત્રીજો નગરનો રાજા પણ જુએ છે, કોઈ મહાપુરુષ છે, શત્રુએ એને ઘેરી લીધો હતો અને શ્રેયાંસકુમાર ની સહાયથી તે વિજય પામે છે. ત્રણે રાજસભામાં મળે છે. પોતપોતાના સપનાઓ કહે છે, બધાને લાગે છે કે આજે શ્રેયાંસને કોઈ બહુ મોટો લાભ થશે. ઝરુખામાં શ્રેયાંસ -

કુમાર બેઠા છે. લોકોનો કોલાહલ થઈ રહ્યો છે,
स्वामी किञ्चिद्धा भाति।
ભગવાન કશું લેતા નથી. દૂર હટી જાય છે અને
આમ ચાર મુષ્ટિ લોચ કર્યો છે. અહીંયા ગુચ્છા
આમ લટકી રહ્યા છે. હેપ ડુલાય છે, ભગવાન-
આગળ વધી રહ્યા છે. પાછળ હજારો લોકો છે,
પ્રભુ લો... પ્રભુ કંઈક લો... પ્રભુ કંઈક લો,
ભગવાન મૌન થય છે આમાંથી કશું લેવા જેવું
નથી. આગળ ભગવાન વધી રહ્યા છે, આવું-
ક્યાંક જોયું છે... ક્યાંક જોયું છે... ક્યાંક-
જોયું છે ને આ વિચાર કરતા... કરતા... એ
શ્રેયાંસકુમાર ને જાતિસ્મરણ જ્ઞાન થાય છે.
અહો પૂર્વભવની અંદર હું ભગવાનનો સારથી
હતો. ભગવાન સાથે દીક્ષા લીધી હતી. ત્યારે
વજ્રસેન તીર્થંકરે કહ્યું હતું, કે આ ભરતક્ષેત્રમાં
પહેલા તીર્થંકર થશે, એ જ આ ભગવાન છે.
અને હજુ તો આ વિચારે છે, બધું યાદ આવે
છે, એ જ સમયે કોઈ આવે છે, ને શ્રેયાંસ-
કુમાર ને ઈક્ષુ રસના જે કુંભો હોય છે, એ
ભેટણા તરીકે આપે છે. શ્રેયાંસકુમાર નીચે
દોડી આવે છે, ને દોડતા... દોડતા ભગવાનના-
ચરણોમાં પડી જાય છે. હાથ જોડે છે, આંખમાંથી
આનંદના અશ્રુઓ વહી રહ્યા છે. ભેટણું આ
આવેલું છે, અહીંયા ભગવાન ઉભા છે, અહીંયા
શ્રેયાંસકુમાર છે, અહીંયા હજારો પ્રજાજનો છે,
અને શ્રેયાંસકુમાર કહે છે કે હે ભગવન, આ
યોગ્ય ભીક્ષા છે, આ નિર્દોષ ગોચરી છે.
આનો આપ સ્વીકાર કરો, ભગવાન છે બે જે
હાથ લંબાવે છે, અને શ્રેયાંસકુમાર એક પછી
એક ઘડા અંદર નાખતા જાય છે... નાખતા જાય છે...

ગાજતા જાય છે...

भूयानपि रसः पाणिपात्रे भगवतो ममौ ।

ઘણો બધો રસ અને એ રસ ભગવાનના હાથમાં સમાઈ જાય છે.

श्रेयांसस्य तु हृदये ममुर्नहि मुदस्तदा ।।

પણ શ્રેયાંસના હૃદયની અંદર, આનંદ સમાતો નથી,

स्त्यानो नु स्तम्भितो न्वासीद् व्योम्नि लग्नशिखो रसः।

ભગવાનની આ વિશેષતા છે, ભગવાનની આ-લબ્ધિ છે, તમે હજારો ઘડા નાખો, લાખો-ઘડા નાખો, આગળ વધીને કહ્યું કે બધા જ દરિયાનું પાણી નાખો. નીચે એક ટીપું પડે નહીં. ઉપર શિખા વધતી જાય, એક ટીપું પણ નીચે ના પડે, આથી ભગવાનની પાણીપાત્રની લબ્ધિ હતી. એ રસ છે એમ દેખાય કે એની શિખા આકાશને અડી રહી છે. દેવતા ઓ-વારણા લે છે. નગરજનો આનંદથી નૃત્ય કરે છે. ભગવાને એક વરસ પછી ચારસો -- ચારસો-દિવસના ઉપવાસ પછી, આજે પહેલી વાર ભિક્ષા સ્વીકારી છે. એ સમયે ભગવાનનું પારણું થાય-છે. દેવ દુંદુભિ વાગવા લાગે છે, દિવ્ય ધ્વનિ-પ્રસરે છે. સુગંધી જળની વૃષ્ટિ થાય છે. સોનામહોરોની વૃષ્ટિ થાય છે. દિવ્ય વસ્ત્રોની વૃષ્ટિ થાય છે. અહો દાનમ્! અહો દાનમ્! આ ઘોષણા આખા કુરુ દેશની અંદર છવાઈ જાય છે. લોકો પણ બધા ચકિત થઈ જાય છે. અને લોકો પૂછે છે, કે હે શ્રેયાંસકુમાર, આ તમને કેમ ખબર પડી, કે એ રીતે-આપવાનું અને શ્રેયાંસકુમાર પોતે બધી વાત કરે છે, કે આ રીતે અમારા આગલા ભવોના

સંબંધ થયા, ભગવાનને જોઈને મને જાતિ સ્મરણ-જ્ઞાન થયું. અને એ જાતિ સ્મરણ જ્ઞાનથી મેં એમની આ વિધિ જાણી, કે એમને શું કલ્પે! તમે લોકો સોનામહોર આપતા હતા, મોતી અને હીરા આપતા હતા, હાથીને ઘોડા આપતા હતા, પોતાની કન્યા પણ આપતા હતા, પણ ભગવાનને તો શું-ખપે છે, આવી નિર્દોષ ગોચરી ખપે. કંચન અને કામિનીના ભગવાન ત્યાગી છે, રાજ-પાટ-બધું છોડી દીધું છે. પોતાના માટે કર્યું ન હોય, કરાવ્યું ન હોય, અનુમોદ્યું ન હોય પોતે પોતાના માટે કરાવ્યું હોય એવું, એવું જે હોય બેતાલીસ દોષથી રહિત, એવી ભીક્ષા ભગવાનને-કલ્પે.

અહીંયા કહે છે ભગવાને કઈ રીતે ઈક્ષુ રસની ભીક્ષા લીધી, કલ્પના કરે છે, કે-ભગવાને જમણા હાથને કહ્યું કે ભાઈ તું દાન લે, એટલે જમણો હાથ કહે કે હું તો આટલા શુભ, ભોજન વગેરે કરું છું, હું મુખ્ય છું, એટલે હું યાચના ના કરું. જે ડાબો હાથ છે, એ કહે છે કે હું તો યુદ્ધ કાર્ય, અંકગણના, વામાંગ-શોભા, એમાં શ્રેષ્ઠ છું, એટલે હું એ દાન ન લઉં, આ રીતે બંને હાથ એક વરસ-સુધી ઝઘડતા રહ્યા, છેવટે માંડમાંડ સમાધાન થયું, કલ્પના છે. કવિની ભક્તિ છે, ભક્તિથી કલ્પના કરી છે, ને આ રીતે એક વર્ષ પછી ભગવાનને પારણું થયું, અને ભગવાન કહે છે, એ પણ કલ્પના કરે છે, કે તમે રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરી, યાચક વર્ગને દાનથી કૃતાર્થ કર્યો, હવે તમે સંતુષ્ટ થઈ જાવ, એ દાનીઓ છે, એ દાનીઓ ઉપર તમે દયા કરો, એ લોકો દાન આપી શકે.

એવો અનુગ્રહ કર્યો, એ પછી એ બંને હાથ-ભોગા સ્વીકાર્યો છે. એ રસથી ભગવાનને વર્ષી-તપનું પારણું થયું, ને બધે આનંદ... આનંદ થઈ ગયો.

શ્રેયાંસકુમાર આઠ ભવનો સંબંધ- કહે છે, ઈશાન દેવલોકમાં ભગવાન લલિતાંગ દેવ હતા, ત્યારે હું સ્વયંપ્રભા દેવી હતી. પૂર્વવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલ નગરમાં ભગવાન-વજ્રજંઘ હતા, ત્યારે હું શ્રીમતી પત્ની હતી. ઉત્તર-કુરુમાં ભગવાન યુગલિક હતા, ત્યારે હું યુગલીક્ષી હતી. સૌધર્મ દેવલોકમાં અમે બંને મિત્ર-દેવ થયા. પશ્ચિમ વિદેહમાં વૈદ્ય પુત્ર ભગવાન થયા, ત્યારે હું એમનો મિત્ર હતો. અચ્યુત કલ્પમાં અમે બંને દેવ થયા. પુંડરીકીણી નગરી એમાં ભગવાન-વજ્રનાભ ચક્રી થયા ત્યારે હું સારથી થયો, અને સર્વાર્થ સિધ્ધ વિમાનમાં અમે બંને દેવ થયા, અત્યારે એ ભગવાન થયા, હું એમનો પ્રપૌત્ર-છું, અને લોકો કહે છે કે પ્રાર્થનાથી મળતું હોય, તો આદિનાથ ભગવાન જેવું પાત્ર મળજો. ઇક્ષુ રસ જેવું દાનનું દ્રવ્ય મળજો, અને શ્રેયાંસ-કુમાર જેવો અમને ભાવ પણ મળજો. આ રીતે સ્તુતિ કરીને લોકો પાછા જાય છે.

દીક્ષા દિવસથી માંડીને એક હજાર-વરસ સુધી ભગવાનનો છદ્મસ્થ કાળ થયો. એક હજાર વર્ષમાં ભગવાનનો પ્રમાદ કાળ કેટલો છે, ક્યારેક જરા ઊંઘ આવી.. ક્યારેક જરા ઊંઘ આવી.. બધું TOTAL કરીએ, હજાર વર્ષની અંદર એક દિવસ-રાત એટલો ભગવાનનો પ્રમાદ કાળ છે. તો એ રીતે આત્માને ભાવિત કરતા દીર્ઘ કાળનો

ચોથો માસ, સાતમો પક્ષ, એકાદશી નો દિવસ, ફાગણ- વદ- અગિયારસ, પૂર્વાહ્ન નો સમય છે, પુરીમતાલ નામનું વિનિતા નગરી ની બહાર શાખાપુર છે. એની બહાર શકટમુખ નામનું ઉદ્યાન છે. વટવૃક્ષ ની નીચે ભગવાન, ચોવિયાર અઠ્ઠમ તપની અંદર વર્તમાન છે. ઉત્તરા-અષાઢા ચંદ્ર નો યોગ થયો છે. શુક્લ ધ્યાનના મધ્ય ભાગમાં ભગવાન રહેલા છે. અનંત કેવળ જ્ઞાન દર્શન એ સમયે ભગવાનને ઉત્પન્ન થાય છે, સર્વ જીવોના સર્વ ભાવો ને જાણતા જોતા વીચરે છે.

આ રીતે જ્યારે ભગવાનને કેવળ-જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે ભરતને ચક્ર રત્ન-ઉત્પન્ન થાય છે. વિષય- તૃષ્ણા વિષમ છે. માટે પહેલા તાત ની પુજુ કે ચક્ર ને આવી ઝગ માટે વિચાર આવ્યો, અને પછી એમાંથી સમાધાન મળ્યું, કે આ ઈહલોક અને પરલોકમાં સુખદાયક એવા પિતાની મે સેવા કરી, તો ઈહલોક ફળદાયી એવું ચક્ર તો પૂજન જ છે. અને આ રીતે પોતે નક્કી કરે છે. શ્રી ભરત છે એ મરુદેવા માતા પાસે જાય છે. અને એમને કહે છે, કે હંમેશા તમે મને ઉપાલંભો આપતા હતા, પણ હવે જુઓ તમારા દીકરાની ઋદ્ધિ કેવી છે. હસ્તિસ્કંધ માં આગળ એમને બેસાડે છે, સર્વરૂપી સાથે એમને વંદન કરવા જાય છે, સમવસરણ નજીક દેખાવ્યું છે. ભરત કહે છે કે હે માતા, જુઓ તમારા દીકરાની સમૃદ્ધિ હર્ષથી પોતે રોમાંચિત થાય છે. આનંદ-ના અશ્રુ વહે છે, નેત્ર નિર્મળ થાય છે. અને છત્ર- ચામર વગેરે પ્રાતિહાર્ય ની લક્ષ્મી જુએ છે, અને એમ થાય છે, મોહ વિહ્વળ જીવોને ધિક્કાર- -થાઓ,

સર્વ પ્રાણીઓ સ્વાર્થની સાથે સ્નેહ કરે છે.
એ ઋષભના દુઃખથી હું હજાર વર્ષ સુધી રડતી
રહી. મારી આંખનું તેજ જતું રહ્યું. ઋષભની તો
આવી સમૃદ્ધિ છે અને આવો જ સ્નેહ છે
એને ધિક્કાર પામો. અને એકત્વ ભાવનામાં-
આગળ વધતા.. વધતા.. મરુદેવા માતાને પણ-
ત્યારે કેવળજ્ઞાન થાય છે. ત્યારે જ આયુષ્યનો
ક્ષય પણ થાય છે, ને મરુદેવા માતા મોક્ષ પણ
પામે છે. બધાંયે કહે છે, કે આખી દુનિયામાં
આદિનાથ ભગવાન જેવા કોઈ દીકરા નથી.
જેમણે પોતે એક હજાર વર્ષ કરીને જે કેવળજ્ઞાન
રૂપી રત્ન મેળવ્યું, એ તરત જ પોતાની માતાને
આપી દીધું. મરુદેવા જેવા મા પણ નથી,
જેણે પુત્ર માટે મુક્તિ કન્યાને ભેટવા માટે,
દીકરાની પહેલા મોક્ષમાં પોતે પહોંચી ગયા. ભગવાન
સમવસરણમાં દેશના આપે છે. ભરતના ઋષભ-
સેન વગેરે પાંચસો દીકરાઓ, એ સાતસો ને
બીજા પૌત્રો, એ બધા ત્યાં દીક્ષા લે છે.
ઋષભસેન વગેરે ચોર્યાસી ગણધરો થાય છે
બ્રાહ્મી પણ દીક્ષા લે છે, ભરત પણ શ્રાવક-
થાય છે, એ સમયે વ્રત લેતી એવી સુંદરીને
આ સ્ત્રી રત્ન બનશે એવી બુદ્ધિથી પોતે
વારે છે તો શ્રાવિકા થાય છે. ચતુર્વિધ સંઘની
સ્થાપના થાય છે. કચ્છ/મહાકચ્છ સિવાય બધા-
તાપસો, એ ભગવાન પાસે દીક્ષા લઈ લે છે.
ભરત હતો એને શોક થયો હતો કે મરુદેવા-
માતા કાળ કરી ગયા, શોક જેનું નિવારણ કરે છે.
પોતાના સ્થાને આવે છે. ચક્ર પૂજા કરીને,
પ્રયાણ કરે છે, દિગ્વિજયનો. સાંઈઠ હજાર વર્ષ-
સુધી એ યુદ્ધ વગેરે કરીને, ભરતક્ષેત્રના છ

બેડી ને સાધીને, પોતાના ઘરે પાછા આવે છે.
થઇ જાહેર જ રહે છે. ભરત કારણ પુછે છે,
એટલે પ્રધાનો કહે છે, કે તમારે હજુ છે ને-
નવ્વાણું ભાઈઓ જે તમારા વશમાં આવ્યા નથી.
અઠ્ઠાણું ભાઈઓ ને પોતે સંદેશા મોકલે છે,
તમારે મારી આજ્ઞા સ્વીકારવી, દુતના મુખથી કહે
છે, ને એ ભાઈઓ વિચાર કરે છે, કે આપણે
આજ્ઞા માની લઈએ કે યુધ્ધ કરીએ. અને-
નિર્ણય લેતા નથી, ભગવાનની પાસે આવે છે,
ભગવાન આ રીતે ભરત એમને કહે છે, એમના
સેવક થવાનું કહે છે, એમની આજ્ઞા સ્વીકારવાનું
કહે છે, અમે સ્વીકારી લઈએ કે અમે
યુધ્ધ કરીએ કે ને એ સમયે ભગવાન કહે
છે, કે ખરું રાજ્ય તો આત્માનું છે. કયું રાજ્ય
છે, એ આત્માનું રાજ્ય છે. બહારનું રાજ્ય તો
કાયમનું છે નહીં, થયું નથી, એ મળી પણ જાય,
તો પણ એમાં કાંઈ હિત નથી. આ આપણને
એમ લાગે કે એ ભાઈઓ ને બધી જ અનુકુળતા-
હશે, અઠ્ઠાણું ભાઈઓ, જીવન-મરણનો પ્રશ્ન છે,
જે રાજ્ય હતું એ રાજ્ય છુટી જાય એવો પ્રશ્ન છે,
એ સમયે ભગવાને દેશના આપી છે, સુત્ર-
કૃતાંગ સુત્રની અંદર એનું અધ્યયન છે, એ
અધ્યયન માં ભગવાન નો અજારસ ઉપદેશ છે,
અને ભગવાન એ ઉપદેશ આપે છે, કે ખરા-
આપણો કોઈ દુશ્મન હોય ને, તો એ કર્મ શત્રુઓ
છે. અને એ કર્મ શત્રુઓને જીતવા એ જ-
આપણા આ જીવનનું લક્ષ્ય છે, માટે એના જ
માટે પ્રયાસ કરવો જોઈએ, ૯૮ ભાઈઓ એ
ત્યાં દીક્ષા લે છે. બાહુબલી ઉપર દુત મોકલે છે,
બાહુબલી ને ગુસ્સો આવે છે, સૈન્ય લઈને

યુદ્ધ કરવા માટે આવે છે. બાર વર્ષ સુધી યુદ્ધ
ચાલે છે. પણ કોઈ હારતું નથી. તો એ સમયે
ઘણા બધા જીવો મરી જશે, લોકો મરી જશે
એટલા માટે ઈન્દ્ર આવે છે. અને ઈન્દ્ર એમ
કહે છે, કે તમે એમ કરો દ્રષ્ટિ યુદ્ધ, વાગ્યુદ્ધ,
મુષ્ટિ યુદ્ધ, દંડ યુદ્ધ આ ચાર યુદ્ધ તમે કરો,
અને એમાં પણ ભરતનો પરાજય થાય છે.
ભરત ને ગુસ્સો આવે છે, બાહુબલી ઉપર ચક્ર
છોડે છે, પણ એક ગોત્રીય હોવાથી, ચક્ર-
પ્રદક્ષિણા દઈને પાછુ આવી જાય છે. એ સમયે
ભરત ઉપર ગુસ્સો આવે છે, બાહુબલી ને,
મુઠ્ઠી પોતે ઉગામે છે, દોડે છે, અને એમ
થાય છે કે એક મુઠ્ઠી મારીને હમણાં ચૂરો કરી
નાખું, પણ એ માટે એની પહેલા વિચાર આવે
છે, કે આ હું શું કરી રહ્યો છું ? મારા-
પિતા કેવા ? મારું કુળ કયું ? પિતાજીએ આટલું-
આટલું છોડીને દીક્ષા લઈ લીધી, અઠ્ઠાણું-
ભાઈઓએ દીક્ષા લઈ લીધી, એક રાજ્ય માટે
આ રીતે હું ભ્રાતૃવધ કરવા માટે જઈ રહ્યો છું.
પશ્ચાત્તાપ થાય છે, હવે આ મુઠ્ઠી જો વાળી
આ મુઠ્ઠી પણ નિષ્ફળ ના જવી જોઈએ, એટલે
પોતે પોતાના જ હાથે લોચ કરી દે છે, બધો
ત્યાગ કરીને, ત્યાં કાયોત્સર્ગમાં પોતે ઉભા રહી-
જાય છે. ભરત દોડી આવે છે, ચરણમાં પડી-
જાય છે, ક્ષમાપના માંગીને પોતાના સ્થાને જાય
છે, બાહુબલીને વિચાર આવે છે, હવે જો મારા
ભાઈઓ છે એમણે પહેલા દીક્ષા લીધી, એમને
વંદન કરવા પડશે. તો હવે હું એમને કઈ રીતે
નમીશ. તો હવે એવું કરું, એથી સાધના કરું ને
કે મને કેવળજ્ઞાન થઈ જાય અને કેવળજ્ઞાન-

થઈ જાય પછી જઈશ. એટલે વંદન કરવાની જરૂર નહીં રહે. એક વર્ષ સુધી કાઉસગ્ગ કરે છે, ભગવાન જુએ છે હવે કર્મની લઘુતા થઈ છે. તપ કર્યાં છે, કેવળજ્ઞાન નથી મળ્યું, પણ તપ નિષ્ફળ નથી ગયો, કેવળજ્ઞાનની નજીક લઈ આવ્યો છે, ઘણા કર્મો ઓછા થઈ ગયા છે, બ્રાહ્મી અને સુંદરીને ભગવાન મોકલે છે, અને ભગવાનનો સંદેશ જે એમને સંભળાવે છે, હે ભાઈ તમે હાથી થી નીચે ઉતરો, જે સમયે બાહુબલી પણ વિચાર કરે છે, ક્યો હાથી ? અહંકાર-નો હાથી, ક્યાં સુધી અહંકારનો હાથી છે, ક્યાં સુધી એના ઉપર હું રહીશ, ત્યાં સુધી મને કેવળજ્ઞાન-મળશે નહીં. અંતરમાંથી અહંકાર ઉતરી જાય છે, હમણાં જાઉં અને વંદન કરું, આવા ભાવ સાથે પોતે જાય છે, જવા માટે જ્યાં હજુ પહેલો પગ ઉપાડે છે, ત્યાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે. બાહુબલી પાસે આપણે જે વસ્તુ શીખવી જોઈએ, હાથ કઈ રીતે ઉપાડવો, અને પગ કઈ રીતે ઉપાડવો. હાથ એવી રીતે ઉપાડવો કે લોચ થઈ જાય, દીક્ષા મળી જાય, પગ એવી રીતે ઉપાડવો, કે કેવળજ્ઞાન મળી જાય. એવા ચરિત્રો છે, સમય ની મર્યાદા છે એમ થાય કે આ ચાલ્યા જ કરે. અહીંયા વાત કરે છે કે કેવળજ્ઞાન-એમને પ્રાપ્ત થાય છે. ભગવાનની પાસે જાય છે. ચીર કાળ વિહાર કરે છે, અને ભગવાનની સાથે જ પોતે મોક્ષમાં પણ જાય છે. ભરત ચક્રવર્તી પણ ચક્રવર્તી પણાની ભોગવી ને, અરીસા ભુવનમાં પોતે વીંટી વગરની આંગળી, જે જોઈને અનિત્ય ભાવનાને ભાવે છે, એમાં આગળ વધતા.. વધતા... કેવળ-જ્ઞાન પામીને, દસ હજાર રાજાઓ સાથે દેવતા દ્વારા અપાયેલા સાધુ વેશને સ્વીકારીને, ચીર કાળ વિહારકરી ને પોતે મોક્ષે જાય છે.

ભગવાનનો કયો પરિવાર હતો જે પરિવાર કહે છે
ઋષભદેવ ભગવાન, ૮૪ ગણો, ૮૪ ગણધરો હતાં.
કૌશલિક શ્રી ઋષભદેવ ભગવાન એમના પુંડરિક વગેરે
૮૪ હજાર શ્રમણ સંપદા, બ્રાહ્મી, સુંદરી વગેરે
૩ લાખ ઉત્કૃષ્ટ સાધ્વી સંપદા હતી. કૌશલિક
ઋષભદેવ ભગવાન એમના શ્રેયાંસ વગેરે ૩ લાખ-
પાંચ હજાર, ઉત્કૃષ્ટ શ્રાવકો હતા. સુભદ્રા વગેરે
પાંચ લાખ, ચોપન હજાર શ્રાવિકાઓ હતા. એમના
શ્રુતકેવલી ૪૭૫૦ હતા, અવધિજ્ઞાની-
નવ હજાર, કેવળજ્ઞાની વીસ હજાર, વૈક્રિય લબ્ધિ-
વાળા વીસ હજાર, વિપુલમતિ મન:પર્યવજ્ઞાન
વાળા ૧૨૬૫૦, વાદીઓ ૧૨૬૫૦, પોતાના હાથે
દીક્ષીત એવા વીસ હજાર મુનિઓ પોતે મોક્ષે
ગયા, પોતાના હાથે દીક્ષીત એવા ચાલીસ હજાર
સાધ્વીઓ ભગવતી મોક્ષે ગયા, અનુત્તર દેવલોકમાં
ભગવાનના બાવીસ હજાર ને નવસો શિષ્યો એટલા
ઉત્પન્ન થયા. કૌશલિક ઋષભદેવ ભગવાન,
બે પ્રકારની અંતકૃતભૂમિ હતી, યુગાંતકૃત ભૂમિ,
અને પર્યાયાંકૃત ભૂમિ, યુગાંતકૃત ભૂમિ
ક્યાં સુધી, અસંખ્ય પટ્ટધરો સુધી રહી, અને
પર્યાયાંકૃતિ ભૂમિ જ્યાં ભગવાનને કેવળજ્ઞાન થયું,
એના અંતર્મુહુર્તમાં મરૂદેવા માતા અંત:કૃત કેવલી
થઈને પોતે મોક્ષે ગયા. અને મોક્ષ માર્ગ ચાલુ
થયો.

તે કાળે તે સમયે શ્રી કૌશલિક ઋષભ-
દેવ ભગવાન, વીસ લાખ પૂર્વ સુધી કુમારાવસ્થામાં-
ત્રેસઠ લાખ પૂર્વ સુધી રાજ્યવસ્થામાં, ૮૩ લાખપૂર્વ
ગૃહસ્થાવસ્થામાં રહ્યા, એક હજાર વર્ષ છદ્મસ્થ
પર્યાય પાળ્યો, એક હજાર વર્ષ ન્યુન એક લાખ-
પૂર્વ સુધી ભગવાન કેવલી પર્યાય પાળી ને,

પ્રતિપુન: એક લાખ પૂર્વ જેટલો ચારિત્ર પર્યાય પાળીને
પ્રતિપુન: ચોર્યાસી લાખ પૂર્વ જેટલું સર્વાયુ પાળીને
ભગવાન વેદનીય, આયુ, નામ, ગોત્ર કર્મ ભગવાનના
ક્ષીણ થયા છે, અવસર્પીણી ની અંદર સુષમ-દુષમ
નામની ત્રીજો આરો ઘણો પસાર થયો, એ આરાના
ત્રણ વર્ષને સાડા આઠ મહિના જે બાકી રહ્યા છે,
શીતકાળનો ત્રીજો માસ, પાંચમો પક્ષ તેરસ નો
દિવસ, મહા-વદ-તેરસ, અષ્ટાપદ પર્વતના શિખર-
ઉપર, દસ હજાર સાધુઓ સાથે, ભગવાનને ચોવિ-
યાર છ ઉપવાસનું અનશન છે, અભિજીત નામના
નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થયો છે, પૂર્વાન્ન-
સમયે, પર્યંકાસન માં ભગવાન બિરાજમાન છે,
એ સમયે ભગવાન પોતે નિર્વાણ પામે છે, અને
સર્વ દુ:ખોથી મુક્ત થાય છે. ભગવાનનું નિર્વાણ-
થયું ત્યારે શક્રનું સિંહાસન કંપિત થાય છે, અવધિ-
જ્ઞાનથી ભગવાનનું નિર્વાણ જાણી ને, લોકપાલ-
વગેરે બધા સાથે આવી ને, ત્રણ પ્રદક્ષિણા કરીને
આનંદ થી રહિત છે, આંખમાં આંસુ છે, યોગ્ય-
સ્થાને રહે છે, ઈશાનેન્દ્ર વગેરે બધા દેવો પણ
આવે છે. અષ્ટાપદ પર્વતમાં જ્યાં ભગવાનનું શરીર
છે, ત્યાં આવી ને વિધિવત પરિઉપાસના કરે છે,
શક્ર, ભવનપતિ વગેરે દેવોને મહદથી નંદનવનથી
ગોશીર્ષ ચંદન વગેરે લાવે છે, ત્રણ ચિતા બનાવે છે,
એક ચિતા તીર્થંકરના શરીર માટે, એક ગણધરોના
શરીર માટે, અને બાકીની એક છે એ સર્વ-
મુનિઓના શરીરો માટે. આભિયોગિક દેવો ક્ષીર
સમુદ્રના પાણી લાવે છે. ભગવાનના શરીર નો
અભિષેક કરે છે. સરસ ગોશીર્ષ ચંદનથી
અનુલેપન કરે છે. વસ્ત્રાલંકાર થી ભૂષિત કરે છે,
અન્ય દેવો છે એ ગણધર ભગવંતના શરીરો,

એનો અભિષેક કરે છે, ચંદનથી લેપન કરે છે. શક્રની આજ્ઞા થાય છે, અગ્નિ કુમાર દેવો, નિર-ઉત્સાહ પણે અગ્નિને પ્રગટ કરે છે. વાયુ કુમાર-દેવો એ વાયુને વિકુર્વે છે. અસ્થિ શેષ શરીર છે. એ સમયે મેઘકુમાર દેવો મેઘવૃષ્ટિ કરીને ચિતાને બુઝવી દે છે. શક્ર છે એ ભગવાનની ભુજની ઉપરની દક્ષિણ દાઢા લે છે. ઈશાનેન્દ્ર ઉપરની ડાબી દાઢા લે છે. ચમરેન્દ્ર નીચેની દક્ષિણ દાઢા લે છે. બલિન્દ્ર નીચેની ડાબી દાઢા લે છે. શક્ર ત્યાં રત્નમય ત્રણ સ્તુપ કરાવે છે. અને પછી ત્યાંથી નંદીશ્વર દ્વીપ માં અષ્ટાહ્નિકા-યાત્રા કરીને, મહોત્સવ કરીને પોત પોતાના સ્થાને જઈને, પોત પોતાની સભામાં વજ્રમય દાબડાની અંદર, તે ભગવાનની દાઢા રાખે છે. અને ગંધ માલ્યથી એની પૂજા કરે છે.

કૌશલિક ભગવાન ઋષભદેવ એમના નિર્વાણથી ત્રણ વર્ષ અને સાડા સાત મહિના એટલા પસાર થયા, અને બેતાલીસ હજાર વર્ષ ન્યુન, એવા એક કોડા કોડી સાગરોપમ પસાર થયા, ત્યારે એ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એમનું નિર્વાણ થયું. ત્યાર પછી નવસો વર્ષ પૂરા થયા, દસમી સદીનું આ ૮૦મું વર્ષ ચાલે છે, આ લેખનકાળ ગણાયો છે, ત્યારે વાચના થાય છે, આ રીતે આદિનાથ ભગવાનનું પણ ચારિત્ર પુરૂ થાય છે.

# પ્રવચન - ૧૫

पुरिमचरिमाण कप्पो मंगलं वद्धमाणतित्थंमि।
इह परिकहिया जिणगण- हराईथेरावली चरियं॥

પરમ પાવન શ્રી કલ્પસૂત્ર, છઠ્ઠું વ્યાખ્યાન એનું ચાલુ છે, વ્યાખ્યાનમાં કેવળજ્ઞાનનો અંશ છે જે હવે આવી રહ્યો છે. પરિસહ - ઉપસર્ગો ની વાત સવારના વ્યાખ્યાનમાં કરી, અહીં કહે છે સર્વ પરિષહો ને સહન કરતા, શ્રમણ - ભગવાન મહાવીર, જે અણગારી થયા. ઇર્યાસમિતિ - ગમનાગમન સમિતિ માં સમ્યક્ પ્રવૃત્તિ વાળા, ભાષામાં સમ્યક્ પ્રવૃત્તિ વાળા, એષણા સમિતિ છે, બેતાલીસ દોષ વરજી ભિક્ષા લેવી એમાં પ્રવૃત્તિમાન એટલે એષણા સમિતિમાન. ઉપકરણને લેવા મુકવામાં સમ્યક્ પ્રવૃત્તિમાન માટે આદાન- ભંડ- મત્ત નિક્ષેપ સમિત- માન, મુત્ર, નાસિકા, શ્લેષ્મ, દેહમલ વગેરે ના પારિષ્ઠાપનમાં સાવધાન માટે પારિષ્ઠાપનિકા સમિત માન હતા. અહીંયા છેલ્લી બે જે સમિતિ - કહી, એનું તાત્પર્ય શું છે ? કે અહીંયા પાઠ અખંડ રહે એટલું તાત્પર્ય છે. ભગવાનને કોઈ ઉપકરણો નથી, માટે ભગવાનને આદાન સમિતિ હોતી નથી. ભગવાનનું શરીર છે જે મલ વગેરેથી રહિત હોય છે. માટે અંત્ય સમિતિ જે છે, પારિષ્ઠા- પનિકા એ પણ ભગવાનને હોતી નથી. અને આ માત્ર અખંડ રહે એના માટે અહીંયા કહ્યું છે. મન- વચન- કાયા ના ભગવાન સમ્યક્ પ્રવર્તક છે. અશુભ પરિણામ ના નિવર્તક હોવાથી ભગવાન મનથી ગુપ્ત છે, વચનથી ગુપ્ત છે, કાયાથી ગુપ્ત છે. ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મ- ચારી, વસ્તી વગેરે નવ ગુપ્તિ, એનાથી વિરાજિત બ્રહ્મચર્ય વાળા છે. ક્રોધ, માન, માયા, લોભ, રહિત છે, શાંત છે, પ્રશાંત છે અને ઉપશાંત છે. સર્વ સંતાપ

પર્યુત, મમત્વ રહિત, અકિંચન, અને સ્નેહલેપ રહિત - છે. કાંસાનું જેમ વાસણ હોય, એની ઉપર પાણી - નાખો તો પાણી એકદમ ચોંટે નહીં, થોડું અલગ - રહે, તો એ જેમ કાંસાનો ગુણ છે કે પાણીની સાથે જેમ બીજા વાસણો ની જેમ લેપાય નહીં, એ રીતે ભગવાન સાથે પણ સુખ દુઃખની કોઈપણ ઘટના થાય, કોઈ વંદન કરે, કોઈ નિંદા કરે, કોઈ સ્તુતિ કરે, કોઈ અપમાન કરે ભગવાનનો - આત્મા છે એ એનાથી નિર્લેપ રહે. શંખ જેવા - ભગવાન નિરંજન છે. જીવની જેવા અપ્રતિહત - ગતિ વાળા છે. જીવની ગતિ કેવી હોય કે અપ્રતિહત! એટલે માનો કે અહીંયા જીવ છે એ એના પૂર્વ જન્મની આયુ OFF થયો અને આ બાજુ કોઈ જગ્યા છે, ત્યાં એનો જન્મ થાય છે, તો અહીંયા થી ત્યાં જવા માટે એને દરવાજો - શોધવો ના પડે, એને ROAD સુધી નીકળવું ના પડે, જીવ કેવી રીતે જાય, એ જેટલું પણ - વચ્ચે અવરોધક હોય એ પર્વત હોય, દિવાલ - વગેરે હોય, એ બધાની અંદરથી સરળ ગતિ - જીવ કરી જાય. જીવ સૂક્ષ્મ છે. જેમ જીવને ક્યાંય પ્રતિઘાત ન થાય, ભગવાનને રાગ-દ્વેષ નથી, કોઈ વળગણ નથી, એટલે ભગવાન પણ અપ્રતિહત ગતિ વાળા છે. ગગન જેવા નિરાલંબન છે, વાયુ જેવા અપ્રતિબદ્ધ છે, શરદ ઋતુના જળ જેવા શુદ્ધ હૃદય વાળા છે. કમળનું જે પાંદડું હોય, એમાં જેમ લેપ ન લાગે, પાણી એમાં લેપાય નહીં, એ રીતે કર્મ જલ લેપ રહિત - ભગવાન છે. કાચબા જેવા ગુપ્તેન્દ્રિય છે. આપણે ગેંડો કહીએ એને એક શિંગડું હોય, એ રીતે ભગવાન રાગાદિથી રહિત હોવાથી, એક છે.

ભગવાનના પરિવાર નથી. અનિયતવાસ છે. માટે ભગવાન પંખી જેવા વિપ્રમુક્ત છે. ભારંડ પક્ષી જેવા અપ્રમત્ત છે. ભારંડ પક્ષી કેવું હોય, કે જ્યારે- અહીંયા એવા મળતું નથી. ભારંડ પક્ષી એના મોઢા બે હોય, પેટ એક હોય, પગ ત્રણ હોય. એની અંદર બે જીવ હોય, અને બંને જીવ છે એ એક બીજા સાથે તાલમેલ રાખે. તાલમેલ શા માટે રાખે, કારણકે એક ને થાય કે મારે આમ ઉડવું છે, બીજા ને થાય કે આમ ઉડવું છે, તો એક સમયે પક્ષી નું મૃત્યુ થઈ જાય. એટલે અંદર બે જીવ છે. શરીર એક છે, મોઢા બે, પેટ એક, ત્રણ પગ, અને,

मरणं च भिन्नफलेच्छया भवति ।

તો એ બંને અપ્રમત્ત રહે, બંને એકબીજા સાથે તાલમેલ રાખે, ભારંડ પંખી અપ્રમત્તતાનું દ્રષ્ટાંત છે. એના જેવા ભગવાન પણ છે એ પણ અપ્રમત્ત હોય છે. શુરવીર હોવાથી હાથી જેવા પરાક્રમી છે. પોતે જે મહાવ્રત લીધા છે, એનું વહન કરવામાં વૃષભ જેવા- સમર્થ છે. સિંહ જેવા સમર્થ છે. ઉપસર્ગ વેપપન છે, એનાથી અચલિત હોવાથી, મેરુ જેવા ભગવાન નિશ્ચલ છે. હર્ષ, વિષાદ વગેરે કારણ હોય, એમાં પણ ભગવાનનો સ્વભાવ વિકૃત થતો નથી. એટલે સાગર જેવા ગંભીર છે. લોક ને આનંદકારક છે, ચંદ્ર જેવા શીતલ છે. દેહકાંતિ થી સુર્ય જેવા તેજસ્વી, ધ્યાનાગ્નિ થી એમના કર્મમલ બળી ગયા છે. માટે શ્રેષ્ઠ સુવર્ણ જે નિર્મલ હોય છે. શીતોષ્ણાદિ- સ્પર્શો એમા સહન કરનારા હોવાથી, પૃથ્વી જેવા સર્વસ્પર્શો બંને સહન કરનારા હોય છે. ઘી વગેરેથી સિંચાયેલા અગ્નિ ની જેમ, તેજ થી ભગવાન દેદીપ્યમાન છે. એ ભગવાનને ક્યાંય પણ પ્રતિબંધ નથી,

પ્રતિબંધ નો અર્થ થાય રાગ, ચાર પ્રકારનો પ્રતિબંધ
છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. અને આજ
વસ્તુ જોઈએ, આને શું કહેવાય દ્રવ્યનો પ્રતિબંધ,
બીજા નંબરમાં ક્ષેત્રથી પ્રતિબંધ, મને બસ આ-
ગામ, મને આ શહેર ગમે, આ જગ્યા ગમે, બીજું
ના ગમે આને ક્ષેત્રનો પ્રતિબંધ કહેવાય. મને
બસ શિયાળો ગમે, ઉનાળો ના ગમે, ઉનાળો-
ગમે ચોમાસુ ના ગમે. આને કાળ પ્રતિબંધ કહેવાય.
અને ભાવ પ્રતિબંધ. મને આ ભાવે, આ ન ભાવે,
આવું ગમે, આવું ન ગમે, આવો વ્યવહાર ગમે,
આવો વ્યવહાર ન ગમે, મારા જેવા માટે શાંતિ ગમે-
અવાજ થતો હોય તો મારુ પ્રવચન DISTURB થઈ
જાય. એટલે આ એક જાતનો ભાવ પ્રતિબંધ થયો.
બસ મને આવી SITUATION જોઈએ. આ-
પણ એક જાતનો ભાવ પ્રતિબંધ કહેવાય. ભગવાન-
ને આમાંથી કોઈ પણ પ્રતિબંધ નથી.

આગળ કહે છે, કે દ્રવ્ય પ્રતિબંધ-
સચિતાચિત દ્રવ્યમાં, ક્ષેત્રથી કોઈ ગામ નગર વગેરે-
માં, કાળથી આવલિકા, ક્ષણ, મુહૂર્ત, પક્ષ, માસ
વગેરે જે કાળના ભેદો થયા, એમાં. ભાવથી ક્રોધ,
માન, માયા, લોભ, હાસ્ય, રાગ, દ્વેષ, કલહ, -
અભ્યાખ્યાન વગેરે જે છે, એ બધા ભાવ પ્રતિબંધ
કહેવાય, ભગવાનને આમાં ક્યાંય પણ કોઈ પણ
જાતનો પ્રતિબંધ ન હતો. ચોમાસ સિવાય, ગ્રીષ્મ
હેમંત સબંધી આઠ મહિના, ભગવાન શું કરે ?
ગામમાં એક રાત રહે, નગરમાં પાંચ રાત રહે.
વાસી અને તક્ષ, કોઈ કુહાડાથી શરીર છોલી નાખે
કોઈ આવી ને ચંદન ના વિલેપન કરે, ભગવાનને
ક્યાંય એમાં કોઈ પણ રાગ-દ્વેષ નથી.

ઘાસ હોય કે સોના-મોતી હોય, એમાં ભગવાનને
સમાન બુદ્ધિ છે. સુખ-દુ:ખની અંદર સમભાવ છે.
આલોક અને પરલોક આ બંનેમાં ભગવાનને ક્યાંય
પ્રતિબંધ નથી. જીવન હોય કે મરણ, એવી એકપણ
વસ્તુની ભગવાનને આકાંક્ષા નથી. સંસારના પારગામી
છે. કર્મ શત્રુનો નિર્ઘાત કરવા માટે પ્રત્યુદ્યત-
થઈને ભગવાન આ રીતે વિચરે છે. એ ભગવાનના
અનુત્તર જ્ઞાનથી, અનુત્તર દર્શન. શબ્દ છે ઉત્ત.
એક આગમનું નામ છે ઉત્તરાધ્યયન સૂત્ર. એક
ઉત્તર શબ્દ સમજવા માટે એમાં ઘણા બધા પાના
ભરેલા છે. અને ઉત્તરના ઘણા બધા અર્થ છે,
જવાબ જેવો પણ અર્થ થાય, એક એનો અર્થ છે-
પ્રધાન, શ્રેષ્ઠ, BEST, TOP એને પણ ઉત્તર
કહેવાય. જેનાથી શ્રેષ્ઠ બીજું કાંઈ જ નથી એને
અનુત્તર કહેવાય. અનુત્તર નરક પણ છે, અનુત્તર-
દેવલોક પણ છે, સાતમી નરક એનું અપ્રતિષ્ઠાન-
આવાસ, એને અનુત્તર નરક કહેવાય. સર્વાર્થસિદ્ધ
દેવલોક, એને અનુત્તર વિમાન કહેવાય, તો આ
અનુત્તરનો અર્થ જેનાથી શ્રેષ્ઠ કાંઈ નથી. નરકમાં
શ્રેષ્ઠ એ એક NEGATIVE વસ્તુ છે. તેમાં
વધારેમાં વધારે જ્યાં દુ:ખ છે, એને અનુત્તર નરક
કહેવાય. દેવલોકમાં જે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ દેવલોક,
એને અનુત્તર દેવલોક કહેવાય. અહીં કહે છે,
ભગવાનનું જ્ઞાન કેવું છે! અનુત્તર છે. ભગવાન-
નું દર્શન કેવું અનુત્તર, એટલે જેનાથી શ્રેષ્ઠ.
કોઈ જ્ઞાન દર્શન નથી, એવા જ્ઞાન-દર્શનના ભગવાન
સ્વામી છે. અનુત્તર ચારિત્ર, અનુત્તર આલય,
અનુત્તર વિહાર, અનુત્તર પરાક્રમ, અનુત્તર આર્જવ,
અનુત્તર માર્દવ, અનુત્તર લાઘવ, અનુત્તર મુક્તિ,
અનુત્તર સત્ય, સંયમ અને મોક્ષ માર્ગ આ સર્વ ગુણ

સમુહની આત્માને બોધિત કરતા, બાર વરસ ભગવાનના
પસાર થયા છે. આમા ભગવાને કયો તપ કર્યો,
એ વાત કહે છે, સમગ્ર જે ભગવાનનો સાધના કાળ,
એમાં છ માસી તપ એક, પાંચ દિવસ ન્યુન એવો
છ માસી તપ એટલે પાંચ મહિના ને પચ્ચીસ દિવસ,
એ એક કર્યો, ચતુર્માસી તપ એટલે ચાર મહિનાના
ઉપવાસ ભગવાને નવ વાર કર્યા, ૩ મહિનાના-
ઉપવાસ બે વાર કર્યા, અઢી મહિનાના ઉપવાસ-
ભગવાને બે વાર કર્યા, બે મહિનાના ઉપવાસ-
છ વાર કર્યા, દોઢ મહિનાના ઉપવાસ બે વાર કર્યા,
બાર ભગવાને માસક્ષમણ કર્યા, બોતેર વાર-
પંદર દિવસના ઉપવાસ કર્યા. ભદ્ર પ્રતિમા બે દિવસ-
ની, મહાભદ્ર પ્રતિમા ચાર દિવસની, સર્વતો ભદ્ર
પ્રતિમા દસ દિવસની, છઠ બસો ઓગણત્રીસ,
અઠ્ઠમ બાર, અને પારણાના દિવસ ભગવાનનાં
ત્રણસો ને ઓગણપચાસ, અને એમાં એક
દીક્ષા દિવસ ઉમેરીએ, એટલે ભગવાનનો-
છદ્મસ્થ પર્યાય કેટલો થયો ?, બાર વર્ષ, છ મહિના
અને પંદર દિવસ. આ સર્વ તપ ભગવાને-
નિર્જળ કર્યું, જેને આપણે ચોવિયાર ઉપવાસ
કહીએ, એક પણ ઉપવાસ ભગવાનનો એવો
નહીં જેમાં એક પણ પાણીનું ટીપું લીધું હોય.
ભગવાને નિત્ય ભોજન કર્યું નથી. અને વાપર્યું
તો આવતી કાલે નથી જ વાપર્યું, ભગવાને કદી
SINGLE (એક) ઉપવાસ પણ કર્યો નથી.
MINIMUM (ઓછામાં ઓછો) ભગવાનનો તપ-
છઠ નો હતો. અને એવા ભગવાન એમને તેરમું
વરસ ચાલુ છે. ગ્રીષ્મ કાળનો બીજો મહિનો,
ચોથો પક્ષ એનો દસમી નો દિવસ વૈશાખ-
સુદ- દસમ નો દિવસ છે. પૂર્વ ગામિનિ છાયા છે.

દિવસ નો પાછલો ભાગ હોય ને ત્યારે પડછાયો ફર્યા-
ભય. પૂર્વ દિશાની તરફ ભય. ત્યાં પૂર્વ ગામિની-
છાયા છે. પ્રમાણ પ્રાપ્ત છે. સુવ્રત નામનો દિવસ
છે, વિજય નામનું મુહુર્ત છે, જ્રુંભિક નામનું
નગર છે, એની બાજુમાં ઋજુવાલિકા નદી, નદીના
કિનારે ચૂર્ણ વ્યંતર નું મંદિર છે, એની બહુ દૂર-
નહીં, બહુ નજીક નહીં, એક ખેડુત છે જેનું-
નામ છે શ્યામા, એનું ખેતર છે, સાલ વૃક્ષ છે,
નીચે ભગવાન ગૌદુહિકા આસને બેઠેલા છે,
ઉત્કૃષ્ટ આસન છે. જેમાં ભગવાન આતાપના
લઈ રહ્યા છે, ભગવાનને ચોવિહારા છઠ નો તપ
ચાલે છે. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર સાથે ચંદ્ર નો-
યોગ થયો છે. શુક્લ ધ્યાન ના બે આદ્ય ભેદ
બે ભગવાને ધ્યાયા છે એ સમયે અનંત,
અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, સમસ્ત અને
પરિપૂર્ણ એવું કેવળજ્ઞાન દર્શન ભગવાનને ઉત્પન્ન થાય છે.

### કેવળજ્ઞાનની પૂર્વ ભૂમિકા શું હોય?

ઘણી બધી વાતો ધર્મની આવે પણ, આ સાતમા-
ગુણસ્થાનકે થી આઠમે ગુણસ્થાનકે જવાની વિધિ શું,
આઠમા ગુણસ્થાનકે શું વિચારવાનું? નવમા
ગુણસ્થાનકે શું વિચારવાનું? આવા પ્રશ્નો આપણને
થાય. કોઈ શાસ્ત્રોમાં એ વિચારો એ અધ્યવસાયો
એ પરિણામો, એનું કોઈ રહસ્ય વર્ણન આવતું
નથી. કોઈ પણ સ્વાધ્યાય વગેરે કરતા પણ-
કેવળજ્ઞાન થઈ શકે, કોઈ પણ આરાધના કરતા-
કેવળજ્ઞાન થઈ શકે, એના આલંબન રૂપે કોઈપણ
હોય શકે. ગજસુકુમાલ મુનિ વિચારે,

બળે કાંઈ મારું નહિ,
બળે બીજાનું એ!

આ રીતે ગજસુકુમાલ મુનિ વિચારે, તો આ બધી
કોઈ ઉપશમશ્રેણિની પ્રક્રિયા નથી. ક્ષપકશ્રેણિના
બીજની પ્રક્રિયા છે. જે બીજ અંદરથી આગળ વધવાની
GROWTH થતો હોય છે. તો આ બધા કે-
ગુણસ્થાનકો છે, જેમાં કઈ સ્થિતિ હોય, એ-
શુક્લ ધ્યાનમાં ધ્યાવે શું ? શુક્લ ધ્યાન મળે
કઈ રીતે, તત્વાર્થ સુત્રમાં કહ્યું,

शुक्ले चाद्ये पूर्वविदः।

શુક્લ ધ્યાનના ચાર પાયા, જેમાં પહેલા બે
પાયાથી કેવળજ્ઞાન મળે. અને શુક્લ ધ્યાન કોણ
ધ્યાવી શકે, પૂર્વજ્ઞ હોય, પૂર્વધર હોય એ શુક્લ-
ધ્યાન કરી શકે. બીજા પ્રાયઃ ન કરી શકે. અમુક
મુની એવા પણ હોય, જેમને પૂર્વનું જ્ઞાન નથી,
સંઘયણ પહેલું છે, ગીતાર્થ ગુરુ ~~[illegible]~~ પારતંત્ર્ય છે,
આરાધક છે, જેમાં માસતુસ મુનિ જેવા હોય,
કશુ યાદ કરી શકતા નથી, વધારે ભણેલા પણ
નથી, છતા પણ એમની જે યોગ્યતા, એવું
ક્ષયોપશમ અંદર પેદા થાય કે પૂર્વજ્ઞાન વગર પણ
તેઓ શુક્લ ધ્યાન કરી શકે. ભગવાન જ્યારે
કેવળજ્ઞાન પામ્યા, ત્યારે એથી કઈ અવસ્થા હતી,
એના માટે કલ્પસુત્રની અંદર એક શબ્દ વાપર્યો છે,

झाणंतरियाए वट्टमाणस्स।

ભગવાન ધ્યાનાંતરિકામાં વર્તમાન હતા ને એ સમયે
ભગવાનને કેવળજ્ઞાન થયું. ચોવીસે ભગવાનના
ચરિત્ર કોઈ પણ ભગવાનની વાત હોય, કેવળજ્ઞાન-
મળ્યું, ત્યારે એની પહેલા કઈ સાધના કરી રહ્યા
હતા ?

झाणंतरीयाए वट्टमाणस्स।

શુક્લ ધ્યાનના બે પાયા પુરા કર્યા છે, ત્રીજો અને
ચોથો પાયો, જે ક્યારે આવે ? શૈલેશીકરણ -

ક્યારે કરે જે સમયે એ આવે, અને આ બે પાયા આ બાજુ, આ બે પાયા આ બાજુ, ભગવાન ક્યાં છે ? ધ્યાનાંતરિતા માં છે, બીજો-અર્થ એનો એવો થાય, કે ધ્યાનની જ અંદર જે હતા, એને પણ ધ્યાનાંતરીતા કહેવાય. શુક્લ-ધ્યાનમાં જ આગળ વધીને કેવલજ્ઞાન મળે છે... એ રીતે પણ એનો અર્થ થાય, આપણા જેવા માટે જેને અનઅભિલાપ્ય ભાવ કહેવાય, અગોચર ભાવ-કહેવાય. આપણી બુદ્ધિ વગેરે પહોંચી ના શકે, એવા ભાવ કહેવાય, એવી આ સ્થિતિ છે, આરીતે ભગવાન કેવલવર જ્ઞાન-દર્શન પ્રાપ્ત કરે છે.

સભાનો પ્રશ્ન :- ભગવાનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય પછી તો કહી શકે ને કે આ રીતનો ભાવ હતો !

પૂજ્યશ્રીનો ઉત્તર :- જે અનઅભિલાપ્ય ભાવ છે ને એને કેવળજ્ઞાની પણ ના કહી શકે. અને તીર્થંકર પાસે વાણીનો અતિશય પણ છે, તો પણ અનઅભિલાપ્યને નહીં કહી શકે. આપણે સાતભંગીમાં જોયું,

હૈ નાહિ હૈ વચન અગોચર

તો સ્યાદ અસ્તિ, સ્યાદ નાસ્તિ, સ્યાદ અસ્તિ નાસ્તિ સ્યાદ અવ્યક્તવ્ય તો કેવળજ્ઞાની અવ્યક્તવ્યને કહી શકશે ? એ જ એનું અનભિલાપ્ય પણું છે- એ જ એનું અવ્યક્ત પણું છે, જે કેવળજ્ઞાની પણ કહી શકશે નહીં. જેને કહી જ ના શકાય એને અન-અભિલાપ્ય કહેવાય. હકિકતમાં તો ચોથા-પાંચમા-ગુણસ્થાનકની જે પરિણતિ છે ને એના લક્ષણ-કહી શકે, એના વિચારો કહી શકે, EXACTLY એ શું

છે કે એ કેવળજ્ઞાની પણ કહી શકે નહીં. છેવટે
વસ્તુનું સ્વરૂપ છે એ શબ્દથી જુદું છે. આપણે
ભેદાભેદ માન્યો છે, શબ્દ છે એ વસ્તુ ને જણાવી
શકે, કંઈક નજીક લઈ શકે માટે કથંચિત અભેદ-
છે, પણ બાકી આમ જોઈએ તાત્વિક દ્રષ્ટિએ,
તો શબ્દ એ શબ્દ છે, વસ્તુ એ વસ્તુ છે.
હું તમને કહું કે તમારો કોઈપણ અનુભવ,
જેને તમે કહી શકો કે તમે મીઠાઈ ખાધી તમને
મીઠાઈ ગળી લાગી, કોઈ તમને પુછે છે કે
મીઠાઈ કેવી લાગી તમને કે આપણે કહીએ
ભાઈ ગળી લાગી, એ કહે ભાઈ હવે સમજાવો -
આપણે કહીએ ભાઈ SWEET લાગી, એલો
કહે તમે હવે સમજાવો, તમે કહો ભાઈ સાકર
જેવી લાગી.

## મહોપાધ્યાયજી કહે છે,

## સંશય નાવે ભાઈ શ્રુતજ્ઞાન !

શ્રુતજ્ઞાન શું છે તમને કોઈક નજીક
લઈ જઈ શકે, પરિચય કરાવી શકે, એનો કંઈક
તમને IDEA આપી શકે, EXACTLY વસ્તુ
શું છે કે એ માત્ર ને માત્ર શ્રુતજ્ઞાનથી ખબર
પડે નહીં, શ્રુતજ્ઞાન શાબ્દિક હોય છે.
શબ્દ શબ્દ છે, અનુભવ અનુભવ છે. યોગબિંદુ
માં હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

हस्तस्पर्शसमं शास्त्रम्।

જ્યાં સુધી આપણે છદ્મસ્થ છીએ ને, ત્યાં સુધી
અતિન્દ્રિય વસ્તુઓ ને જોવા માટે આપણે આંધળા
જેવા છીએ, અને એ આંધળા જેવા છીએ,

EXACTLY આપણને કોઈ વસ્તુનો ખ્યાલ આવે નહીં,
હું એમ વિચારું કે આ પાનાને મેં જોયું, હકીકતમાં
આ પાનાનો હું અનંતમો ભાગ જ જોઈ શકું છું.
અને કહેવું હોય છે ને, જે આ પાનાનો અનંત-
મો ભાગ છે. હું તમને જોઉં છું ને, હું તમારો
ફક્ત અનંતમો ભાગ જ જોઉં છું. તમારા અનંતગણા
ભાગો એવા છે, જેને હું કદી જોઈ શકવાનો નથી.
એક પેંડો ખાતા જાય છે, જે પેંડાના કેટલા
પરમાણુઓનો આસ્વાદ કરે છે, અનંતમાં ભાગના
પરમાણુઓનો આસ્વાદ થાય, અને અનંતગણા-
પરમાણુઓ તો એની જીભને અડયા વગર, એમ ને
એમ નીચે ઉતરી જાય. પરમાણુ ઘણા સૂક્ષ્મ-
રૂપ છે, વસ્તુનું જે સ્વરૂપ છે, એ સ્વરૂપ
છદ્મસ્થ જાણી ના શકે. આંધળી વ્યક્તિ છે એ
કાંઈ જોઈ શકતી નથી એ શું કરશે એ અંદાજો
લગાડશે, કે આ શું છે ? આ કેવું છે ?
તો શાસ્ત્ર શું છે ? હરીભદ્રસૂરી મહારાજા કહે છે,

હસ્તસ્પર્શસમં શાસ્ત્રમ્ ।

જેમ આંધળી વ્યક્તિ હાથના સ્પર્શથી વસ્તુનો અંદાજ
મેળવે, એ રીતે છદ્મસ્થ વ્યક્તિ, અતિન્દ્રિય તત્વોને
આ રીતે કાંઈક અંદાજ થી જાણી શકે. પણ -
COMPLETELY જાણવાનું સામર્થ્ય એનું નથી. હવે
પુછો તો શાસ્ત્રનું કરવાનું શું ? તો આ જ
શાસ્ત્રોના પરીશિલન કરવાથી, કરવાથી, કરવાથી
રાગ-દ્વેષ ઓછા થાય, પરિણતી શુધ્ધ થાય,
કર્મોના પડળો વિખરાવા લાગે અને કર્મોના પડળો
વિખરાયા પછી, આત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય.
અને એ સમયે આત્માને ખરા અર્થમાં પ્રભુ
મળે, સર્વજ્ઞતા મળે અને એક શાસ્ત્રના રસ્તે
આગળ વધીને, સર્વજ્ઞતા પણ મળી શકે. માટે

DATE

શાસ્ત્રોની ઉપાદેયતા છે. અહીંયા કહે છે, કે
શ્રમણ ભગવાન મહાવીર, અશોક આદિ પ્રાતિહાર્ય-
ની પૂજા યોગ્ય થાય છે. અરિહંત થાય છે.
જિનકેવલી સર્વજ્ઞ થાય છે. સર્વદર્શી થાય છે.
દેવ, મનુષ્ય, અસુર સહિત સર્વલોકના પર્યાય ને
જાણે છે, જુએ છે. સર્વ લોકમાં, સર્વ જીવોના-
ભવાંતર થી જે આગમન, ભવાંતરમાં ગમન, જીવો-
ના આયુષ્ય, દેવલોક વગેરે થી ચ્યવન, દેવ-
લોક વગેરે માં ઉત્પત્તિ જાણે છે. કોઈ પણ જીવે
મનમાં જે વિચાર્યું હોય, જે ખાધું હોય, જે
કર્યું હોય કંઈ પ્રતિસેવિત હોય, ખોટો પ્રગટ
પણે કર્યું, એકાંત માં કર્યું એ બધું જ ભગવાન
જાણે છે. જાણે હાથમાં રહેલું આમળા નું ફળ
હોય, એ રીતે ભગવાન ત્રિભુવનને જુએ છે.
માટે ભગવાન અરહા છે. અરિહંત શબ્દ-
આપણને એક પરિચીત છે, જુદી જુદી રીતે એ
શબ્દ આગમોની અંદર આવે છે. સંસ્કૃતમાં-
એક શબ્દ છે રહસ. રહસ નો અર્થ થાય-
રહસ્ય. આપણે રહસ્ય કહીએ ને, એને રહસ
કહેવાય. જેમના માટે કંઈ જ રહસ્ય નથી, એવા
માટે એમને કહેવાય અરહા. મુળ શબ્દ થાય
અરહસ અને પ્રથમા વિભક્તિ, પહેલા પુરુષનું રૂપ
થાય, અરહા. જેમના માટે કંઈ જ રહસ્ય-
નથી, બધું જ રહસ્ય જેમના માટે ખુલી ગયું છે,
એ અરહા. આગળ કહે છે જઘન્ય થી પણ
એક કરોડ દેવતાઓથી સેવ્ય હોવાથી, એકાંત-
રહિત પ્રભુ, તે તે કાળે સર્વ લોકમાં મન-
વચન- કાયાના યોગોથી યથાન વર્તમાન એવા સર્વ
જીવોના સર્વ ભાવો ને પદાર્થો ને જાણતા ને
જોતા વિચરે છે.

classmate

ધર્માસ્તિકાય વગેરે જે બધું અધ્રુવ પણ છે, એના પણ સર્વ પર્યાયોને જાણતા અને જોતા ભગવાન વિચરે છે. કેવળજ્ઞાન ભગવાનને પ્રાપ્ત થયું છે. પહેલી દેશના એક આચાર, એક કલ્પ રૂપે. ભગવાન જાણે છે, અહીંયા કોઈને બોધિ થવાની નથી, માટે અહીંયા કહ્યું છે આરભૂમિમાં નિષ્ફળ વૃષ્ટિની જેમ, ક્ષણ માત્ર દેશના આપીને, અપાપાપુરીમાં મહાસેન વનમાં આવે છે. દેવો સમવસરણની રચના કરે છે. સુરાસુર, નર વગેરેની સમક્ષ ભગવાન દેશનાની શરૂઆત કરે છે.

એ સમયે એ પુરીની અંદર સોમિલ નામનો બ્રાહ્મણ છે, યજ્ઞ કરે છે. ઘણા-બધા બ્રાહ્મણો આવ્યા છે, એમાં અગિયારની સંખ્યાના પંડિતો બહુ મોટા છે. ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત મૌર્યપુત્ર, અકંપિત, મેતાર્ય, પ્રભાસ આ મુખ્ય બ્રાહ્મણો છે. એમાં ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ ને વાયુભૂતિ, આ ત્રણ સગા ભાઈઓ છે. ચૌદ વિદ્યાના વિશારદ છે. જીવ, કર્મ, અને તદ્જીવ તત્શરીર એના સંદેહ વાળા છે. એમના પાંચસો-- પાંચસો શિષ્યો છે. અને વ્યક્ત સુધર્મા આ બંનેનો પણ એકસો-એકસો પરિવાર છે, એ બંને પાંચભૂત માટે સંદેહ-વાળા છે. અને જે જેવો હોય, એ એવો જ થાય કે નહિ એવા સંદેહ વાળા છે. મંડિત મૌર્યપુત્ર નામના એ પણ બંને ભાઈઓ છે, સાડા ત્રણસો, સાડા ત્રણસો ના પરિવાર વાળા છે, એને બંધ વિશે અને દેવ વિશે સંશય છે. અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ આ ચાર બ્રાહ્મણો ત્રણસો ના પરિવાર વાળા છે. એ ક્રમથી નારક, પુણ્ય, પરલોક, મોક્ષ

DATE

તેના સંદેહ વાળા છે અને અગિયારે બ્રાહ્મણો બધા ને જુદા જુદા સંદેહ છે, જો એક બીજાને પુછે તો સંદેહ ઉતરી જાય. પણ પુછે તો ખબર પડી જાય કે પોતે સર્વજ્ઞ નથી, પોતાને સર્વજ્ઞ માને છે, એ રીતે પોતાની ઈચ્છા છે જાણવી યશ મળે, એક બીજાને પુછતા નથી એ બધાના મળીને કુલ ચુંમાલીસસો શિષ્યો છે. એ બધા ત્યાં ભેગા થયા છે.

તે જ સમયે ત્યાં આવેલ મહા-વીર સ્વામી ભગવાનને વંદન કરવા જાવના દેવ-દાનવો ને જોઈને, ઈન્દ્રભુતિ વગેરે કહે છે, કે આ યજ્ઞનો કેવો પ્રભાવ છે, કે આ બધા દેવો આવે છે. જુઓ આવી રહ્યા છે... જુઓ આવી રહ્યા છે... એ તો માથા ઉપરથી છપ્ આગળ-બધા જવા લાગ્યા, એટલે પાછા વિમાસણ પડી ગયા. અને યજ્ઞમંડપ ને છોડી ને ભગવાનની પાસે જાય છે, જોઈ થયો છે લોકોને પુછે છે કે આ બધું શું છે? લોકો કહે છે કે બહોયા તો-સર્વજ્ઞ ભગવાન સમોસર્યા છે, જેમને વંદન કરવા માટે જાય છે. ઈન્દ્રભુતિ વિચારે છે, કે સર્વજ્ઞ તો હું છું, બીજું કોણ છે જે પોતાને-સર્વજ્ઞ કહે છે. નક્કી કોઈ મહાધુતારો હોવો જોઈએ, જેણે દેવો ને પણ છેતરી દીધા, યજ્ઞમંડપને છોડીને ત્યાં જઈ રહ્યા છે, આ તો બધા ભ્રાંત થઈ ગયા છે. જેમ કોઈ કાગડા હોય, તે તીર્થનું પવિત્ર જળને છોડી દે, ભુંડ હોય તે પરમાન્ન ને છોડી દે. દેડકાઓ સરોવરને છોડી દે, માખી હોય તે ચંદનવનને છોડી દે, ઉંટ હોય તે વૃક્ષને છોડી દે, જે ઘુવડ હોય તે સુર્યના પ્રકાશને

classmate

છોડી દે. એમ આ બધા દ્વૈત-જ્ઞાનથી ભ્રાંતિ વાળા થઈ ગયા, યજ્ઞમંડપને છોડીને જે ધુતારાની પાસે જાય છે. અથવા તો જેવા તે સર્વજ્ઞ હશે એવા જ આ દેવો હશે, આ બધો અનુરૂપ સંયોગ છે, અને આમ્રવૃક્ષમાં ભમરા જ ગુંજારવ કરે. અને આ કાગડા હોય ને એતો લીમડાના વૃક્ષે જ ભેગા થાય. આ દેવો છે જે લીમડાના વૃક્ષ જેવા ધુતારાની પાસે જાય છે, છતાં પણ એનું સર્વજ્ઞપણું છે એને હું સહન કરીશ નહી.

શું આકાશમાં બે સૂરજ હોય શકે ?

શું ગુફાની અંદર બે સિંહ હોય શકે ?

શું એક મ્યાનમાં બે તલવાર હોય શકે ?

તો શું એક સ્થાને બે સર્વજ્ઞ હોય શકે ?

અને બધા લોકો વંદન કરી કરીને પાછા આવી રહ્યા છે, એમને પુછે છે કે તમે જોયો, જોયો એ સર્વજ્ઞ. કેવો છે એ ? એમનું સ્વરૂપ કેવું છે ? અને એ વળતા લોકો જવાબ આપે છે, કે ત્રણ લોકના બધા જ જીવો, જો ભેગા થઈ જાય, એમના ગુણોને ગણવા બેસે, તો પણ એમના ગુણો છે એ પુરા ન થાય. પણ બધાનું આયુષ્ય પુરુ થઈ જાય. જો પરાર્ધ થી આગળ ગણિત હોય, તો એ સર્વજ્ઞના બધા ગુણો છે, એ ગણી શકાય. અને ઇન્દ્રભૂતિ વિચારે છે, કે આ તો ખરેખર કોઈ બહુ મોટો ધુતારો લાગે છે. જેણે બધા લોકોને

છેતર્યા છે. સૂરજ જેમ અંધકાર ને દૂર કરવા -
બિલકુલ રાહ ન જુએ. અગ્નિ કોઈના પણ હસ્ત-
સ્પર્શ ને સહન ન કરે, જો કોઈ પોતાની -
કેશવાળી માં હાથ નાખે તો જેમ સિંહ સહન ન કરે
માટે હું એના સર્વજ્ઞતાના આ દંભને એક -
ક્ષણ માટે પણ સહન કરીશ નહીં. જે અગ્નિએ
પર્વતો ને પણ બાળી નાખ્યા, એની સામે વૃક્ષ
શું મોટી વાત છે. જે પવને હાથીઓને પણ
ભમાડી- ભમાડી ને પછાડી દીધા હોય, એની સામે
એક રૂનું પૂમડું શું છે ? વાદ સભામાં મેં
મહા પંડિતો ને પણ મૌન કરી દીધા, તો મારી
સામે આવી જે પોતાના ઘરમાં જ શૂરવીર હોય,
એવા સર્વજ્ઞ કહેવા છે, જેમની કોઈ હેસિયત જ
નથી. અને પોતે કહે છે, જ્યારે હું ગૌડ દેશમાં
ગયો ત્યારે ત્યાંના પંડિતો મારાથી દૂર દૂર ભાગી
ગયા. હું ગુજરાતમાં ગયો તો એ લોકો મને
જોઈને જર્જરીત થઈ ગયા, ગભરાય ગયા. હું -
માલવ દેશમાં ગયો તો ત્યાંના પંડિતો મને -
જોઈને મરી જ ગયા. તિલંગ દેશમાં ગયો તો
એ લોકો મારા ભયથી તલ જેવા દુર્બળ અંગવાળા
થઈ ગયા, બિચારા મને જોઈને જ સુકાય ગયા.
અને એવો હું જ્યારે લાટ દેશમાં ગયો, ત્યાંના
પંડિતો તો મારાથી ડરીને ક્યાંય ભાગી ગયા. અને
દ્રવિડ દેશમાં ગયો, તો એ લોકો તો બિચાર -
શરમાય ગયા. આ રીતે મને તો કોઈ વાદી
જોઈએ, કોઈ વાદ કરનાર મળે નહિ, તો મારી
માટે તો આખી દુનિયામાં દુર્ભિક્ષ થઈ ગયું.
તો મારી આગળ આ વાદી કોણ છે ?
જે પોતાના સર્વજ્ઞત્વના અભિમાનને ધારણ કરે
છે. આવી રીતે પોતે વિચારે છે. બસ,

ઈમાણાં ભણું, વાદ કરું, અને ઈશાવી દઉં. ઈન્દ્ર-
ભૂતિ પોતે જાણકાર છે, શાસ્ત્ર વિદ્યા વિશારદ છે.
અહંકાર એકદમ ઉછળ્યો છે, વાદ કરવા માટે
જઈ રહ્યા છે. એ સમયે એમના ભાઈ કહે છે,
અગ્નિભૂતિ કે હે ઈન્દ્રભૂતિ આ વાદીતો એક
કીડા જેવા વાદી છે, એમને જીતવા તમારે જવાની
શું જરૂર છે? હું જઈ આવું. શું કમળનો
ઉચ્છેદ કરવા ઐરાવત ગજ લાવવો પડે? આ
વાદી કીડાને જીતવા માટે હું જ બસ છું. ઈન્દ્ર-
ભૂતિ કહે છે, હે અગ્નિભૂતિ તમારી વાત તો સાચી
છે. એક મારો નાનામાં નાનો STUDENT હોય
ને, એય એમને જીતી લાવે, પણ હવે એને
મને આ વાદી નું નામ મળ્યું ને, તો એ વાદ-
કર્યા વગર મને ચેન પડશે નહીં. હવે હું પોતે
જ જઈશ અને એમને જીતી લઈશ. અને કહે
છે ઘાણો જેમ તલને પીલતા હોય ને આમતો
બધું તેલ નીકળી જાય, પણ કેટલાક તલ એમ-
તેમ જતા રહ્યા હોય ને, તો એ બચી જાય,
એ રીતે આખી દુનિયાને મેં જીતી પણ એમાંથી
આવા કોઈક રહી ગયા હશે, તો એ કામ પણ-
મારે પોતે જ પુરુ કરવું જોઈએ અને એ એક
ને હું જીતું નહી તો મારો હકીકતમાં વિજય
ગણાય નહી. એક કોઈ સતી છે એક વાર-
શીલનો ભંગ કર્યું, તો પછી એને અસતી જ
કહેવાય, સતી ન કહેવાય. એ રીત મેં એ એક
વાદી ને પણ જીત્યો ના હોય, તો મેં બધા
વાદીઓને જીત્યા છે એવું કહેવાય નહી, માટે
હું ગયા વગર નહી રહી શકું. હજારો વાદીઓને
મેં જીતી લીધા, પણ આ કોઈ, જેમ ખીચડી
પકાવવા મુકી હોય, કરડુ મગ હોય એ રહી ગયો

હોય, જેમ આ કોઈ વાદી બાકી રહી ગયો છે કોઈ વાંધો નહીં. હવે હું એમને પણ જીતી લઈશ. હું એમને નહીં જીતું તો મારો બધો જ યશ-નાશ પામશે. જેમ શરીરની અંદર નાનું પણ શલ્ય હોય, તો મૃત્યુ પણ થઈ શકે. હોડીની અંદર નાનું પણ છિદ્ર હોય, તો એ ડૂબી જાય. જેમ કોઈ ઈંટ ખેંચી લીધી હોય કિલ્લામાંથી તો આખો કિલ્લો પડી જાય. માટે આ એક વાદીને હું જલ્દીથી જીતી લઈશ. લલાટમાં બાર પોતે તિલક કરે છે. સોનાની જનોઈ નાખી છે. પીળા વસ્ત્રો પહેર્યા છે, અને ઈન્દ્રભૂતિ પોતે નીકળે છે, પાછળ પાંચસો શિષ્યો છે. એમના જે શિષ્યો છે એ કોઈક પુસ્તકો લે છે, કોઈ હાથમાં કમંડળ લે છે, કોઈ દર્ભ લે છે. અને ઈન્દ્રભૂતિની બિરુદાવલી ~~જાય~~ ગાય છે. હે - સરસ્વતી કંઠાભરણ, વાદી વિજય લક્ષ્મી શરણ, વાદી મુખ ભંજન, વાદી ગજ સિંહ, અને એક પછી એક એની બિરુદાવલીઓ ગાતા જાય છે... ગાતા જાય છે... ગાતા જાય છે... તમે તો આવા છો, તમે તો તેવા છો, વાદી સુરમાં સુરેન્દ્ર છો, વાદીઓના ગરુડ છો, વાદી ગજ રાજ છો, વાદી કંસ કહાન છો, વાદી જ્વર ધનવંતરી છો, પંડિતમાં-શિરોમણી છો, અનેક વાદીઓને તમે જીતી લીધા છે, સરસ્વતી લબ્ધ પ્રસાદ તમે છો, આવા બધા બિરુદ શિષ્યો આપતા જાય છે... આપતા જાય છે... એ પાંચસો શિષ્યોથી પરિવૃત એવા ઈન્દ્રભૂતિ, હવે જ્યાં મહાવીર સ્વામી ભગવાનની નજીક પોતે પહોંચી રહ્યા છે, એ સમયે વિચારે છે, કે આ ધુતારાએ આ બધું શું કર્યું ? સર્વજ્ઞ નો આરોપ કર્યો, હું સર્વજ્ઞ એવી જાહેરાત કરી.

એને મને પ્રકોપિત કરી દીધો. આ ભેસે એમણે જાપું કર્યું, હમણાં જઈને એમને નિરુત્તરી કરી દઈશ, સૂર્ય છે ને એ જ્યાં સુધી ન ઉગે ને ત્યાં સુધી ખજુઆઓ બધા ફુદાફુદ કર્યા કરે. ચંદ્રમા પણ પ્રકાશે. જ્યારે સૂરજ ઉગે ત્યારે ખજુઆ પણ ન રહે, અને ચંદ્ર પણ ના રહે.

સમવસરણની અભિમુખ જઈ રહ્યા છે, સ્વાભિમાનને પ્રગટ કરે છે, હે અલ્પ, હે ગામે, તમે આ વનથી જલ્દીથી જતા રહો, આ સિંહ આવી રહ્યો છે, અથવા તો મારા ભાગ્યથી જ આ વાદી આવ્યો છે, હમણાં જ મારી બુધની ખંજવાળ છે ને, વાદ-કરવાની ચળ છે, કોઈ વાદી આવે નહીં, વાદ કરું-કોની સાથે, હમણાં મારી આ બધી ચળ મટી જવાની છે, આ તો મારું ભાગ્ય છે, વ્યાકરણ શાસ્ત્રમાં પણ હું દક્ષ છું. સાહિત્યમાં મારી મતિ સંહિત છે. તર્ક-શાસ્ત્રમાં મારું અત્યંત કર્કશપણું છે એવું કોઈ શાસ્ત્ર નથી જેમાં મેં પરિશ્રમ નથી કર્યો, અને આવી રીતે જ્યાં ઇન્દ્રભૂતિ વિચારે છે, અને જ્યાં ભગવાનની નજીક પહોંચે છે, હજુ તો દાદરાની પાસે છે, વીસ-હજાર પગથિયા ઉપર, ભગવાન દેખાય છે, અને પોતે વિચારે છે, કે અરે આ કોણ હશે? શું આ બ્રહ્મા હશે? ના.. ના.. બ્રહ્મા તો ઘરડા હોય! શું આ વિષ્ણુ હશે? ના.. ના.. વિષ્ણુ તો નીલા-હોય! શું આ મહાદેવ હશે? ના.. ના.. મહાદેવ-તો રાખ ચોળી હોય, શું આ સદાશિવ હશે? આ કોણ હશે? અને આ રીતે પોતે વિચારમાં પડે છે. ના.. ના.. આ તો એટલા સૌમ્ય છે ને, એ ચંદ્ર હોવા જોઈએ. ના.. ના.. ચંદ્રમાં તો કલંક હોય છે, આમનામાં તો કોઈ કલંક જ નથી.

classmate

તો ચંદ્ર તો ના હોય શકે. તો સુરજ હોવા જોઈએ,
સુરજ નું જેવું તેજ હોય, એવું એમનું તેજ છે,
ના એ સુરજ પણ ના હોય, કારણકે સુરજ હોય-
એને તો જોઈ પણ ના શકાય. આમને તો જોઈને
કેટલો આનંદ આવે છે. તો પછી કોણ હોવું-
જોઈએ ? એમની ધીરતા જોઈ છે કે મેરુ પર્વત
હોવા જોઈએ. અરે ના, મેરુ પર્વત તો કઠણ હોય,
આ તો બહુ કોમળ છે. તો આ વિષ્ણુ હોવા-
જોઈએ, ના.. ના.. વિષ્ણુ તો આવા કંચનવર્ણના
હોય, બ્રહ્મા ના હોય. એ કામદેવ લાગે છે,
રૂપ જોયું છે, ના પણ કામદેવને તો શરીર જ
નથી એમ કહેવાય છે. આ કોણ છે ? અને એ
સમયે એમને ખ્યાલ આવે છે આ તો જે જૈનોના
ચોવીસમાં તીર્થંકર કહ્યા, જેમને રાગ-નથી જેમને
દ્વેષ નથી, જેમને મોહ નથી, એ જ હોવા જોઈએ.
કદાચ જે સર્વજ્ઞ જેવી વાત કરે છે, સાચી પણ
હોય શકે, મનમાં વિચાર કરે છે, અરે.. અરે મેં ૧૦
આ શું કર્યું, દેવેન્દ્રો એમને ચામર વિંઝે રહ્યા છે,
સ્વર્ણ સિંહાસન પર પોતે બિરાજમાન છે
એમની કાંતિ જોઈ, એમનું રૂપ જોયું, એમની-
સૌમ્યતા જોઈ, એમની આભા જોઈ, હું અહીંયા-
ક્યાં આવી ગયો, અત્યાર સુધી જેટલો યશ ભેગો
કર્યો, મને લાગે છે બધો અહીંયા રોળાય જશે
ખોટો અહીંયા આવી ગયો. આ તો મેં જેવું કર્યું,
મને તો એક ખીલ્લી જોઈતી હતી, જે એક
ખીલ્લી મેં એવી રીતે કાઢી કે મારો આખો
મહેલ તુટી પડે, આ એક ને ના જીત્યા હોત,
તો મારી કાંઈ માનહાનિ થાત નહીં. હવે કરીશ
શું ? હવે તો શું કરું, હું જે પરમેશ્વરને
જીતવા માટે આવ્યો છું, આ મારું મંદબુદ્ધિપણું

ઇતું હવે જઈશ કઈ રીતે ?, નજીક એ કઈ રીતે પહોંચીશ ?, એ પહોંચી ગયો તો જોખીમ શું ?, ત..ત.. પ..પ થઈ જશે, અને મારા ભાગ્યથી એ કદાચ અહીંયા પણ વિજય મળી જાય તો, તો તો. મારું કામ થઈ જશે. આમ થી આમ.. આમ થી આમ ઠોંચકા ખાઈ રહ્યા છે. અને એ સમર્થ-શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પોતે કહે છે, કે હે ઇન્દ્રભૂતિ, તમે સુખેથી આવ્યા ?, સડસડાટ વીસ હજાર પગથિયા ચડી જાય છે. એના શરી જાય છે, મારું નામ આમને ખબર છે ! ના.. ના.. પણ. મારું નામ કોને ના ખબર હોયે ! મને તો આખી દુનિયા ઓળખે ! અને જ્યાં આ બધા ગોથા ખાય છે. તે મનમાં વિચાર આવે છે, કે આ બધું બરાબર, હવે કોઈ ખબર પડતી નથી, સર્વજ્ઞ પણ હોય-શકે, હવે તો આમને પુછવાની વાત પણ મારા મનમાં નથી. પણ એ મારા મનમાં રહેલો ગુપ્ત સંદેહ, જો એ જણાવી દે, તો હું માનું કે એ સર્વજ્ઞ છે. હજુ તો વિચાર કરે છે, અને એ સમર્થ ભગવાન કહે છે, કે હે ઇન્દ્રભૂતિ, તમારા મનમાં સંશય છે, કે જીવ છે કે નહીં. વેદના જુદા જુદા પદો તમને મળ્યા તે એનાથી તમને સંશય થયો કે જીવ છે કે નહીં, તો હું તમને કહું છું, તમે વેદ પદોનો જે અર્થ છે, એનો બરાબર વિચાર કર્યો નથી, એના માટે તમને સંશય થયો છે. હવે તમે ધ્યાનથી સાંભળો. ભગવાન બોલે છે, સરસ મજના અહીંયા શબ્દો છે

समुद्रो मथ्यमानः किं।

જ્યારે સમુદ્ર નું મંથન થતું હોય, અને જે ગંભીર અવાજ આવે, ગંગાનું પુર આમ ધસમસતુ જતું હોય, જે ગંભીર અવાજ આવે, તે જાણે જહ્નની

ધ્વનિ હોય, જે રીતે ભગવાનની વાણી જે ગુંજી ઉઠી
ભગવાન કહે છે કે તમે વેદો ને વાંચ્યા. અને વેદોની
અંદર તમને એક વાક્ય મળ્યું,

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय
तान्येवानुविनश्यति न प्रेत्य सञ्ज्ञास्ति।

વિજ્ઞાન નો ઘન જે આપણને જ્ઞાન થાય જે
સંવેદન થાય, જે પ્રતિતી થાય, એને વિજ્ઞાન કહેવાય
પાંચ ભુત છે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને
આકાશ. નાસ્તિક મત એવું માને છે, આજની
અપેક્ષા એ MODERN SCIENCE લઈ શકીએ
એ એવું માને કે આ એક BODY છે, એ
જુદા-જુદા SUBSTANCE માંથી બને છે, અને
એની અંદર, જ્ઞાન ઉતપન્ન થઈ જાય, ચેતના-
ઉતપન્ન થઈ જાય, FEELINGS ઉતપન્ન થઈ જાય
આનું જ નામ જન્મ. એ પાંચ ભુતમાં થી જે
તત્વ હતું જે નાશ પામી જાય, એનું જ નામ-
મરણ.

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय।

આ વિજ્ઞાન ઘન પાંચ ભુતમાંથી પેદા થાય છે એ
ઉતપન્ન થઈ ને નાશ પામે છે પણ પરલોકમાં
કોઈ જ રહતું નથી. આવો વેદ પદો નો તમે અર્થ કર્યો,
પણ એ તમે જે અર્થ કર્યો, તે ખોટો છે,
હકીકતમાં એનો જે અર્થ છે એ તમે સમજો.
તમે શું અર્થ કરો છો,

गमनागमनादिचेष्टावान्

એવો આત્મા છે. લોક પ્રસિધ્ધ પાંચ ભુત વગેરેથી
પ્રગટ થાય છે. એ ભુતો નાશ પામે, એટલે
આત્મા પણ નાશ પામે છે. જેમ જળમાં જુદજુદો
થાય, પરપોટા થાય, જળમાં જ નાશ પામી જાય.
મદ્યના જુદા જુદા દ્રવ્યો હોય, દારૂ હોય ને એ

રીનાથી બને કે તો લોટ હોય, ગોળ હોય, પાણી હોય- એ બધામાંથી દારૂ બને. હવે લોટ ખાવ તો નશો ના થાય. ગોળ ખાવ તો નશો ના થાય. પાણી પીવો તો નશો ના થાય. પણ એ બધું ભેગું થાય છે, અને એમાં નશીલી શક્તિ પેદા થઈ જાય છે. પાણી છે એની અંદર પરપોટા પેદા થઈ જાય, પરપોટા ફૂટી જાય, પાછા પાણીમાં મળી જાય. બરાબર એ જ રીતે આ શરીર આકાર માં પરિણત પૃથ્વી-વગેરે પાંચ ભૂત, એની અંદર જીવ પેદા થઈ જાય, અને એ જીવ પછી પોતે અંદર ને અંદર મરી જાય, આપણે કહીએ માણસ મરી ગયો. પૂર્વ જન્મ માંથી કોઈ આવ્યું, પાછું એ પરલોકમાં જાય, એવું-કોઈ જ નથી. આવી રીતે તમારી શંકા છે કે શરીરથી જુદો કોઈ આત્મા નથી. એટલે શરીરનો-નાશ થઈ ગયો એટલે આત્માનો પુનર્જન્મ થતો નથી, તમે આવો અર્થ કરો છો. પણ આ અર્થ અયુક્ત છે. આ પદોનો હું તમને સમ્યક્ અર્થ કરું છું.

આત્માના સર્વ પ્રદેશોમાં અનંત જ્ઞાન પર્યાય છે, એટલે આત્માને વિજ્ઞાન ઘન કહેવાય. જ્ઞાન- દર્શન એના મુખ્ય ગુણ છે. જ્ઞાનમાં જે આત્મા-ની પ્રવૃત્તિ એને જ્ઞાનોપયોગ કહેવાય. દર્શનમાં જે આત્માની પ્રવૃત્તિ એને દર્શનોપયોગ કહેવાય. ઉપયોગ પણ આત્માનો ગુણ કહેવાય. ગુણ - ગુણીનો અભેદ, એનાથી ઉપયોગ રૂપ આત્મા છે. આપણું સ્વરૂપ શું છે કે, હાથ એ આપણું સ્વરૂપ છે કે, નાક-આપણું સ્વરૂપ, આંખ આપણું સ્વરૂપ, પેટ આપણું સ્વરૂપ, પગ આપણું સ્વરૂપ, આ બધી જ વસ્તુ DEAD BODY માં હોય છે. પણ એમાં કોઈ સંવેદના હોતી નથી. જેને આપણે FEELINGS કહીએ,

DATE

KNOWLEDGE કહીએ, EXPERIENCE કહીએ પ્રતિતી કહીએ, આ બધું શું કહેવાય ? ઉપયોગ કહેવાય. જેનું સ્વરૂપ કેવું છે, ઉપયોગ સ્વરૂપ જીવ છે. આપણે જેને USE કહીએ એ ઉપયોગની આ વાત નથી. અહીંયા તો શાસ્ત્રીય ઉપયોગની વાત છે એ જુદી. જેને અનુભવ કહેવાય, જ્ઞાન કહેવાય, પ્રતિતી, FEELINGS કહેવાય, એ ઉપયોગ સ્વરૂપ જીવ હોય છે. જ્યાં એ છે ત્યાં જીવ છે, જ્યાં એ નથી ત્યાં જીવ નથી. પુતળાની અંદર હાથ પગ વગેરે હોય છે ઉપયોગ નથી માટે ત્યાં જીવ નથી. શરીર છે પણ DEAD BODY રૂપે છે, એમાં હાથ-પગ વગેરે છે, ઉપયોગ એમાં નથી, માટે એમાં જીવ નથી. અહીં કહે છે ઉપયોગ સ્વરૂપ તે જીવ, ઉપયોગ આત્માનો ગુણ છે, જેનામાં ગુણ હોય એને ગુણી કહેવાય. જેની પાસે દંડ હોય એને દંડી કહેવાય. જેની પાસે મૌન હોય એને મુનિ કહેવાય, ઉપયોગ એ ગુણ, જીવ એ ગુણી, જીવનો ગુણ ઉપયોગ. ગુણ અને ગુણી નો અભેદ કહેવાય. દયાળુ એ દયામાંથી છુટ્ટો ના પડે. દયા-છુટ્ટી, દયાળુ છુટો આવું ના કહી શકાય. દયાળુ અને દયા વચ્ચે કથંચિત અભેદ સંબંધ છે. જે દયાળુ છે એ જ દયા છે. જે કંજુસ છે, એ જ કંજુસાઈ છે. આ કંજુસ આ કંજુસાઈ એમ છુટ્ટા પાડી શકાય નહીં. ગુણ-ગુણીનો તો અભેદ છે, અને અભેદથી ઉપયોગ રૂપ આત્મા. વિજ્ઞાનઘન આત્મા એ ઉપયોગ સ્વરૂપ છે. આત્મા, પાંચ પૃથ્વી વગેરે ભુતોથી ઉત્પન્ન થાય છે. એટલે આપણને તો જ્ઞાન થયું, હવે બીજું પદની સમજો,

classmate

DATE

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्य:
મુળ અર્થ તો ઈન્દ્રભૂતિ કરતા હતા, જે શાબ્દિક અર્થ હતો કે ભૂતમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય. પાંચ ભૂત-માંથી ચેતના ઉત્પન્ન થાય. શરીર આકાર તો પરિણત પુદ્ગલો હોય જેમાંથી આત્મા ઉત્પન્ન થાય. આ રીત નો અર્થ અભિપ્રેત હતો ઈન્દ્રભૂતિ ને. ભગવાન કહે છે કે આનાથી તમને સંશય થયો કે જુદો કોઈ ધ્રુવ પદાર્થ છે કે નહિ. હવે તમે એનો અર્થ સમજો, વેદ ખોટા છે એવું ભગવાન કહેતા નથી. બહુ સરસ મજાની આ જીનશાસનની અસ્મિતા છે. ભગવાને એક પણ ગણધરને કહ્યું નથી. કે તમે તો બધા વેદો ભણ્યા એ ખોટા છે. વેદો સાચા જ છે, એવી પણ વાત નહીં. વેદો ખોટા જ છે, એવી પણ વાત નહીં. પણ તમને જે સંશય થયો ખોટો અર્થ કરવાથી થયો, હું તમને એનો સંગત અર્થ કરી આપુ છું,

वेयपयाणमत्थं ण याणसि तेसिमो अत्थो,

દરેક દરેક ગણધરને ભગવાન એમ કહે છે, પછી ગણધર, પૂર્વ પર્યાયમાં બ્રાહ્મણ, અને ભગવાન શું કહે છે કે વેદના પદોનો અર્થ તમે જાણતા નથી. એમનો અર્થ આ મુજબ છે. આ જિનશાસનના સ્યાદ્વાદની અસ્મિતા છે. ઉપનિષદોના અર્થ બેસાડવા હોય ને, તો સ્યાદ્વાદનો આશરો લીધા સિવાય કોઈ ચારો જ નથી, તમારે કોઈપણ ધર્મના કોઈ પણ શાસ્ત્રો એના સાચા અર્થ કરવા હોય, તો એ શાસ્ત્રોને જૈન દ્રષ્ટિથી જોવા પડે, જૈન દ્રષ્ટિથી ના જુઓ, તો એના કદી સાચા અર્થ થઈ શકે નહીં. ઘણી બધી ચર્ચાઓ જુદા જુદા શાસ્ત્રો માટે ચાલે છે. જુદા-જુદા ધર્મગ્રંથો, એમાં આવતા પુર્વાપર વિરોધ વાક્યો, અને એ બધાની સંગતિ શેનાથી થાય કે એ લોકો તો નયનો સ્વીકાર-

કરે તો જ એની સંગતિ થઈ શકે. ભગવાન હવે સંગતિ કરે છે. કે આપણને જે જ્ઞાન થયું, મેં આ પાનુ જોયું, આ પાનાને જાણ્યું, એનું જ્ઞાન-મને થયું, એ જ્ઞાન રૂપે મારી આત્મા નવા પર્યાય રૂપે ઉત્પન્ન થયો, કાંઈ પણ ના સમજાય તો મને તરત જ પકડાવજે.

હવે નવા પર્યાય રૂપે મારી આત્મા-ઉત્પન્ન થયો, એ શેનાથી ઉત્પન્ન થયું, એ જ્ઞાનનું નિમિત્ત શું હતું ?, તો આ પાનું હતું. પાનું શું છે ?, એ એક પ્રકાર નું પાંચ મહાભુત ઓનુ ભુત છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ. કાંઈ પણ હોજાય છે એ પાંચ ભુત નો કોઈને કોઈ પર્યાય છે. આ ભુત માંથી મને જ્ઞાન ઉત્પન્ન થયું, હવે ફરી પાછુ હું તમારી સામે જોઉં છું, ત્યારે મને તમારું જ્ઞાન થયું, જૂનું જે જ્ઞાન હતું એ નાશ પામ્યું, નવું જ્ઞાન મને ઉત્પન્ન થયું. ભગવાન કહે છે એ પદોનું આ તાત્પર્ય છે. ભુત માંથી વિજ્ઞાનઘન, એ ઉત્પન્ન થાય છે, એ પાછુ નાશ પામે છે. પણ એનું એ જ્ઞાન ફરી ફરી થાતુ રહેનુ નથી. જુદ જુદા-જુદા ઉપયોગમાં આવે, અહીંયા જોવે આનું જ્ઞાન થાય, અહીંયા જોવે આનું જ્ઞાન થાય, અહીંયા-જોવે આનું જ્ઞાન થાય. કંઈક સાંભળે છે, વળી કાંઈક સાંભળે છે, વળી કાંઈક ત્રીજું સાંભળે છે, જ્ઞાન આમ બદલાતુ જશે, માટે પ્રેત્ય સંજ્ઞા નથી.

સભાની પ્રશ્ન :- સાંભળેલું કે જોયેલું યાદ તો રહે છે ને સાહેબ ?

પૃચ્છકની નો ઉત્તર :- જુઓ, અહીંયા છે ને આપણે એક સમયે ક્યા ઉપયોગમાં હોય એ અપેક્ષા એ આ પદાર્થ ધારવાનો છે. જે ધારણા રૂપે અંદર DATA STORAGE થઈ ગયો, એ વાત જુદી છે. એને ઉપયોગ ના કહેવાય. ઉપયોગ- શું છે ? અવધિ જ્ઞાન જેની પાસે છે, એ અવધિ- જ્ઞાની જો આ પાનું વાંચતા હોય તો એને આ જ દેખાય, પછી એને બીજું ના દેખાય. એને નજર અહીંયા રાખવી છે ને જ્ઞાનથી બધું જાણવું છે તો એ ઉપયોગ મૂકશે, અને

जुगवं नत्थि दो उवओगा

એક સાથે બે ઉપયોગ કદી પણ હોય નહી. આનો હોય તો આનો હોય ... આનો હોય તો આનો હોય, એટલે ઉપયોગ તો બદલાયા જ કરશે. SECOND- NUMBER ના ઉપયોગની અંદર, FIRST NUM- BER નો ઉપયોગ રહેશે નહીં. THIRD NUMBER નો ઉપયોગ થશે ત્યારે SECOND નહી રહે, એ વાત અહીંયા કહી,

न प्रेत्यसंज्ञा अस्ति ।

એક ઉપયોગ આગળ આગળ જતો નથી, એ અર્થમાં વેદ વાક્ય છે. તમે એવી રીતે લગાડી દીધું, ભગવાન ઇન્દ્રભૂતિને કહે છે, તમે એવી રીતે લગાડી દીધું, કે ધ્રુવ છે એ જીવ પરલોકમાં કદી જતો નથી, એ ભવમાં એ પહેલા થયો, ભવ પૂરો થયો ને એ મરી ગયો. આગળ કશું જતું નથી. આ ખોટો અર્થ તમે લીધો, અને આ રીતે પદાર્થ- નો જ્ઞાનોપયોગ છે. એ ઉત્પન્ન થાય જ નહી, ઘટાદિ પદાર્થ નષ્ટ જ થઈ જાય, ચક્ષુને અગોચર થઈ જાય. ઘડો હતો એ મારી સામે હતો, તમે પાછળ લઈ ગયા, એટલે હવે મારી દ્રષ્ટિમાર્ગ માંથી

classmate

આવશે નહીં. ત્યારે એના ઉપયોગ રૂપ જે આત્મા છે, એનો પણ નાશ થશે. એટલે અહીંયા આત્માનો અત્યંત સમુચ્છેદ થઈ જાય, આત્મા જેવું કાંઈ રહે જ નહીં, એવી વાત નથી. પણ તે તે ઉપયોગના પર્યાય રૂપ જે આત્મા, એ પર્યાયોનો નાશ થશે. દ્રવ્ય રૂપે નિત્ય, પર્યાય રૂપે અનિત્ય.

સભાનો પ્રશ્ન :- પર્યાયનો નાશ થાય છે એવું કહીએ કે પર્યાય બદલાઈ જાય છે, એવું કહીએ.

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે બદલાવાનો અર્થ શું થાય, જુનાનો ભંગાર રહેશે ? છગન હતો એ મ્યુઝિયમમાં ગયો, જ્યાં બધા હાડપિંજરો હતા, એણે GUIDE ને પુછ્યું કે આ કોનું હાડપિંજર છે, બહુ મોટું હાડપિંજર હતું. એણે કહ્યું કે આ મોગલ સમ્રાટના સેનાપતિનું હાડપિંજર છે. બીજો પ્રશ્ન કર્યો આ નાનું હાડપિંજર કોનું છે ? એ સેનાપતિ નાના હતા ત્યારનું હાડપિંજર છે.

એટલે પર્યાય છે ને એ પર્યાયનો કોઈ DAMAGE એનો ભંગાર એ કોઈ પાછો હોતો નથી, એ જતો રહેશે પછી જ નવો પર્યાય આવશે. એ બાળ વયનું હાડપિંજર રહે, ફરી કિશોર વયનું હાડપિંજર રહે, વળી વૃદ્ધ સમયનું હાડપિંજર રહે, તો એવું નથી. એ જ હાડકા હતા એ [illegible] હાડકાઓનો GROWTH થાય છે, બની મોટું હાડપિંજર બને છે. મોટું બને છે ત્યારે નાના એક પણ હાડપિંજર હોતા નથી. એટલે એને પર્યાયનો નાશ કહેવાય.

એ ૧૦ FEET ની HEIGHT વાળું હાડપિંજર હતું. એનો નાશ થયો. અને ૧૦ FEET ઉપર એક-દોરા જેટલી HEIGHT વધી છે, એ પર્યાય નો ઉત્પાદ થયો. સમયે સમયે પર્યાયો બદલાશે,

તો શેઠીયા કહે છે, આત્માનો નાશ કઈ અપેક્ષાએ, પર્યાયની અપેક્ષાએ એ નાશ છે, જે ઉપયોગ આવશે એ ઉપયોગ આ ક્ષણે જીવે છે બીજુ ક્ષણે જીવે છે, ત્રીજુ ક્ષણે અલગ છે ચોથી ક્ષણે અલગ છે. તો આ જે આગળ ધારાં ગઈ, પૂર્વ.. પૂર્વ પર્યાયનો નાશ થયો, આ એક આપેક્ષિત રીતે આત્માનો નાશ કહેવાય. જેને આત્માનો સમૂળગો નાશ, આત્મા જેવું કાંઈ રહે જ નહિ, આવું કદી થતું નથી. આત્મા શાશ્વત છે. નથી એનો જન્મ થતો, નથી એનું મૃત્યુ થતું, શરીરના જન્મ મૃત્યુ થાય છે, એટલે ભગવાન- કહે છે, કે અન્ય વસ્તુના ઉપયોગના સમયે, પ્રાપ્ત જે ઘટાદિ જ્ઞાન સંજ્ઞા એ રહેતી નથી. આ અર્થથી જણાય છે કે આત્મા છે, એના નિત્યત્વ વિષયમાં, પુનર્જન્મ વિષયમાં, આ વેદ પંક્તિ છે જે આત્માના અસ્તિત્વના સંદર્ભમાં બાધક નથી. આ ધ્રુવના અસ્તિત્વના સાધક બીજા પણ પ્રમાણ વેદ પદોમાં દેખાય છે. ભગવાન કહે છે ઇન્દ્રભૂતિ ને,

स वै अयं आत्मा ज्ञानमयः।

આ આત્મા કોણ છે ? તે જ છે, જ્ઞાનમય છે, આવા પણ વેદપદો છે. જો વેદોને આત્માનું અસ્તિત્વ માન્ય ન હોત, જો મેં ખોટો અર્થ કર્યો હોય, જો મેં વિચારણા કરીને અર્થ કર્યો હોય, તો બીજા કોઈ એના સાધક પ્રમાણો મળે નહીં.

પણ બેની અંદર મળી છે, આત્મા છે, જ્ઞાનમય છે, એનાથી ખબર પણ પડે છે કે આત્માનું પણ-અસ્તિત્વ છે. બેમાં એક પર આવે છે, દ..દ..દ નો આનો અર્થ શું છે ?

- દ - દમ,
- દ - દાન, અને
- દ - દયા

આ દ કાર ત્રણની જે મળી છે, તે ધ્રુવ છે. એનાથી પણ ધ્રુવસત્તા જણાય છે. કોઈપણ વસ્તુને આપણે જાણવી હોય તો, તો એના માટે પ્રમાણ જોઈએ. પ્રમાણ ચાર પ્રકારના છે. એક પ્રમાણ છે પ્રત્યક્ષ પ્રમાણ છે જ્યાં આપણે જોઈએ, હું તમને જોઉં છું, તમે મને જુઓ છો. તો પ્રત્યક્ષ પ્રમાણથી આપણે એક બીજાને જાણીએ છીએ.

પર્વત ઉપર કોઈ ગયું છે, એણે ત્યાં આગ પેટાવી છે, આગની ભભુક આવી છે, આગને જુએ છે, આને પ્રત્યક્ષ પ્રમાણથી આગને જાણી કહેવાય. પર્વત દૂર છે, આગ દેખાતી નથી પણ ધુમાડો દેખાય છે. ધુમાડા ઉપરથી અનુમાન કરાય. અને અનુમાન કરશે એનાથી ખબર પડશે, કે કોઈ ત્યાં અગ્નિ છે, તો આ અનુમાન પ્રમાણથી વસ્તુનું જ્ઞાન કરી શકાય. છોકરો છે એમાં બુદ્ધિ છે કે નહીં, બુદ્ધિ કોઈ આપણને દેખાતી નથી હોતી, હોય તો એ ખબર ના પડે, ન હોય તો એ ખબર ના પડે. પણ એ એવું કામ કરે જેનાથી - ખબર પડે કે આનામાં બુદ્ધિ છે કે નથી.

DATE

તો અનુમાન પ્રમાણથી આપણે માણીએ કે આનામાં બુધ્ધિ છે કે નહી. ત્રીજું પ્રમાણ છે આગમ પ્રમાણ નાની છોકરી છે પિતા ની પુછે છે, પપ્પા આ ક્યું ઝાડ છે, પપ્પા કહેશે બેટા આ આંબાનુ ઝાડ છે, છોકરાને કશી ખબર નથી. છોકરાએ પહેલી વાર વૃક્ષ જોયું છે, કશી જ ખબર નથી, પણ પપ્પા- ઉપર વિશ્વાસ છે, પપ્પા એ જ્યારે પણ જે કંઈ- પણ કહ્યું છે, હું CHECK કરવા ગયો વસ્તુ સાચી નીકળી છે. અત્યારે CHECK કર્યું નથી, પણ પપ્પા એ કીધું છે, માટે વાત સાચી છે. આ વૃક્ષ આંબા નું છે. એ આંબા નુ વૃક્ષ છે એ કયા પ્રમાણ- થી ખબર પડી. આગમ પ્રમાણથી.

आप्तवचनादाविर्भूत मर्थसंवेदनमागमः।

આગમ પ્રમાણ શું છે ? કોઈ વિશ્વસનીય વ્યક્તિ છે આપણે આગમ કહીએ ને, એ થોડા જુદા સંદર્ભમાં શાસ્ત્રના સમાનાર્થી સંદર્ભમાં છે. અને અહીયા જે આગમની વાત છે, તે આપ્ત વચન વિશ્વસનીય માણસ નું વચન, એનાથી જે બોધ થયો, એને આગમ પ્રમાણ કહેવાય. ચોથા નંબરનું પ્રમાણ છે, ઉપમાન પ્રમાણ. ઉપમાન પ્રમાણ એટલે કે- એક વ્યક્તિ છે, અને એ વ્યક્તિ જંગલમાં જાય છે. રસ્તામાં કોઈ માણસ મળે છે. એ કહે છે કે ભાઈ જંગલમાં જાય છે તો કાંઈ જોઈ આગીને આવજે. એ કહે શું જોવા જેવું છે ?, એ કહે છે કે આમાં એક પ્રાણી છે એનું નામ છે, ગવય ! ગવય ને તું જોજે, પણ હું એને ઓળખતો જ નથી, એના ઉપર LABLE તો હશે નહી કે આ ગવય છે. તો હું કઈ રીતે ઓળખું, એટલે ઓલી વ્યક્તિ સમજાવે છે,

गोसदृशो गवयः।

classmate

DATE

ગાય જેવી હોય એવું ગવય નામનું પ્રાણી હોય અને એ જશે, એને કોઈ SIMILAR (મળતું-આવે એવું) પ્રાણી મળશે, એટલે એ સમજી લેશે કે આ ગવય છે તો આ જ્ઞાન એને શેનાથી થયું, ઉપમાન પ્રમાણ થી થયું.

અહીંયા પ્રત્યક્ષથી આત્માની સિદ્ધિ, એ કઈ રીતે સમજવાની કે જે અહમ્ એવું-સંવેદન થાય છે આત્મા આપણને પ્રત્યક્ષ છે કે નહી, સંમતિ તર્ક વગેરે દાર્શનિક શાસ્ત્રો ની અંદર બતાવ્યું,

अहंप्रत्ययवेद्यः।

અહમ્ એવો જે પ્રત્યય છે, એવી જે પ્રતિતી હું થાય છે એ કોને થાય છે. આપણે હું કોને કહેશું કે, મારું શરીર આવું બોલનાર કોણ હોય છે કે ક્યાં આપણે મારું કહીએ ને, એ આપણાથી જુદી વસ્તુ હોય તો મારુ કહેવાય. મારી મુહપત્તિ, મારી પેન, મારા કપડા, મારો-ઓઘો, આ બધું જુદુ છે તો મારુ કહેવાય. આત્મા શરીરથી જુદો છે અને આત્મા કહે છે-મારું શરીર. જે અંદરથી પ્રતિતી થાય છે હું, અહમ્, "I", આ પ્રત્યક્ષ પ્રમાણથી આત્મા સિદ્ધ થાય છે. આગળ કહે છે અનુમાન પ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થાય, SECOND નંબરનું પ્રમાણ, ધુમાડો દેખાય છે, અને આપણે અનુમાન કરશું કે ત્યાં આગ હોવી જોઈએ. આગ દેખાતી નથી, ધુમાડાથી આપણે એનો નિશ્ચય કરશું અહીં કહે છે કે આ જે શરીર દેખાય છે એનો કોઈપણ ભોક્તા હોવો જોઈએ, કારણકે શરીર ભોગ્ય છે. ભોગ્યમાં પણ જે ભોગ્ય હોય, કોઈ ઘર આપણે

classmate

જોઈએ તો આપણે સમજી લઈએ કે આનો પણ કોઈ માલિક હશે. કોઈ વસ્તુ છે, આવાની કોઈ વસ્તુ બનાવેલી છે, તો આપણે સમજશું કે બનાવ્યા કોઈ બનાવનાર હોવું જોઈએ, જ્યાં જ્યાં ભોગ્ય હોય, ત્યાં-ત્યાં ભોક્તા પણ હોય. શરીર રૂપ જે ભોગ્ય, એનો ભોક્તા જીવ છે.

બીજુ રીતે પણ જીવની સિદ્ધિ કહે છે ઉપમાન પ્રમાણથી કઈ રીતે સિદ્ધ થાય, દ્રષ્ટાંતોથી પણ પાંચ ભૂત થી ભિન્ન, એવો આ જીવ છે, એ સિદ્ધ થાય છે. જેમ દૂધની અંદર ઘી હોય છે, દેખાતું નથી. તલની અંદર તેલ હોય છે, ફુલની અંદર સુગંધ હોય છે. કાષ્ઠની અંદર અગ્નિ હોય છે. ચંદ્રકાંત ની અંદર સુધા હોય છે. એમ-શરીરની અંદર પણ આત્મા છે. પણ એ શરીર-થી જુદો હોય છે. આ રીતે ભગવાન ઇન્દ્રભૂતિનો સંશય છે એને દૂર કરે છે.

પાંચસો ના પરિવાર સાથે એ ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ, ભગવાન પાસે દીક્ષા લે છે, અને તે જ ક્ષણે,

उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा ।

એટલે કે સર્વ પદાર્થો ઉત્પન્ન થાય છે, વિનાશ-પામે છે, અને સ્થિર રહે છે. આ ભગવાનના વદન થી ત્રિપદી સાંભળીને, દ્વાદશાંગીની રચના કરે છે. આ રીતે પહેલા ગણધર એમની વાદ પુરી થાય છે.

હવે અગ્નિભૂતિ ને સમાચાર મળે છે, ઇન્દ્રભૂતિ એ તો ભગવાન પાસે દીક્ષા લઈ લીધી. અને જ્યાં આ સમાચાર મળ્યા ત્યાં વિચારે છે,

કે જરૂર આ કોઈ બહુ મોટો ધૂર્ત હોવો જોઈએ,
નહીંતો એ મારા ભાઈ છે એમને હરાવી ના દે.
ક્યારેક પર્વત ફરી જાય, ક્યારેક બરફ માંથી આગ-
ફાટી નીકળે, અગ્નિ કદાચ શીતળ થઈ જાય,
વાયુ કદાચ સ્થિર થઈ જાય. પણ મારો ભાઈ છે એ
કદી પણ હારે નહીં. આ રીતે એની શ્રદ્ધા ઘટી-
નથી, લોકો ને પૂછે છે. નિશ્ચય કરે છે કે હું
એ ધૂર્ત ને જીતી લઉં. અને મારા ભાઈને પાછા
લઈ આવું. એમ સમજુ ને ભગવાનની પાસે
આવે છે, ભગવાન એ જ રીતે એમને નામથી
બોલાવે છે, એમના સંદેહને કહે છે, કે હે-
ગૌતમ અગ્નિભૂતિ, ત્રણે નું ગૌત્ર શું છે ગૌતમ,
આપણે ગૌતમસ્વામી તરીકે ઓળખીએ છીએ,
હકીકતમાં અગ્નિભૂતિ એ પણ ગૌતમસ્વામી છે,
વાયુભૂતિ ગણધર એ પણ ગૌતમસ્વામી છે,
ગૌતમ એમનું ગૌત્ર છે, ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ,
વાયુભૂતિ, એ એમના નામો છે. અને કહે છે
કે તમને કર્મનો સંદેહ છે. વેદ પદોનો અર્થ
છે એને તમે બરાબર વિચારતા નથી. જો
બરાબર વિચારો તો તમારો સંદેહ નાશ પામે,
વેદનું ક્યું પદ,

पुरुष एवेदं ग्निं सर्वं यद् भुतं यच्च भाव्यं।

આવું જે વેદનું પદ છે, એ તમે બરાબર સમજ્યા-
નથી. તમે કઈ રીતે અર્થ કરો છો. વેદનું પદ છે,

पुरुष एवेदं सर्वं।

જે કંઈ પણ દુનિયામાં છે, એ આત્મા જ છે. આત્મા
સિવાય બીજું કંઈ જ નથી. જે હતું એ પણ
આત્મા છે, જે થશે એ પણ આત્મા છે
આત્મા જ દુનિયામાં છે. ને એનાથી તમને એવો
સંશય થયો, કે કર્મ જેવું તો બીજું કાંઈ હશે જ

નહી, જે કાંઈ પણ દેખાય છે, એ બધું આત્મા જ છે. આ રીતે તમે કર્મનો નિષેધ કર્યો. તમને સંદેહ થઈ ગયો કે કર્મ છે કે નહી. અને પાછી તર્કથી તમારો એ સંદેહ દૃઢ થયો, જેમ કે અમુર્ત આકાશ એનું મુર્ત ચંદનથી મંડન કે ખંડન કંઈ પણ થઈ ના શકે. એ રીતે અમુર્ત આત્મા એને મુર્ત એવા કર્મથી શું થઈ શકે? આકાશ અમુર્ત છે તલવાર એમાં ફેરવો તો આકાશને કોઈ જ ફરક પડે નહિ, બરાબર એ જ રીતે, આત્મા પણ અમુર્ત છે, કર્મથી આત્માને કોઈ જ ફરક પડવો ના જોઈએ, આપણે તો પાછા એમ કહીએ કે કર્મથી તો સુખ આવે ને દુઃખ આવે ને, આવું થાય ને તેવું થાય. પણ કર્મથી આત્માને કોઈ જ ફરક પડવો ના જોઈએ, અને એ તર્કથી તમારો સંદેહ દૃઢ થયો. પણ અહીંયા તમે સમજ્યા નથી, આ પદ છે એ પુરુષનું સ્તુતિ પદ છે એટલે એની મહિમા આત્માની સ્તુતિ ગાવાની છે, ત્રણ પ્રકારના વેદ પદો હોય છે, પહેલા પ્રકારના વિધિ પ્રતિપાદક, બીજા પ્રકારના સ્તુતિ પદ, અને ત્રીજા અનુવાદ પદ.

स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात् ।

આવું જે વેદ પદ છે, જેને સ્વર્ગની ઈચ્છા હોય એણે અગ્નિહોત્ર નામનો યજ્ઞ કરવો, આ બધા વિધિ-પ્રતિપાદક વેદ પદો છે. બીજા નંબરમાં કહે છે,

द्वादशमासाः संवत्सरः ।

આને અનુવાદ પદ કહેવાય, અનુવાદ એટલે એ જ વસ્તુ એને બીજા શબ્દોથી જણાવવું. બાર મહિનાનું વરસ થાય. તો આને શું કહેવાય અનુવાદ પરક કહેવાય. અને

पुरुष एवेदं सर्वम् यद् भूतं यच्च भाव्यं ।

આ જે સૂત્ર છે, એ સૂત્ર મહિમા પરક છે, એમાં આત્મા નો મહિમા બતાવવામાં આવ્યો છે, પણ પરમાંની પ્રભાવ બતાવવામાં આવ્યો નથી. જેમ વિષ્ણુ નો મહિમા બતાવવા માટે એમ કહેવાય,

जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वतमस्तके।

જલમાં પણ વિષ્ણુ, સ્થલમાં પણ વિષ્ણુ, પર્વતના માથે પણ વિષ્ણુ,

सर्वभूतमयो विष्णुस्तस्माद् विष्णुमयं जगत्।

આખી દુનિયા છે એ વિષ્ણુ મય છે, આવું વિષ્ણુના મહિમા માટે વેદો વગેરેમાં કહેવાયું છે. પણ આપણે સમજુએ છીએ, કે એ બધું વિષ્ણુ જ છે એવું નથી, મકાન પણ છે, પર્વત પણ છે, પાણી-પણ છે, અમે પણ છીએ, તમે પણ છીએ, બરાબર એ જ રીતે આત્મા પણ સમજવાનું છે બીજુ રીતે કર્મની સિદ્ધિ કરે છે. અમુર્ત એવો આત્મા, એનું મુર્ત કર્મ થી કેવી રીતે અનુગ્રહ અને ઉપઘાત થાય, તો કહે છે કે અમુર્ત જ્ઞાન, એની દારૂ વગેરે થી જેમ હાનિ થાય છે, શંખ-પુષ્પી વગેરે વનસ્પતિ હોય, બ્રાહ્મી વગેરે-વનસ્પતિ હોય, તો જ્ઞાનની વૃદ્ધિ થાય. બુદ્ધિ બળ વધે. અને દારૂ પીવે તો બુદ્ધિશાળી પણ બુદ્ધુ જેવો બની જાય. એ તો બધી મુર્ત-વસ્તુઓ છે, જ્ઞાન અમુર્ત વસ્તુ છે, જેનાથી મુર્ત હોવા છતાં અમુર્ત નો અનુગ્રહ કે ઉપકાર BENEFIT કે LOSS, એ જેમ થાય છે, બરાબર એ જ રીતે કર્મથી પણ આત્મા ઉપર અસર થાય છે. બીજુ રીતે કર્મની સિદ્ધિ કરે છે કર્મ વિના એક વ્યક્તિ સુખી છે, એક વ્યક્તિ દુઃખી છે, એક નિરોગી છે, એક રોગી છે, એક શ્રીમંત છે, એક ગરીબ છે,

DATE

એક ભિખારી છે ને એક મજુરી કરી કરીને થાકી જાય છતાં હાથમાં કાંઈ આવે નહિ. બીજુ વ્યક્તિ કેવી છે તો એને ઘરે બેઠા છપ્પર ફાડી ને રૂપિયા આવે, તો બધું જે IMBALANCE આ બધું જે જુદુ જુદુ દેખાય, જેની શાસ્ત્રીય પરિભાષામાં વૈષમ્ય કહેવાય, એ કઈ રીતે થાય.

બે છોકરા છે, જોડિયા ભાઈ છે, એક જ મા-બાપના સંતાન છે, એક જ ઘરમાં, એક જ વાતાવરણમાં રહે છે, એક જ પ્રકારનું ભોજન ખાય છે. છતા પણ એક ને કેન્સર થાય છે, બીજાને કેન્સર થતું નથી. આપણે કહીએ કે આ બધું એમ જ થઈ જાય છે. તો એવું માનવામાં ઘણી બધી આપત્તિ આવે, એમ ઘણી બધી વસ્તુઓ એમ ને એમ થઈ જાય-છે, એમ માનવું પડે. વિશેષ આવશ્યક ભાષ્યની અંદર ગણધરવાદ છે, અને એની અંદર મહાવીર સ્વામી ભગવાન, આ અગ્નિભૂતિ ગણધર ને કહે છે,

जो तुल्लसाहणाणं फले विसेसो ण सो विणा हेउं।

જે તુલ્ય સાધન હતા, અને છતા પણ ફળમાં જે વિશેષ થયો,

कज्जत्तणओ गोयम! घडो व्व हेऊ य सो कम्मं॥

એનું કોઈ ને કોઈ કારણ છે, એ કારણનું નામ જ કર્મ છે. આપણા જેવાને કર્મ દેખાય નહિ, સર્વજ્ઞો ને કર્મ પ્રત્યક્ષ હોય છે, કાર્મણ વર્ગણાના પુદ્ગલ, એ કર્મ રૂપે આત્મા સાથે એકમેક થયા, એ કર્મ હોય છે. અહીં કહે છે દુનિયામાં જેટલી જેટલી જુદી-જુદી વસ્તુ દેખાય છે, વિષમતા દેખાય છે, એનું કારણ કર્મ છે. અગ્નિભૂતિ ગણધર-એમનો પણ સંશય જતો રહે છે.

classmate

વાયુભૂતિ છે એ પણ સાંભળે છે કે આ બંને ભાઈઓએ દીક્ષા લીધી, અને એ વિચારે છે કે ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ એ જ એમના શિષ્ય થયા. એ મારા માટે પણ પૂજ્ય છે. પોતે પણ જાય છે. સંશય પૂછે છે, અને ભગવાન એમને પણ પ્રતિબોધ કરે છે. એ રીતે બધા ગણધરો ને પ્રતિબોધ કરે છે, એ રીતે અહીંયા-ગણધરવાદ, એક પછી એક ગણધરના પ્રશ્નો, એના જવાબો, એ જણાવે છે.

હવે કહે છે કે વાયુભૂતિ ગણધર, એમનો કયો પ્રશ્ન હતો? તો,

तज्जीवतच्छरीरे संदिग्धं

વાયુભૂતિ ગણધર એમને ભગવાન નામ પૂર્વક બોલાવે છે. અને કહે છે, તે જીવ, તે શરીર. શરીર છે એ જ જીવ છે, અથવા જીવ એ શરીર છે. શરીર અને જીવનો ભેદ નથી. આવો સંદેહ તને છે. પણ વેદ પદોનો યથાર્થ અર્થ તમે કર્યો નથી, એનો અર્થ છે એ હું તમને કહું છું.

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्य: समुत्थाय
तान्येवानुविशयति न प्रेत्यसंज्ञास्ति।

વેદ પદનો તમે એવો અર્થ કર્યો, કે પાંચ ભૂત કરતા જીવ જુદો નથી, પણ હકીકતમાં એ એવી વાત નથી, અર્થ તમે ખોટો કર્યો છે. અને આગળ કહે છે કે બીજું પણ વેદ પદ તમે વાંચ્યું,

सत्येन लभ्यस्तपसा ह्येष ब्रह्मचर्येण नित्यं।
ज्योतिर्मयो हि शुद्धो यं पश्यन्ति धीरा: संयतात्मान:।।

આ વેદ પદ એનાથી તમને ખ્યાલ આવશે, કે આત્મા કેવું છે, જે સત્યથી પ્રાપ્ત થાય, જેને ઋષિઓ જુએ, તો એ આત્મા છે, આવું

પણ વચન તમને મળ્યું, એનાથી તમને સંશય થયો પણ આ સંશય ઉચિત નથી. વિજ્ઞાનઘન, જે ભૂતમાંથી આત્મા પેદા થાય, નાશ પામે. એ વાત જે ઇન્દ્રભૂતિ ગણધરને સમજાવી હતી, એ જ વાત સમજાવે છે. એમનો પણ સંશય જતો રહે છે. આ રીતે ત્રીજા ગણધર એમનું પણ સમાધાન થાય છે.

વ્યક્ત નામના ગણધર આવે છે, એમને શંકા છે કે પાંચ ભૂત છે કે નથી? આગળના ગણધરો એમને જીવ, કર્મ, અનિન્દ્રિય-પદાર્થોની શંકા હતી. વ્યક્ત ગણધર એમને શું શંકા હતી કે આ પાંચ ભૂત છે કે નહિ? પૃથ્વી છે કે નહિ? પાણી છે કે નહિ? અગ્નિ છે કે નહિ? અને આવી શંકા એમને થઈ છે. અને ભગવાન કહે છે, કે તમને આ શંકા શા માટે થઈ છે, વેદ પદોનો તમે સમ્યક્ અર્થ કર્યો નથી માટે. વેદ પદ તમે વાંચ્યું.

येन स्वप्नोपमं वै सकलमित्येष ब्रह्मविधिरञ्जसा विज्ञेयः ।

બધું જ સપના જેવું છે, માયા જેવું છે, ઇન્દ્રજાળ જેવું છે. આવું વેદ વચન તમે વાંચ્યું, એનાથી તમને થયું, કે આખી દુનિયા ખોટી છે, જે કંઈ દેખાય છે, એ બધી માયા છે. એ છે જ નહિ. એક બાજુ તમે આવું વચન વાંચ્યું, અને બીજુ બાજુ તમે વાંચ્યું,

पृथ्वी देवता आपो देवता ।

પૃથ્વી એ દેવતા છે, પાણી એ દેવતા છે. અને તમે ગડ મથલમાં પડ્યા, આ ઘડીકમાં આમ કહે છે, ઘડીકમાં આમ કહે છે. તો સમજવું શું? અને ભગવાન કહે છે, કે તમે આ અર્થ બરાબર

કર્યો નથી.

स्वप्नोपमं वै सकलम्।

બધું જ સ્વપ્ન જેવું છે, આ વેદ વચનનું તાત્પર્ય શું છે ? કે જેમ સપનું પણ પુરુ થઈ જાય છે, એમ આ બધું પણ પુરું થઈ જાય છે. જે વેદકારનું તાત્પર્ય શું છે ? કે જીવોમાં વૈરાગ્ય આવે આપણે સજ્ઝાય માં પણ કહીએ,

" સુપન સમ હેજ જગ સારા, "

આખી દુનિયાને કેવી રીતે જોવાની, સપનું છે એમ જોવાની. પંચસુત્ર ની અંદર લખ્યું,

सुमिणुव्व सव्वमाउलं ति

આખી દુનિયા ખોટી છે, સપના જેવી છે, ઈન્દ્રજાળ જેવી છે, નાટક જેવી છે, ખોટી છે,

इत्थ खलु सुही वि असुही, संतमसंतं...

જણાય છે એ પણ નથી. એનું તાત્પર્ય સમજવાનું કે એમાં આશય શું છે. રાગ ન થાય, પછી હોતું નથી. અલ્પ સમય માટે છે. વિજળી ના - ઝબકારા જેવું છે. કોઈ કહે કે જણાયા પ્રકાશની છે તું (IGAHT) કેમ કરે છે. એ કહે કે ક્યાં છે પ્રકાશ ? એ કહે કે જે આ વિજળીનો પ્રકાશ નથી જાણતો આપણે શું કહેશું ? કે ભાઈ એને પ્રકાશ જ ના કહેવાય. એક - ક્ષણ માત્ર છે, જરાક ઝબકારો થઈ ને જતું રહે તો આપણે કહેશું કે એ છે છતા પણ નથી. એ રીતે વેદોમાં કહ્યું,

स्वप्नोपमं वै सकलम्।

જે સંસાર ને તમે પકડી ને બેઠા છો, એ સંસાર સપના જેવો છે. ઘડીકમાં તો બધું જતું રહેવાનું છે. એની રાગ તમે છોડો હો. આ આશય થી આ વાત કરી. અને ભગવાન કહે છે, હકીકતમાં

DATE

સ્ત્રી, સુવર્ણ વગેરે સંયોગો અનિત્ય છે. આવું - સુચિત કરાય છે. પૃથ્વી વગેરેનો નિષેધ નથી, અને આ અર્થથી પૃથ્વી વગેરે વિદ્યમાન છે, એવું સિદ્ધ થાય છે. આ રીતે ચોથા ગણધર એમનો પણ વાદ પુરો થાય છે.

હવે જે ગણધર છે સુધર્મા સ્વામી, જે પૂર્વમાં બ્રાહ્મણ પર્યાયે છે, એમને સંદેહ છે, કે જે જન્મમાં જે જેવા હોય, તે બીજા ભવમાં - પણ એવા જ થાય ! એમણે વેદ પદ એવું વાંચ્યું,

પુરુષो वै पुरुषत्वमश्नुते पशवः पशुत्वम् ।

પુરુષ હોય એ પુરુષ થાય, જે સ્ત્રી હોય તે સ્ત્રી થાય, પશુ હોય તે પશુ થાય, તો આવી જે વાત એમણે વાંચી, એનાથી એમને થયું, કે - આ ભવમાં જેવો હોય એવો જ બીજો ભવ મળે. સામે બીજું વેદ મળ્યું,

शृगालो वै एष जायते यः सपुरीषो दह्यते ।

જે વિષ્ટા સાથે પોતે આગલા ભવમાં બળ્યો હોય, તો એ વ્યક્તિ શિયાળ થાય, તો આ રીતે - માણસ મરીને શિયાળ થાય, આ ભવમાં માણસ - હતો, બીજા ભવમાં શિયાળ થયો, આવી પણ વાત આવી. તો આ એ પૂર્વાપર વિરૂદ્ધ વાત છે. ભગવાન કહે છે કે તમને જે આ સંદેહ થયો છે તમે અર્થ બરાબર કર્યો નથી, તાત્પર્ય એનું એવું છે, મનુષ્ય - મનુષ્ય થાય, એની પાછળ એવું કહેવું છે, જે સરળતા, કોમળતા, વગેરે ગુણ - વાળા છે, એવા મનુષ્ય ફરીથી મનુષ્ય આયુષ્ય બાંધીને, પોતે મનુષ્ય થાય છે, આવું કહેવું છે. પણ દરેક મનુષ્ય મરીને મનુષ્ય જ થાય, એવું કહેવાનો અહીંયા આશય નથી, એટલે આ ભવમાં

DATE

હોય એવા જ બીજા ભવમાં થાય, એવું માની ન શકાય.

यो यादृशः स तादृशः ।

જેવા હોય તેવા થાય, એવો નિયમ નથી. પહેલી-યુક્તિ. પછી અહીંયા પ્રશ્ન કરે છે. કે જે શાલી-નું બીજ, શાલી એ એક ચોખા ની જાત છે. એના બીજ માંથી શાલી જ પાછુ ઉગે, ઘઉં છે, એમાંથી પાછુ ઘઉં જ ઉગી શકે, બીજું કંઈ ન-ઉગી શકે. એ રીતે જે જેવા હોય એમાંથી એવા-જ થાય. આવું પણ LOGIC તો તમે લગાડો, તો એ પણ ખોટું છે. કારણકે છાણ છે એમાં-અંદરથી ક્યારેક ઘાસ પણ નીકળે, છાણ ની અંદર-થી ક્યારેક કીડો પણ પેદા થાય. છાણ તો-એવું ને એવુ છે. એમાંથી જુદુ જુદુ-PRODUCTION (ઉત્પાદન) થઈ શકે. એટલે જે જેવો હોય, એવું જ PRODUCTION-એમાંથી થાય, એમ નથી. પાંચમા ગણધર-સુધર્મા સ્વામી, એમનો વાદ પુરો થાય છે.

મંડિત ગણધર, એમને શંકા છે, કે કર્મનો બંધ, મોક્ષ છે કે નહિ ? આ-ત્રિગુણ વિભુ છે, તે બંધાતો નથી. એ એક ભવ માંથી બીજા ભવમાં જતો નથી. એનો મોક્ષ પણ થતો નથી, એ કોઈ ને છોડાવતો પણ નથી. એટલે ધ્રુવ સત્ય, રજસ, તમો ગુણ રહીત, સર્વ વ્યાપક છે, પુણ્ય પાપથી બંધાતો-નથી, ભવભ્રમણ કરતો નથી, મોક્ષ એનો થતો નથી. આ રીતે તમે બંધ મોક્ષનો અભાવ સમજો છો. પણ જે સશરીર હોય, એને પ્રિયા- પ્રિય ની અપહતિ નથી, અશરીર જે હોય,

એને પ્રિયા-પ્રિય સ્પર્શતા નથી. આવું વેદ વચન સામે મળ્યું, અને તમે શંકામાં પડી ગયા. કે-આ બધી બંધ અને મોક્ષ ની વાત કરી, વેદોનું વચન એમાં કહ્યું કે બંધ મોક્ષ કાંઈ છે જ નહિ, પણ તમે એનો અર્થ બરાબર કર્યો નથી. ગુણરહિત, અહીંયા વિગુણ છે એનો અર્થ થાય ગુણરહિત, ગુણ રહિત નો અર્થ છે છદ્મસ્થતા રૂપ જે ગુણધર્મ, એનાથી રહિત. કેવળજ્ઞાન પ્રકાશથી સર્વ વ્યાપક, એવો આત્મા, પુણ્ય પાપથી બંધાતો નથી. બંધ નથી એટલે છુટતો નથી, સંસારમાં ભ્રમણ પણ કરતો નથી. અને મોક્ષે જાય, પછી કોઈ ને છોડાવતો પણ નથી. તો આ રીતે-પુણ્ય-પાપ નો બંધ સિદ્ધ થાય છે. છઠ્ઠા ગણધર-નો વાદ અહીંયા પુરો થાય છે.

હવે મૌર્યપુત્ર ગણધર, એમને શંકા છે, કે જગતમાં દેવો છે કે નથી ? વેદનું એક પદ એમણે વાંચ્યું

को जानाति मायोपमान् गीर्वाणान्

इन्द्र-यम-वरुण कुबेरादीन् ।

માયા સમાન એટલે ભ્રાન્તિ સમાન, એવા ઇન્દ્ર, વરુણ, યમ, કુબેર એ દેવો ને કોણ જાણે છે ? આવું એક વેદ વચન વાંચ્યું. પાછું બીજું વચન મળ્યું,

स एष यज्ञायुधी यजमानो अञ्जसा स्वर्लोकं गच्छति।

જે યજ્ઞ રૂપી આયુધ ઉપાડે છે, જે યજ્ઞ કરે છે, તે દેવલોકમાં જાય છે. આવું બીજું વચન મળ્યું, અને એનાથી એમને શંકા થઈ, ભગવાન કહે છે કે વેદ પદો નો અર્થ તમે સમ્યક્ સમજો.

मायोपमान् ।

માયા સ્વરૂપ છે, એમાં તાત્પર્ય એ છે કે દેવો પણ

DATE

અનિત્ય છે. દેવો પણ શાશ્વત નથી, એમનું પણ આયુષ્ય પુરુ થાય છે. મોત થાય છે. બીજા ભવમાં જાય છે, શાશ્વત નથી માટે - આરોપ કહેવાય છે. પણ દેવો છે જ નહિ - એવું નથી. અહીંયા જે રીતે ગણધરવાદ આવ્યો છે, ઘણી ઘણી કદાચ તમને પણ શંકા હશે કે આ બધી વાત છે ને આ પદોની ચર્ચા કરીએ પણ આપણે તો કોઈ દેવો ને જોયા નથી આપણે તો કોઈ આત્મા ને જોયો નથી. આવી - બધી શંકા કદાચ આપણને થાય, કોઈ દેવ કે - ભુત-પ્રેતની વાત કરે તો આપણને લાગે કે આ તો પછાત છે. માટે ખોટી અંધશ્રદ્ધા માં - ફસાયા છે. જેટલી જેટલી ભુત પ્રેત ની વાત - હોય એ બધી સાચી જ હોય, એવું પણ નથી. બધી ખોટી જ હોય એવું પણ નથી.

થોડા વરસો પહેલાની મુંબઈની વાત, મુંબઈ નો એક AREA છે ધારાવી અને ધારાવી પોલીસ INSPECTOR જેનું નામ છે - અરુણ કાટે, એ પોતે પોલીસ સ્ટેશન માં બેઠા છે. એકત્રીસ - બત્રીસ વર્ષનો એક યુવાન અંદર આવે છે, કે મારે એક ખુન સંબંધી REPORT લખાવવો છે. INSPECTOR તૈયાર થઈ જાય છે. એ વ્યક્તિ બેસે છે, અને વાત કરે છે કે ચંદ્રપ્પા નામનો એક યુવાન, એનો મિત્ર સુબૈયા એ સુબૈયા જ્યાં કામ કરે છે, એ મિલ પાસે એને લઈ જાય છે, બહુ દારૂ એને પીવડાવે છે, બહુ નશામાં એ ધુત થઈ જાય છે. છરા ના ઘા કરે છે, એને મારી નાખે છે. એ મિલનો ગેટ નંબર ONE, એ ગેટની સામે

PIPE LINE મોટી, એમાં એનું DEAD BODY
નાખી દે છે, આ ખુની ને સજા થાય એના માટે
હું આ REPORT લખાવવા આવ્યો છું, વાત-
લાંબી છે SHORT માં કહું છું. આખી REPORT
INSPECTOR એ લખ્યો ને પછી, એને STRIKE
થયું કે તમે વાત એવી રીતે કરો છો, જાણે તમે
ત્યારે હાજર હતા. યા તમે કોઈ સાથીદાર હશો,
કંઈ ને કંઈ હોવું જોઈએ, ખુનમાં તમારો હાથ
પણ હોવો જોઈએ, તમે આટલું બધું વર્ણન કરો,
તમે ત્યાં હાજર હો, એ રીતનું બધું વર્ણન છે.
તમે આ બધી કેમ ખબર પડી ?, અને એ
વખતે યુવાન કહે છે, કે તમે મને એમ પુછો
છો કે મને કેમ ખબર પડી ?, INSPETOR-
કહે છે હા એ જ પુછુ છું. તો જરા હસીને
કહે છે, મને કેમ ખબર ના પડે. આ બધું-
મારી સાથે જ બન્યું છે. મારું જ ખુન થયું છે.
તો મને ખબર ના પડે ! INSPETOR નું
મગજ ગયુ છે, ઉભો થઈ ગયો છે, બરાડા પાડીને
કહે છે તમને ખબર છે આ POLICE STATION
છે. અહીંયા મજાક મસ્તી કરવા આવો તો તમને
સજા થઈ શકે, એની તમને ખ્યાલ છે, એ કહે
મને બધો જ ખ્યાલ છે. હું મજાક- મશ્કરી
નથી કરતો, હું સાચું કહું છું, મારું જ ખુન
થયું હતું, એનો REPORT લખાવવા હું આવ્યો છું.
સજાની ખુની ને થવી જોઈએ ને તમે મને
સજા કરશો પણ શું એક મરેલા માણસને !
INSPECTOR નું મગજ હજુ વધારે ગયુ છે,
એ કહે છે અત્યારે જ હું તમારી સાથે ત્યાં-
આવવા તૈયાર છું, ત્યાં જો DEAD BODY
નહીં હોય તો તમારી ખેર નથી, તમારી વાત જો

ખોટી નીકળી, એ કહે છે હું એના માટે જ આવ્યો છું, ચાલો તમે જે હવાલદારને પણ લે છે, INSPECTOR છે, પેલો યુવાન છે, એ જગ્યા સુધી પહોંચે છે, થોડી નજીક હતી. એ PIPE LINE સુધી આવે છે, એ યુવાન આંગ-ઈશારો કરે છે, અહીંયા તમે જુઓ, INSPECTOR ત્યાં નજર કરે છે, કોહવાયેલું એક મડદુ હોય છે, યુવાનને કાંઈક પુછવા માટે ફરે છે ને જુએ છે તો યુવાન ગાયબ છે.

કદાચ શાસ્ત્રની વાતો નો આપણને વિશ્વાસ બેસે નહિ, આપણને કદાચ એમ લાગે કે આ બધું ઉપજાવેલું પણ હોય શકે, ઘણો-બધો ધર્મ કરીએ પણ ઊંડે ઊંડે આત્મા માટે સંશય હોય, પરલોક માટે સંશય હોય, ભગવાનની વાણી માટે સંશય હોય, ત્યાં સુધી આપણો બધો જ ધર્મ કાચો રહે છે. નાના છોકરાઓ આવી ને એમને પુછે કે મહાવિદેહ ક્ષેત્ર ક્યાં છે ને એમ કહીએ અહીંયાથી ઘણા યોજન દૂર છે, બીજો સવાલ પુછે ASIA માં આવે, RUSSIA માં આવે, અમેરિકા માં આવે, ક્યાં આવે ? આપણા દીકરાઓને આપણે નાસ્તિકતા ઘુંટાવતા હોઈએ, આત્મા જેવી વસ્તુ એને ખબર સુધ્ધા ના પડે, એની DICTIONARY માં આત્મા જેવો શબ્દ ના આવે. એની આખી જિંદગી માં કદાચ આવે તો એ શબ્દ માત્ર રહે, શ્રદ્ધાનું નામ-નિશાન ના હોય, આપણામાં જ ના હોય, તો એનામાં ક્યાંથી આવવાની ? એ INSPECTOR જુએ છે પેલો ગાયબ છે, એ ક્યાંય ભાગીને

જઈ શકે એવી કોઈ જગ્યા ન હતી. છુપાઈ શકે એવા કોઈ CHANCE ન હતા. INSPECTOR પણ હેરાન હેરાન થઈ જાય છે. હવાલદાર પણ બધા આખુ ખંગાળી રહ્યા છે. એક SECOND ની અંદર એ અદૃશ્ય થઈ ગયો છે. અને INSPECTOR એ આખો REPORT ને લખ્યો હતો. એની અંદર ADDRESS (સરનામા) હતા. એની અંદર નામ-હતા. એ સુબૈયાની તપાસ કરે છે. એના ઘરની તપાસ કરે છે. માલતી નામની એની પત્ની છે. એ યુવાન નો મિત્ર હતો સુબૈયા, એ સુબૈયા ને બરાબર પકડવામાં આવે છે, એને થોડો માર મારવામાં આવ્યો, એણે કબુલાત કરી, એનો મિત્ર ચંદ્રપ્પા એનું ખુન એણે કર્યું હતું. એની પત્ની સાથે એનો સંબંધ હતો. ચંદ્રપ્પા એ ઘણો ઝગડો કર્યો પૈસા ની ધમકી આપી. પત્ની ને પણ સમજાવી, હજુ કાંઈક સમાધાન થાય એની પહેલા સુબૈયા એ એનું ખુન કરી નાખ્યું. કેસ ચલાવવામાં આવ્યો ને સુબૈયા એ કબુલી લીધું કે મેં ખુન કર્યું છે. મુંબઈમાં એક જેલ છે, આર્થર રોડ જેલ, આ જેલની અંદર એને પુરી દેવામાં આવ્યો. જેલમાં એને પુર્યો છે, ચાર-પાંચ દિવસ ગયા છે. એક રાતે એ બુમો પાડવા લાગ્યો, મને બચાવો.. બચાવો ને ચોકીદારો બધા દોડી આવ્યા, અંદર એ જેલમાં સુબૈયા સિવાય કોઈ જ દેખાતુ ન હતું, છતા પણ એવું દેખાતું હતું કે કોઈ એને મારી રહ્યું છે. અંદર જવાની કોઈની હિંમત ન થઈ. થોડી વાર પછી ચાર પડતો એને બંધ થઈ ગયો. ચાર દિવસ પછી ફરી એણે બુમાબુમ કરી. એવું જ દૃશ્ય જોવામાં આવ્યું. અને બે દિવસ પછી

એ જેલના રૂમની પાસે એ લોકો ગયા, ત્યારે એમણે જોયું કે એ પડેલો છે, બિલકુલ હલતો નથી, મોઢામાંથી લોહી બહાર પડી રહ્યું છે. જઈને તપાસ્યું તો શ્વાસ એનો ચાલતો નથી. INSPECTOR સુધી વાત ગઈ, એને ખ્યાલ-આવી ગયો કે જે એનો વેરી હતો, એ જ ચંદ્રપ્પા, એ દેવ રૂપે આવ્યો હતો, REPORT લખાવ્યો હતો, હજુ આને કોઈ ફાંસી વગેરે સજા-થઈ નહિ, એટલે પોતે જ આવી ને એને-મારી ગયો. આજે પણ આર્થર રોડ જેલ, જે મુંબઈની અંદર છે, એ જેલની અંદર આ ઘટનાઓનો આખો REPORT પણ છે. વારંવાર પૃથ્વી ઉપર આવી ઘટનાઓ બનતી રહે છે. કહેવા બેસીએ તો ઘણો સમય થઈ જાય. ભગવાનના વચન ઉપર આપણને વિશ્વાસ ન બેસે, આપણને લાગે કે આ બધુ હંબક પણ હોય શકે. ભગવાને તો હજારો વર્ષ પહેલા-કહી દીધું હતું, આત્મા છે, પરલોક છે. ચાર-ગતિ છે. પુણ્ય-પાપ છે. કર્મ છે અને-કર્મનું ફળ પણ છે.

મૌર્યપુત્ર ને શંકા છે કે દેવો છે કે નહિ ? એને ભગવાન કહે છે કે આ રીતે વિરુદ્ધ વચનો જે તમે સાંભળ્યા,

मायोपमान् गीर्वाणान् ।

એમાંથી તમને આ શંકા થઈ, પણ હકીકતમાં શંકા કરવી એ ઉચિત નથી. આ પર્ષદામાં જે દેવો છે, એ પણ તમને દેખાય છે. સમવસરણમાં ભગવાન દેખાડે છે. એક તો આ અર્થ સાચો સમજો, આ દેવો ને તમે પ્રત્યક્ષ જોઈ લો,

એમની પણ શંકા મય છે. સાતમા ગણધર એમનો વાદ પુરો થયો.

નારક ના જીવો છે કે નહિ, એ નારક ના જીવો ની શંકા અકંપિત નામના ગણધરને હોય છે. એમને ભગવાન કહે છે, તે તમે વેદનું વચન વાચ્યું,

न ह वै प्रेत्य नरके नारकाः सन्ति।

પરલોકમાં નરક ની અંદર નારકો નથી, આ વેદ પરથી નારક નો અભાવ જણાય છે. વળી બીજું તમને વચન મળ્યું,

नारको वै एष जायते यः शुद्रान्नमश्नाति

જે શુદ્ર નું અન્ન ખાય, તે નારક થાય. તો આવા વાક્ય થી તમને નારકની સત્તા જણાય છે. પરસ્પર વિરૂધ્ધાર્થ એવા વેદોના શબ્દોથી તમારા ચિત્તમાં સંદેહ થયો છે. આ સંદેહ યુક્ત નથી. કારણકે પ્રેત્યમાં નરકના નારકો નથી, આ વાક્યનો સમ્યક્ અર્થ તમે સાંભળો. કોઈ પણ આત્મા મરીને નરકમાં શાશ્વત નારક થતા નથી. જે પાપ-આચરે તે નારક થાય, બધા જીવો મરીને નારક ના થાય. અથવા નારકો મરીને ફરીથી નારકમાં ઉત્પન્ન થતા નથી. માટે,

न ह वै प्रेत्य नरके नारकाः सन्ति।

પરલોકમાં નરક ના જીવ નરકના જીવ બનતા નથી. આ અર્થમાં આ વાક્ય ને સમજવાનું. એક સિધ્ધાંત એવો છે, દેવ મરીને દેવ ન થાય.

નારકનો જીવ મરીને નારકનો જીવ ન થાય. મનુષ્ય મરીને મનુષ્ય બની શકે. પશુ મરીને પશુ બની શકે. દેવ એ ફરી કદી પણ દેવ ન બને એવું નહિ. પણ એના પછીના જ ભવમાં દેવ ના બને,

નારકમાં રહેલો જીવ, નારક રૂપે ઉત્પન્ન થયો,
મરીને ત્યાં જ નારકમાં, નારક ના જીવ તરીકે -
ઉત્પન્ન ના થઈ શકે. એની આ વાત છે. એ
રીતે એમનો પણ સંદેહ દૂર થાય છે.

અચલભ્રાતા નામના પંડિતવર પછી
ગણધર, પૂર્વ અવસ્થામાં બ્રાહ્મણ! એમને -
પુણ્યમાં સંદેહ છે. એમણે વેદ વચન વાંચ્યું,

पुरुष एवेदं ग्नि स यद्भूतं यच्चभाव्यं।

અને આ વાક્યથી આત્મા સિવાય બીજું કશું જ
નથી, તો પુણ્ય પણ કઈ રીતે હોય શકે?
એમના અંતરમાં પુણ્યની વિદ્યમાનતા એમાં સંદેહ
છે. પણ એ વાક્ય આત્માનો મહિમા બતાવનાર
છે. આગળ વાત આવી ગઈ છે. ફરીથી વાત
ને કહેતો નથી. આ આત્મા જ બધું છે એમાં
આત્માનો મહિમા કર્યો છે. પણ આત્મા-
સિવાય કાંઈ છે જ નહિ, આવું કહ્યું નથી.
અને એ રીતે પુણ્ય પણ હકીકતમાં છે.
વેદમાં પણ લખ્યું છે,

पुण्यः पुण्येन कर्मणा पापः पापेन कर्मणा।

તો આ વચનથી પુણ્યનું અસ્તિત્વ પણ સિદ્ધ
થાય છે. પુણ્ય કર્મથી, શુભ કર્મથી આત્મા-
શુભ બને. પાપ કર્મથી આત્મા પાપી બને.
તો આ વચનથી તારો જે સંદેહ છે તે
ઉચિત નથી.

દસમા

ગણધર મેતાર્ય નામના -
એમને પરલોકની શંકા છે. અને એમને
ભગવાન કહે છે,

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्य समुत्थाय तान्येवानुविनश्यति।

કે પહેલા ગણધર ને શંકા હતી, તેમાં જે વચન હતું તે જ વાત છે. તો પરલોક છે જ નહિ. આત્મા છે એ પાંચ ભુતમાં પેદા થઈ ગયો, એમાં જ નાશ પામ્યો, પરલોકમાં કોઈ ભય નહિ, આવા વચનથી તમને સંદેહ થયો. પણ પૂર્વ નિમિત્તથી-ઘટાદી નિમિત્ત થી ઉપયોગ ઉતપન્ન થાય, ઉપયોગ નાશ પામે, આ સંદર્ભમાં તે વાક્ય છે. માટે પુર્નજન્મ નો જે નિષેધ એ ઉચિત નથી. આ રીતે દસમા ગણધર ની વાત થઈ.

પરલોક ની શંકાના સંબંધમાં એક બધી વાત છે. એક આગમ છે તંદુલ વૈચારીક પ્રકીર્ણક, એની અંદર પ્રશ્ન કર્યો કે, આત્માને પૂર્વ ભવ યાદ કેમ નથી આવતો, અને એના બે કારણ બતાવ્યા,

जायमाणस्स जं दुक्खं मरमाणस्स य जंतुणो।

કે જીવ જ્યારે મરે છે, અને જીવ જ્યારે જન્મે છે, ત્યારે એને એટલી બધી વેદના હોય છે, એના કારણે

तेण दुक्खेण संतत्तो न सरइ जाइमप्पणो।।

તેનાથી તે પોતાની જાતિ, પૂર્વ જન્મ, એને યાદ કરી શકતો નથી. આ ભવની અંદર પણ ક્યાંક એવી ઘટના બને, કોઈ ને એટલો બધો આઘાત લાગ્યો હોય, કોઈ એવો પછડાટ થયો, કોઈ એવો ACCIDENT થઈ ગયો, અને એની યાદશક્તિ જતી રહે. કોઈ એવી તીવ્ર વેદનામાં રહ્યું, તાવ એટલો ચડ્યો ... એટલો ચડ્યો.. પાંચ-ઉપર... છ ઉપર... નો સતત તાવ, એને મગજ ઉપર અસર થઈ જાય, એ રીતે મૃત્યુની પીડા, જન્મની પીડા, આ જે પીડા એવી છે,

એના કારણે જીવને પૂર્વભવ યાદ આવતો નથી. પણ પૂર્વભવ છે.. છે.. ને છે! કોઈ વસ્તુને સમજ્યા વગર માની લેવી એ જેમ અંધશ્રદ્ધા છે, એ રીતે કોઈ વસ્તુને સમજ્યા-વગર એને ના જ માનવી એ પણ એક-પ્રકારની અંધશ્રદ્ધા છે.

**સભાનો પ્રશ્ન :-** સાહેબજી જાતિસ્મરણ થવાના કારણો શું હોય છે?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** યોગબિંદુની અંદર- હરીભદ્રસૂરી મહારાજ એ- એનો જવાબ આપ્યો, કે જાતિસ્મરણ શેનાથી થાય?

પહેલું કારણ આપ્યું!

पित्रोः सम्यगुपस्थानाद् ।

માતા-પિતા છે એમની બરાબર સેવા કરે.

ग्लानभैषज्यदानतः ।

બીજું કારણ બતાડ્યું, કોઈ મહાત્મા ગ્લાન છે, એને તમે ઔષધ આપો, એમની તમે TREATMENT કરાવો, તો જાતિસ્મરણ જ્ઞાન થાય. અને ત્રીજું કારણ બતાડ્યું,

देवादिशोधनाच्चैव,

તમે દહેરાસરનું શુદ્ધિકરણ કરો, પ્રતિમાનું શુદ્ધિ-કરણ કરો, જ્ઞાનભંડાર હોય સંઘની એના પુસ્તકોનું શુદ્ધિકરણ કરો, કોઈ પણ ધર્મ-સ્થાન છે, કે ધર્મનું ઉપકરણ છે, એનું તમે શુદ્ધિકરણ કરો,

भवेज्जातिस्मरः पुमान् ॥

એનાથી જીવને જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થાય. છેવટે તો છે ને એ અંતરના આવરણોના ક્ષયોપશમ થી કોઈ પણ જ્ઞાન થાય. આપણે ગાથા આગ ગણીએ, અને આપણને થાય કે આપણે ગણીને એટલે આપણને થઈ ગઈ. તો એ પણ એક નિમિત્ત છે. ગુરુ સમજાવે એ પણ એક નિમિત્ત છે, અંતરંગ કારણ શું છે કે કર્મોનો ક્ષયોપશમ. કર્મો નો ક્ષયોપશમ કોઈ પણ રીતે થઈ શકે. ચૌદ પૂર્વ ભણવાથી પણ કર્મો નો ક્ષયોપશમ- થઈ શકે ને ચૌદ પૂર્વનું જ્ઞાન મળે. એમને એમ કોઈ એવો આત્મા હોય, માત્ર એની ભાવધારામાં આગળ જાય છે, અને ચૌદ પૂર્વનો ક્ષયોપશમ એને થઈ જાય છે. આવા જુદા જુદા કારણો હોય છે.

હવે અહીંયા કહે છે, અગિયારમા ગણધર, એમને સંદેહ છે, કે મોક્ષ છે કે નહિ કે પ્રભાસ નામના પંડિત છે, એમણે વેદ- વચન વાંચ્યું,

जरामर्यं वा यदग्निहोत्रम् ।

અગ્નિહોત્ર ક્રિયા એ જ મરણ સુધી કરવી જોઈએ. બીજું કશું જ ના કરવું જોઈએ. નિર્વાણ યોગ્ય ક્રિયા એનો નિષેધ એનાથી જણાય છે. માટે મોક્ષ નથી. અને અગ્નિહોત્ર ક્રિયા, પશુના વધ રૂપ હોય છે, કેટલાક મનુષ્યના ઉપકાર રૂપ- હોય છે, એટલે વિચિત્ર ક્રિયા તો મોક્ષ હાયક થાય નહિ. માટે મોક્ષ યોગ્ય ક્રિયાનો સમય પણ બતાવ્યો નથી, માટે મોક્ષ નથી. આવો તમને સંદેહ થયો. બીજું વચન તમે વાંચ્યું,

द्वे ब्रह्मणी वेदितव्ये परमपरं च ।

classmate

જે બ્રહ્મ ને જાણવા જોઈએ, એક પર અને એક
અપર, એમાં જ પર છે જે પરમાત્મા રૂપ છે,
તો તેનાથી મોક્ષ ની પણ વિદ્યમાનતા જણાય છે,
પરસ્પર વિરૂધ્ધ વેદ વાક્ય, જે તમે વાંચ્યા,
એનાથી મોક્ષ છે કે નહિ એ સંદેહ થયો,
પણ આ સંદેહ યુક્ત નથી, વેદ પદોનો અર્થ
શું છે ?

जरामर्यं वा यदग्निहोत्रम् ।

આમાં જે "વા" શબ્દ છે, એનો આપ અર્થ
કરવો, યાવદ્ જીવ અગ્નિહોત્ર પણ કરવું, અને
બીજું મોક્ષ સાધક ક્રિયાનુષ્ઠાન પણ કરવું, તેમ
વકાર જ્યાં લગાડો છો ત્યાં પણ મૂકવું જોઈએ,
એટલે મોક્ષ પણ છે, એ પણ સિધ્ધ થાય છે.
હંમેશા અગ્નિહોત્ર જ કરવું આવો નિયમ નથી,
આજીવન અગ્નિહોત્ર કરણ, એવો નિયમ ન
હોવાથી મોક્ષાનુષ્ઠાન નો કાળ છે, એ પણ કહ્યો
છે એમ સમજવો. માટે મોક્ષ છે. આ રીતે
અગિયારમા ગણધર ની વાત થઈ.

## અગિયાર ગણધર દીક્ષા લે છે,

એમના શિષ્યો એમ કુલ ચુમ્માલીસ્સો, એ પણ
દીક્ષા લે છે. મુખ્ય અગિયાર છે એ ભગવાન
પાસેથી ત્રિપદી પામે છે. દ્વાદશાંગી રચે છે,
અગિયાર એમની ગણધર પદે પ્રતિષ્ઠા થાય છે.
શક્ર ભગવાન પાસે આવે છે. દિવ્ય ચૂર્ણ થી
ભરેલા, વજ્રમય દિવ્ય સ્થાલ છે, એને ભર્યો
છે ભગવાન પાસે શક્ર ઉભો છે, ભગવાન-
પોતે સિંહાસનથી ઉભા થાય છે. ચૂર્ણ મુઠ્ઠિ
એને હાથમાં લે છે, ગૌતમ આદિ અગિયાર
ગણધરો, એ કંઈક નમી ને ભગવાન આગળ

ઉભા છે, કલ્પના કોઈએ કેવું પાવન એ દ્રશ્ય હશે, અનુક્રમથી બધા ઉભા છે. દેવતાઓએ એ વાજિંત્રો વગેરે નો અવાજ બંધ કરી દીધો છે, અને ભગવાન કહે છે,

गौतमस्य द्रव्यगुणपर्यायैस्तीर्थं अनुजानामि ।

દ્રવ્ય, ગુણ પર્યાયથી ગૌતમ ને તીર્થની અનુજ્ઞા-આપુ છું. એમ કહીને મસ્તક ઉપર ચૂર્ણ નાખે છે. દેવો પણ ચૂર્ણ, પુષ્પ, અને સુગંધી દ્રવ્યો-ની વૃષ્ટિ એમના ઉપર કરે છે. અને ભગવાન સુધર્મા સ્વામી ને આગળ કરીને, ગણ ની અનુજ્ઞા આપે છે.

તે કાળે, તે સમયે, શ્રમણ-ભગવાન મહાવીરે, અસ્થિક ગામની નિશ્રાથી પહેલું ચાતુર્માસ કર્યું. એના પછી ચંપા, પુષ્ઠ ચંપા એની નિશ્રાથી ત્રણ ચોમાસા ભગવાને કર્યા. વૈશાલી નગરી-વાણિજ્ય ગામ એમાં બાર ચોમાસા કર્યા. રાજગૃહી નગરીના નાલંદા શાખાપુરની નિશ્રાએ ભગવાને ચૌદ ચોમાસા કર્યા. મિથિલા નગરીમાં છ, બે ભદ્રિકા નગરીમાં, એક આલંભિકામાં, એક શ્રાવસ્તિ છે, એક વજ્રભૂમિ આણ્ય, એક અનાર્ય દેશમાં, એક-મધ્યમાં અપાપાપુરીમાં, હસ્તિપાલ રાજાની જુર્ણ શાળાની બહર એમણે પાસે અંત્ય ચોમાસુ કર્યું. અને પહેલા એ નગરી નું નામ અપાપા હતું, પણ ત્યાં ભગવાનનું નિર્વાણ થયું, માટે દેવો એ એનું નામ પાપા પાડ્યું, એટલે કે પાપાપુરી, એટલે ભગવાન પાપાપુરી મધ્યમાં હસ્તિપાલ રાજાની જુર્ણશાળામાં અંતિમ ચોમાસુ જ્યાં કર્યું ત્યાં અંતિમ-ચોમાસામાં જે વર્ષા કાળની ચોથી મહિનો, સાતમો પક્ષ, એનો પંદરમો દિવસ, એટલે કારતક-વદ-અમાસ

તે કાળના દિવસે જે શ્રમણ ભગવાન મહાવીર-
એ પોતે નિર્વાણ પામ્યા, સંસારથી પોતે મુક્ત થયા.
દુઃખ, જરા વગેરે ના બંધન છેદાઈ ગયા. સિદ્ધ
થયા, બુદ્ધ થયા, સર્વ દુઃખો ના અંત કરનારા
થયા. સર્વ સંતાપ રહિત થયા, શારિરીક, માન-
સીક બધા દુઃખ થી રહિત થયા. ભગવાનના
નિર્વાણ વર્ષે જૈનો સિધ્ધાંતિક માને કહે છે,
ભગવાન જ્યારે નિર્વાણ પામ્યા, ચંદ્ર નામનો-
બીજો સંવત્સર હતો, જ્યોતિષ શાસ્ત્ર- વિષયઓ
બધી પરિભાષા છે. પ્રિતીવર્ધન નામનો મહિનો
હતો. નંદીવર્ધન નામનો પક્ષ હતો. ઉપશમ
નામનો દિવસ હતો. નિરતિ નામની જચાવસ્થા
ની રાત હતી. અર્ચ નામનો લવ હતો. મુર્ત -
નામનો પ્રાણ હતો. સિધ્ધ નામનો સ્તોક હતો,
નાગ નામનું કરણ હતું, સર્વાર્ધ નામનું મુહુર્ત
હતું, સ્વાતી નામના નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ
થયો છે. જે સમયે ભગવાન નિર્વાણ પામ્યા.
અને સર્વ દુઃખોથી ભગવાન મુક્ત થયા.

જે રાતે શ્રમણ ભગવાન મહાવીર-
એ નિર્વાણ પામ્યા, તે રાત સ્વર્ગથી-
આવતા અને ઉપર જતા ઘણા બધા દેવદેવીઓ
એમનાથી પ્રકાશ વાળી હતી. કોલાહલ મય હતી.
જે રાતે શ્રમણ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા,
એ રાતે ભગવાનના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમ ગોત્રીય
ઇન્દ્રભૂતિ અણગાર, એમનું ભગવાન સાથેનું જે
પ્રેમનું બંધન હતું. એ પણ તુટે છે, અને
કેવળજ્ઞાન દર્શન એમને ઉત્પન્ન થાય છે.
કઈ રીતે તે કહે છે. ભગવાનના નિર્વાણ
સમયે ગૌતમ સ્વામીને દેવશર્મા બ્રાહ્મણને

classmate

પ્રતિબોધ કરવા માટે એમની પાસે મોકલ્યા છે. અને એમને પ્રતિબોધી ને પાછા આવી રહ્યા છે, ભગવાનનું નિર્વાણ સંભળાય છે, જાણે વજ્રનો પ્રહાર થયો હોય, એ રીતે એમને આઘાત લાગે છે. અને પોતે કહે છે, હે, ભગવાન-આપના વિરહથી આ ભરતક્ષેત્રમાં મિથ્યાત્વનો અંધકાર પ્રસરશે. કુતીર્થીક રૂપી જે ઘુવડો છે તે ઉછળકુદ કરશે. દુકાળ, વેર વગેરે જે રાક્ષસો છે, તે પ્રસાર પામશે. હે ભગવાન, હવે-જાણે રાહુ ગ્રસ્ત ચન્દ્ર હોય, એવા આકાશ જેવું, દિવા વિનાના ઘર જેવું, એત્યારે આ ભરતક્ષેત્ર આપના વિના શોભા રહિત થઈ ગયું. એમની આંખ-માંથી અશ્રુની ધારા વહી રહી છે. હીબકા ભરી-ભરીને ગૌતમસ્વામી રડી રહ્યા છે.

હે ભગવાન હવે કોના ચરણમાં માથું નમાવીશ. મને પ્રશ્ન થશે જિજ્ઞાસા થશે ત્યારે કોને પુછીશ? હે ભંતે! હે ભંતે! હે ભંતે! આવી રીતે કહીને હું કોને સંબોધીત કરીશ. અને ગોયમા-ગોયમા કરીને, હે ભગવાન હવે મને કોણ બોલાવશે. ઓ ભગવાન આપે આ શું કર્યું? અંતિમ સમયે મને દુર કરી દીધો. શું આપને એવું લાગતું હતું કે હું આપને મોક્ષ માર્ગમાં આડો આવી જઈશ. શું આપને એવું લાગતું હતું કે હું કેવળજ્ઞાનની ભાગ માંગીશ? શું આપને એવું લાગતું હતું, કે હું આવીશ તો મોક્ષ સાંકડુ થઈ જશે. આપને એવું લાગતું હતું કે હું આપના માટે ભારરૂપ છું કે મને એકલો મુકી ને આપ એકલા જ મોક્ષે જતા રહ્યા. વીર.. વીર.. વીર.. વીર.. વીર.. વીર.. વીર.. વીર.. નું રટણ અંદર ચાલુ છે.

અને જે સમયે વીર શબ્દ આવી ગૌતમસ્વામી ને
પ્રેરણા મળે છે, કે વીર તો કેવા છે? જે
વીતરાગ છે. જે નિ:સ્નેહ છે. મારો જ
અપરાધ છે. કે મેં ત્યારે શ્રુતોપયોગ મુક્યો
નહિ, ભગવાને મને મોકલી દીધો આવું મારે-
ના કહેવું જોઈએ, અને મારો સ્નેહ પણ કેવો
છે, એક પાક્ષિક સ્નેહ છે, ભગવાન તો
વિતરાગ છે, હવે આ સ્નેહ થી પણ સર્યું.
હું એકલો છું મારું કોઈ જ નથી, હું પણ-
કોઈનો નથી. આ રીતે એકત્વ ભાવના, ભાવના-
ભાવતા.. ગૌતમ સ્વામી ને પણ ત્યારે કેવલજ્ઞાન
થાય છે.

અહીં કહે છે, મોક્ષમાર્ગમાં રહેલા
જીવો, એમને સ્નેહ છે જે ચક થાંભલા જેવો છે.
જ્યાં સુધી ભગવાન જીવતા હતા, ત્યાં સુધી
ગૌતમસ્વામી ને કેવળજ્ઞાન થયું નહિ. એમની
ભુમિકા ની વાત છે. આપણી ભુમિકાએ દેવ-
ગુરુ- ધર્મ નો રાગ, જે આપણને આગળ-
વધવા માટે આલંબન છે. એથી ઉંચી-
ભુમિકા એ પહોંચી ગયા હતા, એમણે એનાથી
પણ ઉપર ઉઠવાનું હતું, અને કેવળજ્ઞાન પામવાનું
હતું, એ વાત એમની ભુમિકાએ છે. સરસ-
મજાની આ વાત કરે છે, અહંકાર હતો હમણાં
મહું ને જીતી લઉં, એ અહંકાર પણ બોધ-
માટે થયો, જે રાગ હતો, એ રાગ પણ
ગુરુ ભક્તિ માટે થયો. અને જે વિષાદ હતો
એમાંથી કેવળજ્ઞાન ની પ્રાપ્તિ થઈ. ગૌતમ-
સ્વામી નું બધું આશ્ચર્યકારક છે. બાર વર્ષ-
સુધી કેવલી પર્યાય પાળીને, જે દીર્ઘાયુ છે,

સુધર્મા સ્વામી, માટે એમને પોતાનો ગણ સોંપે
છે. અને ગૌતમસ્વામી મોક્ષે જાય છે. સુધર્મા
સ્વામી પણ પાછળથી કેવળજ્ઞાન પામે છે. આઠ
વર્ષ સુધી પૃથ્વી પર વિચરણ કરે છે. જંબુસ્વામીને
પોતાનો ગણ આપીને, એ પણ મોક્ષે જાય છે.

જે રીતે શ્રમણ ભગવાન-
મહાવીર નિર્વાણ પામ્યા, તે રાતે મલ્લકી જાતિ-
કાશી દેશના નવ રાજા, લેચ્છી જાતિ કુશલ દેશ-
ના નવ રાજા, એ અઢાર ગણ રાજ કહેવાય,
જે ચેટક મહારાજાના સામંત હતા, એ બધા
આહાર ત્યાગ રૂપ, પૌષધ- ઉપવાસ કરે છે. તો
ભગવાન નિર્વાણ પામ્યા, એક ભાવ પ્રકાશ ગયો,
હવે દ્રવ્ય પ્રકાશ આપણે કરીએ, એમ વિચારીને
એમણે દીવડા પ્રગટાવ્યા, ~~[illegible]~~ ત્યારથી -
દિવાળી એ પર્વ, લોકોમાં પ્રવર્તમાન થયું.

કારતક- સુદ- એકમના દિવસે દેવતાઓ
ગૌતમસ્વામી કેવળજ્ઞાનની મહિમા કરે છે. લોકોને
આનંદ.. આનંદ થઈ જાય છે. નંદીવર્ધન રાજા,
ભગવાનના નિર્વાણથી અત્યંત શોકાર્ત થયા હોય છે.
બીજના દિવસે એમના બહેન સુદર્શના પોતાના
ઘરે એમને નિમંત્રણ આપે છે, આદર સાથે-
જમાડે છે, ત્યારથી ભાઈબીજનું પર્વ એ પણ
પ્રવર્તમાન થાય છે. જે રાતે શ્રમણ ભગવાન-
મહાવીર મોક્ષે ગયા, તે રાતે ક્રૂર સ્વભાવ વાળો
બે હજાર વર્ષની સ્થિતિ વાળો, ભસ્મ રાશિ નામનો
ત્રીસમો મહાગ્રહ, એ ભગવાનના જન્મ નક્ષત્ર માં
સંક્રાંત થાય છે, અને એનાથી ભગવાનના શાસન-
માં ઉત્પન્ન એવા સાધુ- સાધ્વીઓના સત્કારની

પ્રતિરોધ થાય છે. ભગવાન શાસનને પીડાકારક એવો ભસ્મ રાશિ મહાગ્રહ એને જોઈને - શ્રીધર્મેન્દ્ર ભગવાનને હેલ્લી વિનંતી કરે છે. હે પ્રભુ, આપ ક્ષણ માટે આયુષ્ય વધારી દો, આપના ચ્યવન થી જે જન્મ નક્ષત્ર માં સંક્રાન્ત થશે, તો પછી આપના શાસનને એનાથી કોઈ પણ ઉપદ્રવ નહિ થાય, અને ભગવાન કહે છે, હે શક્ર, ક્યારે પણ આયુષ્ય પુરુ થાય, તો તીર્થંકરો પણ એને વધારી શકતા નથી, તીર્થ બાધા અવશ્યં બાધિની છે, છતાં પણ ૮૬ વર્ષના આયુષ્ય વાળો જે કલ્કી નામના ખરાબ રાજા, એનો સાધુ વડે નિગ્રહ કરાશે, જો હજાર વર્ષ - પુરા થશે, અને મારા જન્મ ગ્રહ માંથી ભસ્મ ગ્રહ જતો રહેશે, અને પછી તમારા દ્વારા સ્થાપિત કલ્કી પુત્ર, ધર્મદત્ત રાજ્ય ત્યાંથી માંડીને સાધુ સાધ્વી નો વધારે ને વધારે પૂજા- સત્કાર થશે.

એ રીતે શ્રમણ ભગવાન મહાવીર મોક્ષે ગયા, એ રાતે જોઈ પણ ન શકાય, એવા છદ્મસ્થો થી જે બરાબર ઓળખી ના શકે, હલે તો દેખાય, સ્થિર હોય તો દેખાય જ નહિ, એવા કુંથવા નામના જીવડાઓ ઉત્પન્ન થઈ- ગયા, એ સુક્ષ્મ કુંથવાઓને જોઈને, ઘણા- બધા સાધુઓએ, ઘણા બધા સાધ્વીજી ભગવંતોએ અનશનનો સ્વીકાર કર્યો. કે હવે આ પાંચમો આરો આવ્યો છે, આ જીવાતો બહુ થઈ છે, પૃથ્વી વધારે જીવાકુલ થશે, સંયમ યોગ્ય ક્ષેત્ર નથી. અને સંયમ દુરારાધ્ય થશે. સંયમ- રક્ષા માટે પોતે અનશન લઈ લો છે.

તે કાળે, તે સમયે, શ્રમણ ભગવાન મહાવીર,
એમના ઇન્દ્રભૂતિ વગેરે ચૌદ હજાર શ્રમણો,
ઉત્તમ શ્રમણ સંપદા હતી, શ્રમણ ભગવાન-
મહાવીર ના આર્યચન્દના વગેરે 36,000 સાધ્વીજી
ભગવંતો ની સંપદા હતી. શંખ વગેરે શ્રાવકો-
એક લાખ ઓગણ સાઠ હજાર હતા. સુલસા,
રેવતી વગેરે શ્રાવિકાઓ, ત્રણ લાખ અઢાર-
હજાર હતા. ભગવાનના ત્રણસો ચૌદ પૂર્વીઓ હતા.
અવધિજ્ઞાની ઓ તેરસો હતા. કેવળજ્ઞાનીઓ સાતસો
હતા. વૈક્રિય લબ્ધિ વાળા સાધુઓ સાતસો હતા.
વિપુલમતિ એ જ્ઞાન વાળા પાંચસો મહાત્મા હતા.
વાદી મુનિ ચારસો હતા. પોતાના હાથે દીક્ષીત એવા
ભગવાનના સાતસો શિષ્યો મોક્ષે ગયા. ચૌદસો
સાધ્વીજી ભગવંતો મોક્ષે ગયા. અને આઠસો ભગવાન-
ના શિષ્યો, એકાવતારીઓ એ અનુત્તર વિમાનમાં
ઉત્પન્ન થયા. જે આવતા ભવે મોક્ષે જશે.

શ્રમણ ભગવાન મહાવીર, એમની
મોક્ષમાર્ગ ગામિની બે પ્રકારની મર્યાદા હતી, યુગાન્ત-
કૃત ભૂમિ, પર્યાયાંતકૃત ભૂમિ, યુગાંતકૃત ભૂમિ એટલે
ભગવાનનો મોક્ષ માર્ગ ક્યાં સુધી ચાલ્યો, તો
ભગવાનની પરંપરામાં ત્રીજુ પેઢી, જંબુસ્વામી સુધી
મોક્ષ માર્ગ ચાલ્યો. પર્યાયાંતકૃત ભૂમિ એટલે ભગવાન-
ને જ્યારે કેવળજ્ઞાન થયું, ત્યારથી ચાર વર્ષ ગયા,
ત્યારે ભગવાનના શાસનમાંથી સૌથી પહેલા કોઈ આત્મા
મોક્ષે ગયો. એટલે ભગવાનનો ચાર વર્ષનો કેવળજ્ઞાન
પર્યાય હતો, ત્યારે કોઈ કેવળી મોક્ષે ગયા.

તે કાળે, તે સમયે, શ્રમણ-
ભગવાન મહાવીર, ત્રીસ વર્ષ ગૃહસ્થાવસ્થા માં રહ્યા, -
સાડા બાર વર્ષ + પંદર દિવસ એટલો છદ્મસ્થ-


classmate

પર્યાય ભગવાને પાળ્યો. ૩૦ વર્ષ કેવલી પર્યાય પાળ્યો. ૪૨ વર્ષ સર્વ ચારિત્ર પર્યાય પાળ્યો. અને ૭૨ વર્ષ-એટલું ભગવાને સર્વાયુ પાળ્યું. વેદનીય, આયુ, નામ, ગોત્ર કર્મ એ બધા કર્મો ક્ષીણ થયા. આ અવસર્પિણી ની અંદર દુષમ-સુષમા નામનો ચોથો આરો ઘણો પુરો થઈ ગયો હતો. ત્રણ વર્ષ અને સાડા સાત મહિના, એટલા બાકી છે, મધ્યમાં અપાપાપુરી માં હસ્તિપાલ રાજાની લેખક સભામાં, રાગાદિ સહિત રહિત હોવાથી એકાકી, આદિનાથ ભગવાનની જેમ દસ સહસ્ત્ર-પરિવાર સાથે નહિ, એ રીતે ભગવાન, નિર્જળ-છઠ નો ભગવાનને તપ છે, સ્વાતિ નક્ષત્ર સાથે ચંદ્ર નો યોગ થયો છે. રાત્રિની ચાર ઘડી બાકી છે, પદ્માસન માં ભગવાન બિરાજમાન છે. પંચાવન પુણ્ય ફલ દર્શક અધ્યયન, પંચાવન-પાપના ફલ વિપાક અધ્યયન, છત્રીસ અપૃષ્ટ ઉત્તર-અધ્યયન એ કહીને, અને શ્રેષ્ઠ એ મરુદેવા અધ્યયન એની વિભાવના કરતા ભગવાન મોક્ષે ગયા. ભગવાનના નિર્વાણ પછી, નવસો એંસી વર્ષે સિદ્ધાંત પુસ્તકારુઢ થયો, ત્યારે કલ્પસુત્ર છે એ પણ પુસ્તકારુઢ થયું, વલ્લભીપુર માં-દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ વગેરે સકલ સંઘ-એ વીર નિર્વાણ થી ૯૮૦ વર્ષ થયા, ત્યારે સિદ્ધાંત પુસ્તકારુઢ કર્યો છે. ભગવાનના નિર્વાણ પછી ૯૯૩ વર્ષે આનંદપુર માં પુત્ર મરણાંત, જે ધ્રુવસેન રાજા, એમની શોક દુર કરવા માટે, કલ્પસુત્રની સંઘ સમક્ષ વાચના શરૂ થઈ. આ રીતે પુસ્તક લેખન કાળ, એ કલ્પસુત્રની વાચનાનો સમય, એ આ રીતે જણાવેલો છે. ભગવાનનું વચન એ સર્વથા સત્ય અને શુધ્ધ છે. એના-ઉપરની દૃઢ શ્રધ્ધા એનાથી આપણા આત્માનો નિસ્તાર થશે !

# પ્રવચન - ૧૯

શ્રાવક ના ઘરની અંદર આવુ એક ચિત્ર હોવું જોઈએ
આઠ કન્યાઓ સાથે જંબુ કુમાર બેઠા છે, મુખ-
મુદ્રા માંથી વૈરાગ્ય નિતરી રહ્યો છે. પોતે વૈરાગ્ય-
ની વાત કરી રહ્યા છે. એ કન્યાઓનો મોહ પણ
ઓગળી રહ્યો છે. જે લલિતાંગ જે ભોગ માટે-
આવ્યો હતો એ ભોગ તો એને મળ્યા નહિ. મળ્યો
છે આ વિષ્ટા નો કુપ મળ્યો છે, કુવાની અંદર-
પોતે પડ્યો છે, કઈ રીતે નીકળવું ખબર પડતી-
નથી. અશુચિ વધતી જાય છે. દબાણ વધે છે.
ધીમે ધીમે કુવામાંથી આગળ PIPE LINE જેવું
હતું, એ ભુગર્ભ માં એ ધીમે.. ધીમે.. ધીમે..
ધીમે.. આગળ.. આગળ.. ઢસડાઈ રહ્યો છે.
મળ મુત્ર ની અંદર ખુંપેલો છે. હવે બીજું તો કોઈ
ભોજન પણ નથી, ભુખ લાગે ત્યારે એ જ મળ-
મુત્ર, એને આરોગે છે. લલિતાંગ મહા દુ:ખી
થાય છે. માંડ.. માંડ.. માંડ.. માંડ... એ
PIPELINE ની JOURNEY, એ પુરી કરે છે.
૬ મહિને નગર ની બહાર જ્યાં ખાળ છે, ખાળમાં
એ PIPE LINE બહાર નીકળે છે, ત્યાંથી પોતે
પણ બહાર નીકળે છે. હાલત એકદમ ખરાબ છે.
ચામડી બધી નીકળી ગઈ છે, જોઈને ડરી જવાય
એવો દેખાવ છે, અસહ્ય પીડા છે, શરીર આખું
હાડપિંજર જેવું થઈ ગયું છે. નરક જેવી વેદના-
ઓને ભોગવી છે. લોકો આવ-જા કરે છે પણ
કોઈ એની નજીક જવાની હિંમત નથી કરતું. એક
દિવસ એના કોઈ સગા-સંબંધી જતા હોય છે,
જુએ છે, ઓળખે છે, માંડ-માંડ એને ઘરે
પહોંચાડે છે. વૈદ્યો ની દવા ચાલે છે. બીજા
૬ મહિના જાય છે, ને માંડ માંડ એનામાં કાંઈ
હોશ-કોશ આવે છે. ધીમે ધીમે શરીર વળે છે.

ધીમે ધીમે એ લલિતાંગ પાછો NORMAL થાય છે. રાજમાર્ગ પરથી નીકળે છે. ઝરૂખા માં રાણી બેઠી છે, ફરીથી બંનેની નજર મળે છે.

સંસારના રાગભાવો લઈને જે ઉન્માદો આવી છે, ને જંબુકુમાર, માત્ર શબ્દ નથી, શબ્દ ની પાછળ વૈરાગ્યનું બળ છે. લલિતાંગની વાત કહે છે, ફરી નજર મળે છે. ફરી રાણી-એને બોલાવે છે. ફરી હવે તો બેઠા જ છે, ફરી રાત્ર આવે છે. ફરી એ જ કુવામાં એને-નાખી દે છે. એક વાર.. બે વાર.. ત્રણ વાર... ચાર વાર... પાંચ વાર... લલિતાંગ ફરી ને ફરી આજ ભુલ કરે છે. જે ભુલ ને કારણે આટલો બધો દુ:ખી થયો, અને ફરી ફરી એ જ ભુલ કરે. રાણીનો સ્પર્શ સુધ્ધા મળ્યો નથી, મળી છે રાણીની અશુચિ, મળી છે રાણીની એંઠ, મળી છે છ મહિનાની અંધાર કોટડી, મળી છે દુર્ગંધ, મળી છે યાતના, મળી છે પીડા, અને છતાં ફરી ફરી એમ થાય કે એક વાર એ ભોગ મળી જાય તો સારું.

ઇન્દ્રિય પરાજય શતક કહે છે,

कामे उन पत्थमाणा अकामा जन्ति दुग्गइं।

કામ ભોગોની જે કામના કરે છે, કાંક્ષા કરે છે, ઇચ્છા કરે છે, એ લોકો કામ-ભોગો ને ભોગવ્યા-વગર જ, પોતે દુર્ગતિ ની વાટે થઈ જાય છે. બહુ ખરાબમાં ખરાબ હોય ને તો એ દુ:ખ નથી પણ સુખ છે. નરક નું વર્ણન સાંભળી ને કદાચ આપણને થઈ જાય કે નરક તો બહુ ખતરનાક. નરક તો ના જ જોઈએ. જ્ઞાનીઓ કહે છે કે

નરકનું દુઃખ છે ને, એ બીજા દુઃખને લાવનાર નથી. એ દુઃખની પરંપરા લાવનાર નથી, એ દુઃખોથી જીવને વધારે ને વધારે રીબાવનાર નથી. એમાં તો કર્મ પુરા થઈ જાય, કદાચ નવા બીજા પાપ કરે તો ફરીથી નરકમાં આવવું પડે. નરકના દુઃખ છે એ દુઃખનું કારણ નથી. ખરાબ હોય તો સુખ છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ નરકના દુઃખો જે આર્તધ્યાન સાથે સહન કરે, એને તો નવા કર્મ બંધાય જ છે ને!

પૂજ્યશ્રીનો ઉત્તર :- જે આર્તધ્યાન શું છે, એ પાપ છે. એટલે પાપ થી પાપ બંધાશે, દુઃખથી પાપ નહિ બંધાય. સુખને માણસ ભોગવે છે, એમાં આર્ત ધ્યાન હોય છે કે ધર્મ ધ્યાન હોય છે? હવે આમાં ફરક એટલો પડે છે, કે દુઃખમાં હજુ કાંઈ સદ્બુદ્ધિ માણસને જાગી શકે છે, પણ સુખમાં જે સદ્બુદ્ધિ હોય એ પણ જતી રહે છે.

દુઃખ જે ઊંડે ઊંડે જીવને જે સુખનો રાગ છે ને એ જ જીવને સંસારમાં ભટકાવે છે. સુખ મળે કે ના મળે એ તો લાખ રૂપિયાનો પ્રશ્ન છે, સુખ જાય જોઈએ તો સંસારમાં છે જ નહિ. જેટલું મળે છે એમાં દમ નથી, જેટલું મળે છે એની સમય ઓછો છે. એની QUALITY ઓછી છે. જીવને સુખની એક આશા છે એના માટે ખુબ દોડયા કરે છે... દોડયા કરે છે... દોડયા કરે છે, અને સાચા સુખથી વિમુખ થાય છે.

જંબુકુમાર એની વાત કરીને કન્યાઓને

પ્રશ્ન કરે છે, કે તમને આ કેવો લાગ્યો ?
કન્યાઓ કહે છે કે મહામુરખ કહેવાય. અને
જંબુકુમાર કહે છે કે પાંચ- પાંચ વાર આવી
યાતનાઓ ભોગવ્યા પછી, એ લલિતાંગ હજુ કદાચ
છઠ્ઠી વાર રાણી બોલાવે ને એ મળવા જાય એ
હજુ કદાચ બની શકે.

अहं तु नानुलिप्सामि गर्भसङ्क्रान्तिकारणम्।

પણ હવે જે સંસારનું કારણ છે, ગર્ભાવાસનું કારણ-
છે, એને સેવવા હું માંગતો નથી! લલિતાંગની કથા
સાંભળીને આપણને દયા આવે કે લલિતાંગ -
કેટલો બિચારો, કેટલો અભાગ્યો, કેટલો દુઃખી,
કેટલો પીડિત, ફરી ફરી જે આપણે સંસારમાં નવા-
નવા જન્મ લઈએ, ગર્ભાવાસ માં આવીએ, આ
ગર્ભાવાસ શું છે ? એ અશુચિના કુવા જેવું છે.
અને એ અશુચિના કુવાની અંદર, આપણો જીવ
છે એ આવે છે, એ અંદર રહે છે, અંદર -
પેલાને ગરમી હતી, જ્યાં જઠરાગ્નિની ગરમી હોય
છે ત્યાં અશુચિ હતી, જ્યાંયા શરીરની અશુચિ
હોય છે. ત્યાં દુર્ગંધ હતી, જ્યાંયા પણ શરીરની
દુર્ગંધ હોય છે, એ લલિતાંગ એંઠવાડ ખાતો
હતો, ગર્ભની અંદર પણ માતા જે ખાય, એ
એંઠ ની પણ જે એંઠ બને, એ એંઠ ને -
ખાવી પડે છે.

જંબુકુમાર કહે છે, સંસાર આ જ છે.
લલિતાંગની કથા છે. એને એ સુખની ઈચ્છા હતી
એના માટે એ ત્યાં ગયો, સંસારી જીવ સુખની
ઈચ્છાથી સંસાર વધે એવા કામ કરે છે, અને
પછી દુઃખી થાય છે. જંબુસ્વામી નું ચરિત્ર
એટલું મોટું છે, આખુ ચોમાસું પણ પિતી

ભય, કેટલું વિશાળ એ ચારિત્ર. એક એક કન્યા એક એક કથા પોતે કહે છે, એ પોતે ભોગના પક્ષની કથા કહે છે, એની સામે જંબુસ્વામી છે, એ પોતે એક એક યોગના પક્ષની, સાધનાના પક્ષની કથા કહે છે. કેટકેટલા તર્ક વિતર્ક થાય છે. કેટકેટલી ચર્ચા થાય છે, ... એક બાજુ આ ચર્ચા ચાલે છે.

એક ચોર છે નામ છે પ્રભવ. પાંચસો ચોર એમના સાગરિત છે. પોતે સાંભળ્યું છે, નવ્વાણું કરોડ સોનૈયા છે. બધા સુઈ જાય એટલે લુંટી લઈએ. પોતે ક્યાં ને ક્યાં, કોઈ બારી માંથી, કોઈ બારણામાંથી, કોઈ ફાંટ માંથી, લાગ જોઈને બેઠા છે, બધા ભેગા છે. વાત થઈ રહી છે, વાત પુરી થાય એટલે ચોરી કરીએ, આવી ભાવના છે. અને એ વાતો ને સાંભળતા....સાંભળતા - કન્યાઓ પણ પ્રતિબોધ પામી, અને એ પ્રભવ ચોર એ પણ પ્રતિબોધ પામે છે, એના બધા સાગરિતો પણ પ્રતિબોધ પામે છે. કેવો વૈરાગ્ય હશે જંબુકુમારનો, આવી નવયૌવના એવી પત્નીઓ ને પ્રતિબોધ કરી, પાંચસો- પાંચસો ચોર છે એમને - પણ પ્રતિબોધ કર્યા. અહીંયા કહે છે, સમ્યક્ત્વ અને શીલ આ બંને એવા તુમડા છે, એનાથી ભવસાગર સુખેથી તરી જવાય, એમને ધારણ- કરનાર એવા જંબુ સ્વામી એ સ્ત્રી નદીમાં કઈ રીતે ડુબી શકે! હવે આ બાજુ કહે છે કે પ્રભવ સ્વામી એ પણ પોતે બોધ પામ્યા, જંબુકુમાર છે એમણે કન્યાઓને પ્રતિબોધ કરી, એ સાંભળીને એના માતા-પિતા પ્રતિબોધ પામ્યા, કન્યાઓ આઠ હતી એમના માતા-પિતા પ્રતિબોધ પામ્યા, પાંચસો ચોર, જંબુસ્વામી પોતે, આઠ પત્નીઓ, એ બધાના

DATE

માતાપિતાઓ, આ રીતે કુલ પાંચ સો લોકો નવ્વાણું કરોડ સોનૈયાઓને છોડી ને, સુધર્મા સ્વામી પાસે-દીક્ષા લે છે. ~~[illegible]~~ ક્રમશઃ કેવળજ્ઞાની બને છે. સોળ વર્ષ ગ્રહસ્થ પર્યાય, વીસ વરસ છદ્મસ્થ પર્યાય, -ચુમ્માલીસ વર્ષ કેવલી પર્યાય, કુલ એંસી વર્ષનું સર્વાયુ પાળી ને પ્રભવ સ્વામી ને પોતાના પદે રાખી ને, જંબુસ્વામી પોતે મોક્ષે જાય છે. જંબુ-સ્વામી મોક્ષ માં ગયા, એટલે દશ વસ્તુઓની-વિચ્છેદ થયો, કઈ દસ વસ્તુ એ કહે છે, મનઃપર્યવ જ્ઞાન, પરમાવધી જ્ઞાન, પુલાક લબ્ધિ, આહારક લબ્ધિ, ક્ષપક શ્રેણિ, ઉપશમ શ્રેણિ, જીનકલ્પ, પરિહાર વિશુદ્ધિ, સુક્ષ્મ સંપ્રાય, યથાખ્યાત ચારિત્ર, કેવળજ્ઞાન અને મોક્ષગમન!

કવિ અહીંયા કલ્પના કરે છે, કે જંબુસ્વામી નું સૌભાગ્ય લોકોત્તર છે. એમના જેવા પતિને પામી ને હવે શિવસુંદરી બીજા કોઈ પતિને ઈચ્છતી નથી. એમના પછી ભરતક્ષેત્રમાંથી કોઈ મોક્ષે ગયું નથી.

કાશ્યપ ગોત્રીય, સ્થવિર આર્ય જંબુ-સ્વામી, એમના કાત્યાયન ગોત્રીય સ્થવિર આર્ય-પ્રભવ, એ એમના શિષ્ય થયા. અને કહે છે વત્સ ગોત્રીય સ્થવિર આર્ય સ્વયંભવ એ એમના શિષ્ય થયા, જે મનકના પિતા હતા. એમનું અહીંયા વૃતાંત કહે છે. પ્રભવ સ્વામી વિચારે છે, કે મારા પદે યોગ્ય શિષ્ય ને સ્થાપવા જોઈએ. તો પોતાના આખા સમુદાયમાં ઉપયોગ મુકે છે, કોણ ઉત્તરાધિકારી બનવા માટે યોગ્ય છે કે કોઈ દેખાતું નથી, સંઘની અંદર ઉપયોગ

મુકે છે. એવા કોઈ શ્રાવક છે કે ઉત્તરાધિકારી-
બની શકે એવી યોગ્યતા ધરાવે છે. એમાં પણ
કોઈ નથી દેખાતું. અને પછી અજૈનોમાં પણ
ઉપયોગ મુકે છે. રાજગૃહી નગરીમાં -
યજ્ઞકર્તા સ્વયંભવ બ્રાહ્મણ, એ દેખાય છે. પોતે
રાજગૃહીમાં જાય છે, બે સાધુઓને મોકલે છે.
આટલો સંદેશ એ સ્વયંભવ બ્રાહ્મણને કહેજો,
બંને સાધુઓ જાય છે. સ્વયંભવ બ્રાહ્મણને કહે છે,

अहो कष्टं अहो कष्टं तत्त्वं न ज्ञायते परं।

તમે યજ્ઞ કરો છો, ઘણી બધી મહેનત કરો છો,
ઘણો બધો ખર્ચો કરો છો, પણ આમાં કંઈ જ
તત્ત્વ દેખાતું નથી. સ્વયંભવ બ્રાહ્મણ છે આવુ
સાંભળીને પોતે ચમકે છે, આશ્ચર્યચકિત થાય
છે. અને પછી કહે છે, કે આમાં કંઈક રહસ્ય
હોવું જોઈએ. મહાત્મા તો નીકળી ગયા છે. પોતાના
જે ગુરુ છે, એ બ્રાહ્મણ ગુરુને પુછે છે કે
આમાં શું તત્ત્વ છે? એ લોકો કહે છે કે તત્ત્વ
નથી તો તત્ત્વ શું છે? અને એ કહે છે કે, આ
બધા ખોટા છે. આ જ તત્ત્વ છે. અને સ્વયંભવ-
બ્રાહ્મણને થયું કે જૈન મુનિ, એ લોકો ખોટું બોલે-
નહિ. એ લોકો સાચુ જ બોલે. અને એ
એમને વધારે પુછે છે, હજુ કહેતા નથી, તો-
તલવાર કાઢે છે. કહો નહિ તો મારી નાખીશ. અને
જે સમયે પેલા ડરી જાય છે. અને કહે છે કે મારા
ગુરુએ કહ્યું હતું, ત્યારે મરણ જેવી પરિસ્થિતિ થાય
તો જ કહેવાનું, આ યજ્ઞનો સ્તંભ છે, એ સ્તંભની
નીચે જૈનોના સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ-
ભગવાનની પ્રતિમા છે, અને એમના પ્રભાવથી
આપણો યજ્ઞ સફળ થાય છે.

classmate

સભાનો પ્રશ્ન :- સ્વયંભવ બ્રાહ્મણે તલવાર કાઢી, એમના પોતાના ગુરુ ની સામેની એ તો કઈ રીતે માન્ય કરી શકાય.

પૂજ્યશ્રીનો ઉત્તર :- આપણે તલવાર કાઢવી સારું તો ના કહીએ, મારવાની ધમકી આપી એ સારું કર્યું એવું પણ આપણે ના કહીએ, પણ સ્વયંભવ સ્વામી છે એ પોતે ભગવાનના-પટ્ટધર થયા, માર્ગાનુસારી ગુણોથી તો યુક્ત-હોય.. હોય ને હોય જ ! હવે એમને એવી ભાવના હોય, અથવા એમની વિચક્ષણ બુદ્ધિથી ઓળખ્યું હોય, કે આ ગુરુ તો મને ઠગી રહ્યા છે. જૈન સાધુ ઉપર વિશ્વાસ છે એમના આકાર-ઉપરથી એવું લાગ્યું કે ઠગી રહ્યા છે. અને કદાચ મારી ના નાખે, મનમાં પણ એવું ના-વિચાર્યું હોય, પણ માત્ર એવો ભય બતાડવા માટે, તત્ત્વ પામવા માટે, એટલું કરે તો એમાં માર્ગાનુસારી પણા ને કોઈ પણ પ્રકારની આંચ આવે નહિ, ને ઔચિત્યમાં પણ આંચ આવે નહિ !

એ સમયે સ્વયંભવસૂરી મહારાજ, એ પોતે આ પ્રતિમા ના દર્શનથી પ્રતિબોધ પામે છે. મહાત્માઓની તપાસ કરતા-કરતા ત્યાં-પહોંચે છે, પોતે પ્રભવસ્વામી ને પ્રણામ કરે છે. ધર્મ સાંભળે છે, દીક્ષા લે છે. વજને સ્વયંભવ-સ્વામી ને સ્થાપી ને પ્રભવસ્વામી સ્વર્ગે જાય છે. સ્વયંભવ બ્રાહ્મણે જ્યારે દીક્ષા લીધી ત્યારે-પત્ની ગર્ભવતી હતી, એમને મનક નામનો દીકરો થયો, એ પણ સ્વયંભવસૂરી પાસે પોતે

દીક્ષા લે છે. અલ્પઆયુષ્ય વાળા હોવાથી, એમના
હિત માટે દસવૈકાલિક સુત્રની રચના કરે છે.
મનક મુનિ એને ભણીને છ મહિને પોતે સ્વર્ગે જાય
છે. સ્વયંભવ સૂરી પણ પોતાના પદે તુંગીકાયન
ગૌત્રીય સ્થવિર આર્ય શ્રી યશોભદ્રસૂરીને સ્થાપી-
ને શ્રી વીર નિર્વાણથી ૯૮ વર્ષ ગયા, ત્યારે
સ્વર્ગે જાય છે. યશોભદ્રસૂરી મહારાજ પોતાના
પદે, માધવ ગૌત્રીય સ્થવિર આર્ય સંભૂતિવિજય
પ્રાચીન ગૌત્રીય શ્રી ભદ્રબાહુસૂરી એમને સ્થાપીને
એ પણ સ્વર્ગે જાય છે.

ભદ્રબાહુ સ્વામી ની વાત કહે છે.
પ્રતિષ્ઠાનપુર નગર છે. વરાહમિહિર અને ભદ્રબાહુ
બંને બ્રાહ્મણ ભાઈઓ છે. ગુરુ જુએ છે કે
બંને ભાઈઓ યોગ્ય છે એમ જોઈને દીક્ષા આપે
છે. અને એમાં પણ વિશેષ યોગ્યતા હોવાથી,
ભદ્રબાહુ ને આચાર્ય પદ આપે છે. વરાહમિહિરને
ક્રોધ જાગે છે, ફરી પોતે દીક્ષા છોડી દે છે.
બ્રાહ્મણ વેશ સ્વીકારે છે. વારાહિ સંહીતા બનાવે
છે. નિમિત્ત લોકો ને કહે, અને એનાથી પોતે
પુજે. લોકો ને કહે છે કે કોઈક જંગલમાં શિલા-
પટમાં મેં સિંહ લગ્ન દોર્યું હતું, પાછો જતો
હતો ત્યારે મેં એને ભુસ્યું નહિ, અને સુતા
વખતે મને યાદ આવ્યું, એટલે હું ત્યાં ગયો,
ત્યાં મેં જોયું તો સિંહ પોતે ત્યાં બેઠો હતો,
હું બિલકુલ ડર્યો નહિ, એની નીચે હાથ નાખીને,
મેં લગ્ન જે હતું એ ભુસી નાખ્યું, એટલે
સિંહ લગ્ન નો અધિપતિ સુરજ, એ સંતુષ્ટ
થયો, પ્રત્યક્ષ થઈને મને પોતાના મંડલમાં લઈ
ગયો. અને બધી ગ્રહચાર એણે મને બતાડ્યો.

હવે આવી જે વાત કરે છે, એવી રીતે પોતે અપ-પ્રચાર કરે છે, અને માટે હું ગ્રહચાર માગું છું. એવું કહે છે. એક વાર વરાહમિહિર એ રાજાને કહ્યું, કે આ કુંડાળું છે, કુંડાળાની અંદર બાવન પળ એટલા વજન વાળો માછલો પડશે. ભદ્ર-બાહુસૂરી કહે છે, કે અડધો પળ જેટલું એનું વજન, એમાં શોષણ થશે, એ પડતું હશે એની પહેલા, અને એ શોષણ થવાથી, સાડા એકાવન પળના વજનવાળો એવો એ માછલો પડશે ને એ પણ કુંડાળાની અંદર નહિ પડે. પણ એની - BORDER માં પડશે. આવી રીતે કહ્યું એ સાચું પડ્યું. એટલે વરાહમિહિરની હીલના થાય છે.

એક વાર રાજાને દીકરો જનમ્યો છે, અને વરાહમિહિર કહે છે, સો વર્ષ તમારો દીકરો - જીવશે. અને આ જૈનાચાર્યો છે એ કોઈ વ્યવહાર-ને જાણતા નથી. રાજાને દીકરો થયો તો - વધામણી પણ આપતા નથી. જૈનોની નિંદા થાય-છે. ભદ્રબાહુસૂરી મહારાજ કહે છે, કે સાત દિવસની અંદર બિલાડીથી એ મરી જશે. એટલા માટે અમે વધામણી આપવા આવ્યા નથી. આ સાંભળીને રાજા પોતાના નગરમાંથી બધી બિલાડીઓને કાઢી મુકે છે. સાતમા દિવસે એ દુધ પાન કરતો હોય છે, બાળક અને એક દરવાજાનો આંગળો એના ઉપર પડે છે, અને એનાથી એ મૃત્યુ પામે છે. રાજા પણ તપાસ કરે છે તો એ આગળા ઉપર બિલાડીનું ચિહ્ન હોય છે. એટલે ભદ્રબાહુસૂરી મહારાજની પ્રશંસા થાય છે. વરાહમિહિરની નિંદા થાય છે. વરા-મિહિર ગુસ્સાથી પોતે મરે છે. વ્યંતર થાય છે,


classmate

સંઘને ઉપદ્રવ કરે છે. એને દૂર કરવા ભદ્ર-બાહુસૂરી પોતે ઉવસગ્ગહરં સ્તોત્ર એની રચના કરી છે, એનાથી ઉપદ્રવ દૂર થાય છે. એ સંઘના કલ્યાણને કરનારા ભદ્રબાહુ ગુરુ જય પામો !

આ રીતે સંભૂતિ વિજયના ગૌતમ-ગોત્રીય, સ્થવીર આર્ય સ્થુલભદ્ર શિષ્ય થયા. સ્થુલભદ્ર નો સંબંધ અહીંયા કહે છે. પાટલીપુર નગર છે, નંદ નામના રાજા છે, શકડાલ મંત્રી છે, ભાર્યા એમની લક્ષ્મી દેવી છે. એમના બે દીકરા છે, સ્થુલભદ્ર અને શ્રીયક. સ્થુલભદ્ર બાર-વર્ષ કોશા વેશ્યાના ઘરે રહે છે. એક વાર એવું થાય છે, બીજા ઈર્ષાળુ છે શકડાલ મંત્રીના-એવું ષડયંત્ર રચ્યું, રાજા શકડાલ મંત્રી ઉપર-ગુસ્સે થાય છે, એ ષડયંત્રમાંથી કુટુંબને બહાર લાવવા માટે, મંત્રી પોતે આત્મહત્યા કરે છે. અને આ બાજુ રાજા મંત્રી મુદ્રા આપવા માટે, સ્થુલભદ્ર ને બોલાવે છે. શ્રીયક ભાઈ પાસે જાય છે, કોશા વેશ્યાનું ઘર છે, સ્થુલભદ્ર-બાર વર્ષથી ત્યાં રહ્યા છે, બાર વર્ષ સુધી ઘરની કોઈ ખબર લીધી નથી, ભાઈ પોતાના આવ્યા છે. એ આવ્યા છે ને વાત કરે છે. આવું.. આવું બની ગયું, પિતાનું મૃત્યુ થયું, રાજા મને મંત્રી મુદ્રા આપતા હતા, મેં કહ્યું મારા મોટાભાઈ સ્થુલ-ભદ્ર છે એમને આપો. રાજા તમને મંત્રી મુદ્રા લેવા માટે બોલાવે છે. તે સમયે સ્થુલભદ્ર-સ્વામી પોતે વિચારે છે, કે આ સંસાર કેવો છે ! મંત્રી પદ, પિતાજી એ આટલા વર્ષો સુધી રાજાની સેવા કરી, બધી રીતે પોતાનું કર્તવ્ય-બજાવ્યું, અને ષડયંત્રમાં પિતાજીનું મૃત્યુ થયું.

અને મારે એ જ રસ્તે જવાનું. જે રસ્તે આપણે જવું છે, એ રસ્તે ગયેલાને આપણે જોયા જોઈએ. કે એમની શું સ્થિતિ છે. શું એ લોકો સફળ- થયા છે ? શું એ લોકો સુખી થયા છે ? શું સંસારમાં કંઈ સુખ મળે એવું છે ? સિત્તેર- એંસી વર્ષના કોઈ કાકા હોય, શાંતિથી તમે ક્યારેક પુછો, કે તમને સંસાર કેવો લાગ્યો ? તમે લગન કર્યા, તમારા દીકરા થયા, તમે ધંધો કર્યો, તમારા પૌત્રા થયા, છેવટે સાર- શું મળ્યો ? સાચુ બોલો શું જવાબ આપે ?

સ્થુલભદ્ર સ્વામી પાસે વિવેક છે, ભલે વેશ્યાના ઘરે રહ્યા, ભલે ભોગો ભોગવ્યા, પણ એ જીવની ભવિતવ્યતા સારી હશે, એક નિમિત્ત મળ્યું, કે આવો જ સંસાર હોય તો, આવો સંસાર ના જોઈએ. વૈરાગ્યથી પછી દીક્ષા લે છે. સાધના કરે છે. ગુરુ પાસે જ્ઞાના- ભ્યાસ કરે છે, અને એક વાર ચોમાસુ જ્યારે આવતું હોય છે, ત્યારે સ્થુલભદ્ર સ્વામી એમના ગુરુજીને કહે છે, કે જે વેશ્યા સાથે હું બાર વર્ષ રહ્યો, મારો તો ઉધ્ધાર થઈ ગયો, પણ એ હજુ એનાં પાપોમાં પડી હશે, મારા પ્રત્યેના- અપાર રાગને જ હજુ ઘુંટતી હશે. આપ જો રજા આપો, તો આ ચોમાસુ હું એને ત્યાં કરું. ગુરુ છે, ગીતાર્થ છે, જ્ઞાની છે, સંયમી છે, જુએ છે કે આ શિષ્ય યોગ્ય છે. સ્થુલભદ્ર- સ્વામી જે રજા માંગી રહ્યા છે, એમની જે ભાવના છે, વેશ્યા ને ત્યાં ચોમાસુ કરવાની, ભલે એ જ વેશ્યા સાથે એમણે બાર વર્ષ- ભોગ ભોગવ્યા છે. છતા પણ એની પાત્રતા છે.

DATE

એમનું પણ પતન નહિ થાય, વેશ્યાનું પણ ઉત્થાન થશે. ગુરુ એમની રજા આપી છે. સ્થુલભદ્ર-સ્વામી પોતે વિહાર કરીને ત્યાં પહોંચે છે. દરવાજો ખખડાવે છે, દાસી જોવે છે ને દોડતી દોડતી જાય છે, શેઠાણીજી .... શેઠાણીજી ... શેઠાણીજી.. જેના વર્ષો થી જે આંસુ પાડતા હતા એ કોશા-વેશ્યા, એ જોઈ રહે છે કે આ આટલી બધી આનંદિત થઈને કેમ આવે છે. એ આવી ગયા છે--- એ આવી ગયા છે -- એ પાછા આવ્યા છે.... વેશ્યા SPRING ની જેમ ઉભી થઈ જાય છે. શું સ્થુલભદ્ર પાછા આવ્યા ? હા-- હા-- શેઠાણીજી ! દોડતી દોડતી કોશા વેશ્યા-આવે છે, પગમાં પડી જાય છે, સ્થુલભદ્ર-સ્વામી થોડા પાછા ખસે છે, જોઈ રહે છે-એમની સામે આંખ માંથી આનંદના અશ્રુ જાય છે. મને હતું જ તમે પાછા આવશો ! તમારો-વિયોગ, જેની એની આગમાં હું આટલો સમય શેકાતી રહી, મારી આશા આજે ફળી છે, - પધારો--- પધારો અંદર ! એ વખતે સ્થુલભદ્ર સ્વામી કહે છે કે કોઈ ગેરસમજ નહી કરતી, મેં સંયમ લીધું છે, મરી જઈશ તો પણ એને છોડવાનો નથી, અહીંયા કાયમી રહેવા માટે હું આવ્યો નથી, મારે ફક્ત અહીંયા ચાર મહિના રહેવાનું છે,, એ ચાર મહિના માટે આ હવેલી ની અંદર મારે કોઈક જગ્યા જોઈએ છે. તુ જે જગ્યા બતાવીશ-એમાં હું રહીશ, તું જે વહોરાવીશ એ હું વહોરી લઈશ. શરત એટલી છે કે મારાથી તારે ત્રણ ફૂટ દુર રહેવાનું. મને બિલકુલ સ્પર્શ કરવાનો નહિ, અને કોશા વેશ્યા કહે છે કે તમે આવી ગયા છો તો મને બીજુ કોઈ જ ચિંતા નથી.

આ જે બધું છે એ છોડાવી દેવું એ તો મારું કામ છે. હું તમને બરાબર ઓળખું છું, મારા શયનખંડની દિવાલો પણ તમને બરાબર ઓળખે છે. કંઈ જ ચિંતા નહિ, જેમ તમે કહેશો એમ થશે. અને એમને ક્યાં ઉતારવા, વિચાર કરતા.. કરતા થયું, કે મારી ચિત્રશાળા છે, ભલભલા વૈરાગીઓની વૈરાગ્ય જો ક્યાંય ઓગળી નાખે, રાગના જ્યાં તોફાન મચી જાય, મોહરાજાનું તાંડવ નૃત્ય ચાલે, એવી ચિત્રશાળાની અંદર પોતે ઉતારો આપે છે.

બપોરનો સમય થાય છે. કહે છે સ્વામી નાથ! મારે તમને નવો નાટ્ય પ્રયોગ- બતાડવો છે. સ્થુલભદ્ર સ્વામી મૌન રહે છે, સંગીતકારો આવી જાય છે, કોશા પણ આવી છે, આખી જિંદગીમાં જેવું નૃત્ય કર્યું નથી એવું નૃત્ય છે. ઉત્કટ એમની વય છે, વિકારી આખું વાતાવરણ છે, માદક એવું સંગીત છે, અને કોશાનું જે નૃત્ય છે જે CLIMAX ઉપર પહોંચ્યું છે. સ્થુલભદ્ર સ્વામી છે એમનો ઉપયોગ- આત્માની તરફ ઢળેલો છે.

અંદરનું જોયું નથી, માટે બહારનું જોવાનું મન થાય છે.

અંદરના સૌંદર્યને પીછાણ્યું નથી, અંદરના આનંદને ચાખ્યો નથી. અંદરનો જે- વૈભવ છે, અંદરનું જે ઐશ્વર્ય છે, અંદરનું જે સામ્રાજ્ય છે, અંદરની જે મસ્તી છે, એને માણી નથી, માટે બહાર મન ખેંચાય છે.

કોશા, જો ફલાણ.. અહીં ફલાણ ...

ભાગ કલાક, નાચી નાચી ને થાકીને લોથ થઈને ત્યાં જ ફસડાય ને પડી ગઈ. સ્વામીનાથ ! તમે જોયું કે નહિ ? અને સ્થુલભદ્ર સ્વામી કહે છે, જોયું, હું તો જોતો જ હતો. કેવું લાગ્યું ? ખુબ જ અદ્ભુત ! બરાબર ? હા.. હા.. ખુબ જ અદ્ભુત ! તો હવે આ વાઘા ઉતારશો ને ? હવે મારા કંત ફરીથી બનશો ને ? અને સ્થુલભદ્ર સ્વામી, જાણે કોઈ નકામી વસ્તુ હોય એને તિરસ્કારથી કાઢી મુકતા હોય એ રીતે જુએ છે. અને કહે છે, હું જોતો હતો, હું બહાર ન હતો જોતો, હું તો અંદર જોતો હતો !

એક દિવસ નહિ, બે દિવસ નહિ, ચાર દિવસ નહિ, જ્યારે કોશા વેશ્યા આવી ને યાદ કરાવે કે જે આપણે કેવી રંગ મસ્તી કરતા હતા ! કેવી ઉદ્યાન ક્રિડા આપણે કરી હતી ! કેવા આપણે હિંડોળે બેઠા હતા, કેવા તમે જોર-જોરથી હીંચકા લગાવતા હતા, હું કેવી ગભરાયને તમને વળગી પડતી હતી. આપણને બંનેને કેવું ખુબ ગમતું હતું. કેવા-કેવા સંગીતો આપણે માણ્યા, કેવી કેવી વાતો કરી, કેવી કેવી રાતો આપણે વિતાવી. અને સ્થુલભદ્ર સ્વામી છે, ગુરુ કૃપા લઈને નીકળ્યા છે, પોતાના અંતરની અંદર વૈરાગ્યની જે જ્યોત છે, મોહના તોફાનો જોઈને વધારેને વધારે પ્રજ્વલિત થાય છે. ઘણાનું કહેવું હોય છે સાહેબ આજના કાળમાં નિમિત્ત એવા છે, અમે કઈ રીતે બચીએ ? જો બરાબર આપણે વૈરાગી હોઈએ ને, તો નિમિત્ત ગમે તેટલા ખરાબ આવે, તો એ નિમિત્ત આપણું કાંઈ જ બગાડી શકે નહિ.

સંત હતા, સંતને કોઈએ પ્રશ્ન કર્યો, કે તમારામાં વિવેક બહુ દેખાય છે. આવો વિવેક તમે ક્યાંથી શિખ્યા ? કઈ રીતે આ વિવેક તમે પામ્યા ? અને એ સમયે સંત બહુ શાંતિથી એટલી જ વાત કરે છે, કે હું તો વિવેક શીખ્યો તો એ હું અવિવેકીઓની પાસેથી શીખ્યો ! એમનું અવિવેક વાળુ આચરણ હું જોતો.. જોતો.. જોતો... અને મને અંદરથી પ્રેરણા મળતી કે મારે તો-આવું ના જ કરાય. મને અવિવેકીઓ પાસેથી વિવેક શીખવા મળ્યો છે.

અંતરમાં જો વિવેક છે, અંતરમાં જો વૈરાગ્ય છે તો, સંસાર આપણા વૈરાગ્યને ઉની-આંચ પણ લાવી શકે એમ નથી. વૈરાગી આત્મા છે, જેમ જેમ સંસારને જુએ, જેમ જેમ મોહના તોફાનોને જુએ, જેમ જેમ સંસારના રંગરાગ જુએ, એમ વધારે ને વધારે વૈરાગ્ય થાય કે દુનિયા કેટલી મોહાધીન છે. ક્યાં ગંદકી છે, ક્યાં દુઃખ છે, ક્યાં ત્રાસ છે, ક્યાં પરિતાપ છે, ક્યાં જરીજર આગ ઉભી થવા જેવું છે. ક્યાં થુકવા જેવું છે, જેનાથી ત્રાસ થઈ જાય, જેનાથી ભાગી છુટવાનું મન થાય, એમાં જ એ લોકો રાચે છે.

ચોમાસાના દસ દિવસ.. વીસ દિવસ.. ત્રીસ દિવસ... ચાલીસ દિવસ.. ચોમાસુ પસાર થતું જાય છે, ઓશા ધીમે.. ધીમે.. ધીમે.. ધીમે હારતી જાય છે, થાકતી જાય છે. એક પ્રશ્ન-થાય છે કે આ શું એજ છે ? માતા-પિતાએ એમને રંગરાગી બનાવવા માટે ત્યાં મુક્યા, છ મહિના, બાર મહિના, બે વર્ષ, માતા-પિતા

કહી કહીને થાક્યા, બેટા હવે આવ ને પાછો ! બેટા ક્યારેક અમારી ખબર તો લે. બેટા ક્યારેક પુછ તો ખરો, અને છતા પણ એક દિવસ-માટે, એક મિનિટ માટે પણ જેઓ મારી પાસેથી ગયા નથી, શું આ એજ છે ? ભલભલા-પુરુષોના સંગો અમે કર્યા, ગમે તેવો પત્થર જેવો પુરુષ પણ અમારી પાસે માખણ જેવો હોય છે, ગણતરી ની મિનિટોમાં પીગળી જાય. તેમને વશ થઈ જાય. અમારા પગની ધુળ ચાટતો થઈ-જાય.

સ્થુલભદ્ર પણ એવા જ હતા. પણ શું આ એજ છે ? બાર - બાર વર્ષોસુધી વેશ્યા સાથે રહ્યા પછી, જેમણે વૈરાગ્યથી દીક્ષા લીધી, જે ગુરુના ચરણોમાં સમર્પિત થયા. જે ગુરુની કૃપા પામી. રત્નત્રયીના આનંદનો જે આસ્વાદ લીધો. જે ભીતરના સુખનો અનુભવ કર્યો. અને સહજ સ્ફુરણા થઈ કે આ જે સુખ છે ને એની સામે જો વેશ્યાના સંગનું સુખ એ તો કશું જ નથી.

નાનો છોકરો છે, ઘડીઘડી COMPOUND માં જાય.. માટી ખાય, મમ્મી વઢે. લાફો મારે. કપડાં આપે. માટી નહિ ખાવાની. તોય માટી-ખાય. અને એવું કે જે દિવસે એ બાળક ને ખબર પડી કે બીજા એવા ભોજન છે, જેની સામે માટી તો કશું જ નથી ! માટી એ તો ખાવાની ચીજ જ નથી. માટી તો ઘણી તુચ્છ વસ્તુ છે, સામાન્ય વસ્તુ છે. જે દિવસે ખબર પડી એ દિવસે એ માતા એ કાંઈ જ કહેવું ના પડે, એનું ધ્યાન ન રાખવું પડે. એ તો ખાય તો નહિ,

જાવાની વિચાર સુધ્ધા ન આવે.

આપણને આશ્ચર્ય છે, આ લોકો ને તો કઈ રીતે છોડાય

એ સ્થુલભદ્ર સ્વામી ચાર-ચાર મહિના એ કોશા વેશ્યા ની ચિત્રશાળામાં રહ્યા - કઈ રીતે ? એ કોશાના બધા નખરાઓની સામે એ પોતે નિશ્ચલ કઈ રીતે રહ્યા ? એ વૈરાગ્ય-ટક્યો કઈ રીતે ? સામે બધા દ્રવ્યો હતા, જોવા સુધ્ધા ની કોઈ ઈચ્છા ન થાય. આવું બની કઈ રીતે શકે ? જ્ઞાનીઓ કહે છે કે

ભોઈ ખાના સિવાય બીજું શું થઈ શકે !

છોકરી સમજણી થઈ ગયી છે તો એ મારી જાવાની જ નથી. આત્મા એ સમજણો થઈ ગયો છે તો એનું મન વિષયોમાં જવાનું જ નથી. જ્યાં સુધી બાલીસતા છે ત્યાં સુધી સંસાર-સોહામણો છે. જ્યાં સુધી બાલીશતા છે ત્યાં સુધી વિજાતીય આકર્ષક લાગે છે, જ્યાં સુધી બાલીશતા છે ત્યાં સુધી પૈસો, ધંધો, ઘર, આ બધુ છે એ ઉપાદેય લાગે છે. સાચી સમજણની સ્પર્શના જ્યારે થશે, ત્યારે આ બધાનો કોઈ અર્થ જ નહિ રહે. કશું મુલ્ય જ નહિ રહે. આ બધું વ્યર્થ લાગશે.

બે મહિના, અઢી મહિના, ત્રણ મહિના, સાડા ત્રણ મહિના, ચોમાસુ પુરુ થવા આવ્યું છે, એક બાજુ કોશા થાકી છે ને બાજુ બાજુ એને લાગે છે, કે ખરેખર કોઈ એવું

સુખ હોવું જોઈએ, કે આ બધા સુખની ક્યાંય ટપી જાય, એવું છે. આ બધા સુખ જેની તુલનામાં ક્યાંય વિસાતમાં નથી. રાગ. સોળ-રાગ મહિનાથી, સ્થુલભદ્ર સ્વામીની મુખમુદ્રાની ગંભીરતા જોઈ છે. એમનો વૈરાગ્ય જોયો છે. એમની ભીતરની મસ્તી જોઈ છે. એમની અંદરનો આનંદ જોયો છે. એમની સંયમની ખુમારી જોઈ છે. એની વિષયોને લાત મારવાની એમની-ભૂમિકા ને જોઈ છે. જોઈને ધીમે.. ધીમે... ધીમે.. ધીમે.. એના પણ મોહના તોફાનો શાંત થાય છે. ધન્ય હોય છે એવા પુરુષો, જે-બીજાના મોહના તોફાનો ને શાંત કરી દે. એવા-અભાગ્યા પુરુષો હોય છે, પોતાની ભાષા એવી હોય, પોતાનો વ્યવહાર એવો હોય, પોતાના-કપડાં એવા હોય, કે બીજાના મોહના તોફાનો ના જાગ્યા હોય, તો પણ એ તોફાનોને જગાડી દે.

સૂયગડાંગ આગમ છે, એની અંદર લખ્યું છે,

महामोहं पकुव्वइ ।

જે બીજાના મોહના ઉદયમાં નિમિત્ત બને છે, એ પણ મહામોહની પોતે બાંધે છે, એના ઉદયમાં સંસારના ભયાનકમાં ભયાનક દુઃખોને એ વ્યક્તિ ભોગવે છે.

જુએ છે, જે રાજકુમારી બેઠી છે, એ નગરના શ્રેષ્ઠી, એમનો પુત્ર એ ત્યાંથી આવી રહ્યો છે. આંખ એમની મળી છે. અને રાજકુમારી આ જુએ છે કે આપણું રૂપ જોઈને એ યુવાનની આંખમાં વિકાર આવી ગયો છે. ધર્મ કોને કહેવાય

એની વાત મારે તમને કરવી છે. બહેનોને, માસક્ષમણો આપણે ત્યાં થઈ જાય છે, પણ યુવનના સ્તર જોઈએ તો ખરેખર કોઈ પણ સજ્જન ને શરમ આવી જાય, એવા એ યુવનના સ્તર છે તો એ માસક્ષમણ નો પણ કોઈ અર્થ નથી. હું તમને કહું છું, બહુ મોટું - મોટું પરાક્રમ, મોટી મોટી સાધના, કદાચ તમારાથી નહિ થાય તો ચાલશે. બહુ તમે ધર્મ નહિ કરો તો એ હજુ કદાચ ચાલશે પણ આપણા નિમિત્તે કોઈ અધર્મ પામે, આપણા નિમિત્તે કોઈની આંખ બગડે, આપણા નિમિત્તે કોઈનું મન બગડે, એવું પાપ તો ભૂલે ચૂકે કરવા જેવું નથી.

રાજકન્યાઓ છે, ત્રીજે- ચોથે માળેથી ઝરૂખામાંથી જોયું છે, યુવાનને આપણને જોઈને વિકાર જાગ્યો છે. આઘાત લાગ્યો છે, ધિક્કાર થાઓ આ રૂપને, કોઈના વિકારમાં આપણે નિમિત્ત થયા, કોઈ સારા ઘરનો છોકરો આપણને જોઈને આંખ બગાડે, આઘાત લાગ્યો છે, બંને કન્યાઓ પરસ્પર કંઈક વાત કરે છે. એ આ રૂપ આ જ કારણ બનવાનું હોય, તો આ રૂપનું આપણને કાંઈ કામ નથી. આ શરીરને યુવનનું પણ આપણને કંઈ કામ નથી. ઝરૂખામાંથી બંને કૂદી પડે છે. નીચે પડીને ત્યાં ને ત્યાં મરી જાય છે. આ દેશની અંદર આવા સંસ્કારો હતા. આવી અસ્મિતા હતી. કે આપણું જે રૂપ એ કોઈ પ્રદર્શન માટે નથી. કોઈની આંખ બગાડવા માટે નથી. આપણું શરીર એ ઉઘાડું કરવા માટે નથી. કોઈને વિકારો જગાડવા માટે નથી. શક્ય બને તો દીક્ષા કે સંન્યાસ લેતા, એ

શક્ય ના બને, તો એક વ્યક્તિ ને છોડીને બીજા બધા જ પુરુષો પોતાના ભાઈ સમાન, દીકરા-સમાન કે પિતા સમાન છે. એવું આ દેશની-નારી માનતી. અને પુરુષ દરેક માનતા, કે પત્ની સિવાય દરેક સ્ત્રી, નાની ઉંમરની છે તો દીકરી-સમાન, સમાન ઉંમરની છે તો બહેન સમાન, ને મોટી છે તો માતા સમાન છે. આ બધી - અસ્મિતા, આ બધા શિષ્ટાચાર.

એક બાજુ સ્થુલભદ્ર સ્વામીની આપણે વાત કરીએ, બીજુ બાજુ તમારા ઘર, તમારા જીવન, તમારા પરિવેશ, એ બધા મે છેલ્લી પાટલીએ બેઠા હોય, તો બરાબર એટલા બધા વિરોધાભાસમાં આપણે જીવી રહ્યા છે. એક બાજુ લાગે કે ધર્મની મહોજલાલી છે. કેટલી દીક્ષાઓ, કેટલા ઉપધાનો, કેટલી નવ્વાણુંઓ, કેટલી પ્રતિષ્ઠાઓ, સ્વ દ્રવ્યથી કેટલા કેટલા દેરાસરો બનાવવાની પ્રવૃત્તિ, અને બીજુ બાજુ ઘરે આને અંગત જીવન મે હોય, એ બરડાયેલું હોય, અંગત જીવન ગંદીઓથી ખદબદતુ હોય, આલોચના ઘના ગુરુદેવો હોય, અને એ ગુરુદેવો સમાજની સ્થિતિનો ક્યાસ કાઢે, અને એમના હૃદયમાંથી પણ ચીસ નીકળી જાય. કે આપણો સંઘ ક્યાં જઈને બેઠો છે. કોઈના દોષો કોઈને કહે નહિ, પણ - એમને ખબર તો પડે કે આ બધું હકીકતમાં - કોઈ નક્કી છે, તેવુ છે કે પછી ફુગાવો છે! ઉપધાન કે નવ્વાણું દેવુ ના થાય, તો એટલો ગંભીર અપરાધ કહેવાય નથી. જે આપણી આપણી કુલ મર્યાદા, આપણી ધર્મ મર્યાદા, આપણા-ખાનદાનની મર્યાદા, આપણા સંસ્કારની મર્યાદા,

આપણા સંસ્કારને છાજે એવું આપણું જીવન કે આપણા સંસ્કારોને શરમાવે એવું આપણું જીવન ? એ પ્રશ્ન આપણે આપણી જાતને પુછવા જેવો છે. કે સ્થુલભદ્ર સ્વામી ની પરંપરામાં આપણે બધાં થયા છીએ, કોશા વેશ્યાની ચિત્રશાળામાં ચાર-ચાર મહિના ચોમાસું કર્યું છે, વિગઈઓના-ભોજન પણ લીધા છે, સામે એના નૃત્ય અને સંગીત પણ ચાલ્યા છે પણ પોતાની અંદર-ઉતરી ગયા છે, પોતાના સંયમ પાલનથી બીજાને ધર્મ પમાડયો છે, કોશા વેશ્યા છે એ એમના-ચરણોમાં પડીને માફી માંગે છે, આપના ત્યાગને, તપને, વૈરાગ્યને, અને સંયમને મેં ઓળખ્યા-નહિ, મને માફ કરો. મારી ભુલ થઈ. અને કહે છે કે આપનો ધર્મ તે મારો પણ ધર્મ. મારા યોગ્ય ધર્મનો આપ ઉપદેશ આપો આ રીતે વાત કરે છે, અને સ્થુલભદ્ર સ્વામી છે, એ એને નિયમ આપે છે, કે હવેથી આ-ધંધો કરવાનો નહિ, કોશા કહે છે કે રાજાને હું આધિન છું, કદાચ રાજા કોઈને મોકલે, તો પછી હું ના ન પાડી શકું. સ્થુલભદ્ર સ્વામી કહે છે તો એટલી છુટ. એ સિવાય તે અત્યાર-સુધી જે પાપો કર્યા છે, એ પાપો કપ્યા નહિ. અને એમને વ્રત વગેરે પણ આપે છે. નિયમ પણ આપે છે. કોશા શ્રાવિકા બની જાય છે. અને ચોમાસુ પુરુ થાય છે. સ્થુલભદ્ર સ્વામી વિહાર કરીને ગુરુદેવ પાસે આવી રહ્યા છે. એમના બીજા પણ ત્રણ ગુરુભાઈ હતા, એક જણે સિંહ ની ગુફા પાસે ચોમાસુ કર્યું, બીજા એ-સાપના દર પાસે ચોમાસુ કર્યું, ત્રીજા એ-કુવાના કાંઠે ચોમાસુ કર્યું, અને ત્રણ શિષ્ય

એક પછી એક આવ્યા. ગુરુએ કહ્યું તમે દુષ્કર-કર્યું! બીજા શિષ્ય આવ્યા દુષ્કર કર્યું! ત્રીજા-શિષ્ય આવ્યા દુષ્કર કર્યું! અને જ્યાં સ્થુલભદ્ર સ્વામી આવ્યા છે, ગુરુ ઉભા થઈ જાય છે, બરોબર એમને ભેટી પડે છે, અને કહે છે કે તમે દુષ્કર, દુષ્કર કર્યું!

સિંહની ગુફા પાસે ચોમાસુ કરવું હજુ ઉદાય સહેલું છે. પણ વૈશ્યાની ત્યાં ચોમાસુ કરવું, એમાં સહિસલામત રહેવું, વૈરાગ્યને ટકાવી રાખવો, સંયમને સાચવી રાખવું, અને એમને બે વાર દુષ્કર.. દુષ્કર કહે છે. પેલા શિષ્યોએ એમાંથી એક શિષ્યને ઈર્ષ્યા થાય છે કે-સિંહ ગુફા પાસે મેં ચોમાસુ કર્યું, મને એક જ દુષ્કર, આમને બે દુષ્કર, શા માટે? મને એક હાથ, એને બે હાથ, મારું એક વાર-નામ આવ્યું, એમનું બે વાર નામ આવ્યું. મારું નાના અક્ષરે આવ્યું, એમનું મોટા અક્ષરે આવ્યું, જ્યાં સુધી આ દ્રષ્ટિ છે ત્યાં સુધી ધર્મને આપણે સમજ્યા નથી. ધર્મ શેના માટે છે? આપણી બહાર પ્રશંસા થાય એના માટે છે, આપણી ગણના થાય એના માટે છે કે આપણા આત્મા માટે છે? અને જો ધર્મ આત્મા માટે છે તો પછી એમાં આ બધી અપેક્ષાઓ કેવી રીતે રહી શકે?

સિંહ ગુફાવાસી મુનિ છે ને એમણે મનમાં ગાંઠ બાંધી છે કે હું પણ કરી બતાવું. ચોમાસુ બીજું આવે છે, ગુરુની રજા માંગી છે, ગુરુ દેવ કહે તારું કામ નહિ, નહિ ગુરુદેવ હું કરીને બતાવીશ. સ્થુલભદ્ર સ્વામી ગુરુની કૃપા સાથી

ગયા હતા. ગુરુના આશિર્વાદ સાથે ગયા હતા.
સિંહ ગુફા વાસી મુનિ ઈર્ષ્યા થી ગયા છે. અહંકાર-
થી ગયા છે. હવે તો પહોંચ્યા છે, કોશા એ-
દરવાજા ખોલ્યા છે, કહે છે ચોમાસુ કરવું છે,
એમના ચહેરા પરથી ખ્યાલ આવી જાય છે આ
એમના વાદે આવ્યા છે. કંઈ વાંધો નહિ, અને
પોતે શરાફ કટાક્ષ પરીક્ષા માટે કરે છે. પેલા
મુનિનો એક મિનિટ ની અંદર પીગળી જાય છે.
ભોગની યાચના કરે છે. કોશા કહે છે કે અમે
તો વેશ્યા રહ્યા, અમે આવા મુફલીસ સાથે-
સંગ કરીએ નહિ, તમે એમ કરો ધન લાવો,
પછી બીજુ વાત. મુનિ કહે છે મારી પાસે તો
કાંઈ છે નહિ, અને કોશા કહે છે, નેપાલ દેશના
રાજા છે, જે નવા સાધુ એમને મળે, એમને
રત્ન કંબલ આપે છે. એક લાખ સોના મહોર એ
રત્ન કંબલ નુ મુલ્ય છે. તમે કદાચ બીજું કાંઈ
ન આપો, એ રત્ન કંબલ આપો તો એ તમારી
ભાવના પુરી થઈ શકે.

હવે મુનિ ચોમાસાની અંદર ને
અંદર વિહાર કરે છે. બહુ મુસીબતથી નેપાળ-
સુધી પહોંચે છે. રાજા પાસેથી રત્ન કંબલ લઈને
પાછા આવતા હોય છે, ચોરો પકડે છે ચોરો
એ લુંટવા જાય છે, પગે પડે છે ચોરોને,
એક મુનિ છે, પણ એક ભોગની ઈચ્છાથી તો
કેટલા નીચે ઉતર્યા. બધી વાત કરે છે. ચોરોને
પણ આત્મ ધિક્કાર થઈ ગયો, કે જાવ ભાઈ-
તમારું ક્યાં લેવું. તમે આટલા પડેલા છો,
ધિક્કાર હો તમને. આવી ગાળો ખાઈને
મુનિ પાછા આવે છે. એ રત્નકંબલ એની

આપે છે. હજુ તો દરવાજામાં ઉભો છે, હજુ તો થાક છે. હજુ તો રત્નકંબલ આપ્યું છે ને ત્યાં તો કોશા એના ટુકડા કરીને ગટરમાં નાખી દે છે. મુનિ બહુ જ બળબળી જાય છે, ગુસ્સે થઈ જાય છે, કે તમને કાંઈ ખબર પડે છે કે આ હું કેટલી મુશ્કેલી થી લાવ્યો છું. ક્યાંની ક્યાં ગયો, કેટ-કેટલી આપત્તિઓ વેઠન કરી, માંડ માંડ આ કિંમતી રત્નકંબલ હું લાવ્યો ને તમે એની આ દશા કરી !

અને કોશા કહે છે કે આ રત્ન-કંબલનું તો કંઈ મુલ્ય નથી. એના થી વધુ મુલ્ય ગુરુ એ તમને જે ચારિત્ર આપ્યું એનું છે. આમ હું ગટર જેવી જ છું, ગટરમાં પણ ગંદકી છે ને મારામાં પણ ગંદકી છે. આ રત્નકંબલ થી પણ મુલ્યવાન ચારિત્ર, એને ગંદકી માટે શા માટે તમે વેડફી રહ્યા છો ? જ્યાં કોશાએ વાત કરી, મુનિ એ કાન પકડ્યા, કહ્યું કે તમે મારા ગુરુ બન્યા છો,
इच्छामो अणुसट्ठिं
એ કામ તો સ્થુલભદ્ર નું, એ મારું કામ નહિ. - પાછા પાછે ગુરુ પાસે જાય છે. પ્રાયશ્ચિત કરીને શુધ્ધ થાય છે. એને કહે છે કે સ્થુલભદ્ર એ ખરેખર સ્થુલભદ્ર જ છે. એને ગુરુ એ એમને જે દુષ્કર દુષ્કર કહ્યું, એ સાચુ જ છે. એમાં કોઈ જ ફેર નથી.

અહીં કહે છે કે જે ઈળનો, વૈત્રીનો, દારૂનો, એ બધા નો રસ થાળીને પણ વિરક્ત થાય, એ ખરેખર ધન્ય છે. એમને હું વંદન કરું છું. એકવાર કોશા ગૃહમાં રાજ કોઈને મોકલે છે.

અને એ પોતે પોતાની કળા બતાડે છે. ઉદ્યાનમાં બંને બેઠા છે. આંબાનું સામે ઝાડ છે. રથ-કાર કહે છે કે મેં મારી કળા કેવી છે. પોતે ધનુષ્ય ને બાણ લે છે. આંબાની જે લૂમ થયેલી હોય, એ લૂમના મૂળની અંદર એ બાણની ઉપરની ભાગ ત્યાં બહાર પોતે ખોસી દે છે. બીજું બાણ લે છે, પહેલા બાણની પાછળ ખોસે છે. ત્રીજું બાણ લે છે, એ એની-પાછળ ખોસે છે. એમ કરતાં કરતા એટલા-બાણ ખોસે છે, કે છેલ્લું બાણ એ પોતાની પાસે આવી જાય છે. એ બાણ ને એવી રીતે ખેંચે છે, ને આખી લૂમ પોતે બારીયા બેઠા-બેઠા લઈ લે છે. કોશા મરક મરક હસે છે, કોશા વિચારે છે કે આની પાસે બહુ જ મોટી કળા છે, આવું આને લાગે છે. કોશા શું કરે છે કે એને કહે છે કે તમે મારી કળા પણ જોઈ લો, સરસવનો ઢગલો કરે છે, એના ઉપર સોય રાખે છે, એના ઉપર એક ફૂલ રાખે છે, અને ફૂલ ઉપર પોતે ચડે છે, ને એવી રીતે નૃત્ય કરે, એટલું FAST પોતે ફરી જાય, કે હવે તો એ ફૂલ છે એ જરા નમે ને એની પહેલા ત્યાંથી ઉઠી ગઈ હોય. ને આ રીતે પાંખડીઓ ઉપર નૃત્ય કરી રહી છે. પેલો રથકાર છે એ આંખો ચોળે છે, આશ્ચર્ય ચકિત થઈ જાય છે, ન ફૂલ હલે ના સોય ખસે, એના સરસવનો ઢગલો છે એ ટસનો મસ થાય. અને રથકાર કહે છે કે તારી કળા સામે તો મારી કળા કાંઈ જ વિસાતમાં નથી. કોશા કહે છે કે તમારી કળા પણ કાંઈ નથી, મારી કળા પણ કંઈ નથી, ખરી કળા હોય તો એ સ્થૂલભદ્ર સ્વામીની છે.

જેમણે આટલું પરાક્રમ કર્યું. અગ્નિમાં પ્રવેશ કર્યો છતા.
પણ પોતે બળ્યા નથી, પોતે કોલસાની ખાણમાં ગયા,
તો પણ પોતે કાળા થયા નથી. જેમણે સાપના દરમાં
પ્રવેશ કર્યો, તો પણ સાપ એમને ડંખ્યો નથી. એ
સ્થુલભદ્ર સ્વામી છે, એ જ મહાધન્ય છે. વેશ્યા-
હંમેશા રાગવતી હતી, પોતાને વશ હતી, પોતાની માટે
નિત્ય ષડ્રસના ભોજન હતા, રહેવા માટે મનોહર-
પ્રાસાદ હતો, શરીર પણ મનોહર હતું, વય પણ
યૌવનની છે. કાળ પણ વર્ષાઋતુ સંબંધી છે. છતા
પણ જેમણે સહજ રીતે કામદેવ ને જીતી લીધો, એ
સ્થુલભદ્ર સ્વામી, એ જ વંદન ને યોગ્ય, એ
જ પ્રશંસા ને યોગ્ય છે.

સ્થુલભદ્ર સ્વામીના વૈરાગ્યથી તેમનું
નામ ૮૪ ચોવીસી સુધી અમર બની ગયાનું. સ્થુલભદ્ર
સ્વામી એમનું આલંબન લઈને, જીવનમાં વૈરાગ્ય-
કેળવવા પ્રયાસ કરવાનો. તીર્થંકરોના નામ પણ બે-ત્રણ
ચોવીસી થી વધારે ટકતા નથી હોતા. એક કોઈક વિરલ
જીવ થાય જે આવું પરાક્રમ, આવું સત્ત્વ દાખવી શકે.
એટલે એમનું આલંબન લઈને આપણે એવું કશું
કરવા જવાય નહિ. જે નિમિત્ત આપણા વૈરાગ્ય ને-
ડગાવી શકે એનું સેવન કરવા ભુલે ચુકે જવાય નહિ.
જ્યાં સુધી કેવળજ્ઞાન થયું નથી, ત્યાં સુધી આપણે-
બધા અસંયમમાં છીએ. બીજી એક પણ વ્રતમાં વાડ
બનાવી નથી, બ્રહ્મચર્ય વ્રત એની નવ-નવ વાડો
બનાવી છે, જે નવ વાડનું જે પાલન કરે, જે-
નિમિત્તોથી દૂર રહે, એ બ્રહ્મચર્યનું પાલન કરી શકે.
એનું પાલન કરવા માટે આપણે આવા મહાપુરુષોનું
આલંબન લેવું જોઈએ. જેમણે જે આટલું સત્ત્વ-
દાખવ્યું, તો આપણી પાસે તો લોકોના એવા કોઈ

સાધનો પણ હોતા નથી. એવા વિષયો પણ નથી. કેટકેટલા કંકાસો સંસારની અંદર ભરેલા હોય છે, કેટકેટલા રાગ-દ્વેષો, એક ઘર ચલાવવા માટે- કેટલી બધી ઉથલ-પાથલ, એક પાત્ર સાથે પ્રેમ-ટકાવી રાખવા માટે કેટકેટલા સંકલેશો કરવાના, કેટલી ઈર્ષ્યા, કેટલી ચિંતા, આમા સુખ કદાચ-એક ટીપા જેટલું પણ નથી, દુ:ખ દરિયા કરતા વધારે હોય છે. આ તત્ત્વ અહીંયા સમજવું જોઈએ.

બાર વર્ષનો એકવાર દુકાળ પડે છે. સંઘના આગ્રહથી ભદ્રબાહુ સ્વામી, પાંચસો સાધુઓની, પ્રતિ દિન સાત વાચનાઓ, એનાથી દ્રષ્ટિવાદ ને ભણાવે છે. બીજા સાધુઓ છે, કંઈક-ભણી ને થાકે છે, સ્થુલભદ્ર સ્વામી બે વસ્તુ-ન્યુન, પૂર્વના જે CHAPER છે ને એ CHAPTER ને પ્રાભૃત, વસ્તુ એવા જુદા જુદા નામથી કહેવામાં આવે, તો બે વસ્તુ ન્યુન, એટલા દસ પૂર્વ-પોતે ભણ્યા છે, પોતાના બહેન મહારાજો એકવાર વંદન કરવા આવ્યા છે. અને એમને થયું કે-બહેન મહારાજ આવે છે, તો આપણો કંઈક-એમને બતાડીએ, સાથે રમ્યા છે, સાથે જમ્યા છે, અને હું કેટલું ભણી ગયો ને એમાં કેટલી અજબ-ગજબ ની વાત છે, બતાવવાનું મન થાય છે. જ્યાં સાત બહેન મહારાજો આવે છે, એની પહેલા પોતે સિંહ નું રૂપ કરીને ગુફામાં બેસે છે. અને જ્યાં બહેન મહારાજ આવ્યા, ગભરાય ગય છે જલ્દી જલ્દી ગય છે ભદ્રબાહુ સ્વામી પાસે, તમે કહ્યું કે ત્યાં ભવ ત્યાં સ્થુલભદ્ર તમારા ભાઈ છે, ત્યાં તો ભાઈ મહારાજ નથી, સિંહ છે, સિંહ ભાઈ મહારાજ ને ખાઈ ગયો હશે.

DATE

ભદ્રબાહુ સ્વામી મહારાજ ઉપયોગ મુકે છે, બધુ જાણે છે. અને કહે છે તમે જાવ, હવે ત્યાં કોઈ-મહારાજ મળશે. જૈન મહારાજે જાય છે, કોઈ-મહારાજ મળે છે, વાતચીત વગેરે થાય છે. જૈન મહારાજ વિહાર લે છે, વાચનાનો સમય થાય છે, જાય છે, વંદન કરે છે. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ વાયણા સંદિસાહુ અને ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે "ના"! સ્થુલભદ્ર સ્વામી ચમકે છે. રોજ સંદિસાવેહ કહેતા આજે કેમ "ના"! મારી કંઈ ભુલ થઈ ગઈ, ખુબ યાદ કરે છે. અને પછી યાદ આવે છે કે મેં આ રીતે શક્તિ નું પ્રદર્શન કર્યું, જ્ઞાનનું પ્રદર્શન કર્યું, ગુરુ એ મને જે વિદ્યા આપી, એનો મેં દુરઉપયોગ કર્યો, એના કારણે ગુરુદેવના પાડે છે. ઘણી બધી વિનંતી કરે છે, કે હું ફરીથી આવું નહિ કરું, ભદ્રબાહુ સ્વામી-મહારાજ કહે છે કે તમે કહો છો તમે નહિ કરો, પણ પાછળ વાળા છે જે કરશે. હવે પછીના જીવો છે-એમને આવી બધી ઈચ્છા જાગશે. શાસ્ત્રને ગંભીરતા-થી પોતે ધારણ નહિ કરે, શક્તિનું પ્રદર્શન કરશે. માટે હવે હું વાચના આપીશ નહિ.

દસ પૂર્વ લગભગ પુરા થવા આવ્યા છે, બીજા ચાર પૂર્વ બાકી છે, સંઘ આગળ ભેગો થાય છે, કહે છે કે સ્થુલભદ્ર સ્વામી સિવાય બીજું કોઈ આ લે એવું નથી, તમે એમને કૃપા કરીને આ જ્ઞાન આપો. ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે કે સંઘની વિનંતીથી આપીશ, પણ ફક્ત સુત્રથી આપીશ. અર્થ-થી નહિ આપુ. અને તમારે હવેથી આગળ, સુત્રો પણ બીજાને આપવાના નહિ, આટલી શરત કરીને, બીજા જે ચાર પૂર્વ બાકી હતા એ એમને આપે છે.

જંબુ સ્વામી ચરમ કેવલી થયા. પ્રભવ સ્વામી, સ્વયંભવ સ્વામી, યશોભદ્ર સ્વામી, સંભૂતિ વિજય, ભદ્રબાહુ સ્વામી, સ્થુલભદ્ર સ્વામી.

સભાનો પ્રશ્ન :- સ્થુલભદ્ર સ્વામી માટે એમણે એવું કે જે અયોગ્ય છે પણ એ આપ્યું હોય તો ભવિષ્યમાં બીજા યોગ્ય જીવોને મળી જાય, એ દ્રષ્ટિથી તો આપવું જોઈએને!

પૂજ્યશ્રીનો ઉત્તર :- અહીંયા ભદ્રબાહુ સ્વામીને પહેલા તો એમની જ યોગ્યતા-લાગી નથી, માટે ના પાડી છે. બરાબર છે? નિશિથ સુત્રની અંદર કહ્યું,

मरिज्ज सह विज्जाए

કોઈ પાત્રના મળે તો જ્ઞાન સાથે મરી જવાનું. પણ એ અયોગ્યને આપવું નહિ. અને અયોગ્યને જ્ઞાન આપવું એ પણ એક જાતનો શ્રુતનો વિચ્છેદ છે. શ્રુત ગુરુમાં જ રહી ગયું. શ્રુત આગળ ન અપાયું, એ એમ શ્રુત નો વિચ્છેદ છે. એમ અપાત્રને શ્રુત આપવું, એ પણ એક-જાતનો શ્રુતનો વિચ્છેદ છે, શાસ્ત્રમાં લખ્યું છે,

आमे घडे निहत्तं जह जलं तं घडं विणासेइ।

કાચો ઘડો હોય એમાં તમે પાણી નાખો તો ઘડો એ જાય ને પાણી એ જાય. એમ અપાત્રને જ્ઞાન-આપો, તો એનું નુકશાન એને પોતાને પણ થાય, અને જ્ઞાનની પણ અવગણના થાય. હવે અપાત્રને મળે પછી એક પાત્રને મળે તો ચાલે કે ના ચાલે? અહીંયા તો એટલું ગણિત છે ભદ્રબાહુ સ્વામી મહારાજનું, એનું CONCLUSION તમને કહું, એક સ્થુલભદ્ર સ્વામી

છે. એમના પછી પણ કોઈ પાત્ર હોય, એવું ભદ્રબાહુ સ્વામી મહારાજ ને દેખાતું નથી. ભદ્રબાહુ સ્વામી-મહારાજ તો જુએ છે કે આટલો વૈરાગી વ્યક્તિ, દીક્ષા ને ત્યાં આટલા બાર વર્ષ રહ્યા પછી, દીઆ બાદ ત્યાં ચોમાસું કરી ને પાછો આવે એ વ્યક્તિ, અને એને એ આવો વહેમ જાગે, એને એ શક્તિ પ્રદર્શન નું મન થાય, અને પોતાના જ્ઞાનથી જુએ કે પાછળ-નો કેવા-કેવા જીવો આવવાના!

આજે કશું નથી ને તો એ લોકો આમ ગોતી રહ્યા છે, કે કાંઈક ચમત્કારીક મળી જાય તો એને આપણે લઈ લઈએ. કઈ રીતે રાગ-દ્વેષ ઘટી જાય, આવું લક્ષ્ય કેટલાનું ? કંઈક ચમત્કાર મળી જાય, આવું લક્ષ્ય કેટલાનું ? વિદ્યા પ્રવાદ-દસમું પૂર્વ, અજબ ગજબની વિદ્યાઓ એની અંદર છે, પૂર્વાચાર્યો એ જ્યારે જોયું, હવે ના જીવો યોગ્ય-નથી ત્યારે આગળ આપ્યું નથી. દસમું આગમ-પ્રશ્ન વ્યાકરણ. અજબગજબની શક્તિ એની અંદર હતી. જ્યારે જોયું યોગ્યતા નથી, આગળ આપ્યું નથી. કોઈક યોગ્ય મળી જશે. પણ પૂર્વાચાર્યો નો આપણને આવો આશય દેખાય, કે સો પાત્ર ને-મળતું હોય, પણ એની પહેલા એક અપાત્ર ને મળતું હોય, તો એનાથી વધારે નુકશાન કહાય એ અપાત્ર કરી નાખે. માટે શાસ્ત્ર ને આગળ પોતે આપ્યું નથી. આપણી પાસે માત્ર આટલું કારણ છે કે કોઈ આપ્યું-હોત તો ટકી જાત! એ જ્ઞાન જતી જાત, આગળના જીવો ને મળત. પણ જે પૂર્વાચાર્યો ભદ્રબાહુ સ્વામી મહારાજ વગેરે, ખુબ જ દીર્ઘ દ્રષ્ટિ એમની હતી. એ સમજતા હતા માત્ર ટકે એટલું પુરતુ નથી. માત્ર PASS થાય એટલું પુરતુ નથી, એ જ્ઞાન પામીને એ

એક પણ જીવનું અહિત થતું હોય, તો એ એમને પાળવી નહિ. સંયમનું પાલન કર્યું છે, મહાવ્રતોની રક્ષા કરવી છે, પ્રાયશ્ચિત લેવાનું કે આપવાનું છે, એના શાસ્ત્રો આજે પણ છે. ભવિષ્યમાં પણ રહેવાના. અતિશય જે ગ્રંથો છે જેને પચાવવા બહુ અઘરા-પડે, એવા શાસ્ત્રોને, જ્યારે જ્યારે એમને લાગ્યું છે કે આને આગળ લગાવવા જેવા નથી, એમ-નો ઘણો ઉપકાર માનીએ, કે એમણે આગળ ન લગાવ્યા એ પણ એમનો બહુ મોટો ઉપકાર છે. આજે કદાચ સંયમ અને વૈરાગ્યને છોડી ને માશા જેવા કદાચ ચમત્કારી લઈને બેઠા હોત. એ આ-વિદ્યા એમને મળી હોત તો.

જેવી જીવની યોગ્યતા, પેટ સારું હોય-તો દૂધપાક સારો, હોજરી નબળી હોય તો મગનું પાણી સારું. હવે હોજરી નબળી હોય ને આપણે બહુ ઠોકીએ, આ બહુ જ પૌષ્ટિક, આ અંગુર રબડી, તો પછી ઝાડા થાય. તો એ જે પુષ્ટિ-કરવાનું હતું, એની બદલે એ નુકશાન કરે. અને એ કારણથી એ મહાપુરુષો, જે યોગ્ય હતું એ વિચાર્યું. બાળક છે તો એને બાળક જેવું અપાય, નિરોગી છે એને નિરોગી જેવું અપાય, રોગી છે એને રોગી જેવું અપાય.

અહીંયા વાત કરે છે કે શય્યંભવ સ્વામી, યશોભદ્ર સ્વામી, સંભૂતિ વિજયજી, ભદ્રબાહુ સ્વામી, સ્થૂલભદ્ર સ્વામી, આ શ્રુત કેવલી એટલે કે-ચૌદ પૂર્વીઓ થયા. આર્ય સ્થૂલભદ્ર એના આર્ય સ્થવિર મહાગીરી, આર્ય સુહસ્તગિરિ એવા બે શિષ્યો થયા. એનો સંબંધ કહે છે,

આર્ય મહાગિરિ જિનકલ્પની તુલના કરવા માટે, એકાકી વિહાર લે છે. ~~આર્ય~~ આર્ય સુહસ્તિ, દુકાળ-સમયે સાધુઓ માટે ભોજન, માંગતા એક ભિક્ષુક ને પોતે દીક્ષીત કરે છે. મરીને ઉજ્જૈની નગરીમાં શ્રેણિક રાજાના દીકરા કોણિક એમના દીકરા ઉદાયીન અને એમના પછી આવેલા નવ નંદ, એમની પછી આવેલા ચંદ્રગુપ્ત, એમના પુત્ર બિંદુસાર, એમના પુત્ર અશોક સમ્રાટ, એમના પુત્ર કુણાલ એમના-પુત્ર તરીકે જન્મ લે છે. હજુ તો જનમ્યા હતા, એમના પિતામહ મોટો મહોત્સવ કરીને સંપ્રતિ નામ આપીને એમને રાજ્ય આપે છે. રાજ્ય એ પાળે છે. સુહસ્તિસૂરી ત્યાં આવેલા છે, રથ યાત્રા-મહોત્સવ છે, આગળ જેમાં ભગવાનની પ્રતિમા છે, મહાત્માઓ પણ ચાલી રહ્યા છે. એ બધું જોઈને સંપ્રતિ રાજાને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. આવીને સુહસ્તિસૂરીજી ના પગમાં પ્રણામ કરીને કહે છે, સુહસ્તિસૂરી પણ પોતે જ્ઞાનથી જાણે છે, આ કોણ છે? પૂર્વ ભવમાં પોતે ભિખારી હતો, પોતાની પાસે દીક્ષા લીધી વગેરે વાત કરે છે. રાજા પોતે સમ્યકત્વ-વગેરે વ્રતોને સ્વીકારે છે. સવા લાખ જિનાલય-અને સવા કરોડ જિનબિંબ, એ ભરાવે છે. છત્રીસ હજાર જેટલા જીર્ણોદ્ધાર કરાવે છે. પંચાણુ હજાર, ધાતુ મય પ્રતિમા, લાખો દાનશાળા, વગેરે ધર્મ-કૃત્યો ને કરે છે. સાધુ વેશધારી પોતાના સેવકો વગેરે ને મોકલી ને, અનાર્ય દેશોને પણ સાધુના વિહાર ને યોગ્ય કરે છે.

## આર્ય સુહસ્તિસૂરી ના પછી

કોટીક કાકંદી જેવા બીજા નામના શિષ્ય થાય છે, એક કરોડ વાર સૂરી મંત્રનો એમણે જાપ કર્યો,

કાકંદીપુરીમાં એમનો જન્મ થયો, માટે એમને કૌટિક-
કાકંદીક એ રીતે કહેવાય છે. કરોડ વાર સૂરીમંત્ર
નો જાપ કરવાથી, એમના માંથી કોટિ ગચ્છ-
નીકળ્યો. આપણે જેમ તપાગચ્છ કહીએ છીએ ને
એ તપાગચ્છ શું છે ? એ ક્યારે શરૂ થયો ?
મહાવીર સ્વામી ભગવાનના વખતે તપાગચ્છ હતો કે
નહિ. સુધર્મા સ્વામી તપાગચ્છમાં હતા કે બહાર
હતા. આવા પ્રશ્નો ઘણા ને થાય. હકીકતમાં-
એ જ મૂળ પરંપરા ભગવાનની ચાલી આવે છે.
સુધર્મા સ્વામી નો ગચ્છ એ નિર્ગ્રંથ ગચ્છ કહેવાય,
એ નિર્ગ્રંથ માંથી આગળ જુદા જુદા કારણે થયા,
જેમ અહીંયા કરોડ વાર સૂરી મંત્રનો જાપ કર્યો,
તો એમનો ગચ્છ છે એ કોટિ ગચ્છ કહેવાયો,
તો કોટિ ગચ્છ અને નિર્ગ્રંથ ગચ્છ એ બંને એક જ
છે. એમ આગળ ચાલતા.. ચાલતા.. જ્યારે-
જગચ્ચંદ્રસૂરીજી મહારાજ થયા, એ પંદરમા સૈકા-
ની વાત છે. અને એ ખુબ જ તપસ્વી હતા,
સળંગ બાર વર્ષ એમણે આયંબિલ કર્યા, એટલે-
રાજા એ એમને "તપા" એવું બિરુદ આપ્યું,
તો એ જ ગચ્છ જે ચાલ્યો આવતો હતો, એનો
ફક્ત નામ બદલાયા છે. એ જ મૂળ ગચ્છ એ-
તપાગચ્છ કહેવાયો. એટલે નવો ગચ્છ કે નવી-
પરંપરા નીકળી એવું નથી. માત્ર નામ બદલાયા છે.